નવી વ્હિકલ
સ્ક્રેપેજ પોલિસી

જૂનાગઢમાં 75મા સ્વાતંત્ર્ય
દિનની ઉજવણી

વલસાડમાં
મારૂતિનંદન વન

વર્ષ : ૬૧ ■ અંક : ૧૬ ■ તા.૧૬-૮-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

આઝાદી કા
અમૃત મહોત્સવ

# નવ દિવસમાં અધધધ... ₹ ૧૩ હજાર કરોડના વિકાસકામોનો જનતાને મળ્યો લાભ...



જનસેવાના મહાયજ્ઞનું નવ દિવસનુ ઐતિહાસિક અનુષ્ઠાન

# સ્વાતંત્ર્ય પર્વની રાજ્યભરમાં ઉમંગભેર ઉજવણી



શ્રી વિક્રમ નાથ,
મુખ્ય ન્યાયમૂર્તિ, ગુજરાત હાઇકોર્ટ



શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી,
વિધાનસભા અધ્યક્ષ, નવસારી



શ્રી નીતિનભાઇ પટેલ,
નાયબ મુખ્ય મંત્રી, પંચમહાલ



મંત્રી શ્રી આર. સી. ફળદુ, સુરત



મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કચ્છ



મંત્રી શ્રી કૌશિકકુમાર પટેલ, સાબરકાંઠા



મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, રાજકોટ



મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા, દાહોદ




મંત્રી શ્રી જયેશકુમાર રાદડિયા, ભાવનગર

Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 16 ▪ Date 16-8-2021

**તંત્રી** : માહિતી નિયામક
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**88 + 4 Cover = Total 92 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- સરકારના પાંચ વર્ષની ઉજવણી નહીં પરંતુ જનતાની સેવાનો મહાયજ્ઞ છે.
- ગુજરાત ''એજ્યુકેશનલ હબ'' તરીકે જ્ઞાનની સદીનું નેતૃત્વ કરવા સજ્જ છે.
- સ્કૂલ ઓફ એક્સલન્સ તરફ ઝડપથી આગળ વધીને રાજ્યના બાળકો-યુવાઓનું બૌદ્ધિક સ્તર વધારવું છે.
- ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ જે વિકાસનો માર્ગ ચિંધ્યો હતો એ જ માર્ગ પર આ સરકાર ગરીબ, વંચિત, અંત્યોદયના ઉત્થાન માટે સમર્પીત છે.
- વિકાસની આ પ્રક્રિયા પરસ્પરના સાથ, સહયોગ અને સહકાર વિના શક્ય નથી, રાજ્ય સરકારે સૌના સાથથી સૌનો વિકાસ સાધ્યો છે.
- નારીશક્તિનું સન્માન એ સમૃદ્ધિ તરફનો માર્ગ છે, નારીશક્તિને વિકસવા માટેનું યોગ્ય આર્થિક સશક્તિકરણ માટેનું વાતાવરણ રાજ્ય સરકારે આપ્યું છે.
- ગુજરાતનો ખેડૂત ખેતરમાં પરિશ્રમ કરીને ડોલર અને પાઉન્ડ કમાતો થાય તેવું કૃષિ કલ્યાણનું રોલમોડેલ ગુજરાતને બનાવવું છે.
- કચ્છમાં પહેલા પાણી માટે હિજરત થતી અમે પીવાનું પાણી આપ્યા પછી ખેતરમાં પણ નર્મદાના પાણી પહોંચાડ્યા છે.
- યુવાધનને 'જોબ સિકર નહીં, પણ જોબ ગિવર' બનાવવાના ગુજરાતના અભિગમથી યુવાનોને વૈશ્વિક સ્પર્ધા માટેના અનેક અવસરો પ્રાપ્ત થઇ રહ્યા છે.
- ગુજરાત રાજ્ય યુવાનો માટે 'લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી' છે.
- 'કહેવું તે કરવુંની વિચારધારા' સમયબદ્ધ-આયોજનબદ્ધ અને પારદર્શી પદ્ધતિથી ઝડપી વિકાસ કામો એ એક નક્કર વાસ્તિવકતા છે.
- રાજ્ય સરકારે છેલ્લા પાંચ વર્ષમાં અકલ્પનીય ગતિએ પારદર્શિતાથી ૪૨૫થી વધુ ટીપી સ્કીમ મંજૂર કરી.
- અમારી સરકારે આદિવાસી બાંધવોને ખોટા વાયદા વચનો નહી-પરંતુ વનબંધુ કલ્યાણ જેવી મહત્વાકાંક્ષી યોજના આપી છે.
- છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રૂ. ૬૦ હજાર કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)

# આકર્ષણ




## 16 કવર સ્ટોરી

**નવ દિવસમાં અધધધ... રૂ. ૧૩,૦૦૦ કરોડના વિકાસકામોનો જનતાને મળ્યો લાભ...** - પુલક ત્રિવેદી


6 ▶ રસીકરણ
ગુજરાતમાં ચાર કરોડ વેક્સિનના ડોઝ અપાયા

7 ▶ અમૃત પર્વ
આઝાદીનો અમૃત મહોત્સવ
- મનીષા વાઘેલા

8 ▶ પૉલિસી
નવી વ્હિકલ સ્ક્રેપેજ પૉલિસી

12 ▶ સંદેશ

14 ▶ પર્વ વિશેષ
૭૫મા સ્વાતંત્ર્ય પર્વની જૂનાગઢમાં દબદબાભેર ઉજવણી





▶ પાંચ વર્ષ જનસેવાનાં ◀

23 જ્ઞાનશક્તિ દિવસ

31 સંવેદના દિવસ

39 અન્નોત્સવ દિવસ

45 નારી ગૌરવ દિવસ

53 કિસાન સન્માન દિવસ

59 રોજગાર દિવસ

65 વિકાસ દિવસ

73 શહેરી જનસુખાકારી દિવસ

79 વિશ્વ આદિવાસી દિવસ

84 ▶ વિકાસોત્સવ
જન સેવાયજ્ઞના નવ દિવસીય અનુષ્ઠાનને મળી જ્વલંત સફળતા

86 ▶ આસપાસ

87 ▶ રાષ્ટ્રપ્રેમ
ખેડાની દીકરીએ ૨૯૫ શહિદ સૈનિકના પરિવારોને આર્થિક મદદ કરી - બી.પી.દેસાઈ

88 ▶ ગૌરવ
સિંહોના સંવર્ધન અંગે જાગૃતિ કેળવવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન

89 ▶ વન વૈભવ
રાજ્યને મળ્યું ૨૧મુ સાંસ્કૃતિક 'મારુતિનંદન વન'




# વિકાસના મહાયજ્ઞનું સાક્ષી બન્યું ગુજરાત...

ઓગસ્ટ મહિનો એટલે ક્રાંતિનો મહિનો... ઓગસ્ટ મહિનો એટલે દેશપ્રેમ અને રાષ્ટ્રીય ચેતનાને ઝંકૃત કરતો મહિનો... આખુ વર્ષ રાષ્ટ્રીય પ્રેમના કેફને ભરપૂર બરકરાર રાખવા માટેનો આ મહિનો. વળી સોને પે સુહાગા જેવી વાત તો એ છે કે, આઝાદીના 75 વર્ષ નિમિત્તે ગુજરાત સહિત સમગ્ર રાષ્ટ્ર 'આઝાદી કા અમૃત મહોત્સવ' ભાવપૂર્વક ઉજવી રહ્યું છે.

ગુજરાતમાં આ વખતે ઓગસ્ટ 2021નો મહિનો વિશેષ આનંદ અને ઉત્સાહના અનેક પ્રસંગો એની ઝોળીમાં લઈને આવ્યો. ઓગસ્ટ મહિનાનો આરંભ જનસેવાના મહાયજ્ઞના અનુષ્ઠાનના સાક્ષાત્કારથી થયો. સાડા છ કરોડ ગુજરાતીઓ શાંતી, સલામતી અને સુરક્ષા સાથે સર્વાંગી વિકાસની રાહ પર ચાલી નહીં દોડી રહ્યા છે. ગુજરાતના સપૂત તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના સર્વાંગી વિકાસ દ્વારા ઉત્તમ ગુજરાતનું નિર્માણ કર્યું અને આજે છેલ્લા પાંચ વર્ષથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની કર્મઠ જોડીએ આપણા ગુજરાતને 'ઉત્તમથી સર્વોત્તમ' બનાવવા માટે સઘન અને સતત પુરુષાર્થ આરંભ્યો છે.

ઓગસ્ટ તારીખ 1થી 9 દરમિયાન ગુજરાતે પુનઃ એકવાર વિકાસની વ્યાખ્યાને નવેસરથી પ્રસ્તુત કરી છે. માત્ર 9 દિવસમાં 16,000 કાર્યક્રમો યોજીને 48,56,000 ઉપરાંત જન સામાન્યને વિવિધ લોકોપયોગી યોજના અંતર્ગત રૂ. 13,000 કરોડના લાભ આપ્યા. 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા આ વિકાસના મહાયજ્ઞમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે પણ બે દિવસ અલગ અલગ કાર્યક્રમોમાં વર્ચ્યુઅલી ઉપસ્થિત રહીને ગુજરાતની વિકાસયાત્રાને પોંખી.

ગુજરાતના ખૂણે ખૂણામાં જનહિતલક્ષી કાર્યોની રીતસર આહલેક જાગી. પ્રત્યેક કાર્યક્રમમાં કોવિડ પ્રોટોકોલનું સંપૂર્ણપણે ધ્યાન રાખી છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતે કરેલી જનસેવાની આરાધનાને જન જન સુધી પહોંચડવામાં આવી. છેલ્લા પાંચ વર્ષથી જનસેવાની સુગંધ છેવાડાના માનવી સુધી એ રીતે પહોંચી છે કે આજે પ્રત્યેક ગુજરાતી ગૌરવ સાથે એમ કહી રહ્યો છે કે, 'આ સરકાર આપણી સરકાર છે... સૌના સાથથી, સૌનો અદભુત વિકાસ થઇ રહ્યો છે.'

વીજળી, પાણી, માર્ગો, માળખાગત સવલતો, આવાસ, કૃષિને લગતી બાબતો, આરોગ્ય, શિક્ષણ, ગરીબ, વંચિત, આદિવાસી, કિસાન પ્રત્યેક વર્ગના લોકોને વિકાસની અનુભૂતિ સુપેરે થઇ છે અને તેમને રાજ્યના વિકાસની મુખ્યધારામાં સહભાગી થવાનો વિશેષ આનંદ છે. સમગ્ર દુનિયામાં જ્યાં પણ ગુજરાતી વસે છે તેના હૃદયમાં ગુજરાત પ્રેમ હંમેશા ધબકતો રહે છે. આ વાતને શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલની સરકારે સુપેરે પીછાણીને 'વતન પ્રેમ યોજના'નાં વેબ પોર્ટલને ખુલ્લું મૂકતા, હવે વિશ્વ સમસ્તના ગુજરાતી બાંધવો ગુજરાતના વિકાસમાં એમનું યોગદાન આપવા આગળ આવશે.

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી 15 ઓગસ્ટથી સમગ્ર ગુજરાતમાં રાષ્ટ્રપ્રેમ અને ભાવપૂર્વક ઉજવવા પ્રત્યેક ગુજરાતી થનગની રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જુનાગઢમાં અને અન્ય મંત્રીશ્રીઓએ જિલ્લા કક્ષાએ કોરોના પ્રોટોકોલના ચુસ્ત પાલન સાથે સ્વાતંત્ર્ય દિનની ગૌરવપૂર્ણ ઉજવણી કરી. ગુજરાતની વિકાસયાત્રાના પ્રત્યેક પડાવને પ્રસ્તુત અંકમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. મને વિશ્વાસ છે કે ગુજરાતની આ વિકાસયાત્રાની વિગતો ગુજરાત પાક્ષિકના સુજ્ઞ વાંચકોને ગૌરાન્વિત કરશે.

જય જય ગરવી ગુજરાત...

**- માહિતી નિયામક**

### કોરોના રસીકરણ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર

# ગુજરાતમાં ચાર કરોડ વેક્સિનના ડોઝ અપાયા

સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે લડી રહ્યુ છે. કોરોના સામે લડવા માટે વેક્સિન અમોઘ શસ્ત્ર સાબિત થયુ છે. ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતમાં વિશ્વનું સૌથી મોટુ વેક્સિનેશન અભિયાન હાથ ધરાયુ છે. એ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે કોરોના વેક્સીન ઝૂંબેશ વેગવંતી બનાવી અત્યાર સુધીમાં અંદાજે ચાર કરોડથી વધુ વેકસીનેશન ડોઝ આપવાની સિદ્ધિ મેળવી છે.

રાજ્યમાં ૧૯.૬૬ લાખ હેલ્થ કેર વર્કર અને ફ્રન્ટ લાઈન વર્કર્સ પ્રથમ ડોઝ આપાયો છે. જ્યારે ૧૫.૭૩ લાખ હેલ્થ કેર વર્કર અને ફ્રન્ટ લાઈન વર્કરોને બીજો ડોઝ પુર્ણ થયો છે. રાજ્યના ૪૫ વર્ષથી વધુની ઉમરના ૧.૩૪ કરોડ લોકોને પ્રથમ ડોઝ અને ૭૦.૨૩ લાખ લોકોને બીજો ડોઝ અપાયો છે. જ્યારે ૧૮-૪૫ વર્ષની ઉમરના ૧.૪૭ કરોડ લોકોને પ્રથણ ડોઝ અને ૧૦.૨૧ લાખ લોકોને બીજો ડોઝ પુર્ણ કરાયો છે. આમ સમગ્રતયા અંદાજે ચાર કરોડ ડોઝ વેકસીનેશન થયું છે.

તા.૧૪મી ઓગસ્ટે એક જ દિવસમાં રાજયભરમાં ૬.૧૮ લાખથી વધુ વેકસીનેશન ડોઝ આપીને પણ એક દિવસમાં સૌથી વધુ વેકસીનેશન ડોઝ રાજ્યમાં આપવામાં આવ્યા છે. સમગ્ર રાજયમાં તા.૧૬ જાન્યુઆરી-૨૦૨૧થી રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો.

ગુજરાતે વિશ્વવ્યાપી મહામારી કોરોના સામે રક્ષણાત્મક ઉપાય સમાન કોરોના વેક્સિનેશન અન્વયે ૫૨ મિલીયન એટલે કે દર દસ લાખ લોકોએ વેક્સિનેશન અંતર્ગત પાંચ લાખ ૧૭ હજાર વ્યક્તિઓનું વેક્સિનેશન કરીને દેશભરમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે

રસીકરણ માટે પાત્રતા ધરાવતા ૪ કરોડ ૯૩ લાખ ૨૦ હજાર ૯૦૩ લોકોમાંથી પ્રથમ તબક્કામાં હેલ્થ કેર વર્કરોને રસી આપવામાં આવી હતી જેમાં અત્યાર સુધીમાં કુલ ૧૯,૬૬,૨૬૨૮ને પ્રથમ ડોઝ તેમજ ૧૫,૭૩,૩૬૦ હેલ્થ કેર વર્કરોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં ફ્રન્ટ લાઈન વર્કરોનું રસીકરણ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તા. ૩૧મી જાન્યુઆરી-૨૦૨૧થી ફ્રન્ટ લાઇન વર્કરોનું રસીકરણ સમગ્ર રાજ્યમાં શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧ લી માર્ચ-૨૦૨૧ના રોજ થી ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા તથા ૪૫ થી ૫૯ વર્ષ ઉંમરના અન્ય રોગ ધરાવતા નાગરિકોને રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું હતું.



તા. ૧લી એપ્રિલ-૨૦૨૧ના રોજથી ૪૫ વર્ષથી ઉપરના તમામ વ્યક્તિઓને કોવિડ-૧૯ની રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ૪૫થી વધુ ઉમર ધરાવતા રાજ્યના કુલ ૧,૩૪,૮૭,૪૬૬ લોકોને પ્રથમ ડોઝ તેમજ ૭૦,૨૩,૧૩૩ વ્યક્તિઓને બીજો ડોઝ આપવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ તા. ૧ મે-૨૦૨૧ના રોજથી રાજ્યમાં રાજ્યના ૭ કોર્પોરેશન તથા ૩ જિલ્લા માં ૧૮-૪૪ વર્ષ વય જુથ માટે રસીકરણની કામગીરી અને તા. ૪ થી જુન-૨૦૨૧થી રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં આ વય જુથમાં રસીકરણની કામગીરી શરૂ થઈ છે.

અત્યાર સુધીમાં આ વય જુથના ૧,૪૭,૩૫,૦૯૬ કરોડ પ્રથમ ડોઝ અને ૧૦,૨૧,૨૪૧ લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આમ, સમગ્રતયા તા. ૧૪.૦૮.૨૦૨૧ સુધીમાં રાજયમાં તમામજુથોના ૩,૦૧,૮૯,૧૯૦ને પ્રથમ ડોઝ તથા ૯૬,૧૭,૭૩૪ બીજો ડોઝ મળી અંદાજે કુલ ચાર કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ●




# સ્વતંત્રતાનું સહિયારું ગાન : આઝાદીનો અમૃત મહોત્સવ

મનીષા વાઘેલા

**હે વતન, આઝાદી તારી એ જ અમ જીવન સ્વપ્ન**
**રાષ્ટ્રધ્વજના શાન - ગૌરવ એ જ અમ કુંદન - રતન,**
**સાદ તે દીધો છે તે કુરબાન થાવા આવશુ,**
**અર્પી અમ સર્વસ્વ કરશું તારી મુક્તિનું જતન.**

કિસ્મત કુરેશીનું આ મુક્તક આઝાદી માટેની તડપને શબ્દદેહ આપે છે. 15 ઓગસ્ટ એટલે ભારત માટે શહિદી વહોરનાર દેશપ્રેમીઓના ગૌરવગાન કરવાનો દિવસ.

**મનની ડાળે લાગણીનું પુષ્પ સરસ ખીલી બેઠું**
**ને અમારા દેશની આઝાદીને પંચોતરમું વરસ બેઠું.**

આઝાદીના પંચોતેર વર્ષની ઉજવણી 75 સપ્તાહ પહેલા કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ 'આઝાદી કા અમૃત મહોત્વ'નો નવતર વિચાર આપ્યો છે. ભારતની આઝાદી 74 વર્ષ પૂરા કરી 75 વર્ષમાં પ્રવેશશે. 75વર્ષની ઉજવણી દેશ માટે ગૌરવરૂપ ઘટના બની રહે તે હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીનો અમૃત મહોત્સવની ઉજવણી આરંભી. દેશના આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ વડાપ્રધાનશ્રીએ દાંડીયાત્રાની ઉજવણીથી કરાવ્યો.

મહામૂલી સ્વતંત્રતાનું મૂલ્ય આપણે અનેક શહિદોના જીવ આપીને ચૂકવ્યું છે. ભારતની આઝાદીમાં પહેલા શહિદ મંગળ પાંડેથી લઇને વિનોદ કિનારીવાલા સુધીના અનેક સ્વાતંત્ર્ય વીરોનો ફાળો છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં માઇલસ્ટોન કહી શકાય તેવી ઘટના એટલે દાંડીકૂચ.

ભારતીય સંસ્કૃતિ મુજબ પગપાળા ચારધામની યાત્રા કરવાનું વિશેષ મહત્ત્વ છે. મહાત્મા ગાંધીજીએ ભારતની નાડ પારખી અને દાંડીકૂચનો વિચાર અમલમાં મૂક્યો. ધાર્મિક હેતુસર કરાતી પગપાળા યાત્રા કરતા દાંડીકૂચનું મહત્ત્વ જરાય ઓછુ આંકી શકાય તેમ નથી. સાબરમતી ગાંધી આશ્રમથી દાંડી સુધીની યાત્રાએ દેશની આઝાદીની લડતમાં નવો જોમ જુસ્સો પૂરો પાડ્યો હતો.

સ્વતંત્રતાની લડતની આગેવાની લેનારું ગુજરાત આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર ભારત ગરીબી, ભ્રષ્ટાચાર, ભય - ભૂખ વિનાનું શ્રેષ્ઠ ભારત બનવા તરફ મક્કમતાથી આગળ વધી રહ્યું છે. તેની જનચેતના પણ આઝાદીના અમૃત મહોત્સવના 75 વર્ષના ઉજવણી કાર્યક્રમના પ્રારંભે દાંડીયાત્રાથી આ જ ભૂમિ પરથી જાગી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી ગત માર્ચ મહિનામાં યોજાયેલા અમૃત મહોત્સવ પ્રસંગે ઐતિહાસિક દાંડીયાત્રાની સ્મૃતિમાં સાબરમતી આશ્રમથી દાંડી સુધીની પદયાત્રાના ખેડા જિલ્લાના નડિયાદ ખાતેના રાત્રિ રોકાણ પ્રસંગના સાક્ષી બન્યા હતા.

આઝાદીના 75 વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી ત્રણ ભાગમાં ઉજવીને 75 સપ્તાહ સુધી વિવિધ કાર્યક્રમો દ્વારા વીર શહીદો, 1857ના સંગ્રામના ક્રાંતીવીરો જેમણે જીવન ખપાવી આઝાદી અપાવી તેનું ચિરસ્મરણ જન - જનના મનમા ઊજાગર કરવામાં આ દાંડીયાત્રા ઉદ્દીપક બની.

આઝાદીનો અમૃત મહોત્સવમાં રાષ્ટ્રભાવનાને બળવતર બનાવવાની સાથે સાથે 75 વર્ષમાં ભારતે વિકાસની - પ્રગતિની જે રફતાર જાળવી તેને પણ આ મહોત્સવમાં જન - જન સમક્ષ મૂકવામાં આવી રહી છે. આ અમૃતમહોત્સવના 75 સપ્તાહ સુધીના બહુ આયામી અને રાષ્ટ્રવ્યાપી આયોજનની દીર્ઘદૃષ્ટિનું શ્રેય વડાપ્રધાનશ્રીની દીર્ઘદૃષ્ટી અને રાષ્ટ્રપ્રેમ તથા નેતૃત્વને જાય છે.

'સ્વ' માટેનું તંત્ર એટલે જ સ્વતંત્રતા. સ્વતંત્રતાનો શ્વાસ વ્યક્તિને ઊર્જાવાન બનાવે છે. જેણે ગુલામી જોઇ હોય તેને જ સ્વતંત્રતાનું મૂલ્ય સમજાય. હવા આપણને પ્રકૃતિ તરફથી નિઃશુલ્ક મળે છે. તેથી આપણને ખ્યાલ નથી આવતો કે હવા કેટલી અમૂલ્ય છે. કોરોના કાળમાં લોકોને ઓક્સિજનનું મૂલ્ય સમજાયુ. સ્વતંત્રતા એટલે ઉડવા માટેનું ખુલ્લુ આકાશ. આપણા બંધારણે પણ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યને મૂળભૂત હકોમાં સામેલ કર્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીનો અમૃત મહોત્સવ યોજીને ભારતવાસીઓને સ્વતંત્રતાનું સહિયારું ગાન ગાવાનો રૂડો અવસર આપ્યો છે. આઝાદીના આ જશ્નને પ્રત્યેક ભારતવાસી હૃદયપૂર્વક મનાવીને ધન્યતા અનુભવી રહ્યો છે. ●

## દેશ આત્મનિર્ભરતાની દિશામાં એક ડગ આગળ માંડશે

# નવી વ્હિકલ સ્ક્રેપેજ પૉલિસીથી ''કચરામાંથી કંચન'' બનાવવાના અભિયાનને વેગ મળશે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશને નવી વ્હિકલ સ્ક્રેપેજ પૉલિસી સમર્પિત કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે દેશના અર્થતંત્ર માટે મોબિલિટી એ અત્યંત મહત્વનું પાસુ છે અને તેમાં આવેલી આધુનિકતા થકી ટ્રાવેલ અને ટ્રાન્સપોર્ટેશનનો બોજો તો ઘટશે જ, સાથોસાથ આર્થિક વિકાસ પણ વધુ ઝડપી બનશે. ૨૧મી સદીમાં ક્લીન, કન્જેશન ફ્રી અને કન્વેનિયન્ટ મોબિલિટી એ સમયની માંગ છે. એટલા માટે પણ આજનું આ પગલું મહત્ત્વનું છે અને તેમાં ઓટોમોબાઇલ ઈન્ડસ્ટ્રીના તમામ પ્રતિનિધિઓ-તમામ સ્ટોક હોલ્ડર્સની અગત્યની ભૂમિકા હોવાનું તેમણે ઉમેર્યું હતું.


ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી વોલન્ટરી વ્હિકલ ફ્લિટ મોડર્નાઇઝેશન (વી-વીએમપી) પ્રોગ્રામ અંતર્ગત પહેલી સ્ટેટ ઇન્વેસ્ટર સમિટમાં દેશના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વ પહેલાંના આ કાર્યક્રમને આત્મનિર્ભર ભારતની દિશામાં મહત્વનું પગલું ગણાવી, નવી સ્ક્રેપેજ પૉલિસીને કચરામાંથી કંચન બનાવવાના અભિયાન સાથે સરખાવી હતી.

આ નવી પૉલિસીને Waste to Wealth - કચરામાંથી કંચન અભિયાનમાં, સરક્યુલર ઇકોનૉમીની મહત્ત્વની કડીરૂપ ગણાવતા વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે તેનાથી પ્રદૂષણ ઘટશે અને પર્યાવરણીય સમતુલા જાળવવામાં પણ ઉપયોગી થઈ પડશે. 3R- 'રિયુઝ, રિસાઇકલ અને રિકવરી'ના મંત્રની મદદથી ઓટો સેક્ટરમાં આત્મનિર્ભરતાને નવી ઊર્જા મળવાની સાથે દેશમાં ૧૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવવાની સાથે ૫૦ હજારથી વધુ રોજગારીની નવી તકોનું નિર્માણ થવાનો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. એટલું જ નહીં, આ પૉલિસી 'આત્મનિર્ભર ભારત'ના વિઝન હેઠળ ઓટો અને મેટલ ઇન્ડસ્ટ્રીને પણ નવી ઊર્જા આપશે. આ પૉલિસીને લાગુ કરીને, ઓટોમોબાઈલ સેક્ટર, ઓટોમોબાઈલ વેસ્ટ મેનેજમેન્ટમાં યોગદાન આપશે, જે સ્વચ્છ ભારત મિશનનો એક ભાગ છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે આ નવી સ્ક્રેપેજ પૉલિસીથી દેશની મોબિલિટીને, દેશના ઓટો સેક્ટરને નવી ઓળખ મળશે. તદુપરાંત, દેશમાં વ્હિકલ પોપ્યુલેશનના મોડર્નાઇઝેશનમાં અને અનફિટ વ્હિકલને વૈજ્ઞાનિક પદ્ધતિથી રસ્તા પરથી દૂર કરવામાં પણ આ પૉલિસીની મહત્ત્વની ભૂમિકા બની રહેશે. એટલું જ નહીં, દેશનો પ્રત્યેક નાગરિક, ઇન્ડસ્ટ્રી સેક્ટર અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં પણ હકારાત્મક પરિવર્તન લાવશે.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે નવી સ્ક્રેપેજ પૉલિસી જાહેર કરવાનો આ સમય અત્યંત મહત્વનો છે, કારણ કે આપણે આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. એટલા માટે





આગામી 25 વર્ષ આપણા માટે વધુ મહત્ત્વનાં બની રહેશે. આ વર્ષોમાં આપણી કામકાજની પદ્ધતિ, રોજગાર, વ્યાપાર કારોબારીમાં અનેક પરિવર્તનો આવશે. નવી ટેક્નોલૉજીમાં બદલાવની સાથે દેશના નાગરિકોની લાઇફસ્ટાઇલ અને અર્થતંત્રમાં પણ અનેક ફેરફારો થયા છે. આમ છતાં, પર્યાવરણ, જમીન અને કાચામાલની રક્ષા એટલે કે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ થવો અત્યંત જરૂરી છે.

આજે સમગ્ર વિશ્વ સામે ક્લાઇમેટ ચેન્જના પડકારો ઊભા છે, ત્યારે અમારો પ્રયત્ન વિકાસને સ્થિરતા આપવાનો છે. આ માટે અક્ષયઊર્જાની દિશામાં મહત્ત્વની કામગીરી થઈ રહી છે. ખાસ કરીને સૌરઊર્જા, પવનઊર્જા, બાયોફ્યૂઅલમાં ભારતનું સ્થાન મહત્ત્વનું છે. સ્વચ્છતા અને આત્મનિર્ભરતાની સાથે વેસ્ટ એટલે કે કચરાનો પણ મહત્ત્વપૂર્ણ ઉપયોગ થઈ રહ્યો છે. આજે રિસાઇકલિંગને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. આવા જ પ્રયાસોમાં ઓટોમોબાઇલનું પણ નામ જોડાયું છે. તેનાથી અનેક સામાન્ય પરિવારોને ઘણો ફાયદો થશે.

નવી સ્ક્રેપ પૉલિસી દ્વારા સામાન્ય પરિવારોને થનારા વિવિધ લાભ અંગે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે પોતાનું જૂનું વાહન સ્ક્રેપમાં આપનારને આ પૉલિસી અંતર્ગત એક સર્ટિફિકેટ આપવામાં આવશે. જે બતાવવાથી નવું વાહન ખરીદતી વખતે રજિસ્ટ્રેશનની કોઈ રકમ ચૂકવવી પડશે નહીં. ઉપરાંત, રોડ ટેક્સમાં પણ રાહત મળશે. આ સિવાય, નવા વાહનની મેઇન્ટેનન્સ કોસ્ટ, રિપેરિંગ, ફ્યૂઅલ એફિસિયન્સીમાં પણ ફાયદો થશે.

આ સિવાયના અન્ય ફાયદાઓ અંગે શ્રી મોદીએ ઉમેર્યું હતું કે આ પૉલિસીનો ત્રીજો અને મહત્ત્વનો ફાયદો સીધો માનવીના જીવન સાથે જોડાયેલો છે. જૂની ટેક્નોલૉજીવાળા વાહનો સ્ક્રેપમાં જવાથી માર્ગ અકસ્માતોમાંથી પણ મુક્તિ મળશે. નવાં વાહનો થકી પ્રદૂષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થવાના લીધે તે નાગરિકોના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક બની રહેશે. આ ઉપરાંત, આ નવી પૉલિસી અંતર્ગત વાહનોનું ફિટનેસ માત્ર તેની ઉંમરના લીધે નહીં, પરંતુ સંપૂર્ણ સાયન્ટિફિક રીતે ચકાસવામાં આવશે.




તેમણે ભાવનગરના અલંગ શિપ બ્રેકિંગ યાર્ડનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આજે અલંગ શિપ રિસાઇકલિંગનું હબ બન્યું છે અને વિશ્વમાં આ ક્ષેત્રમાં અલંગનો હિસ્સો વધી રહ્યો છે. જેના કારણે રોજગારીની નવી હજારો તકો ઊભી થઈ છે. અને હવે જહાજો પછી વાહનોના સ્ક્રેપિંગનું પણ હબ બનશે. પરિણામે, આ દિશામાં નવી ઊર્જા મળશે અને આ વ્યવસાય સાથે જોડાયેલા કામદારોના જીવનમાં અનેક સુધારાઓ આવશે. તેમને પણ સંગઠિતક્ષેત્રના અન્ય કામદારોની જેમ અનેક લાભો મળતા થશે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે આત્મનિર્ભર ભારતના અભિયાનને વેગ આપવા માટે દેશના ઉદ્યોગોને સસ્ટેનેબલ અને પ્રોડક્ટિવ બનાવવા માટે સતત કામ થઈ રહ્યું છે. ગયા વર્ષે દેશમાં ૨૩ હજાર કરોડ રૂપિયાનું સ્ક્રેપ સ્ટીલ ઇમ્પોર્ટ કરવું પડ્યું હતું. કારણ કે, ભારતમાંથી મળતું સ્ક્રેપ સ્ટીલ ઉપયોગી હોતું નથી. કીમતી ધાતુઓનું રિસાઇકલિંગ થઈ શકતું નથી, પણ વૈજ્ઞાનિક પદ્ધતિઓની મદદથી રેર અર્થ મેટલનું પણ રિસાઇકલિંગ શક્ય બનશે. દેશમાંથી જ પૂરતો સ્ક્રેપ મળી આવવાના કારણે આયાત પર ઓછા આધારિત રહેવું પડશે. જેનો ફાયદો થશે અને આગામી ૨૫ વર્ષમાં આત્મનિર્ભર ભારત બનવાની દિશામાં નવો વેગ મળશે.

ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટીની દિશામાં નક્કર આયોજન અંગે તેમણે કહ્યું કે ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી સ્ટાન્ડર્ડ માટે દેશ કટિબદ્ધ છે અને બીએસ-૪માંથી બીએસ-૬ ટેક્નોલૉજીનો ઉપયોગ એ આ દિશામાં લેવાયેલું જ એક પગલું છે. ક્લિન અને ગ્રીન મોબિલિટી માટે સરકાર દ્વારા વ્યાપકસ્તરે કામગીરી કરવામાં આવી રહી છે. આજે ઇથેનોલ, હાઇડ્રોજન ફ્યૂઅલ અથવા ઇલેક્ટ્રિક મોબિલિટીનો ઉપયોગ વધારવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ માટે ઔદ્યોગિક ભાગીદારીની પણ એટલી જ જરૂર છે.

આ માટે ઔદ્યોગિક એકમો દ્વારા વૈજ્ઞાનિક ઢબે રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ- આર ઍન્ડ ડીથી માંડીને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રે સહકાર પણ એટલો જ જરૂરી છે અને આ ભાગીદારીને નવા સ્તર સુધી લઈ જવી પડશે. તેના થકી નવી ઊર્જા, નવી ગતિનો સંચાર થશે. આ માટે અમારી સરકાર તમામ સહકાર આપવા માટે કટિબદ્ધ છે.

નવી સ્ક્રેપેજ પૉલિસીને ગુજરાતથી લૉન્ચ કરતા વડાપ્રધાનશ્રીએ

કહ્યું કે સરક્યુલર રિફોર્મ એ ગુજરાત માટે નવી બાબત નથી. વર્ષોથી ગુજરાતની વડીલ મહિલાઓ ફાટેલાં કપડાંમાંથી ગોદડાં બનાવતી અને આ ગોદડાં ફાટે એટલે તેનો ઉપયોગ પણ પોતું કરવામાં કરતી આવી છે. હવે, આપણે આ પદ્ધતિને માત્ર વૈજ્ઞાનિક ઢબે આગળ ધપાવવા જણાવી કચરામાંથી કંચન બનાવવાના આ અભિયાનને આગળ લઈ જવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ હિન્દુસ્તાનની ઓટોમોબાઈલ ઇન્ડસ્ટ્રીઝના ઈતિહાસનો ખૂબ જ મહત્વનો દિવસ છે. દેશમાં સૌથી વધુ રોજગારી આપતી, સરકારને સૌથી વધુ ટેક્સ આપતી અને નિકાસને સૌથી વધુ પ્રોત્સાહન આપતી જો કોઈ ઇન્ડસ્ટ્રી હોય તો તે ઓટોમોબાઈલ ઇન્ડસ્ટ્રી છે. આ ઇન્ડસ્ટ્રીનો હજુ વધુ વિકાસ થાય અને આત્મનિર્ભર ભારતના નિર્માણમાં નવી નીતિઓના સહારે અમે જે આ દેશને આર્થિક દ્રષ્ટિએ સમૃદ્ધ અને સંપન્ન બનાવવા માંગીએ છે. તેમાં નિશ્ચિતરૂપથી આ ક્ષેત્રની મહત્વની ભૂમિકા અને પ્રદાન છે. તે માટે જ અમે ૨૦૧૮થી અભ્યાસ શરૂ કરી આ પૉલિસી તૈયાર કરી છે.

શ્રી ગડકરીએ ઉમેર્યું કે, સૌથી મોટી સમસ્યા અમારી એ હતી કે ભારતમાં અંદાજે એક કરોડ ગાડીઓ ફિટનેસ વગર ચાલતી હતી જે પ્રદૂષણની સાથો સાથ અને સેફટીની બાબતમાં પણ નુકશાનકારક છે અને આ જ બાબત સ્ક્રેપેજ પૉલિસી તૈયાર થવા બાબતનું મુખ્ય પરિબળ હતું. જૂના વાહનો સ્ક્રેપ થતા ૧૦ થી ૧૨ ટકા પ્રદૂષણ ઘટશે. ઓટોમોબાઈલ ક્ષેત્ર સાડા સાત લાખ કરોડનું ટર્નઓવર ધરાવે છે અને આશરે ૩.૭ કરોડ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ ક્ષેત્ર રોજગારી પૂરું પાડી રહ્યું છે.

આ પૉલિસીનો પ્રાથમિક માપદંડ વાહનના ફિટનેસ પર નિર્ધારિત કરવામાં આવ્યો છે અને તે માટે જ અમે દેશભરમાં જિલ્લા કક્ષાએ પીપીપી મોડેલથી વાહન ફિટનેસ સેન્ટર ના નિર્માણ માટે રાજકોટ વિશેષ પ્રોત્સાહન પણ પૂરું પાડીશું. આ પૉલિસી થી ઉત્પાદન ક્ષેત્રને પ્રોત્સાહન મળશે જેના લીધે વિશેષ બચત થશે. ઉત્પાદન ક્ષેત્રમાં મેટલમાં એલ્યુમિનિયમ સ્ટીલ કોપર પ્લાસ્ટિક સહિતનો વેસ્ટ નીકળશે તેનાથી વાહન ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે અને રોજગારી પણ વધશે. જે નવા વાહનોનું ઉત્પાદન થશે તે રોડ સેફટી નિયમોને લીધે નાગરિકોને સુરક્ષા પૂરી પાડશે અને કાચા માલની કિંમતોમાં ઘટાડો થવાને કારણે વાહનો સસ્તા મળશે. કિંમતમાં ઘટાડો થવાને કારણે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સંશોધન ક્ષેત્રે નવી સ્પર્ધાઓ થશે પરિણામે નિકાસ વધશે, સરકારને ફાયદો થશે અને રોજગારી પણ વધશે. ઉત્પાદન વધતા સરકારને જીએસટીમાં ૩૦થી ૪૦ હજાર કરોડનો ફાયદો થશે. નવા વાહનોની ખરીદીમાં પાંચ ટકાની છૂટ મળશે. જિલ્લામાં જ સ્ક્રેપિંગ સેન્ટર અને ફિટનેસ સેન્ટર નિર્માણ પામશે પરિણામે માલીકોએ વ્હિકલ સ્ક્રેપ કરવા વધુ દૂર નહીં જવું પડે. આ પૉલિસીથી અલંગ ખાતે ઈન્ટિગ્રેટેડ રિસાયક્લિંગ હબ બનશે. પાંચ વર્ષમાં ભારતને રિસાયક્લિંગ ક્ષેત્રે હબ બનાવવાનું લક્ષ્યાંક છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વાહન ફ્લિટ આધુનિકીકરણ પૉલિસીના નવતર આયામને આવકારતા કહ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસ માટે જે મજબૂત પાયો નાખ્યો છે અને એમના બતાવેલા માર્ગ પર ગુજરાતના વિકાસને આગળ લઈ જવા માટે અમારી સરકાર પ્રતિબધ્ધ છે અને ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જવામાં આ પ્રયાસ ચોક્કસ નવી દિશા આપશે.

મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યુ હતું કે, વૈશ્વિક મહામારી કોવિડ મા સમગ્ર વિશ્વ મંદી મા હતુ તો ગુજરાતે એપ્રિલ ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ભારતમાં કુલ FDI ના ૩૭% હિસ્સા સાથે સૌથી વધુ ૧. ૬૨ લાખ કરોડ રૂપિયાની FDI હાંસલ કરી છે જે અમારી સરકારની દૂરંદેશિતાના પરિણામે શકય બન્યુ છે.

તેમણે ઉમેર્યુ કે, ગુજરાત ભારતનું સૌથી મોટું ઓટોમોબાઈલ હબ છે જેના પરિણામે ટાટા, ફોર્ડ, હોન્ડા, સુઝુકી જેવી ઘણી મોટી કંપનીઓ અને બીજી ઘણી મોટી ઉત્પાદન કંપનીઓ ગુજરાતમા છે. રાજયના વધી રહેલ વિકાસના પરિણામે મોટા ઓટોમોટિવ ઉત્પાદકોની હાજરી તેમજ રાજ્યમાં નોંધાયેલા વાહનોની સંખ્યામાં ભારે વધારો થયો છે.પર્યાવરણના જતન માટે આજે એ જરૂરી બની ગયું છે કે વપરાયેલા વાહનોને સ્ક્રેપ કરવા અને તેના માટે સુવિધાઓ વિકસાવવી એ માટે આપણે પ્રયાસો કરવા પડશે. આ માટે અમારી સરકાર ચોક્કસ આગળ આવીને દેશને રાહ ચીધશે.

તેમણે કહ્યુ કે, આ નીતિ ઓટોમોટિવ ઉદ્યોગના અર્થતંત્ર ને મજબૂત કરવાનુ કામ કરશે અને જૂના અને ખામીયુક્ત વાહનોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો કરશે. સાથે સાથે ભારતની આબોહવા પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા માટે વાયુ પ્રદૂષણ ઘટાડવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.

મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યુ કે, દેશમાં નવા બિઝનેસ મોડલને નવી દિશા આપીને મહત્વનુ પ્રદાન પુરૂ પાડશે અને જે સામગ્રીના પુનઃ ઉપયોગ અને રિસાયક્લિંગને પ્રોત્સાહન આપશે.આજે ભારતના રજિસ્ટર્ડ વાહનોમાંથી ૯% ગુજરાતમાં છે.વિશ્વના બીજા સૌથી મોટા શિપ રિસાયક્લિંગ યાર્ડ પણ અલંગ ખાતે કાર્યરત છે જયા પહેલેથી જ વાહનોની સ્ક્રેપિંગ અને રિસાયક્લિંગ સુવિધાઓ ઉપલબ્ધ છે અને આ માટે સંપૂર્ણ ઈકોસિસ્ટમ છે. જેથી ગુજરાત હાલની ઈકોસિસ્ટમનો લાભ લેવા અને રજિસ્ટર્ડ વ્હીકલ સ્ક્રેપિંગ સુવિધાઓ અને સ્વચાલિત માવજત કેન્દ્રો વિકસાવવા અને સ્થાપવા માટે રોકાણ આકર્ષવાનો પ્રયાસ છે આ માટે પરિવહન વિભાગ આ નીતિના સફળ અમલીકરણમાં અગ્રણી ભૂમિકા



ભજવશે. આજની આ ઈવેન્ટના લીધે ગુજરાત વાહન સ્ક્રિપિંગ નીતિના અમલીકરણમાં પણ ભારતનું અગ્રણી રાજ્ય બનશે.

મુખ્યમંત્રીશ્રી એ વાહન ફ્લિટ આધુનિકીકરણ કાર્યક્રમ પર આ સમિટ આયોજીત કરવા માટે પ્રધાનમંત્રી અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીનો આભાર માનતા કહ્યુ કે, આ પ્રકારની પ્રથમ રોકાણકાર સમિટ ગુજરાતમા યોજીને યુએસએ અને યુરોપિયન દેશો જેવા ભારતમાં રસ્તા જેવા જટિલ માળખાને વિકસિત કરવાનું મહાન કામ કર્યું છે.

મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યુ હતું કે, તાજેતરમાં રાજય સરકારે ગુજરાત ઇલેક્ટ્રિક વ્હીકલ પૉલિસી અને ગુજરાત ઈન્ટિગ્રેટેડ લોજિસ્ટિક્સ એન્ડ લોજિસ્ટિક્સ પાર્ક પૉલિસી લાગુ કરી છે.વિકાસની સાથે આ નીતિઓ પર્યાવરણને અનુકૂળ ટેક્નોલોજી, કાર્યક્ષમ લોજિસ્ટિક્સના વિકાસમાં અને ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરિંગ અને રિસાયક્લિંગ માટે પસંદગીનું કેન્દ્ર બનાવવા માટે ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે. ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું ઓટો માર્કેટ છે. ભારતમાં અત્યાર સુધીમાં રજિસ્ટર્ડ વાહનોની સંખ્યા લગભગ ૨૭૩ મિલિયન છે. આમાંથી ૨૦૨૫ સુધીમાં ૨૮ મિલિયન વાહનો રદ કરી શકાય એમ છે. હાલમાં, ભારતીય સ્ટીલ ઉદ્યોગ વાર્ષિક ધોરણે લગભગ ૬ થી ૭ મિલિયન ટન સ્ટીલ સ્ક્રેપની આયાત કરે છે. સ્ક્રેપ સ્ટીલ ઉદ્યોગ જૂના વાહનોના સ્ક્રેપ સ્ટીલને રિસાયક્લિંગ કરીને આ સ્ટીલની આયાત ઘટાડવામાં રાજય સરકાર પ્રયાસ કરશે. આ સંયુક્ત પહેલ 'આત્મનિર્ભર ભારત' અભિયાનમાં ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે અને સાથે સાથે તે વૈશ્વિક ઓટોમોબાઈલ રિસાયક્લિંગ માર્કેટમાં ભારતની સ્થિતિને પણ ફરીથી વ્યાખ્યાયિત કરશે.

સડક પરિવહન મંત્રાલયના સચિવ શ્રી ગિરિધર અરમાનેએ નવી વેહિકલ સ્ક્રેપિંગ પૉલિસીના મહત્વના અંશો અને પ્રેસન્ટેશન રજુ કરતા કહ્યું હતું કે આ પૉલિસીના અમલથી ગુજરાતને ઘણો ફાયદો થશે. વિશ્વમાંથી સ્ક્રેપ વેહિકલસ ગુજરાતના અલંગ અને કંડલા બંદરોએ આવશે અને અહીં બહોળી રોજગારીનું પણ સર્જન થશે. અલંગ વેહિકલ સ્ક્રેપ ક્ષેત્રે હબ તરીકે નિર્માણ પામશે. આ પૉલિસી અંતર્ગત મોર્ડન અને ઓર્ગેનાઈઝડ વેહિકલ સ્ક્રેપિંગ તેમજ ટેસ્ટિંગ સેન્ટર સ્થપાશે. આ સમગ્ર વેહિકલ સ્ક્રેપિંગ ફેસીલિટીને વાહન પોર્ટલ સાથે સાંકળી સિંગલ વિન્ડો ઓપરેટિંગ સિસ્ટમ પૂરી પડાશે તેમ શ્રી ગિરિધરે ઉમેર્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સ્વૈચ્છિક વ્હિકલ ફ્લીટ આધુનિકરણ પ્રોગ્રામ (વીવીએમપી) વાહન સ્ક્રેપેજ ઈકોસિસ્ટમ બનાવવા માટેની માર્ગદર્શિકાનું વિમોચન કરવા આવ્યું હતું. ગુજરાત સરકાર અને ખાનગી કંપનીઓ વચ્ચે વિવિધ ક્ષેત્ર માટેના ૬ અને આસામ અને ગુજરાત સરકાર વચ્ચે એક એમ કુલ ૭ એમ.ઓ.યુ. થયા હતા.

મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે, ગુજરાત દેશનું ઈકોનોમિક એન્જિન છે. વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૧ દરમ્યાન એફ.ડી.આઈ. ગ્રોથ ૧૦ ગણો વધ્યો છે. ઈન્ડિયા સ્ટાર્ટઅપમાં પણ રાજ્યમાં સર્વોત્તમ કામગીરી કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ૨૦થી વધુ બિઝનેસ ઇન્વાયર્નમેન્ટ પૉલિસી ઘડવામાં આવી છે. ગુજરાત મૂડીરોકાણ કરવાનું ઉત્તમ સ્થળ છે કારણ કે ગુજરાતમાં રોડ, રસ્તા, પાણી, વીજળી, ગેસ, રેલવે, ટ્રાન્સપોર્ટ જેવી વિવિધ સુવિધાઓ સાથે સાથે નવી ઇન્ડસ્ટ્રીયલ પૉલિસી ૨૦૨૦ અંગે પણ તેમણે વિસ્તૃત વાત કરી હતી.

આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના વાહન વ્યવહાર મંત્રી શ્રી આર.સી. ફળદુ, રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીના મુખ્ય સચિવ શ્રી કે.કૈલાસનાથ, ગુજરાત મેરિટાઈમ બોર્ડના સીઈઓ શ્રી અવંતિકા સિંઘ, વાહન વ્યવહાર કમિશનર શ્રી એલ.પી.પાડલિયા, કેન્દ્ર સરકાર પરિવહન વિભાગ સચિવ શ્રી પ્રદિપ ત્રિપાઠી સહિત આમંત્રિત ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.●



# સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીનો પ્રજાજોગ સંદેશ

***મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૭૫મા સ્વાતંત્ર્ય પર્વએ રાજ્યની જનતાને શુભેચ્છાઓ પાઠવી છે. આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢમાં કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આપેલો સંદેશો અક્ષરશઃ આ મુજબ છે.***

નમસ્કાર.

ગુજરાતના મારા વ્હાલા ભાઈઓ અને બહેનો.

આઝાદી પર્વની આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું... આપણો દેશ ૭૫મા સ્વતંત્ર પર્વની ઉજવણી કરી રહ્યો છે એ સ્વાતંત્રતા આઝાદીના મૂળિયા જેમણે સિંચ્યા છે એવા આઝાદીના તમામ લડવૈયાઓ- કાંતિકારીઓ અનેક નામી અનામી શહીદો, પુણ્યાત્માઓનું આજના દિવસે સ્મરણ કરીને આપણે એમને વંદન કરીએ છીએ. વર્ષોના વર્ષો અવિરત સંઘર્ષમાં બ્રિટિશરોની લાઠીઓ,ગોળીઓ ખાઈ ખાઈને વિરલાઓએ ફાંસીના તખતા ઉપર ચડીને આ મહામૂલી આઝાદી અપાવી છે.

ખુદીરામ બોઝ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, વીરસવારકર, મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ, લોકમાન્ય તિલક જેવા અનેક લોકોએ આઝાદીની લડતનું નેતૃત્વ કરીને, બ્રિટિશરો સામે લડીને દેશને ગુલામીમાંથી સ્વતંત્ર કર્યો છે.

માં ભારતીની સ્વતંત્રતા માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરનાર એ વીર શહીદો અને સ્વાતંત્ર સેનાનીઓના પરિશ્રમની પરાકાષ્ઠાએ આપણે આ વર્ષે આઝાદીના અમૃત મહોત્સવ ૭૫ વર્ષની ઉજવણી કરવા એકદમ બડભાગી બન્યા છે.આ સ્વતંત્રતા પર્વ, આપણા માટે આઝાદીનો અમૃત મહોત્સવ બનીને રાષ્ટ્રભક્તિથી તરબતર થવાના અવસર તરીકે આવ્યું છે.

અનેક લોકોએ જે પોતાની જાનની આહુતિ લગાવી તેવા સૌ કોઈએ આ દેશની આઝાદી પછીનું એક ભવ્ય ચિત્ર, સ્વપ્ન કે જેમાં આ દેશની પેઢી એ આ દેશને પરમ વૈભવનુ શિખર પ્રાપ્ત કરાવશે. ભારતમાતા એ સર્વત્ર, વિશ્વવ્યાપી જગત જનની બનશે એવા સ્વપ્ન સેવ્યા હતા. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવમાં કરોડો ભારતવાસીઓને પ્રત્યેક પ્રાંત, પ્રદેશની સાથે મળીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના ધ્યેયથી જનઉત્સવ બનાવવા માટે 'સંકલ્પ થી સિધ્ધી' તરફ આગળ વધવા માટે હાકલ કરી છે.

આપણને જેણે આઝાદી અપાવી તેવા સપૂતોની સ્મૃતિ, એમના સપના સાકાર કરવા માટેનો આ એક અમૃત મહોત્સવ છે. આઝાદીની લડત વખતે મંત્ર હતો, 'ડાઈ ફોર ધ નેશન...' આ દેશ માટે મરવાનું છે... હવે મંત્ર છે 'લિવ ફોર ધ નેશન...'પ્રત્યેક ભારતવાસીઓને દેશ માટે જીવી જાણવાનું છે અને પ્રત્યેક કાર્ય દેશ માટે કરવાનું છે.આવનારા વર્ષનું ભારત ભવિષ્યનું ભારત જગતગુરુ બને અને સદાકાળ ભારત આત્મનિર્ભર બને એ કર્તવ્ય અદા કરવાનું છે.

આવનારા દિવસો આપણા છે, આગામી સદી પણ ભારતની છે. એવા દ્રઢ નિર્ધાર સાથે શિક્ષણ, આરોગ્ય, કૃષિ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રકચર, ઉદ્યોગ એવા અનેક ક્ષેત્રોમાં વિશ્વના વિકસિત દેશો સામે હરીફાઈમાં ભારતે પણ શ્રેષ્ઠ બનવા આગળ વધવાનું છે.

આઝાદીનો 'અમૃત મહોત્સવ' એ દિશામાં આપણને સંકલ્પબદ્ધ થવાની પ્રેરણા આપે છે. આપણે સૌ કરોડો ગુજરાતીઓ, ગુર્જરવાસીઓ આઝાદીના અમૃત મહોત્સવની ઊજવણીમાં સહભાગી થવાનું છે.ગુજરાતની અવિરત વિકાસ યાત્રા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈએ શરૂ કરાવી છે તેને અડીખમ રાખીને 'ઉત્તમ થી સર્વોત્તમ ગુજરાત' બનાવવું છે.

સશક્ત ભારત માટે સશક્ત ગુજરાતની નેમ સાથે વિકાસના નવા બેન્ચમાર્ક સર કરવા છે. આઝાદીના અમૃત મહોત્સવના પ્રારંભ માટે ગૌરવ સાથે કહેવું છે, આપણી આ સરકારે સત્તાને

વટ કે ગુમાન નહીં, વિનમ્રતા અને જનસેવાના અનેકવિધ કામોથી ગુજરાતને આગળ વધાર્યું છે... કશી કસર છોડી નથી... સત્તા એ,સેવાનું સાધન છે. એવા નમ્ર ભાવથી અમે લોકો અહી પ્રત્યેક ક્ષણ, પળ પળ ગુજરાતના સર્વગ્રાહી વિકાસ માટે સમર્પિત છીએ... ગરીબ, વંચિત, પીડિત, શોષિત, મહિલા, ખેડૂત મજદૂર સૌના વિકાસનો મંત્ર એ જ લક્ષ્ય છે.

'સૌનો સાથ સૌનો વિકાસ' એ હેતુ છે, વિકાસની રાજનીતિનો માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈએ જે માર્ગ પ્રશસ્ત કર્યો છે એ જ માર્ગે ચાલીને સરકારે હમણાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે.

પાંચ વર્ષ આપણી સરકારના, ' સૌના સાથથી સૌના વિકાસના' એ ઉજવણી નહોતી. પરંતુ સેવાયજ્ઞ હતો. લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટાયેલી સરકારનું દાયિત્વ અને જવાબદારી છે કે, પ્રજાહિતના લોક કલ્યાણના કામોનું સરવૈયું પ્રજાને આપવું જોઈએ.

ભાઈઓ-બહેનો, કોરોનાના આ કપરા કાળમાં આપણે ગુજરાતમાં તમામ ગુજરાતીઓને આપણે બચાવ્યા છે.

સાડા આઠ લાખ ગુજરાતીઓને આપણે કોરોનામાંથી સાજા કરી ને ઘરે પાછા મોકલ્યા છે. સતત દોઢ વર્ષથી સમગ્ર તંત્ર કોરોનાના કપરા કાળમાં એક માત્ર લક્ષ્ય કે કોરોનાના સંક્રમણથી લોકોને બચાવવા, સંક્રમિત થયેલા લોકોને સારામાં સારી ટ્રીટમેન્ટ મળે અને સાજા કરવા અને એના માટે વ્યાપક પ્રયત્નો કરીને આજે ગુજરાત બીજી લહેરમાથી સંપૂર્ણ બહાર નીકળી ગયું છે. છેલ્લા કેટલાક દિવસોથી વીસ-પચ્ચીસ કેસ સાથે આપણે ગુજરાતને કોરોનામાં વધુ સંક્રમિત થતું અવશ્ય અટકાવ્યું છે. અને ભાઈઓ બહેનો, ભગવાન ને પ્રાર્થના કરીએ કે ત્રીજી લહેર ના આવે પરંતુ ત્રીજી લહેર પણ આવે તો એને સંપૂર્ણ રીતે આપણે કોરોના સામે લડાઇ જીતવા માટે પૂરી તાકાતથી બીજી લહેરના અનુભવના આધાર ઉપર વ્યાપક તૈયારીઓ કરી છે.

'દવાઈ ભી, કડાઈ ભી' આ સૂત્રને લઈને લોકો કોરોનાના નિયમનું પાલન કરે, હજી કોરોના સંપૂર્ણ ગયો નથી તેમ માનીને વ્યવસ્થા કરીએ. વેક્સિનેશન ઉપર આપણી તાકાત આપણે લગાવી છે કે ગુજરાતના તમામ ગુજરાતીઓ વેક્સિન લઈ લે. મને આનંદ છે કે પોણા ચાર કરોડ ડોઝ આપણે આપી ચૂક્યા છીએ. અને દરરોજ પાંચ લાખથી વધુ લોકોને ડોઝ આપવામાં આવે તે પ્રકારની વ્યવસ્થાઓ પણ વ્યાપક પ્રમાણમાં શરૂ થયેલી છે . સાથે સાથે વિકાસને પણ અટકવા દીધો નથી, રોજીંદી પ્રવૃત્તિ પણ આપણે પૂરા વેગથી ચાલુ રાખી છે.અને છેલ્લા દોઢ વર્ષમાં કોરોનાને કારણે આપણી પ્રવૃત્તિઓમાં નિયંત્રણો હતા, એ નિયંત્રણોને આજે ધીરે ધીરે દૂર કરીને પૂર્વવત પરિસ્થિતિને લાવવા માટે પ્રયત્નો કરી રહ્યા છીએ.

છેલ્લા લગભગ દોઢ વર્ષમાં ૩૦ હજાર કરોડના વિકાસના કામો આપણે ચાલુ રાખ્યા છે... અનેક લોકાર્પણ અને ખાતમુહૂર્તો પણ થયા છે... પડકારોને તકમાં પરિવર્તિત કરીને 'ન ઝુકના હૈ, ન રુકના હૈ, કોરોના હારશે, જીતશે.. ગુજરાત'એ દિશામાં આગળ વધીએ છીએ. માર્ચ ૨૦૨૧ સુધીમાં દેશના કુલ FDIના ૩૭ ટકા રોકાણ એકલા ગુજરાતમાં આવ્યુ છે.

ગુજરાતનો industrial growth આપણે વધારતા આવ્યા છીએ. રોજગારીના અનેક અવસરો યુવાનોને પૂરા પાડીને દેશમાં સૌથી ઓછો બેરોજગારી દર એટલે કે ૧.૮% ગુજરાતનો છે. વિશ્વમાં આખામાં વેપાર ઉધોગની આર્થિક ગતિવિધિઓને કોરોનાની અસર પહોંચી છે પરંતુ ગુજરાતમાં આપણે એનાથી દૂર રહ્યા છીએ.

નવી ઉદ્યોગનીતિ, નવી પ્રવાસન પ્રોત્સાહન નીતિ, નવી ઈલેક્ટ્રિકલ વ્હીકલ પોલીસી, ઈન્ટીગ્રેટેડ લોજેસ્ટીક પાર્ક પોલીસી અને તાજેતરમાં નવી વ્હીકલ સ્ક્રેપિંગ પોલીસી જેવી પોલીસી સાથે ગુજરાત આગળ વધી રહ્યું છે. પરંતુ 'પથ કા અંતિમ લક્ષ્ય નહી હે, સિંહાસન ચઢતે જાના...' સબ સમાજ કો લિયે હી, સાથ મે આગે બઢતે જાના. આપણે 'ઉત્તમ થી સર્વોત્તમ' બનવું છે...હજુ અનેક સંકલ્પો નક્કી કરીને સિદ્ધિઓમાં પરિવર્તિત કરવું છે.

ગુજરાતમાં બેકારી, ગરીબી, ભ્રષ્ટાચારને દૂર કરવો છે... ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે, અને અત્યારે ધોલેરા SIRમા દેશનું સૌથી વિશાળ ગ્રીનફીલ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિજ્યન હોય કે પછી રાજકોટની એઈમ્સ હોય, એશિયાની વિશાળ મેડિસીટી હોય કે ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ એક્ટિવિટી હોય, ગિફ્ટ સિટી, સુરતનું ડાયમંડ બુર્સ કે પછી વિશ્વ પ્રવાસનનું ધામ સ્ટેચ્યુ ઓફ યુનિટી હોય, કે હોય રમતગમત ક્ષેત્રમાં વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ... દુનિયામાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ હોય તે ગુજરાતમાં હોય તેવી પ્રતિબધ્ધતા સાથે હજુ નવા સીમાચિહ્નો પ્રસ્થાપિત કરવા છે.

સાડા છ ગુજરાતીઓએ જે વિશ્વાસ અમારામાં મૂકયો છે તેને સાર્થક કરવા માટે કમર કસી છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષે આપ સૌ જનતા જનાર્દનની આશા-અપેક્ષા, અરમાન સપનાનું પ્રતિબિંબ દરેક નીતિ-રીતિ, કાર્ય રીતી પધ્ધતિથી લોકોને પોતાની સરકાર હોવાની અનુભૂતિ થાય... 'મારી સરકાર'ની જનજનમાં લાગણી થાય તે માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે

આવો આઝાદીના આ પાવન પર્વે આપણે સૌ સાથે મળીને આત્મનિર્ભર ભારત માટે, સશક્ત ભારત માટે, શ્રેષ્ઠ ભારત માટે ગુજરાતને અગ્રેસર બનાવીને ભારતમાં ગુજરાત દ્રષ્ટાંતરુપ બને એવો આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ.

આવો, આપણે સૌ સંકલ્પ કરીએ, કે 'આપણું ગુજરાત સલામત ગુજરાત, સુખી ગુજરાત, સમૃદ્ધ ગુજરાત, સશક્ત ગુજરાત, સંસ્કારી ગુજરાત, દિવ્ય ગુજરાત, અહિંસક ગુજરાત બનાવીએ...અને ભવિષ્યની પેઢી અને એના સપનાઓને સાકાર કરીએ.

જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય ●



# ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની જૂનાગઢમાં દબદબાભેર ઉજવણી

સ્વાતંત્ર્ય પર્વ એ દેશવાસીઓ માટે ગૌરવરૂપ દિવસ છે. દેશ કાજે શહિદી વહોરનાર અનેક નામી અનામી શહિદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર છે. પરંપરા મુજબ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પાટનગરમાં થતી હતી,પરંતુ તત્કાલીન મુખ્ય મંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી રાષ્ટ્રીય પર્વોને ગુજરાતનાં જિલ્લાઓ સુધી લઇ જઇ વિકાસ પ્રક્રિયામાં જોડ્યા. આ નવતર પહેલનું અનુસરણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કર્યું. મુખ્ય મંત્રીશ્રીએ ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં તિરંગાને સલામી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના પ્રજાજનોને ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી ગુજરાતના વિકાસની ગૌરવગાથા જણાવતા કહ્યુ કે, ગુજરાતે વિકાસના નવા સીમા ચિહનો પ્રસ્થાપિત કરી સ્વરાજ થી સુરાજ્યના સંકલ્પ સાથે ઉત્તમથી સર્વોત્તમ બનવા પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે.

મુખ્યમંત્રીશ્રીએ સંત, શૂરા અને ગરવાગઢ ગિરનાર અને ગીરના સિંહોની ભૂમિ પરથી ૭૫મા સ્વાતંત્ર્ય પર્વ અને આઝાદી કા અમૃત મહોત્સવની શુભકામના પાઠવી જૂનાગઢને ભારતનું અભિન્ન અંગ બનાવવા લોકશક્તિ સાથે આરઝી હકૂમતની લડત કરનાર સૌ સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ દેશની આઝાદી માટે ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીના સ્વાતંત્ર્ય સંગ્રામના વીરો-શહીદોને વંદન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ૭૫માં સ્વાતંત્ર્ય પર્વ નિમિતે જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉજ્જવલા ૨.૦ યોજનાની જાહેરાત કરી છે તે અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખ ગેસ કનેક્શન રાહત દરે આપવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યની બાવન નગરપાલિકાઓને દૈનિક પાણી પુરવઠા યોજના માટે રૂ. ૭૮૦ કરોડની ફાળવણી કરાશે. યોજના દીઠ રૂ.૧૫ કરોડનો લાભ મોટી નગરપાલિકાઓને મળશે. રાજ્યની નગરપાલિકા જનહિતમાં કાર્યો કરવા પ્રેરાય તે માટે નગરપાલિકાઓને સ્ટાર રેન્કીંગ આપવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાના સહાય ધોરણમાં વધારો કરતા જણાવ્યુ હતુ કે, હવે આ યોજનામાં ખેડૂતને ગોડાઉન બનાવવા રૂ.૩૦ હજારના બદલે રૂ.૫૦ હજાર આપવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કોરાનાના સંક્રમણને કાબુમાં લેવા લીધેલા પગલા, તાઉતે વાવાઝોડામાં ખડેપગે રહીને અસરગ્રસ્ત લોકો-ખેડૂતોને તાત્કાલિક સહાય-સધિયારો, કિસાનોને પ્રગતિ માટે







## રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં એટહોમ કાર્યક્રમ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ૭૫મા સ્વાતંત્ર્ય પર્વે દેશની આઝાદી માટે પ્રાણ ન્યોચ્છાવર કરનારા શહિદવીરોને શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા અને સ્વાતંત્ર્ય પર્વની સૌ નાગરિકોને શુભકામના પાઠવી હતી. જૂનાગઢની કૃષિ યુનિવર્સિટી ખાતે સભાગૃહમાં યોજાયેલા ગરિમાપૂર્ણ એટહોમ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્વયં ગણમાન્ય પ્રબુદ્ધ નાગરિકો પાસે જઇ સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ શુભકામનાઓ પાઠવી જણાવ્યુ હતુ કે, સ્વાતંત્ર્ય પર્વ શહીદ સ્વાતંત્ર્ય વીરો-ક્રાંતિવીરો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પર્વ છે. ગુજરાતની ધરતીએ મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને શ્યામજી કૃષ્ણ વર્મા જેવા મહાન નાયકોને જન્મ આપ્યો છે. એટલું જ નહીં મહર્ષિ દયાનંદ સરસ્વતી જેવા મહાન સમાજ સુધારકોને જન્મ આપ્યો છે ત્યારે આઝાદીના ૭૫મા વર્ષે સૌ નાગરિકો દેશની એકતા-અખંડતા, બંધુતા, સહિષ્ણુતાને મજબૂત કરવા સંકલ્પ લે. આ પ્રસંગે સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, સ્વાતંત્ર્ય સેનાનીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

સહાય, મહિલાઓના ઉત્કર્ષ, દિવ્યાંગો, ગંગાસ્વરૂપા બહેનો, યુવાઓને રોજગારી તેમજ પાંચ વર્ષમાં સુશાસન, ઇમાનદારી અને સંવેદનાપૂર્વક સેવાકીય કામગીરી થકી કરેલી કામગીરીની તલસ્પર્શી માહિતી આપી હતી. ગુંડાગીરી નાબૂદી, ગૌ હત્યા નિવારણ, ભૂ-ડ્રગ્સ માફીયા સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમ કહી ગુજરાતમાં પ્રજાની શાંતિ-સુખાકારી અને સલામતી માટે લેવાયેલા શ્રેણી બદ્ધ પગલાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ તકે મુખ્યમંત્રીશ્રીએ વતન પ્રેમ યોજનાનું ગીત નિદર્શન નિહાળી આ યોજના વતન પ્રત્યેનો ઋણ ચૂકવવાનો અવસર પૂરો પડે છે, તેમ જણાવ્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પોલીસને વધુ સજ્જ કરવા, ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુના ખોરી ડામવા ગુજરાત પોલીસને ૧૦,૦૦૦ બોડી વોર્ન કેમેરા અને ૧૫ ડ્રોન કેમેરા અર્પણ કર્યા હતા. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગીર સોમનાથ કેમેરાથી સજ્જ પોલીસ કેમેરાનું લાઇવ ડેમોસ્ટ્રેશન નિહાળ્યું હતુ. પોલીસમેન અને અધિકારીઓને કેમેરા અર્પણ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં લોકોનું અભિવાદન ઝીલી સ્વાતંત્ર્ય સેનાની લાભશંકરભાઇ દવેનું સન્માન કરી વૃક્ષારોપણ કર્યુ હતુ.

આ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા રશીયન પીટી, જીમનાસ્ટિક, મલખમ, દેશની એકતાને ઉજાગર કરતું લેજીમ નૃત્ય, દિલધડક મોટરસાઇકલ સ્ટંટ શો તેમજ રાજ્યના ગૌરવંતા શ્વાન દળનું નિદર્શન અને અશ્વ શો એ કૌવત અને કૌશલ્ય દેખાડ્યુ હતુ. ગુજરાત પોલીસ વિભાગ દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમે પોલીસ પરેડ ગ્રાઉન્ડ સ્થિત સૌ કોઇ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમાર, સચિવ શ્રી લોચન ચહેરા, ડીજીપી શ્રી આશિષ ભાટિયા, મેયર શ્રી ધીરૂભાઇ ગોહેલ, સાંસદ શ્રી રાજેશભાઇ ચુડાસમા, ધારાસભ્ય સર્વશ્રી દેવાભાઇ માલમ, બાબુભાઇ વાજા, ભીખાભાઇ જોશી, હર્ષદભાઇ રીબડીયા, જિલ્લા કલેક્ટર શ્રી રચિત રાજ સહિતના પદાધિકારીઓ અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●











# નવ દિવસમાં અધધધ...
# રૂ. ૧૩,૦૦૦ કરોડના
# વિકાસકામોનો જનતાને મળ્યો લાભ...

પુલક ત્રિવેદી

आओ फिर से दिया जलाएँ
भरी दुपहरी में अँधियारा
सूरज परछाई से हारा
अंतरतम का नेह निचोडें-
बुझी हुई बाती सुलगाएँ
आओ फिर से दिया जलाएँ

ચિંતક, વિચારક, કવિ અને ભારતના પૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી બાજપેયીજીના આ શબ્દો છેલ્લા પખવાડિયા દરમિયાન કાનમાં સતત ગુંજતા રહ્યાં. ૧લી ઓગસ્ટથી ૯મી ઓગસ્ટ નવ દિવસ ગુજરાતમાં જનસેવા અને વિકાસના મહાયજ્ઞનું અનુષ્ઠાન જોવા મળ્યું. વિશ્વ સમસ્તમાં ગુજરાતની નવરાત્રી ભક્તિ અને શક્તિની આરાધના માટે ઓળખાતી હોય છે. બરાબર એ જ રીતે ૧લી થી ૯મી ઓગસ્ટ નવ દિવસ ગુજરાતે જનસેવા અને વિકાસની અદભુત આરાધના કરી ઈતિહાસ રચ્યો છે. માત્ર નવ દિવસના સમયગાળામાં ૧૬ હજાર ઉપરાંત જનહીતલક્ષી કાર્યક્રમો યોજાયાં. જેમાં ૪૮ લાખ ૫૬ હજાર ઉપરાંત નાગરિકોને રાજ્ય સરકારની વિવિધ લોકોપયોગી યોજનાના લાભ મળ્યાં. આ નવ દિવસ દરમિયાન વિવિધ યોજના અન્વયે રૂ. ૧૩ હજાર કરોડની રકમનો લાભ રાજ્યના જનસામાન્યને મળ્યો. આ નાની સુની

**ઑગષ્ટના આરંભે યોજાયું પાંચ વર્ષની અવિરત જન સેવાના મહાયજ્ઞનું નવ દિવસનું ઐતિહાસિક અનુષ્ઠાન**







ઘટના નથી. ગુજરાતના ઈતિહાસમાં કદાચ પહેલી વાર એવું બન્યું છે કે, નવ દિવસના સમયગાળામાં આટલા મોટા ફલક ઉપર ગુજરાતના ખૂણે ખૂણામાં વિકાસની આહલેક જાગી હોય. કોવિડ પ્રોટોકોલનું સંપૂર્ણપણે ધ્યાન રાખીને સમગ્ર રાજ્યમાં મેયરથી માંડીને મુખ્યમંત્રીશ્રી સુધીના પદાધિકારીશ્રીઓએ લોકો વચ્ચે જઈને છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતે કરેલી જનસેવાની આરાધનાને જનજન સુધી પહોંચાડી.

આજે ગુજરાત ચાર અક્ષરનો શબ્દ વિકાસનો પર્યાય બની ગયો છે. આ બિરુદ ગુજરાતને એમનેમ નથી મળ્યું. છેલ્લા બે અઢી દાયકાથી ગુજરાતે વિકાસનો રીતસરનો મહાયજ્ઞ આરંભ્યો છે. ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને ભવ્ય અને દિવ્ય બનાવવાના મજબૂત પાયા નાખી આપ્યા છે. મેટ્રો ટ્રેન, રીવરફ્રન્ટ, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાયન્સ સિટી, ગીફ્ટ સિટી, મેડી સિટી વગેરેની ભેટ આપીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની વિકાસયાત્રાને બુલંદી પર પહોંચાડી છે. વડાપ્રધાન બનતાંની સાથે જ ગુજરાતની ઉન્નતિ અને સમૃદ્ધિના માર્ગો નરેન્દ્રભાઈએ ખોલી આપ્યા છે. એઈમ્સ હોય કે સાયન્સ સિટીમાં નવા પ્રકલ્પો હોય, નવા અદ્યતન રેલવે સ્ટેશનો હોય કે, નવા એરપોર્ટની વાત હોય ગુજરાતને નવી નવી ટ્રેઈન આપવાની વાત હોય કે, નર્મદા બંધને આડે આવતા અંતરાયો દૂર કરવાની વાત હોય, નરેન્દ્રભાઈએ પેલી કહેવત સિદ્ધ કરી છે કે મોસાળે મા પીરસનાર હોય પછી તો પુછવું જ શું ? ગુજરાતે વિકાસના તમામ ક્ષેત્રે કાઠું કાઢ્યું છે. શ્રી નરેન્દ્રભાઈએ બનાવેલા ઉત્તમ ગુજરાતને હવે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત' રાજ્યને 'ઉત્તમથી સર્વોતમ ભણી' લઈ જવા માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી કહેતા કે, 'સમાજની સેવા કરવાનો અવસર પોતાનું ઋણ ચૂકવવાનો અમૂલ્ય મોકો આપે છે, એટલે જ્યારે પણ સમાજ સેવાની તક મળે ત્યારે સત્યનિષ્ઠાથી એ તકને ઝડપી લેવી જોઈએ.' મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરણાથી સંવદનશીલતાપૂર્વક સંપૂર્ણ પારદર્શકતાથી જનહીતલક્ષી નિર્ણાયકતાએ ગુજરાતમાં પ્રગતિશીલતાની પરાકાષ્ઠા સર્જી તેની ઓગસ્ટ મહિનાની

શરૂઆતમાં સૌ કોઈ ગુજરાતી બાંધવોને પ્રતીતિ થઈ છે.

છેલ્લા પાંચ વર્ષની ગુજરાતની વિકાસયાત્રાને જોઈને આજે ગુજરાતના ખૂણેખૂણામાં વસતો અદનો નાગરિક પણ હૃદયપૂર્વક એમ કહે છે કે, 'આ સરકાર આપણી સરકાર છે'. પાંચ વર્ષનો સમયગાળો નાનો સમયગાળો ન કહેવાય. પાંચ વર્ષના અંતે શું કાર્ય થયાં તેનું સરવૈયું અને કેવા કાર્યો કરવાના છે તેનો રોડમેપ નક્કી કરવાનો સમય છે. અઢી દાયકાથી પણ વધુ સમય સુધી ગુજરાતની જનતાએ વિકાસલક્ષી રાજનીતિ અને પારદર્શક નિર્ણાયકતાને મનભરીને આશીર્વાદ આપ્યા છે.

કિસાનો માટે કિસાન સૂર્યોદય યોજનાથી માંડીને સાત પગલાં ખેડૂત કલ્યાણના જેવી યોજનાઓથી છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના કિસાનોનું ભરપૂર આર્થિક સશક્તિકરણ થઈ રહ્યું છે. ૨૨ લાખ કિસાનો પાસેથી ૧૯ હજાર કરોડના ૪૧ લાખ મેટ્રીક ટન કરતાં પણ વધારે ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી કરીને ગુજરાતે ઐતિહાસિક કામ કર્યું છે. અલગ અલગ યોજનાઓ અન્વયે રાજ્યના ખેડૂતોને છેલ્લા ત્રણ જ વર્ષમાં રૂ. ૯૯ હજાર કરોડ ઉપરાંતની રકમ આ સરકારે આર્થિક સહાય સ્વરૂપે આપી છે. કોરોના મહામારી હોય કે, અતિવૃષ્ટિનો માર હોય, તાઉતે જેવું મહાવિનાશક વાવાઝોડું હોય કે અનાવૃષ્ટિ હોય, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા પાંચ વર્ષમાં તમામ આફતો સામે કુનેહપૂર્વક જીક ઝીલી છે અને ગુજરાતને તેમાંથી સાંગોપાંગ બહાર કાઢ્યું છે.

ગરીબો, વંચિતો, પીડિતો, શોષિતો, આદિવાસીઓ સૌ કોઈને હૃદયપૂર્વક અનુભૂતિ થઈ રહી છે કે અમારો ખરેખર વિકાસ થઈ રહ્યો છે. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અને ૭૬ જેટલી યુનિવર્સિટીઓ સાથે આજે ગુજરાત શિક્ષણનું હબ બન્યું છે. સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ રેન્કિંગમાં ગુજરાત પ્રથમ સ્થાને છે જે પ્રત્યેક ગુજરાતી માટે ગૌરવની વાત છે. યુવા શક્તિના સામર્થ્યને સુપેરે સમજીને છેલ્લા પાંચ વર્ષમાં ૧૭ લાખ જેટલાં યુવાનોને રોજગાર સ્વરોજગારના અવસરો પ્રાપ્ત થયા છે. ૨ લાખ જેટલાં યુવાનોને સરકારી નોકરી મળી છે. ગુજરાત છેલ્લા ૧ દશકથી પણ વધારે સમયગાળાથી રોજગાર વિનીમય કચેરી દ્વારા અપાતી રોજગારીમાં રાષ્ટ્રભરમાં અગ્રસ્થાને છે. નારી શક્તિનું સન્માન કરીને ૧૦ હજાર મહિલા સ્વસહાય જૂથોની રચના કરીને તેમનું આર્થિક સશક્તિકરણ આ સરકાર કરી રહી છે. શાંતિ સલામતી અને સુરક્ષા સાથે ગુજરાતના વિકાસ માટેની આ સરકારની પ્રતિબદ્ધતા સૌ કોઈ પીછાણી રહ્યા છે. આતંકવાદીઓને ગુજસીટોક કાયદાના અમલથી, ભૂમાફિયાઓને લેન્ડગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટથી અને અસામાજિક તત્વોને ગુન્ડા એક્ટ પસાર કરીને ગુજરાતની સુરક્ષાને વધુ સુનિશ્ચિત કરવામાં આવી છે. લવ જેહાદનો કાયદો આ સરકારે હિંમતપૂર્વક ઘડ્યો છે.

## જ્ઞાનશક્તિ દિવસ



તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને ભારતના લોકોના હૃદયસમ્રાટ શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે, 'શિક્ષિત સમાજ રાજ્ય અને દેશના સાચા વિકાસની દિશા સુનિશ્ચિત કરી શકે છે.' ગુજરાતે શિક્ષણ ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષમાં એવું અદભુત કાર્ય કર્યું છે કે, આજે ખાનગી શાળાઓમાંથી વિદ્યાર્થીઓ સરકારી શાળામાં પ્રવેશ મેળવવા જઈ રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૯ લાખ કરતાં વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦ના ટોકન દરે નમો ઈ ટેબ આપવામાં આવ્યા છે. કોરોના મહામારીના કાળમાં પણ ગુજરાતે વિદ્યાર્થીઓના શિક્ષણને ડગમગવા દીધું નથી. ઓનલાઈન ક્લાસ બાયસેગ દ્વારા ક્લાસ, ટેલિવિઝન કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણને સુચારુ રીતે ગુજરાતે આગળ ધપાવ્યું છે. ઓગસ્ટ તા. ૧, ૨૦૨૧ સાચા અર્થમાં જ્ઞાનશક્તિનો દિવસ બની રહ્યો. 'પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતા'ના સૂત્ર ઉપર રાજ્યભરમાં કુલ ૨૫૩ કાર્યક્રમો યોજાયાં લગભગ ૫૦ હજાર જેટલાં લોકોએ આ દિવસે રાજ્યભરમાં થયેલાં વિવિધ કાર્યક્રમોમાં કોવિડ પ્રોટોકોલ અનુસરતા હાજરી આપીને ગૌરવ અનુભવ્યું હતું. જ્ઞાનશક્તિ દિવસે ૧૪૧૫૯ જેટલાં ખાતમુહૂર્ત અને લોકાર્પણો થયાં હતાં. જેમાં વર્ગ ખંડો, આઈસીટી લેબ, સ્ટાફ ક્વાટર્સ, જ્ઞાનકુંજ પ્રોજેક્ટ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગંગાસ્વરૂપા બહેનોને આર્થિક સહાય અને વહાલી દીકરી યોજના અન્વયે પણ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે ૧૨ જેટલી વિવિધ જનહીતલક્ષી યોજનાઓના ૧૯૭૫૪ ખાતમુહૂર્ત અને લોકાર્પણો યોજાયાં હતાં. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ૧૩૫ કરોડના ખર્ચે ૩૬૫૯ શાળાઓના ૧૨ હજાર જેટલા સ્માર્ટ ક્લાસનું લોકાર્પણ કર્યું અને ૧૦૫૦ શાળાના ઓરડાઓનું લોકાર્પણ કર્યું હતું. મોરબીમાં વાણિજ્ય સ્નાતકનો અભ્યાસ કરતી દીકરી ઈશાની ઠાકરે કહ્યું કે, MYSY સ્કોલરશીપ મળતાં હવે ભણીગણીને આગળ વધવાનું મારું સ્વપ્ન અવશ્ય સાકાર થશે. સુરતની સૃષ્ટિ ઠાકોરને નમો ઈ-ટેબ મળતાં તે ખૂબ રાજી થઈ ગઈ અને ખુશી ખુશી જણાવતી હતી કે, 'હવે આખી દુનિયાના પુસ્તકો મારી આંગળીના ટેરવે હશે.' ખેડાનો યુવાન રોહન કહેતો હતો કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી મારા ઘરના મોભી બનીને અમારા પરિવારની પડખે ઊભા હોય એમ મને લાગે છે કારણ કે, MBBSના અભ્યાસ માટે રૂ. બે લાખ ૧૨ હજારની રકમ મારું પરિવાર કોઈ સંજોગોમાં ભરી શકે એમ હતું જ નહીં. મને ફીની આ રકમની સહાય MYSY યોજના અન્વયે મળતાં ડોકટર થવાનું મારું શમણું સાકાર થશે.



## સંવેદના દિવસ

પંડિત દીનદયાળે આપેલા એકાત્મ માનવવાદના સિદ્ધાંતને સમગ્ર પ્રશાસનને સંવેદનાસભર બનાવ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં જનહીતલક્ષી પ્રત્યેક નિર્ણયો, નીતિઓ, કાર્યક્રમોના કેન્દ્રમાં જનસંવેદના રહી છે. ઓગસ્ટ તા. ૨, ૨૦૨૧ના દિવસે એક જ દિવસમાં ૮ લાખ ૨૩ હજારથી પણ વધુ નાગરિકોની રજૂઆતોનો ઓન ધ સ્પોટ નિકાલ કરવામાં આવ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો આ દિવસે મળેલી રજૂઆતો પૈકી ૯૯.૬૩ ટકા રજૂઆતોનો સ્થળ ઉપર જ હકારાત્મક નિકાલ આવ્યો હતો. સેવા સેતુના માધ્યમથી વિકલાંગતાનું પ્રમાણપત્ર, વૃદ્ધ સહાય, વિધવા સહાય વગેરે જેવી ૫૭ જેટલી સરકારી સેવાઓ માટે દસ્તાવેજો ઘર આંગણે જઈને આપવામાં આવ્યા. ૪૦૫ જેટલાં કાર્યક્રમોમાં ૮ લાખ ૨૩ હજાર લોકોને સેવાસેતુના માધ્યમથી સરકારી દસ્તાવેજો પ્રાપ્ત થઈ શક્યા. અત્રે એ પણ ઉલ્લેખનીય રહેશે કે બીજી ઓગસ્ટ એટલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મદિવસ. ગુજરાતના ખૂણે ખૂણામાં શ્રી વિજયભાઈ રૂપાણી સંવેદનશીલ અને સૌજન્યશીલ રાજપુરુષ તરીકે જાણીતા છે. એમણે સંવેદના દિવસે રાજ્યની ગંગાસ્વરૂપા બહેનોના પુનઃસ્થાપન માટે 'ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના'ની જાહેરાત કરી. આ યોજના અન્વયે ગંગાસ્વરૂપા બહેનના પુનઃલગ્ન પ્રસંગે રૂ. ૫૦,૦૦૦ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે. આ દિવસે 'મુખ્યમંત્રી બાળ સેવા' યોજના પણ જાહેર કરવામાં આવી. ખેડા જિલ્લાના કપરુપુર ગામના ઈશ્વરભાઈ સોઢાએ જણાવ્યું કે, એમના મોટાભાઈ અને ભાભી કોરોનાનો કોળીયો બની ગયા એટલે તેમના ચાર બાળકોના પોષણની જવાબદારી તેમના માથે આવી ગઈ છે. મુખ્યમંત્રી બાળ સેવા યોજના મારા માટે ખરેખર આશીર્વાદરૂપ બની છે.



## અન્નોત્સવ દિવસ

મુઠ્ઠી ઊંચેરા ગુજરાતી અને ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓગસ્ટ તા. ૩, ૨૦૨૧ના દિવસે રાજ્યના ૭૧ લાખ પરિવારોના સાડા ત્રણ કરોડ લોકોને દિવાળી સુધી વિના મૂલ્યે રાશન આપવાના સેવા યજ્ઞનો ઉગતા સુરજના પ્રદેશ દાહોદથી વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો. દેશના લાખો નાગરિકો પરત્વે સંવેદના દાખવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પ્રસંગે જણાવ્યું કે, 'દેશમાં ગરીબોના સશક્તિકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.' એમણે કહ્યું કે, 'કોરાના મહામારીના સમયમાં ગરીબોની ચિંતામાં તેમની પડખે ઊભા રહીને તેમને રાહત આપીને તેમનામાં આત્મવિશ્વાસનું સિંચનનો આ એક વિનમ્ર પ્રયાસ છે.' છેલ્લા એક વર્ષથી દેશભરમાં ચાલી રહેલી આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશનો કોઈપણ ગરીબ બાંધવ ભૂખ્યો સુવે નહીં એ છે. પડકારો ગમે તેવા હોય પરંતુ સમગ્ર દેશ ગરીબોની સાથે છે એવો અહેસાસ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત સહિત સમગ્રદેશના ગરીબોને કરાવ્યો છે.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે, 'કોરોના જેવી મહામારી સો વર્ષમાં પ્રથમ વખત આવી છે. વિશ્વના ઘણા દેશો એમ વિચારતાં હતાં કે, કોરોનાને કારણે લોકડાઉનના પરિણામે અનેક લોકોને ભૂખ્યા રહેવાનો વારો આવશે. દુનિયાના કેટલાક દેશોમાં કોરોના સંક્રમણને કારણે ભૂખમરાનું ભીષણ સંકટ આવ્યું છે. પરંતુ ભારતે આ સંકટને પહેલેથી જ ઓળખીને તેને ખાળવા માટેનું આગોતરું આયોજન કરીને આ યોજના અમલમાં મૂકી છે. વિશ્વના અનેક દેશો ભારતના આ પગલાંથી પ્રભાવિત થયાં છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૫ જિલ્લાના લાભાર્થીઓ સાથે ઈ સંવાદ સાધી વાર્તાલાપ પણ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ અંત્યોદને ચરિતાર્થ કરવાનો આ સફળ પ્રયાસ ગણાવી જણાવ્યું હતું કે, 'છેવાડાના માનવી અને ગરીબ વ્યક્તિના જીવનમાં એક સંવેદનશીલ સ્પર્શનો આ વિનમ્ર પ્રયાસ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભારત સરકાર પાસે છેવાડાના માનવીના જીવનને વધુ બહેતર બનાવવા માટેનું વિઝન અને દ્રઢ ઇચ્છા શક્તિ છે.'



## નારી ગૌરવ દિવસ

વિકાસની રાહ પર નારી શક્તિને જોડવાનું અને નારી શક્તિના સામર્થ્યનો સદઉપયોગ કરવાનું ગુજરાત સુપેરે જાણે છે. ઓગસ્ટ તા. ૪, ૨૦૨૧ના રોજ ગુજરાતમાં નારી સશક્તિકરણનો દિવસ રહ્યો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, 'જ્યાં નારીનું સન્માન અને ગૌરવગાન હોય ત્યાં દેવતાઓનો વાસ હોય. એટલે કે, એનો સીધો અર્થ એવો થાય કે નારીશક્તિનું સન્માન એટલે સમૃદ્ધિ તરફનો માર્ગ. નારીશક્તિના વિકાસ માટેનું યોગ્ય વાતાવરણ ગુજરાત સરકારે નિર્માણ કર્યું છે. ગુજરાતની નારી હવે અબળા નહીં પણ ઊર્જાવાન તેજસ્વીતાનું પ્રતિક છે.' ૧૦૯ જેટલાં મહિલા સશક્તિકરણના કાર્યક્રમો આ દિવસે રાજ્યભરમાં યોજાયા જેમાં ગંગાસ્વરૂપા બહેનોને આર્થિક સહાય, સખી વન સ્ટોપ સેન્ટરના લોકાર્પણ, સંકલિત બાળ વિકાસ યોજનાઓ,

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના, બેટી બચાવો બેટી પઢાવો વગેરે જેવી સાત યોજનાઓનો ૪ હજાર ઉપરાંત બહેનોને લાભ આપવામાં આવ્યો હતો. રૂ. ૩૦.૭૩ કરોડના ખર્ચે બનનારા ૩૬૩ જેટલાં આંગણવાડી અને અન્ય કચેરીના લોકાર્પણનું અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ખેડા જિલ્લાની તૃપ્તિ સખી મંડળના દીપાલીબહેન પટેલ કહે છે કે અમને વગર વ્યાજે આર્થિક મદદ મળતાં અમને કામ કરવાનો નવો ઉત્સાહ જાગૃત થયો છે જેના પરિણામે અમે વધુ બહેતર કામ કરી શકીશું.



## કિસાન સન્માન દિવસ

૫ ઓગસ્ટ ૨૦૨૧ ગુજરાતના ખેડૂતો માટે એક સોનેરી કિરણ સાથે ઊગ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સરહદી જિલ્લા કચ્છની ધરતી ઉપરથી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત વધુ ૧૪૦૦ ગામોના ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી પહોંચાડતાં જણાવ્યું કે, ગુજરાતના કિસાનોના બાવડામાં અદભુત તાકાત રહેલી છે. તેને પાણી, બિયારણ અને વીજળી મળે તો તેમના પરિશ્રમ પ્રસવેદથી ધરતીમાંથી સોનું પાકી શકે એવી એમની ક્ષમતા છે. અગાઉ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પાણી માટે હિજરત કરવી પડતી હતી ત્યારે ખેતીમાં સિંચાઈથી નર્મદાના પાણી મળે એવી કોઈને કલ્પના સુદ્ધા નહોતી. કચ્છના સુકા વિસ્તારોમાં પાણી પહોંચાડીને કચ્છ અને સૌરાષ્ટ્રને આ સરકારે પાણીદાર બનાવ્યું છે. ખેડૂતોના પાકને નુકસાન ન થાય તે માટે કાંટાળી વાડની યોજના આવતા ખેડૂતોની ચિંતા દૂર થઈ છે. રાજ્યમાં ૧૯ હજાર કરોડથી વધુ ખાતર માટે અને ૬૨૫ કરોડથી વધુ યાંત્રિકરણ અને ટ્રેક્ટર માટે આર્થિક સહાય ખેડૂતોને આપવામાં આવી છે. મહિસાગર જિલ્લાના ઘુંથલી ગામના ખેડૂત ભેમાભાઈ પરમાર કહે છે કે, કિસાન પરિવહન યોજના અમારા માટે ખૂબ ઉપયોગી છે. પહેલા તો ખેતપેદાશ બજારમાં લઈ જવા પારાવાર તકલીફનો સામનો કરવોપડતો હતો હવે તો વિજયભાઈએ અમને ઘરે જ વાહન આપી દીધું એટલે હું સમયસર ખેતપેદાશ બજારમાં પહોંચાડી શકીશ.



## રોજગાર દિવસ

ગુજરાતનો યુવાન જોબ સીકર નહીં પણ જોબ ગીવર બને એવી પરિકલ્પના સાથે મુખયમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના યુવાનોના સામર્થ્યને સુપેરે યોગ્ય દીશા આપી છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૭ લાખ યુવાનોને રોજગારીના અવસરો પ્રાપ્ત થયા છે. બે લાખ જેટલાં યુવાનોને સરકારી નોકરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં નોકરીદાતા અને નોકરી મેળવવા ઈચ્છતા યુવાનોને એક છત નીચે લાવવાનો અભિનવ વિચાર રોજગાર મેળાના માધ્યમથી અમલમાં મૂક્યો છે. સૂરતમાં રોજગાર દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રેરક ઉદબોધન આપ્યું હતું. આ દિવસે ૬૨ હજાર જેટલાં યુવાનોને નિમણૂક પત્રો આપીને ગુજરાતમાં એક નવી કેડી કંડારવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે ઉપયોગી એવા ‘અનુબંધમ’ પોર્ટલ અને મોબાઈલ એપ્લીકેશનો ડિજિટલી શુભારંભ કરાવ્યો હતો. રાજ્યના તમામ જિલ્લાઓમાં ૫૨ જેટલાં રોજગાર મેળાઓના કાર્યક્રમોનો મુખ્યમંત્રીશ્રીએ સુરતથી શુભારંભ કરાવ્યો હતો. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ૨૦૨૦માં પ્રસિદ્ધ થયેલાં એમ્પલોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીક્સ ૨૦૧૮ મુજબ રોજગાર કચેરીઓ દ્વારા ૨૦૧૭ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. પ્રત્યેક ગુજરાતી બાંધવને ગૌરવ થાય કે, ગુજરાતનો બેરોજગારીનો દર સમગ્ર રાષ્ટ્રમાં સૌથી નીચો છે.



## વિકાસ દિવસ

વર્ષ ૨૦૧૬ની ઓગસ્ટ તા. ૭નો એ યશસ્વી દિવસ યાદ આવે છે કે, જ્યારે ગુજરાતની જનતાની સેવા કરવા માટે શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં હતાં અને તેમની સાથે નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિનભાઈ પટેલે શપથ લીધાં હતાં. ગુજરાતના વિકાસ માટે આ બે કર્મઠ નેતાઓએ સાશનધુરા સંભાળ્યાના બરાબર પાંચ વર્ષ પૂરા થયાં ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર સાચા અર્થમાં ચરિતાર્થ કરીને પાંચ વર્ષ સૌના સાથથી સોના વિકાસના બની રહ્યાં. વિકાસ દિવસના અવસરે ગુજરાતના બીજા એક પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાજ્યની પ્રજાના જનસુખાકારી માટેના રૂ. ૫,૪૩૫ કરોડથી વધુ રકમના ૭૭,૪૫૦ જનહીતલક્ષી કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ માટે ૧૬૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રિય માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતન ગડકરીની પણ વર્ચ્યુઅલી ઉપસ્થિતિ રહ્યા હતા. રાજ્યના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત કરતાં અમિતભાઈ શાહે કહ્યું કે, દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળ સમયે

આરંભેલી વિકાસયાત્રા અને જનકલ્યાણની પરંપરાને આગળ વધારવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અભિનંદનના અધિકારી છે. તેમણે સહર્ષ એવી પણ નોંધ લીધી કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી પછી શ્રી વિજયભાઈ અને શ્રી નીતિનભાઈની ટીમના પ્રયત્નોના પરિણામે ગુજરાત આજે તમામ ક્ષેત્રે અગ્રેસર બની રહ્યું છે.

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ આ પ્રસંગે ગુજરાતની 'વતનપ્રેમ' યોજના લોન્ચ કરી હતી. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, ગુજરાત સરકારે જગતભરમાં વસતાં ગુજરાતીઓને ગુજરાતના વિકાસમાં જોડવાનો સરસ અવસર આપ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં જનભાગીદારીની કાર્યસંસ્કૃતિને વિકસાવી હતી તે આ યોજના દ્વારા વિજયભાઈ અને નીતિનભાઈ આગળ ધપાવી રહ્યા છે. વિદેશમાં વસતા પ્રત્યેક ગુજરાતીને પોતાના ગામ પ્રત્યે ઋણ અદા કરવાનો શ્રેષ્ઠ અવસર પ્રાપ્ત થશે. આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશવેળાએ દેશવિદેશમાં વસતા તમામ ગુજરાતીઓને વતનપ્રેમ યોજનામાં જોડવા તેમણે અપીલ કરી હતી. કેન્દ્રિય મંત્રી શ્રી નીતિન ગડકરીએ રાષ્ટ્રીય રાજમાર્ગ નિર્માણ અંતર્ગત ડિસામાં એલિવેટર કોરીડોર બનાવવામાં આવ્યો છે તે બાબતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, પૂર્વ અને પશ્ચિમને જોડતો આ ઈકોનોમિક કોરીડોર છે. કંડલા અને મુદ્રા જેવા બંદરોને ઉત્તર અને મધ્ય ભારતથી આ કોરીડોર જોડશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, વિકાસના રોડમોડેલ બની ગયેલા ગુજરાતની સ્પર્ધા હવે વિશ્વ સાથે છે. વિકાસની રાજનીતિની જે પ્રણાલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ પ્રસ્થાપિત કરી છે તેના પદચિહ્નો પર ચાલીને પાંચ વર્ષ સૌના સાથ સૌના વિકાસના મંત્રથી જનહિતના કામોને દશે દિશામાં વેગવંતા બનાવ્યા છે. જે યોજનાનું ખાતમુહૂર્ત કરીએ છીએ તેનું લોકાર્પણ પણ અમારા સમયમાં જ થાય છે. એટલે ચોક્કસ સમય અવધિ પ્રત્યેક કાર્યમાં પરિપૂર્ણ થાય તે પ્રકારની અમારી કાર્યનિષ્ઠા રહી છે.



## શહેરી જનસુખાકારી દિવસ

શહેરી જનસુખાકારી દિવસે ૪૧ કાર્યક્રમો યોજીને રૂ. ૫,૦૦૧ કરોડ ઉપરાંતની રકમના ૪૭૧ જનહિતલક્ષી કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં ૮ મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તા મંડળ, નગરપાલિકાઓના વિવિધ વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે. રાજ્યના શહેરો આધુનિક, પ્રદૂષણરહીત, સલામત અને સુવિધાસભર બન્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ૪૦૧ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરીને કહ્યું કે, જેટલી તાકાત હોય એટલા વિકાસ કામો કરો નાણાંની જરૂરિયાત સરકાર પરિપૂર્ણ કરશે. ગરીબો, પીડિતો, વંચિતો, શોષિતો તમામ વર્ગોને આ સરકાર આપણી સરકાર છે એવી અનુભૂતિ થાય તે પ્રકારની સંવેદના સાથે ફટાફટ અને સટાસટ નિર્ણયો કરીને જનભાગીદારીથી સુશાસનની પ્રણાલીને કારણે ગુજરાત દેશનું મોડેલ સ્ટેટ બની શક્યું છે. જનસુખાકારી દિવસ એટલા માટે સ્પેશ્યલ બની રહ્યો કે, આ દિવસે ઈન્ડસ્ટ્રીયલ પૉલિસી અન્વયે મંજૂર કરાયેલા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક જે સત્તા મંડળમાં સમાવિષ્ટ હોય એવા પાર્કને ૪૦ ટકાને બદલે ૨૫ ટકા કપાત કરવા માટેની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી.



## વિશ્વ આદિવાસી દિવસ

ગુજરાત સરકારે સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ કાર્યો કર્યા છે. તેમાં પણ મહિલાઓ, બાળકો, વંચિતો, પીડિતો, શોષિતો, ખેડૂતો, આદિવાસીઓના ઉત્કર્ષને પ્રાથમિકતા આપી છે. ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના આદિવાસી સમાજ માટે પારસમણી સાબિત થઈ છે. આદિવાસીઓના વિકાસ માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી પગદંડી પર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાત આગળ વધી રહી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના સફળ પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે શરૂ કરવામાં આવેલા જનસેવા યજ્ઞ અનુષ્ઠાનના નવમો દિવસ અંબાજીથી ઉમરગાવ સુધીના પૂર્વપટ્ટીના આદિવાસીઓના સર્વાંગીણ વિકાસને સમર્પિત કરવામાં આવ્યો. મુખ્યમંત્રીશ્રીએ નર્મદા જિલ્લાના રાજપીપળાથી વિશ્વ આદિવાસી દિવસના અવસરે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાના રૂ. ૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોનો પ્રારંભ, લોકાર્પણ અને ખાત મુહૂર્ત કરાવ્યા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના સર્વાંગી વિકાસની પ્રતિબદ્ધતા એમના શબ્દોમાં ઝીલાઈ. છેલ્લા પાંચ વર્ષમાં સરકારે સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવા માટે સર્વગ્રાહી પ્રયાસો આદર્યા છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો પાયો મજબૂત કરી દેશમાં વિકાસની રાજનીતિની શરૂઆત કરાવી છે.

ગુજરાત સરકારે આદિવાસી બાંધવોને ખોટા વાયદા વચનો નહીં, પરંતુ વનબંધુ કલ્યાણ જેવી મહત્વાકાંક્ષી યોજનાના નક્કર

અમલીકરણ દ્વારા આદિવાસીઓને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડી આદિવાસી વિસ્તારોનો સમતુલિત અને સમુચિત વિકાસ કર્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રૂ. ૬૦ હજાર કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨માં આગામી પાંચ વર્ષમાં રાજ્યના આદિવાસી વિસ્તારોમાં રૂ. એક લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અંદાજે રૂ. ૩૪૧ કરોડના ખર્ચે ૩૯ એકર વિસ્તારમાં નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત કરવા સાથે રૂ. ૪૮૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ૧૯૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂ. ૧૨૨૨ કરોડના ૯૦ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ હળપતિ તથા વ્યક્તિગત આવાસ યોજના, ધિરાણ યોજના, માનવ ગરિમા યોજના, વન ધન વિકાસ યોજના, કૃષિ કીટ વિતરણ યોજના, વન અધિકાર અધિનિયમ તથા સિકલસેલ અને ટી.બી.ના દર્દીઓને તબીબી સહાય યોજના મળીને કુલ ૨૩,૦૦૦થી પણ વધુ લાભાર્થીઓને રૂ. ૮૫ કરોડ તથા આદિજાતિના અંદાજિત પાંચ લાખ વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ. ૮૦ કરોડના લાભોનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે 'પાંચ વર્ષ આપણી સરકારના, સોના સાથ સૌના વિકાસના'ની અનુભૂતિ સાથે જનસેવાના કાર્યોનો મહાયજ્ઞ યોજાયો. ગુજરાત સરકારે પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નહિ પરંતુ પાંચ વર્ષના આ સુશાસનમાં લોકહિતના થયેલા અનેકવિધ વિકાસકામો લોકાર્પણો, લાભ સહાય વિતરણ અને બહુવિધ જનહિત કામોને જનજન સુધી ઉજાગર કરી, સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે વિવિધ જનહિતલક્ષી ફ્લેગશીપ યોજનાઓનો વ્યાપ વધારવા માટે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજ્યની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવી છે તેની રાજ્યના પ્રત્યેક નાગરિકને સુશાસનની પ્રતીતિ થઈ છે.

આધુનિક ગુજરાત, દિવ્ય અને ભવ્ય ગુજરાત, શિક્ષિત અને દિક્ષીત ગુજરાત જોવાની પ્રત્યેક ગુજરાતીની હૃદયપૂર્વકની ઈચ્છા હોય એ સ્વાભાવિક છે. ગુજરાતની વિકાસયાત્રાને જોઈને આજે પ્રત્યેક ગુજરાતીને સંતોષ થઈ રહ્યો છે કે, તેમણે જોયેલાં ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના શમણાં બિલકુલ સાચી રીતે સાકાર થઈ રહ્યા છે. મેટ્રો ટ્રેન અને બુલેટ ટ્રેને ગુજરાતની નવતર પહેચાન ઊભી કરી છે. BRTS, રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ આધુનિક ગુજરાતની છબી ઊજાગર કરે છે. ભાવનગરનું વિશ્વનું પ્રથમ CNG ટર્મિનલ, કચ્છનું રીન્યુએબલ એનર્જી પાર્ક, વિશ્વ સમસ્તનું ધ્યાન ખેંચી રહ્યું છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમાં સ્કાયલાઈન બિલ્ડિંગની મંજૂરી મળતાં હવે ગુજરાતના શહેરો દુબઈ અને સિંગાપોર જેવા શાનદાર બનવાના છે. ગીફ્ટ સિટી, મેડીસિટી, ધોલેરા સ્માર્ટ સિટી, ડાયનોસોર ફોસિલ પાર્ક, શીવરાપુર બ્લુ બીચ, નડાબેટ સીમા દર્શન, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ભવ્ય ગુજરાતના મોડેલ બનીને ઊભરી આવ્યા છે. ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેર અને હવે ધોળાવીરા વર્લ્ડ હેરિટેજના નકશામાં આવતાં



દેશ વિદેશના સહેલાણીઓનું ગુજરાત 'ફર્સ્ટ ચોઈસ ઓફ ડેસ્ટીનેશન' બન્યું છે.

છેલ્લા પાંચ વર્ષના ગાળામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણાયક નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે ૧૭૦૦ થી વધુ જનહિતલક્ષી નિર્ણયો લઈને તેનું નક્કર અમલીકરણ કરી બતાવ્યું છે. ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વંચિતો, વનબંધુઓ સમાજના તમામ લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવાના સમુચિત પ્રયાસો ટીમ ગુજરાતના પરિણામલક્ષી નિર્ણયોને કારણે શક્ય બન્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં સંકલ્પથી સિદ્ધિની જનજનને પ્રતીતિ થઈ છે. આજે પ્રત્યેક ગુજરાતી હૃદયના ઊંડાણથી સ્વીકારી રહ્યો છે કે, પાંચ વર્ષ આપણી સરકારના છે... આ પાંચ વર્ષ સૌના સાથથી સૌના વિકાસના બની રહ્યાં છે... ●

**5 વર્ષ**

**આપણી સરકારના**
**સૌના સાથથી**
**સૌના વિકાસના...**



# જ્ઞાનશક્તિ દિવસ

## ગુણવત્તાયુક્ત શિક્ષણમાં ગુજરાતની અગ્રેસરતા



# વિશ્વમાં ક્યાંય પાછો ન પડે ગુજરાતનો યુવાન







## રાજ્યભરમાં જ્ઞાનશક્તિ દિવસે યોજાયેલા કાર્યક્રમો

- પ્રાથમિક, માધ્યમિક શિક્ષણના ૧૦૦ અને ઉચ્ચ શિક્ષણના ૫૧ મળી કુલ ૧૫૧ કાર્યક્રમો મંત્રીશ્રીઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયા.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ રૂ. ૧૩૫ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૩૬૫૯ શાળાઓના ૧૨ હજાર જેટલા સ્માર્ટ ક્લાસના લોકાર્પણ કરવામાં આવ્યા.
- રૂ. ૯૫ કરોડના ખર્ચે નિર્મિત ૧૦૫૦ શાળા ઓરડા, રૂ. ૧૦ કરોડના ખર્ચે નિર્મિત ૭૧ પંચાયત ઘર તથા રૂ. ૪.૮૦ કરોડના ખર્ચે નિર્મિત ધોળકા અને નવસારી તાલુકા પંચાયત કચેરીનું લોકાર્પણ થયું.
- રૂ. ૫૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૬૪૭ શાળાના ઓરડાઓ અને રૂ. ૨૧ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૧૪૪ પંચાયત ઘરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ૨૦૦૮ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સહાય વિતરણ કરાઇ.
- નમો ઈ-ટેબ્લેટનું લાભાર્થી વિદ્યાર્થીઓને વિતરણ કરાયું.
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી હેઠળ રાજ્યની ૧૬ કોલેજો અને યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કુલ ૧૮૬૭૦ વિદ્યાર્થીઓને મળ્યો લાભ.

## પાંચ વર્ષ...
## સૌના સાથથી સૌના વિકાસનાં
## સેવાકાર્યોનાં મહાયજ્ઞનો જન - જનને મળ્યો પ્રગતિરૂપી પ્રસાદ

*ગુજરાત એટલે સુખ, સમૃદ્ધિ અને શાંતિનું પર્યાય. ગુજરાતની આવી ઉજ્જવલ છાપ પાછળ પારદર્શી નીતિ, કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ વ્યવસ્થા તેમજ સૌનો સાથ, સૌનો વિકાસના મંત્ર સાથે ચાલતી રાજ્ય સરકારની કાર્યદક્ષતા રહેલી છે. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી વિકાસની વણથંભી યાત્રાને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની ટીમ ગુજરાત સૌને સાથે લઈને આગળ વધી રહી છે. શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે "પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથ સૌના વિકાસના" હેઠળ જનકલ્યાણ અને લોકહિતના અનેકવિધ કાર્યક્રમો સમગ્ર રાજ્યમાં યોજાયા. પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નહિ પરંતુ પાંચ વર્ષના આ સુશાસનમાં લોકહિતના થયેલા અનેકવિધ વિકાસકામો લોકાર્પણો, લાભ સહાય વિતરણ અને બહુવિધ જનહિત કામોને મેયરથી માંડીને મુખ્યમંત્રીશ્રી સુધીના પદાધિકારીશ્રીઓએ લોકો વચ્ચે જઈને છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતે કરેલી જનસેવાના કાર્યોને જનજન સુધી પહોંચાડ્યા.*

*સુશાસનના પાંચ વર્ષ નિમિત્તે થીમ આધારિત વિવિધ જનહિતલક્ષી ફ્લેગશીપ યોજનાઓનો વ્યાપ વધારવા માટે રાજયભરમાં વિવિધ કાર્યક્રમો થકી રાજયની અવિરત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવામાં આવી. પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે ''પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથથી સૌના વિકાસના'' મંત્ર સાથેના જનસેવા કાર્યોના નવ દિવસીય સેવાયજ્ઞમાં ૧ ઓગસ્ટ જ્ઞાનશક્તિ દિવસ, ૨ ઓગસ્ટ સંવેદના દિવસ, ૩ ઓગસ્ટ અન્નોત્સવ દિવસ, ૪ ઓગસ્ટ નારી ગૌરવ દિવસ, ૫ ઓગસ્ટ કિસાન સન્માન દિવસ, ૬ ઓગસ્ટ રોજગાર દિવસ, ૭ ઓગસ્ટ વિકાસ દિવસ, ૮ ઓગસ્ટ શહેરી જનસુખાકારી દિવસ અને ૯ ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો. ૩જી ઓગષ્ટના રોજ "સર્વને અન્ન, સર્વને પોષણ" અંતર્ગત 'અન્નોત્સવ દિવસ' અન્વયે યોજાનારા કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ૭ ઓગસ્ટ વિકાસ દિવસના રોજ કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા. સમગ્ર રાજ્યમાં નવ દિવસ સુધી યોજાયેલા જનસેવાના મહાયજ્ઞની ઝાંખી અત્રે પ્રસ્તુત છે...*

# ગુજરાત "એજ્યુકેશનલ હબ" તરીકે જ્ઞાનની સદીનું નેતૃત્વ કરવા સજ્જ

કોઈપણ રાજ્ય રાષ્ટ્ર કે સમાજની પ્રગતિ, આર્થિક, સામાજિક વિકાસ માટે શિક્ષણ જ આધારશિલા છે. રાજ્ય સરકારે એટલા માટે જ શિક્ષણને પ્રાથમિકતા આપીને રૂ. ૩૧ હજાર કરોડ જેવું માતબર બજેટ ફાળવ્યું છે. વર્તમાન રાજ્ય સરકારે પાંચ વર્ષમાં શિક્ષણ સુવિધા વૃદ્ધિનાં અનેક સફળ કાર્યો પાર પાડ્યાં છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો જે પાયો નાખ્યો તેને આ સરકારે આગળ ધપાવીને સર્વગ્રાહી વિકાસની નેમ સાથે ઉત્તમ ગુજરાતને સર્વોત્તમ બનાવવાની દિશા લીધી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારને પાંચ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે તાજેતરમાં આયોજિત જન સેવાયજ્ઞ કાર્યક્રમ અન્વયે 'જ્ઞાનશક્તિ દિવસ'માં શિક્ષણ સુવિધાઓનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત તેમજ સહાય વિતરણનો મહાત્મા મંદિર, ગાંધીનગરથી પ્રારંભ કરાવતાં જણાવ્યું હતું કે, પાંચ વર્ષ આપણી સરકારનાં સૌના સાથ, સૌના વિકાસનાં અન્વયે રાજ્યમાં તા. ૧ થી ૯ ઓગસ્ટ દરમ્યાન ૧૮ હજાર જેટલાં સ્થળોએ સેવાકીય કામો, યોજનાના લાભો લાખો લોકોને સામે ચાલીને સરકાર આપવાની છે.

ગુજરાતને વિકાસની નવી વૈશ્વિક ઊંચાઇએ લઈ જવા વિશ્વકક્ષાનું શિક્ષણ આપવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે. છેલ્લાં પાંચ વર્ષમાં શિક્ષણમાં નવી ટેકનીક, મોડર્નાઇઝેશન પર ભાર મૂકીને ક્વૉલિટી એજ્યુકેશન તથા શાળા સ્તરેથી જ વર્લ્ડકલાસ એજ્યુકેશન સુવિધા આપી છે. રાજ્યમાં ૧૬ હજાર જેટલા વર્ગખંડો સ્માર્ટ કલાસ બન્યા છે અને બ્લેક બોર્ડ નહીં પ્રોજેકશનથી શિક્ષણ અપાય છે. ૩૦,૫૦૦થી વધુ શાળાઓમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી પણ આપી છે.





આ કાર્યક્રમમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી ઉપરાંત, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ સહિત શિક્ષણ જગતના અગ્રણીઓ, લાભાર્થી યુવા છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે આવેલાં પરિવર્તન અને વિકાસનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષમાં ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડીને સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે તે જ શિક્ષણમાં ગુણવત્તા સુધારણાના સેવાયજ્ઞની ફલશ્રુતિ છે. આ સાથે, ગુજરાતમાં સેક્ટરલ યુનિવર્સિટીઓની પહેલ કરી છે. ૧૧ યુનિવર્સિટીઓમાંથી ૭૭ જેવી વિશ્વ સમકક્ષ જ્ઞાન આપતી યુનિવર્સિટીઓ બનાવી છે. આ સદી નોલેજ ઈકોનોમીની સદી છે અને ગુજરાત નોલેજ ઈકોનોમીને ડોમિનેટ કરવાનું છે એ વાત નિશ્ચિત છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, હવે આપણે સ્કૂલ ઓફ એક્સલન્સ તરફ આગળ વધીને બાળકો-યુવાઓનું બૌદ્ધિકસ્તર વધારવું છે. સાથોસાથ આપણી પ્રાચીન વિદ્યાપીઠ તક્ષશિલા, વલ્લભી, નાલંદાની ગરિમા સ્થાપિત થાય તેવું શિક્ષણ વિદેશના છાત્રો પણ અહીં ગુજરાતમાં લેવા આવે તેવી સ્થિતિ સર્જવી છે.

ગુજરાતને એજ્યુકેશનલ હબ બનાવવાની દિશામાં સરકારે અનેક નવતર આયામો, વિદ્યાર્થીઓની અભ્યાસ ગુણવત્તા, હાજરી મોનિટરિંગ માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અને પ્રતિભાવંત છાત્રોને પીએચ.ડી. માટે ‘શોધ’ અન્વયે આર્થિક સહાયની છણાવટ મુખ્યમંત્રીશ્રીએ કરી રાજ્યના વિદ્યાર્થીઓને આંગળીના ટેરવે વિશ્વજ્ઞાન પૂરું પાડવા ૩ લાખ જેટલાં 'નમો' ટેબ્લેટ આપવામાં આવ્યાં છે તેની પણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ નવી શિક્ષણ નીતિની જે પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે તે આધુનિક અને સમયાનુકૂલ શિક્ષણની નવીન તકો ખોલશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનો યુવાન વિશ્વ સાથે સમકક્ષ બને તેવી નેમ સાથે નવી શિક્ષણ નીતિ બનાવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જ્ઞાનની આ સદીમાં ગુજરાતના યુવાઓ, બાળકો, વિદ્યાર્થીઓ જ્ઞાનશક્તિના આધારે દેશમાં ગુજરાતને શિક્ષણક્ષેત્રે અગ્રેસર રાખે તેવા અનેક કાર્યક્રમો, યોજનાઓ સાથે સરકાર આવનારાં વર્ષોમાં આગળ વધશે તેમ પણ આ અવસરે જણાવ્યું હતું.

રાજ્ય સરકારનાં પાંચ વર્ષની ઉજવણીના ભાગરૂપે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્ય સરકારનો ભાગ હોવાનું ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલાં મુખ્યમંત્રી પદ સંભાળતી વખતે શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની જનતાને નિર્ણાયક, સંવેદનશીલ, પારદર્શક અને પ્રગતિશીલ બનવાનાં ચાર વચન આપ્યાં હતાં. તેમના નેતૃત્વ

હેઠળ રાજ્ય સરકારે આ ચારેય વચન નિભાવ્યાં છે. એટલું જ નહીં, આ કાર્યક્રમ એ પાંચ વર્ષની ઉજવણી નથી, પરંતુ સરકારે જે કહ્યું હતું તેના કરતાં પણ વધારે કામગીરી કરી હોવાની વાત લોકો સમક્ષ લઈ જવાનો કાર્યક્રમ છે.

શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, અઢી દાયકા અગાઉ 'નો ડિટેન્ટશન પૉલિસી' લાવીને બાળકના પાયાના શિક્ષણને કાચું રખાયું હતું. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે નવી એજ્યુકેશન પૉલિસીમાં સુધારા કરીને વિદ્યાર્થીનું ફાઉન્ડેશન કાચું ન રહે તેના ઉપાય કરવામાં આવ્યા છે. આ માટે એકમ કસોટી, સત્રાંત પરીક્ષા અને બ્રિજ કોર્સના માધ્યમથી બાળકોનો પાયો પાકો કરાયો છે. એટલે જ, આજનો કાર્યક્રમ ખરા અર્થમાં જ્ઞાનશક્તિનું પર્વ છે.

છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકારના કેન્દ્ર સાથેના સંબંધોના કારણે ગુજરાતને એઈમ્સ અને રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટ મળ્યું છે. ધોલેરા સર, એક્સપ્રેસ-વે ઉપરાંત નાગરિકોનાં સુખ, શાંતિ અને સલામતી માટે ગુંડા એક્ટ, ગૌહત્યાનો કાયદો, ગોપાલન કરનારને સહાય આપવા સહિતના મહત્ત્વના નિર્ણયો લેવાયા છે.

ઓનલાઈન એનએ, ફેસલેસ એપોઈન્ટમેન્ટ સિસ્ટિમ, કોઈપણ ભરતી, બદલી કે બઢતીમાં ઓનલાઈન કામગીરી એ પારદર્શકતાનો પુરાવો છે. એટલું જ નહીં, કોરોનામાં સમયોચિત નિર્ણય લઈને સમીક્ષા, અવલોકન, આયોજન માત્ર ગુજરાતમાં થયું છે. આજે રાજ્યના કોઈ પણ સરકારી કર્મચારીનું મૃત્યુ કોરોનાના કારણે થાય, તો તેના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૫ લાખની સહાય, બાળકનાં માતાપિતા ન હોય તેને માસિક રૂ. ૪ હજારની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. રાજ્ય સરકારની આ સંવેદનશીલતામાંથી પ્રેરણા લઈને મુંબઈની સંસ્થા દ્વારા આવાં નિરાધાર બાળકોની ખાનગી શાળાની રૂ. ૫૦ હજાર સુધીની ફી ચૂકવવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

રાજ્યને કોરોનામુક્ત કરવા માટે ‘મારું ગામ, કોરોના મુક્ત ગામ’ની શરૂઆત કરવામાં આવી અને આજે પણ જો કોરોનાનો ત્રીજું વેવ આવે, તો તેના માટે આગોતરા આયોજનરૂપે રાજ્ય સરકાર દ્વારા બે મહિના પહેલાંથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. તાઉતે વાવાઝોડામાં પણ રાજ્ય સરકારના નક્કર આયોજન થકી અનેક લોકોના જીવ બચાવી શકાયા અને જાનહાનિનો આંકડો ઘણો નીચો લાવી શકાયો.

નવસારીના સાંસદ શ્રી સી. આર. પાટીલે રાજ્ય સરકારના સુશાસનનાં પાંચ વર્ષની કામગીરીને બિરદાવી અભિનંદન આપતાં કહ્યું કે, દેશભરમાં ગુજરાત એક માત્ર રાજ્ય છે કે જે પાંચ વર્ષની કામગીરીનો હિસાબ પ્રજાને આપવા માટે સતત નવ દિવસ સુધી શ્રૃંખલાબંધ જનહિતકારી કાર્યક્રમો યોજે છે. આ કાર્યક્રમોનું ગીનીસ વર્લ્ડબુકમાં સ્થાન મળવું જોઈએ એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.






***રાજ્ય સરકારે શિક્ષણમાં પરિવર્તન આવે તે માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. ટેબ્લેટ મળવાથી ખુશી વ્યક્ત કરતાં સૃષ્ટિ ઠાકોર જણાવે છે કે, હવે હું ઓનલાઇન સરળતાથી નવી ટેકનોલોજી, બુકની મદદથી વિશ્વનું જ્ઞાન આંગળીના ટેરવે મેળવી શકીશ. આ અવસરે સૃષ્ટિએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં પાંચ વર્ષ પૂર્ણ થવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.***



***જૂનાગઢ બીએસસી નર્સિંગનો અભ્યાસ કરતાં જેનીશ પાઘડારને રાજ્ય સરકાર દ્વારા નમો ઇ-ટેબ્લેટ આપવામાં આવ્યું છે. જેનીશ આ અંગે આનંદ સાથે જણાવે છે કે, ફક્ત એક હજારના ટોકન દરે મળનાર ઇ-ટેબ્લેટ અભ્યાસમાં ઉપયોગી બનશે.***



***મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના લાભાર્થી હસ્તી ડોબરિયા જૂનાગઢ મેડિકલ કોલેજમાં એમબીબીએસમાં અભ્યાસ કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની આ યોજનાથી આર્થિક સહાય મળતા અભ્યાસનું મારું સપનું પૂર્ણ થશે.***

"પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાનાં"ની થીમના આધારે "જ્ઞાનશક્તિ દિવસ" અંતર્ગત ગાંધીનગર ખાતેથી રાજ્યભરમાં કુલ ૧૫૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ. ૧૩૫ કરોડના ખર્ચે ૩૬૫૯ શાળાઓના તૈયાર થયેલા ૧૨ હજાર જેટલા સ્માર્ટ ક્લાસનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત, રૂ. ૯૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૧૦૫૦ શાળાના ઓરડાઓ, રૂ. ૧૦.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૭૧ પંચાયત ઘર, રૂ. ૪.૮૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ધોળકા અને નવસારી તાલુકા પંચાયતનાં મકાનનાં લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં. જયારે રૂ. ૩૫ કરોડના ખર્ચે નિર્મિત ૨૫૬ માધ્યમિક શાળાઓમાં કમ્પ્યૂટર લેબનો શુભારંભ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.


'શોધ' યોજના અંતર્ગત ૧૦૦૦ પીએચ.ડી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ૨૦૦૮ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય વિતરણ તેમજ નમો ઇ-ટેબલેટ વિતરણ કરવામાં આવ્યાં હતાં. તેમજ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પૉલિસી હેઠળ રાજયની ૧૬ કોલેજો અને યુનિવર્સિટીઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા. એટલું જ નહિ, રૂ. ૫૮ કરોડના ખર્ચે રાજયમાં વિવિધ ૬૪૭ શાળાના ઓરડાઓ, રૂ. ૨૦૭૬ કરોડના ખર્ચે ૧૪૪ પંચાયત ઘર નિર્માણ માટે પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં હતાં. ●



## જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી
## સરકારનું લક્ષ્ય ક્વૉલિટી એજ્યુકેશન

અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીમાં જ્ઞાનશક્તિ દિવસે મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે શિક્ષણ અને કેળવણી કરતાં પણ જ્ઞાનની શક્તિ અમાપ હોવાનું કહ્યું હતું. જ્ઞાનની શક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં મહત્ત્વની છે. આ પ્રસંગે પાનસરની શારદા કૉલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓને તેમના ડિજિટલ એજ્યુકેશનમાં ઉપયોગી થતા નમો ઈ-ટેબ્લેટની સહાય આપવામાં આવી હતી. સંશોધનને પ્રોત્સાહન આપવા અને ગુણવત્તાયુક્ત સંશોધન કરતા વિદ્યાર્થીઓને રૂપિયા 15 હજારની સહાય આપવામાં આવી હતી. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ કાર્ય કરી રહેલા વિદ્યાર્થીઓને મદદરૂપ બનવા નાણાકીય સહાય અર્પણ કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ ઐતિહાસિક પુસ્તકોના સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. લોકમાન્ય તિલકની પુણ્યતિથિ હોવાથી તેઓએ ગ્રંથાલયમાં બાળ ગંગાધર તિલકને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે ગુજરાત યુનિવર્સિટીમાં પોતાના વિદ્યાર્થીકાળનાં સંભારણાં અને સંસ્મરણોને વાગોળ્યાં હતાં. ●



**મોરબીની એલ.ઇ. કોલેજના વિદ્યાર્થી રાહુલ ચૌહાણે અભિપ્રાય આપતાં જણાવ્યું હતું કે, હું એલ.ઇ. કોલેજનો મિકેનિકલ એન્જિનિયરિંગનો છાત્ર છું. ટેકનોલોજિકલ યુગમાં ઘણી બધી બુક આવે છે તે બુક ઓનલાઇન હોવાને કારણે વધારે સારી માહિતી મળી રહે છે. આ બધી બુક વધારે ઉપયોગી થઈ શકે તે માટે મને ટેબ્લેટ યોજના વધારે ગમી છે. આપણે ઘણી વાર જોઈએ છીએ કે આપણા બધા પાસે ફોન છે પણ તેની સ્ક્રીન ઘણી નાની હોય છે. પણ ટેબ્લેટની મોટી સ્ક્રીન ઘણી ઉપયોગી નીવડે છે. ઘણા બધા વિદ્યાર્થીઓને આ સુવિધા મળવાથી ઘણો લાભ થઈ શકે તેમ છે.**

# સુશાસનનાં પાંચ વર્ષના જનસેવા યજ્ઞની જ્યોતિ વડોદરામાં પ્રગટી




વૈશ્વિક હરીફાઈમાં ગુજરાતનો વિદ્યાર્થી એક કદમ આગળ રહે તેમજ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઘરઆંગણે મળી રહે તે માટે કે.જી.થી પી.જી. સુધીનું સુદ્રઢ માળખું ઊભું કરવામાં આવ્યું છે. રાજ્યમાં પ્રતિવર્ષ યોજાતા કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા નૂતન કાર્યક્રમોના માધ્યમથી કન્યા કેળવણીને પ્રોત્સાહન ઉપરાંત ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવામાં ગુજરાતે અસાધારણ સફળતા હાંસલ કરી છે.

શિક્ષણથી કોઈ વંચિત ના રહી જાય અને કન્યા કેળવણીને ઉત્તેજન મળે તેવા રાજ્ય સરકારના સંનિષ્ઠ પ્રયાસો અને લોકસહયોગથી સમગ્ર પ્રાથમિક શિક્ષણની કાયાપલટ થઈ છે. શિક્ષણમાં કેટલાક ફેરફારો અને તેનાં રચનાત્મક પરિણામોના કારણે ગુજરાત આજે રાષ્ટ્રકક્ષાએ ઉદાહરણરૂપ બન્યું છે. નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ વડોદરામાં સુશાસનનાં પાંચ વર્ષ નિમિતે યોજાયેલ જ્ઞાનશક્તિ દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા. વડોદરા શહેર જિલ્લામાં સાત સ્થળોએ જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

તેમણે ઉમેર્યું કે, આજે અમેરિકાની નાસા સહિતની સંસ્થાઓ, વિશ્વની મોટી કંપનીઓમાં ગુજરાતના, દેશના વિદ્યાર્થીઓ અગત્યનાં પદો સંભાળી રહ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓ, માનવ સંપદા વગર અમેરિકાનો આઇ.ટી.ઉદ્યોગ મૂંઝવણ અનુભવે તેવી સ્થિતિ છે. ગુજરાત સરકારે પ્રશાસનની સાથે શિક્ષણની ઓનલાઇન, વર્ચ્યુઅલ સુવિધાઓ વિકસાવી જેના પગલે કોરોનાકાળમાં શિક્ષણ ચાલુ રહી શક્યું. પ્રશાસનમાં ટેક્નોલોજીના વિનિયોગથી સરકારે છેવાડાના માનવી સુધી યોજનાઓના લાભો પહોંચાડવાનું આયોજન કર્યું છે.

રાજ્ય સરકારે ટેક્નોલોજી આધારિત શિક્ષણ સુલભ અને સરળ બનાવવા રૂ.એક હજારના ટોકન દરે વિવિધ વિદ્યા શાખાઓના ૩ લાખ વિદ્યાર્થીઓને નમો ટેબ્લેટની સુવિધા આપી છે. દેશમાં પ્રથમવાર ગુજરાતે પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને કુલ રૂ.૪ લાખની શિષ્યવૃત્તિ તબક્કાવાર આપવાની યોજના શરૂ કરવાની પહેલ કરી છે.

નવી પેઢીના યુવાનો અને વિદ્યાર્થીઓ હવે દેશના ઘડવૈયા બનશે. તેને અનુલક્ષીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના યશસ્વી નેતૃત્વ હેઠળની આ રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ દ્વારા શિક્ષણની વર્તમાન જરૂરિયાત પ્રમાણે સતત નવીનીકરણનું અને વિવિધ યોજનાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું વ્યાપક આયોજન કર્યુ છે. એસ.સી., એસ.ટી. સહિત અનામત વર્ગોના વિદ્યાર્થીઓની સાથે બિન અનામત વર્ગોના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના હેઠળ રૂ.૭૦૦ કરોડથી વધુ રકમના ખર્ચે શૈક્ષણિક યોજનાઓનો લાભ આપવાનું આયોજન કર્યું છે.

મ.સ.યુનિવર્સિટી એ રાજ્યની એકમાત્ર નિવાસી યુનિવર્સિટી છે તેનો ઉલ્લેખ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સરદાર સાહેબે આ સંસ્થા સાથે સંકળાયેલી શાળામાં થોડો સમય શિક્ષણ લીધું હતું. મહામાનવ બાબાસાહેબ આંબેડકર, મહર્ષિ અરવિંદ જેવા રાષ્ટ્રરત્નો આ વિદ્યાધામ સાથે જોડાયેલા રહ્યાં છે. તેના વિદ્યાર્થીઓ એ દેશ અને દુનિયામાં વડોદરાનું, ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ તથા મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ન.મો. ટેબ્લેટ, શોધ યોજના હેઠળ પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ વિદ્યાર્થીઓને લોન સહાયનું વિતરણ કર્યું હતું.

ધારાસભ્ય શ્રી જીતુભાઈ સુખડિયાએ જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સક્ષમ નેતૃત્વમાં સૌના સાથ, સૌના વિકાસ થકી વિકાસની ગતિ વધુ તેજ બની છે. ગુણવત્તાયુક્ત શિક્ષણની દિશામાં ગુજરાત આજે સમગ્ર દેશમાં અગ્રેસર છે. જ્ઞાન કુંજ પ્રોજેક્ટના માધ્યમથી સ્માર્ટ ક્લાસ દ્વારા ગામડાઓ સુધી ટેક્નોલોજી આધારિત શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પ્રસંગે મ. સ. વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રા.પરિમલ વ્યાસ, અગ્રણી શ્રી ભાર્ગવ ભટ્ટ, વિજયભાઈ શાહ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, કલેક્ટર શ્રી આર.બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલ, યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટીના ડીન,પદાધિકારીઓ સહિત વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં. ●

### પાંચ વર્ષ શિક્ષણક્ષેત્રમાં આગેકદમ

# શિક્ષણવિકાસ અને સંશોધનની દિશામાં અગ્રેસર ગુજરાત



શિક્ષણ એટલે યોગ-ઉદ્યોગ-સહયોગની કેળવણી. શિક્ષણ દ્વારા સાક્ષરતા જ નહીં, જીવનની સાર્થકતા સાધી શકાય છે. માણસના સર્વગુણોનો વિકાસ કરી, મૂલ્યો બદલીને સમાજની નવરચના કરી, સૌને ઉદ્યોગશીલ-વિચારશીલ બનાવીને અર્થસભર અને સામ્યયોગના સંસ્કારનું સિંચન થઈ શકે છે. કોઈપણ વ્યક્તિ અને સમાજના સર્વાંગીણ વિકાસ માટે પ્રાણશક્તિ અને જ્ઞાનશક્તિ આવશ્યક છે. પ્રાણશક્તિના વિકાસ માટે શરીરને સારું પોષણ, ઉત્તમ વ્યાયામ અને સંયમની આવશ્યકતા છે તો જ્ઞાનશક્તિનો વિકાસ કરવા માટે મનનશક્તિ, ચિંતનશક્તિ તથા બુદ્ધિમાં સ્વતંત્રતા, સમત્વ અને વિવેકની જરૂરિયાત છે.

ભારતની શિક્ષણ વ્યવસ્થાને પરતંત્રતાની બેડીઓમાંથી મુક્ત કરવા, દેશને આધુનિક બનાવવા આશરે એક વર્ષ પૂર્વે જ ભારતમાં નવી 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' બની છે. આ નવી વ્યવસ્થા વિદ્યાર્થીઓને તેનું સામર્થ્ય દેખાડવા માટેની સંપૂર્ણ આઝાદી આપે છે. આ શિક્ષણ નીતિ જુદા જુદા વિષયો ભણવાની આઝાદી આપે છે. આ શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને તેમની ભાષામાં અભ્યાસ કરવાનો વિકલ્પ આપે છે. આ શિક્ષણ નીતિ ઉદ્યોગ સાહસિકતા, સ્વ-રોજગારને પણ પ્રોત્સાહન આપે છે. આ શિક્ષણ નીતિ સંશોધનને, ઇનોવેશનને પ્રોત્સાહન આપે છે. આત્મનિર્ભર ભારતના નિર્માણમાં આ શિક્ષણ નીતિ પણ એક મહત્ત્વનો પડાવ છે. દેશમાં એક મજબૂત સંશોધન અને ઇનોવેશન ઇકોસિસ્ટિમ બનાવવા માટે પણ સરકાર સતત કામ કરી રહી છે. છેલ્લાં પાંચ વર્ષમાં શિક્ષણ સહિતનાં લગભગ તમામ ક્ષેત્રોમાં ગુજરાતની શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલની પ્રગતિશીલ સરકારે દૃઢ રાજકીય ઈચ્છાશક્તિથી અને સંવેદનશીલતાપૂર્વક પરિણામલક્ષી નિર્ણાયકતા દાખવી જન-જનને પારદર્શક શાસનની પ્રતીતિ કરાવી પ્રગતિશીલતા પરચમ લહેરાવ્યા છે.

તા.7 મી ઓગસ્ટ, 2016ના રોજ રાજ્યની જનતાની સેવાના ઉમદા ઉદ્દેશ હેતુ શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તથા શ્રી નીતિનભાઇ પટેલે નાયબ મુખ્યમંત્રી પદના શપથ લઈને ગુજરાતના વિકાસ માટેની શાસનધુરા સંભાળી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનાં જનસેવાનાં પાંચ વર્ષના કાર્યકાળમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ અને કોરોના મહામારી જેવી વિકટ સમસ્યાઓ આવી. આ આપત્તિઓમાં નીડર લીડરોના નિર્ણાયક નેતૃત્વ હેઠળ સંવેદનશીલતાપૂર્વક, પારદર્શક પ્રગતિશીલતાના દર્શન લોકોએ કર્યા છે.

ગુજરાતના "પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાનાં"ની વાત કરીએ તો, વિકાસની હરણફાળ ભરી રહેલું ગુજરાત આ બાબતને અત્યંત સારી રીતે સમજે છે કે 21-મી સદી એ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. આ કારણે જ, રાજ્યના વિદ્યાર્થીઓને વર્લ્ડક્લાસ એજ્યુકેશન આપી ગુજરાતને એજ્યુકેશનલ હબ બનાવવા રાજ્યના કુલ બજેટના સૌથી વધુ ૧૪.૪૧ ટકા જેટલી રૂ. ૩૨,૭૧૯ કરોડની રકમ શિક્ષણ વિભાગના બજેટને ફાળવવામાં આવી છે.

રાજ્યમાં શિક્ષણ, તેને સંલગ્ન માળખાકીય સુવિધાઓ અને સંશોધનની દિશામાં થયેલી પ્રગતિ ઉપર નજર નાખીશું તો જણાશે કે, રાજ્યમાં વિદ્યાર્થીઓ માટે શાળાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સ્માર્ટ ક્લાસીસ સહિતની વ્યવસ્થાઓ મારફતે આ સરકારે બે દાયકામાં ડ્રોપ આઉટ રેશિયો ૧૮.૭૯ ટકાથી ઘટાડી ૩.૩૯ ટકા જેટલો નીચો લાવી દીધો છે. ભૂતકાળના સાપેક્ષમાં પાછલા બે-અઢી દાયકામાં સ્ટુડન્ટ ક્લાસરૂમ રેશિયો પણ એક વર્ગ ખંડ દીઠ ૩૮ થી ઘટાડી ૨૭ અને ૪૦ વિદ્યાર્થી દીઠ એક શિક્ષકથી હવે ૨૮ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક સુધી લઈ જવાયો છે.

શિક્ષણના સુદૃઢીકરણ માટે શાળામાં

પૂરતા શિક્ષકોની અનિવાર્યતા આવશ્યક છે. આ કારણે જ, રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૩૯૦૦ વિદ્યાસહાયકો, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં ૫૮૧૦ અને ઉચ્ચશિક્ષણ-કોલેજોમાં ૯૨૭ અધ્યાપક સહાયકોની ભરતી આવનારા સમયમાં થવાની છે. રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં સરકારી માધ્યમિક શાળાઓમાં કુલ ૧૩,૯૬૨ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૩૯૨૧ શિક્ષકોની ભરતી કરી છે. એટલું જ નહીં, સરકારી કોલેજોમાં કુલ ૪૫૨ તેમજ અનુદાનિત કોલેજોમાં કુલ ૧૫૮૫ આચાર્ય, પ્રાધ્યાપકોની પણ ભરતી કરવામાં આવી છે. વળી, રાજ્ય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૫૦૦ સરકારી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સહિતની શાળાઓને મંજૂરી આપી છે. રાજ્યમાં શિક્ષણક્ષેત્રે લેવામાં આવેલા અનેક નિર્ણયોને કારણે છેલ્લા બે દાયકામાં સાક્ષરતા દર ૨૦૦૧માં ૬૯.૧૪ ટકા હતો તે હવે ૭૮.૦૩ ટકા પર પહોંચ્યો છે.

પરીક્ષાનું પ્રશ્નપત્ર ગોડાઉનથી લઈને કલાસરૂમ સુધી પહોચતાં સુધી સંપૂર્ણ સુરક્ષિત અને સીલ બોક્સમાં છે તેની જડબેસલાક ખાતરી માટે શિક્ષણ વિભાગે ખાસ મોબાઈલ એપ્લિકેશન પેપર બોક્સ ઓથેન્ટિકેશન એન્ડ ટ્રેકિંગ એપ્લિકેશન PATA વિકસાવી છે. સંપૂર્ણ પારદર્શિતાથી આ કામગીરી થાય છે. એટલું જ નહિ, ધો-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિને કોઈ જ અવકાશ ન રહે તે માટે પરીક્ષા કેન્દ્રો ઉપર વિજિલન્સ સ્કવૉર્ડ, સી.સી. ટીવી કેમેરા અને ટેબ્લેટથી સતત દેખરેખ રાખવામાં આવે છે.

૨૧મી સદીમાં ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી શકાય તે હેતુસર આગામી ૬ વર્ષમાં 'મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ' પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે. ગુજરાતનો વિદ્યાર્થી વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે તે હેતુથી રાજ્ય સરકાર આ પ્રોજેક્ટને અમલમાં મૂકી રહી છે. 'મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ' પ્રોજેક્ટ માટે વર્લ્ડ બેંક, એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) તેમજ એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) પાસેથી કુલ રૂ. ૬૩૭૫ કરોડનું ભંડોળ મેળવી રાજ્યની શાળાઓના જર્જરિત ઓરડાઓનું રિપેરિંગ કામ તેમજ નવા બનાવવાની કામગીરી પણ કરવામાં આવશે. આ મિશન હેઠળ ૧૫,૦૦૦ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તથા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને આવરી લઈ, આ શાળાઓમાં સિવિલ અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રકચરને અત્યાધુનિક કરવામાં આવશે.

રાજ્યમાં આવેલી ઐતિહાસિક મહત્ત્વ અને વિશિષ્ટ પ્રકારના હેરિટેજ સ્થાપત્ય ધરાવતી પ્રાચીન શાળાઓના નવીનીકરણ માટે 'હેરિટેજ સ્કૂલ્સ રિનોવેશન પ્રોગ્રામ' માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. વળી, સૌને માટે શિક્ષણનો અધિકાર રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત શાળાઓમાં RTE હેઠળ અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાં કુલ ૩,૮૬,૨૭૨ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

રાજ્યની સંવેદનશીલ સરકારે કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા દેશભરમાં જ્યારે લોકડાઉન જાહેર થયું, ત્યારે મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ નોંધાયેલા તમામ ૫૦.૩૫ લાખ વિદ્યાર્થીઓને ૧૬ માર્ચ ૨૦૨૦થી ૧ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી એટલે ૨૪૭ શાળાના દિવસો દરમ્યાન તમામ વિદ્યાર્થીઓને ફૂડ સિક્યુરિટી એલાઉન્સીસ અંતર્ગત રૂ. ૭૩૧.૭૫ કરોડના ખર્ચે અને ૧,૪૮,૧૧૭ મેટ્રિક ટન અનાજની ફાળવણી તબક્કાવાર કરવામાં આવી હતી. ●





# 5 વર્ષ

## આપણી સરકારના
## સૌના સાથથી સૌના વિકાસના...



# સંવેદના દિવસ



### કોરોનાકાળમાં અનાથ બનેલા ૩૯૬૩ બાળકોને આર્થિક સહાય

- કોરોનાકાળમાં માતા-પિતા પૈકી કોઈપણ એક વાલીનું અવસાન થયું હોય તેવા ૩૯૬૩ બાળકોને માસિક રૂ. ૨૦૦૦ની આર્થિક સહાયની શરૂઆત
- જે બાળકોએ માતા-પિતા બંને ગુમાવ્યા હોય તેવા ૯૭૮ બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત માસિક રૂ. ૪૦૦૦ની આર્થિક સહાય ચૂકવાઈ

### સમગ્ર રાજ્યમાં ૪૩૩ સેવાસેતુ કાર્યક્રમો યોજાયા

- પ્રત્યેક તાલુકાદીઠ એક સેવાસેતુ કાર્યક્રમ મળીને ૨૪૮ કાર્યક્રમો યોજાયા.
- નગરપાલિકા દીઠ એક સેવાસેતુ કાર્યક્રમ મળીને ૧૫૬ કાર્યક્રમો યોજાયા.
- મહાનગરપાલિકા કક્ષાએ ઝોન દીઠ એક વોર્ડમાં કુલ ૨૯ સેવાસેતુ કાર્યક્રમો યોજાયા.

### સરકાર પહોંચી જન જનના આંગણે

**સેવા સેતુ કાર્યક્રમનો ઉદ્દેશ**

એક પણ સાચો લાભાર્થી સરકારી લાભોથી વંચિત નહીં રહે

હવે નાગરિકોને ધક્કા ખાવા નહીં પડે, વચેટિયા વિના સરકારી સેવાઓનો મળશે લાભ, ઘરઆંગણે જ સરકારની ૫૭ જેવી સેવાઓની સુવિધાઓ ઉપલબ્ધ

- અત્યાર સુધીમાં પાંચ તબક્કામાં ૧૨,૮૦૦ કાર્યક્રમો દ્વારા બે કરોડથી વધુ લોકોએ સેવા સેતુ કાર્યક્રમોનો લાભ મેળવ્યો
- સેવાસેતુ કાર્યક્રમ દ્વારા ૯૯.૮૧ ટકા અરજીઓનો સ્થળ ઉપર જ ત્વરિત નિકાલ

**સેવાનો સેતુ, જનહિતનો હેતુ**

### વર્તમાન સરકાર ગરીબો, પીડિતો, શોષિતો માટેની સંવેદનશીલ સરકાર

# "સેવાસેતુ કાર્યક્રમ"ના રાજ્યવ્યાપી છઠ્ઠા તબક્કાનો રાજકોટથી શુભારંભ



રાજ્ય સરકારે પંડિત દીનદયાળે આપેલા એકાત્મ માનવવાદના સિદ્ધાંતને અનુસરી કલ્યાણ રાજ્યનો ધ્યેય પાર પાડવાની સાથે પ્રશાસનને-તંત્રને પણ સંવેદનાસભર બનાવ્યું છે. મહામારી અને તાઉતે વાવાઝોડામાં જનતાની સેવામાં પ્રશાસને અભૂતપૂર્વ સંવેદનશીલતા દાખવી છે પણ પલાયન કે પીછેહઠ કરી નથી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારનાં પાંચ વર્ષની પૂર્ણતા પ્રસંગે બીજી ઓગસ્ટ-સંવેદના દિવસે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યવ્યાપી "સેવાસેતુ કાર્યક્રમ"ના છઠ્ઠા તબક્કાનો રાજકોટથી શુભારંભ કરી યોજનાકીય મહત્ત્વપૂર્ણ જાહેરાતો પણ કરી હતી.

આ સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મદિવસે સંવેદનાસભર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, રાજ્યની વિધવા મહિલાઓના સમાજમાં પુનઃસ્થાપન માટે "ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના" અંતર્ગત રાજ્ય સરકાર રૂ. ૫૦ હજાર આપશે. કષ્ટપૂર્ણ વૈધવ્ય જીવન જીવતી મહિલા પુનઃલગ્ન કરવા પ્રેરાય અને પગભર બની નવું જીવન જીવે તે માટે આ યોજના શરૂ કરી છે.

તેમણે બીજી એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું કે, કોરોનાકાળમાં માતા કે પિતા કોઇ એક વાલી ગુમાવનાર બાળકને પણ રાજ્ય સરકાર રૂ. ૨ હજાર પ્રતિમાસ આર્થિક સહાય 'એક વાલી યોજના' અંતર્ગત આપશે. કોરોનાકાળમાં પોતાના પાલનહાર ગુમાવનાર એક પણ બાળક નિરાધાર ન રહે અને આર્થિક સહાય મેળવી ઉજ્જવળ કારકિર્દી ઘડી શકે તે માટે આ નિર્ણય લેવાયો છે.

રાજ્ય સરકારની સંવેદનશીલતા માત્ર માનવી પૂરતી સીમિત ન રહેતા જીવ પ્રાણી માત્ર સુધી વિસ્તરી છે. એનિમલ એમ્બ્યુલન્સ, કરુણા અભિયાન, પાંજરાપોળોને કોરોનાકાળમાં આર્થિક સહાય જેવા રાજ્ય સરકારનાં પગલાનો તેમણે આ તકે ઉલ્લેખ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સેવાસેતુને રાજ્ય સરકારની સંવેદનશીલતાનું આગવું ઉદાહરણ ગણાવી કહ્યું કે, હવે લોકોને પોતાના સરકારી કામકાજ માટે કચેરીઓના ધક્કા ખાવાની જરૂર રહી નથી. લોકોના કામ કરવા સરકાર સામે ચાલીને એમના દ્વારે આવી છે.

સેવાસેતુ બાદ હવે ઈ-સેવાસેતુના માધ્યમથી લોકો જરૂરી સરકારી પ્રમાણપત્રો, દાખલા, યોજનાકીય લાભ વગેરે ઘરે બેઠાં મેળવી રહ્યા છે. સરકારે વિવિધ વિભાગોની ૫૫ સેવાઓને ઈ-સેવાસેતુ સાથે જોડી દીધી છે. ઓપ્ટિકલ ફાઇબરની જાળ

બિછાવી ગુજરાતનાં ગામડાઓને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી આપી છે. સેવાસેતુના અમલથી પારદર્શકતા લાવી ભ્રષ્ટાચારને દૂર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. વર્તમાન સરકાર ગરીબો, પીડિતો, શોષિતો માટેની સંવેદનશીલ સરકાર છે.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સમાજ સુરક્ષા વિભાગ અને જે. એમ. ફાઇનાન્સિયલ ફાઉન્ડેશન વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમ.ઓ.યુ.) કરવામાં આવ્યા હતા. કોરોનામાં વાલીની છત્રછાયા ગુમાવનાર પ્રત્યેક બાળકને જે. એમ. ફાઉન્ડેશન વાર્ષિક રૂપિયા ૫૦ હજાર સુધીની શિક્ષણ ફી બાળકની શાળામાં સીધી જમા કરાવશે. જે.એમ. ફાઉન્ડેશનના આ સ્તુત્ય અભિગમને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે "સેવા સેતુ કાર્યક્રમ"ના વિવિધ લાભાર્થીઓને રૂ. ૪.૭૫ કરોડની સાધન સહાયનું વિતરણ, કોરોનાકાળમાં અનાથ બનેલા ૩૯૬૩ બાળકોને આર્થિક સહાય વિતરણ અને રાજકોટ મહાનગરપાલિકાના સિટીઝન પોર્ટલનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે કોરોનાકાળમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકો માટે રાજ્ય સરકારે અમલી બનાવેલી "મુખ્યમંત્રી બાળ સેવા સહાય યોજના"ની વિગતો આપતાં કહ્યું કે, આ યોજના આવતી કાલના નાગરિક સમા બાળકોના ભવિષ્ય માટે રાજ્ય સરકારે સેવેલી ચિંતાનું પ્રતિબિંબ છે.

આ પ્રસંગે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના", "એક વાલી યોજના" અને "ગંગાસ્વરૂપ મહિલા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના"ની વિગતો વર્ણવતી ડૉક્યુમેન્ટરીનું પ્રસારણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં મેયર ડૉ. પ્રદીપ ડવ, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, મુખ્યસચિવ શ્રી અનિલ મુકીમ, અગ્રસચિવશ્રી કે. કૈલાશનાથન, સચિવશ્રી સુનયના તોમર અને શ્રી કે.કે.નિરાલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી, મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરા અને સેવા સેતુ કાર્યક્રમની વિવિધ યોજનાના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જન્મદિને સેવાની સુવાસ પ્રસરાવી સંવેદના દિવસ ઉજવતા C.M.

જીવનનો યાદગાર દિવસ એટલે વ્યક્તિનો જન્મદિવસ. સામાન્ય રીતે લોકો મિત્રો સાથે મળી, કેક કાપીને આ દિવસની ઉજવણી કરતા હોય છે, જ્યારે અનોખું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ અન્યની સેવા કરી આ દિવસ ઉજવે છે. આપણા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તા. ૨ ઓગસ્ટ તેમના ૬૫મા જન્મદિવસની આગવા અંદાજમાં ઉજવણી કરી. દિવસની શરૂઆત કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ, ગુજરાતમાં સૌથી વધુ વખત બજેટ રજૂ કરનાર પૂર્વ નાણામંત્રી અને રાજકોટના પૂર્વ મેયર એવા શ્રી વજુભાઈ વાળાના વહેલી સવારે રાજકોટ ખાતે આશીર્વાદ મેળવી કરી હતી.

શ્રી વજુભાઈ વાળાએ આ પ્રસંગે ૬૫મા જન્મદિવસ અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ કરવા બદલ શ્રી વિજયભાઇ રૂપાણી તેમજ સમગ્ર રાજ્ય સરકારને અભિનંદન અને શુભેચ્છાઓ આપ્યાં હતાં.

## મારા જન્મદિને સંતો મહંતોના આશીર્વાદથી હું ધન્યતા અનુભવુ છું



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટના ભૂપેન્દ્ર રોડ સ્થિત સ્વામીનારાયણ મંદિર ખાતે શ્રી બોરડી પ્રસાદીનાં દર્શન કરી અને મહાપૂજામાં સહભાગી થઈ ૬૫મા જન્મદિને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા દર્શનનું ઉદઘાટન કરી હરિભક્તોને સંબોધતાં જણાવ્યું હતું કે આધ્યાત્મિક ચેતના જગાડીને વિકાસની સાથે ગુજરાતને ચેતનવંતુ બનાવવું છે. સંતો મહંતોના આશીર્વાદથી ગુજરાત આગળ વધ્યું છે.

## કોરોનામાં અનાથ બનેલાં બાળકો સાથે સંવેદનાસભર સંવાદ અને ભોજન

રાજકોટના જનકલ્યાણ હૉલમાં પ્રજાવત્સલ શાસકના ઉમદા ગુણોને આત્મસાત્ કરી ગુજરાતના લોકનાયક એવા મુખ્યમંત્રી



શ્રી વિજયભાઈ રૂપાણીને હૉલમાં પ્રવેશતાં જ ઉષ્માસભર આશાભરી નજરે હૉલના દરવાજા પર મીટ માંડીને બેઠેલા કોરોનામાં અનાથ થયેલાં બાળકોની આંખોમાં એક અજબ ચમક અને હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ તેમના ૬૫મા જન્મદિને વિશેષરૂપે કોરોનામાં મા-બાપની છત્રછાયા ગુમાવેલા જિલ્લાના ૭૯ જેટલાં અનાથ બનેલાં બાળકો સાથે પરિવારના મોભી બનીને મોકળા મને સીધો સંવાદ કર્યો હતો. બાળકો સાથે તેઓના અભ્યાસ, પરિવારની વિગતો સાથે તેઓના ભાવિ સ્વપ્ન વિશે રસપ્રદ ચર્ચા કરી તેઓને પારિવારિક લાગણીથી તરબોળ કર્યા હતા. આ તકે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમારે આ બાળકો સાથે ભોજન કરી અને તેઓને ભેટસોગાદ આપી આનંદિત કર્યા હતા.



**"જૂનાગઢ ખાતે યોજાયેલ સેવાસેતુમાં ૭૫ વર્ષના ભીમજીભાઇ બાલધા અને તેમનાં પત્ની મા અમૃતમ્ કાર્ડ કઢાવવા આવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, સરકારશ્રીના આ કાર્યક્રમમાં અમને પતિ-પત્નીને મા અમૃતમ્ કાર્ડ મળ્યાં છે. આ સેવા અમારા માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ છે."**



**"જૂનાગઢના પ્રકેશભાઈ સોઢાદરે જણાવ્યું હતું કે, ટુ અને ફોર વ્હિલ લર્નિંગ લાઇસન્સ માટે સેવાસેતુમાં આવ્યો હતો. મારું લર્નિંગ લાયન્સસ નીકળી ગયું છે. રાજ્ય સરકારના આભારી છીએ કે એક જ સ્થળ પર અનેક સેવાઓ મળી રહી છે."**



**"જૂનાગઢના ૬૦ વર્ષીય બેલિમ અબ્દુલભાઇએ જણાવ્યું હતું કે, મારા આધારકાર્ડના નામમાં ભૂલ હતી. આથી હું સેવાસેતુમાં આધારકાર્ડમાં નામ સુધારવા માટે આવ્યો અને નામ સુધારો થયો. આથી સરકારશ્રીનો આભાર માનીએ છીએ કે, એ આ કેમ્પના આધારે તાત્કાલિક આધારકાર્ડના નામમાં સુધારો થયો છે."**

## દિવ્યાંગ બાળકોના 'હેપ્પી બર્થડે'ના ગાનથી મુખ્યમંત્રીશ્રી ભાવવિભોર બન્યા

સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના જન્મદિવસે દિવ્યાંગ બાળકોની મુલાકાત લઇ ખબર અંતર પૂછીને તેમની દિવ્યાંગજનો પ્રત્યેની સંવેદનાના દર્શન કરાવ્યાં હતાં. આ વેળા દિવ્યાંગ બાળકોએ સામૂહિક રીતે 'હેપ્પી બર્થડે'ની શુભેચ્છા પાઠવતાં મુખ્યમંત્રીશ્રી ભાવ વિભોર બન્યા હતા. તેમજ દિવ્યાંગ શ્રી શંકરભાઇએ 'બાર બાર દિન યે આયે, બાર બાર દિલ યે ગાયે, તુમ જીઓ હજારો સાલ, યે મેરી હૈ આરઝુ, હેપી બર્થ ડે ટુ યુ' ગીત ગાઇને વ્યક્તિગત રીતે પણ મુખ્યમંત્રીશ્રીને જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રીએ તેમના આ જન્મદિને આ સંસ્થા ખાતેનાં દિવ્યાંગ બાળકો સાથે ભોજન પણ કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના ૬૫મા જન્મદિને તથા સુશાસનનાં પાંચ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યભરમાં પ્રારંભ થયેલા ''પાંચ વર્ષ, આપણી સરકારનાં - સૌના સાથ, સૌના વિકાસનાં'' કાર્યક્રમની શૃંખલા અન્વયે ''સંવેદના દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. જે અન્વયે રાજકોટના કાલાવડ રોડ સ્થિત રૂ.૨૬.૬૧ કરોડના ખર્ચે બનનારા માનસિક ક્ષતિવાળાં બાળકો, ભાઈઓ અને બહેનોના ગૃહનું ભૂમિપૂજન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કર્યુ હતું.

## 'શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ'નાં બાળકો સાથે લાગણીસભર સંવાદ સાધતા CM

રાજકોટ ખાતે 'શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ'નાં બાળકો સાથે ટ્રસ્ટના પ્રમુખ અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વાર્તાલાપ યોજ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે ટ્રસ્ટના નવીનીકરણની કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જન્મદિવસની શુભેચ્છાઓ બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ નગરજનો, શ્રી પુજીત ટ્રસ્ટનાં બાળકો તેમજ ટ્રસ્ટીઓનો અંત:કરણપૂર્વક આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લાં ૨૫ વર્ષથી રાજકોટમાં સેવારત શ્રી પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા શરૂ કરાયેલા 'જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ' હેઠળ



અત્યાર સુધીમાં ૩૧૫ જેટલા આર્થિક રીતે નબળાં બાળકોએ ઉચ્ચ સફળ કારકિર્દીનાં સોપાનો સર કર્યાં છે.

## "સાહેબ ! મારે ડોક્ટર બનીને લોકોની સેવા કરવી છે"

આઠ વર્ષ પહેલાં પિતાની છત્રછાયા ગુમાવનાર રાજકોટની કિશોરી ઝલકની માતાનું મૃત્યુ પણ કોરોનામાં થતાં હવે તેનું અને તેના નાનાભાઈનું શું થશે ? એ યક્ષ પ્રશ્ન એને અત્યાર સુધી મૂંઝવતો હતો. પરંતુ રાજકોટની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રીમતી અંજલીબેન રૂપાણીને મળ્યા બાદ તેમની સાથે થયેલ સંવાદથી આ કિશોરી તેની અને તેના નાના ભાઈના ભવિષ્યથી નિશ્ચિંત બની ગઈ.

મુખ્યમંત્રીશ્રી સાથે થયેલ મુલાકાત અને સંવાદની આ ઘટનાને વર્ણવતાં ગદગદિત સ્વરે ઝલક કહે છે કે, મારા પિતાના મૃત્યુ બાદ કોરોનાના કપરા સમયમાં મારી માતાનો હાથ પણ અમારી ઉપર ન રહ્યો મારી માતાનું મૃત્યુ થતાં હવે અમારાં બન્ને ભાઈ - બહેનનું કોણ ? એ મોટો પ્રશ્ન મારી સામે હતો પરંતુ અમારી આ મુશ્કેલી મુખ્યમંત્રીશ્રીને મળવાથી દૂર થઈ ગઈ. મુખ્યમંત્રીશ્રીએ અમારાં માતા - પિતાની જેમ જ અમને આજે હૂંફ - સધિયારો આપ્યાં છે, જેના કારણે હવે હું હાશકારો અનુભવું છું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ટેબ્લેટની ભેટ મળ્યા બાદ ખૂબ જ ખુશી સાથે તેણીએ મુખ્યમંત્રીશ્રી સાથે સેલ્ફી ખેંચી હતી. શો મસ્ટ ગો ઓન' ઉક્તિને સાર્થક કરતી ઝલક કોરોનામાં અનાથ બનેલાં અન્ય નિરાધાર બાળકો માટે રોલ મોડેલ તરીકે ઊભરી આવી છે.

રાજ્ય સરકાર દ્વારા બાળ સેવા યોજના તળે માસિક રૂ. ૪૦૦૦ની સહાય તેમના સ્વપ્નને સાર્થક કરવામાં મદદરૂપ બનશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રી તેમજ રાજ્ય સરકારનો તેણે દિલથી આભાર માન્યો હતો.રાજકોટ ખાતે આયોજિત બાળ સેવા સંવાદ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર સહિતના મહાનુભાવોએ પણ ઝલકની હિંમત, આત્મવિશ્વાસની પ્રશંસા કરી હતી. ●



## કોઠંબામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ

મહીસાગર જિલ્લાના કોઠંબા ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, ''પાંચ વર્ષ આપણી સરકારનાં, સૌના સાથથી સૌના વિકાસના'' અંતર્ગત જિલ્લાના નાગરિકોને સેવાસેતુ થકી વિવિધ સરકારી યોજનાઓનો લાભ મળી રહ્યો છે. વધુમાં કોરોનાકાળમાં નિરાધાર બનેલાં બાળકો માટે બાળ સેવા યોજનાના માધ્યમથી રાજ્ય સરકાર પાલક બની છે. આ કાર્યક્રમમાં પ્રવાસન મંત્રીશ્રી અને મહાનુભાવોએ મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના લાભાર્થીઓને કિટ વિતરણ અને ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને મંજૂરીપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે લુણાવાડા ધારાસભ્ય શ્રી જીગ્નેશભાઈ સેવક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●



## સંવેદના દિવસ જૂનાગઢ જિલ્લામાં બન્યો જનસેવાનો દિવસ

જૂનાગઢ જિલ્લામાં આપણી સરકારનાં પાંચ વર્ષ સુશાસનનાં અંતર્ગત સંવેદના દિવસ જનસેવાનો દિવસ બની રહ્યો હતો. જિલ્લાનાં ૧૯ સ્થળોએ સરકારની ૫૪ કરતાં વધુ સેવાઓ ૧૯ સેવાસેતુના માધ્યમથી પહોંચાડવામાં આવી હતી. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી વાસણભાઈ આહિર, શ્રી સરદાર પટેલ જળસંચય યોજનાના ચેરમેન શ્રી ભરતભાઈ બોઘરા, મેયર શ્રી ધીરૂભાઈ ગોહિલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શાંતાબહેન ખટારિયા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં જૂનાગઢ શહેર અને જિલ્લામાં કુલ ૧૯ સેવાસેતુના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

જૂનાગઢમાં યોજાયેલા સમારોહમાં મંત્રી શ્રી આહિરે કોરોનામાં માતા-પિતા ગુમાવનાર બાળકોને શૈક્ષણિક કિટ તેમજ અન્ય લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાના લાભનું વિતરણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વડપણની સરકાર લોકોની પીડા સંવેદનાને સમજનાર છે. આથી જ ગંગાસ્વરૂપ સહાય યોજના, બાળ સેવા યોજના, સેવા સેતુ હોય કે ખેડૂતોને લાભ આપવાની યોજના હોય, સરકાર સતત જનહિત માટે સેવારત છે. ●

# જનસમસ્યાઓનો સ્થળ પર નિકાલ : સેવાસેતુ




મહેસાણા અને જોરણંગ ખાતે સંવેદના દિવસ - સેવાસેતુ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે કોરોનાના આ કપરા સમયમાં વિકાસયાત્રાને અટકવા દીધી નથી. રાજ્યમાં દોઢ લાખ કરોડથી વધુ વિકાસનાં કામો થઈ રહ્યા છે ગુજરાતનો વિકાસ, પ્રગતિ, સુખ શાંતિ, સલામતી અને ગૌરવ આગળ વધે તે કાર્યપ્રણાલીથી સરકાર સૌના સાથ સૌના વિકાસથી કામ કરી રહી છે

કોરોનાની મહામારીમાં હજારો વ્યક્તિઓને જીવન ગુમાવ્યું છે તેમનાં બાળકો પ્રત્યે સંવેદના દાખવી માસિક રૂ ૪૦૦૦ અને કોઈ એક વાલી અવસાન પામેલ હોય તો માસિક રૂ.૨૦૦૦ની સહાય સરકાર દ્વારા આપવાની શરૂઆત થઈ છે. મહેસાણા જિલ્લામાં ૧૩૨ જેટલાં બાળકોની ઓળખ થઇ છે જેઓને આ સહાય અપાઈ રહી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે કોરોના સમયમાં પ્રજાને મુશ્કેલી કે અગવડ વેઠવી ન પડે તે માટે સરકારે અનેક કાર્યો કર્યાં છે. આત્મનિર્ભર યોજના, વીજળીના બીલની માફી, હોસ્પિટલોની સુવિધા, આરોગ્યની સુખાકારી સુવિધાઓમાં કટિબદ્ધતા સહિત દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૮૦ કરોડ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ આપવાની જાહેરાત કરી સંવેદના દાખવી છે.

રાજ્ય સરકાર જન જનના વિકાસને વરેલી છે. ખેડૂતો, વંચિતો અને છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં ટેકનોલોજીના સમન્વયથી સરકાર આગળ વધી રહી છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના'નાં લાભાર્થી બાળકો સાથે સંવેદનાસભર સંવાદ યોજી તેમની સાથે મહેસાણા શહેર ખાતે ભોજન કર્યું હતું. આ ઉપરાંત બાળ સેવા યોજનાના લાભાર્થીઓને સહાય ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સેવા સેતુ અંતર્ગત વિવિધ પ્રમાણપત્રો અર્પણ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત લાભાર્થીઓને રેગ પીકર્સ આરોગ્ય રક્ષણ કિટ સહિત ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાઓના હુકમ આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં નવપરિણિત યુગલ રીતેશ અને માનસી મોદી સાથે મુલાકાત કરી તેમણે લગ્ન પ્રમાણપત્ર સ્થળ પર આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને જન્મદિવસની મહેસાણા જિલ્લા સહિત સમગ્ર રાજ્યના કાર્યકરો,નાગરિકો તેમજ વહીવટીતંત્ર વતી શુભકામનાઓ પાઠવી હતી.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી ઉદિત અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. ઓમપ્રકાશ, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ, અગ્રણી જશુભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ વર્ષાબહેન પટેલ, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, એ. પી.એમ.સી ચેરમેન ખોડાભાઈ પટેલ, પૂર્વ મંત્રી ઈશ્વરસિંહ મકવાણા અધિકારીઓ, પદાધિકારીઓ, લાભર્થીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●



# જનતાની વેદનાને સ્વ-વેદના સમજીને સંવેદના દાખવતી રાજ્ય સરકાર



બંધારણના ઘડવૈયાઓ દ્વારા કલ્યાણ રાજ્યની સ્થાપનાની પરિકલ્પના કરવામાં આવી છે. આ 'કલ્યાણ' શબ્દમાં સાર્વત્રિક કલ્યાણનો હેતુ રહેલો છે. કોઈપણ સમાજ-રાષ્ટ્રનો સમગ્રતયા વિકાસ ત્યારે જ શક્ય છે, જ્યારે પ્રશાસન નિર્ણાયક, પારદર્શક અને પ્રગતીશીલ હોવાની સાથે સંવેદનશીલ પણ હોય. આ ચાર સ્તંભ થકી જ 'સર્વ જન હિતાય, સર્વ જન સુખાય'ના મંત્રને સાર્થક કરી શકાય છે. ખરા અર્થમાં જોઈએ, તો સમાજના દરેક વર્ગ, દરેક તબક્કા, જન-જન, અબોલ પશુ-પંખી સહિત પ્રત્યેક જીવ માટે સંવેદનશીલ નિર્ણયો લેવા, આ પ્રત્યેક વર્ગ સાથે જમીની રીતે જોડાઈને, તેમની દરેક મુશ્કેલી જાણવી-સમજવી એ માત્ર પ્રશાસકની નહીં, પણ પરિવારના મોભી સમાન જવાબદારી ગણાય. અને છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતના મોભી તરીકેની આ જવાબદારી લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુપેરે નિભાવી છે. તેમના નક્કર, પારદર્શક, પ્રગતિશીલ અને સંવેદનશીલ નિર્ણયો થકી જ ગુજરાત આજે વિકાસની કેડી પર હરણફાળ ભરી રહ્યું છે અને વિશ્વના નકશા પર અંકિત થઈ ચૂક્યું છે.

દેશના વર્તમાન વડાપ્રધાન અને રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસપથની કેડી કંડારી હતી, તેને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના મજબૂત નેતૃત્વએ વિકાસનો રાજમાર્ગ બનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે રાજ્યના વિકાસ અને જનહિત માટે પ્રશાસકીય વ્યવસ્થાને અને સમગ્ર તંત્રને રાજકીય ઈચ્છાશક્તિથી જનહિતનાં કાર્યો માટે પ્રેરિત કરવા સંવેદનશીલતા, પ્રગતિશીલતા, પારદર્શિતા અને નિર્ણાયકતાનાં મૂલ્યો આધારિત ચાર સ્તંભ ઉપર ગુજરાતની વિકાસયાત્રા વધુ સુદૃઢ બનાવી છે. 'સબ સમાજ કો લિએ સાથ મેં, આગે હૈ બઢતે જાના...'ના મંત્ર સાથે ચાલી રહેલી આ વિકાસયાત્રા અંતર્ગત સમાજના વિવિધ તબક્કા વિશે જો વાત કરીએ તો...

મુખ્યમંત્રી બાળસેવા યોજના અંતર્ગત કોવિડ-19ની વૈશ્વિક મહામારીમાં કોરોનાથી માતા-પિતા ગુમાવવાના કારણે નિરાધાર બનેલાં બાળકોને રાજ્ય સરકાર દ્વારા પ્રતિમાસ રૂ.4 હજારની સહાય સીધી જ તેમના બૅંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ સિવાય, જે બાળકોએ માતા-પિતા બેમાંથી કોઈ એકની છત્રછાયા ગુમાવી છે, તેવાં બાળકોને પ્રતિમાસ રૂ. 2 હજારની સહાય ડીબીટી મારફત સીધી જ તેમના બૅંક ખાતામાં જમા કરવામાં આવે છે. જ્યારે માતા-પિતાની છત્રછાયા ગુમાવનારી દીકરીઓને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અને નિવાસી શાળાઓમાં શિક્ષણ માટે પ્રવેશમાં અગ્રતા આપવાનો સંવેદનશીલ નિર્ણય લેવાયો છે.

એટલું જ નહીં, અભ્યાસ ચાલુ રાખનારાં 21 વર્ષ સુધીની ઉમરનાં બાળકોનો આફ્ટર કેર યોજનામાં સમાવેશ કરી, પ્રતિ માસ રૂ.6 હજારની સહાય આપવાની સાથોસાથ 14 વર્ષથી ઉપરની ઉંમરનાં બાળકોને વોકેશનલ તાલીમ અને 18 વર્ષથી ઉપરની ઉંમરનાં બાળકોને સ્કિલ ડેવલપમેન્ટની તાલીમ પણ આ યોજના અંતર્ગત આપવાની જોગવાઈ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં અભ્યાસ માટેની શૈક્ષણિક લોન તેમજ વિદેશ અભ્યાસની લોન માટે કોઈ પણ જાતની આવકમર્યાદા ધ્યાનમાં લીધા સિવાય અગ્રતા આપવાનો સંવેદનશીલ



નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

વિધવા બહેનોને 'ગંગાસ્વરૂપા' એવું સન્માનજનક નામ આપી, તેમનો પુત્ર સગીર વયનો થયા પછી સહાય બંધ કરવાની શરત દૂર કરવાનો સંવેદનશીલ નિર્ણય. શ્રમિકો માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના, આંગણવાડી કાર્યકરોનો પગાર વધારો અને નર્સિંગ કર્મચારીઓને એલાઉન્સ ચૂકવવાનો મહત્ત્વનો નિર્ણય, રાજ્યના ગરીબ પરિવારોને લગ્નના સુખદ પ્રસંગમાં જાન લઈ જવા માટે રાહત દરે એસટીની સુવિધા આપવા સહિતના સંવેદનશીલ નિર્ણય લેવાયા છે.

'સર્વ જન હિતાય, સર્વ જન સુખાય' એવા નિર્ધાર સાથે 'જન' શબ્દમાં માત્ર નાગરિકો જ નહીં, પરંતુ પશુ-પંખીઓને પણ સમાવિષ્ટ કરી, તેમનાં માટે પણ એટલી જ સંવેદના સાથે પ્રારંભ થયો છે કરુણા અભિયાનનો. જનહિતલક્ષી અનેક યોજનાઓના નક્કર અમલીકરણની સાથે 37 જેટલી કરુણા એમ્બ્યુલન્સના માધ્યમથી અબોલ પશુ-પક્ષીઓની દરકાર લેવાનું સંવેદનશીલ પગલું પણ રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યું છે. પરિણામે, અગાઉ ઉત્તરાયણના તહેવારોમાં જ્યાં આશરે 25 હજાર જેટલાં પક્ષીઓ જીવ ગુમાવતાં હતાં, ત્યાં આ આંકડો ઘટાડીને પંદરસો સુધી લાવી શકાયો છે. જ્યારે કરુણા એમ્બ્યુલન્સના માધ્યમ થકી અત્યાર સુધીમાં કુલ 38,700 જેટલાં પક્ષીઓના જીવ બચાવી શકાયા છે.

આવી જ રીતે, અબોલ પશુઓ માટે શરૂ કરવામાં આવેલા 1962 ટોલ ફ્રી નંબર અને 430થી વધુ ફરતાં પશુ દવાખાનાઓ રાજ્યના પશુપાલકો માટે આશીર્વાદરૂપ બન્યાં છે. આ પ્રકારે 10 ગામ દીઠ એક પશુ દવાખાનાના માધ્યમથી 12.70 લાખ પશુઓને ઘરઆંગણે નિ:શુલ્ક સારવાર અને રસીકરણની સુવિધા ઉપલબ્ધ કરી શકાઈ છે. આ સિવાય, 18 જેટલાં પશુરોગ અન્વેષણ એકમો દ્વારા રોગ સંશોધન, સરવે અને નિદાનની અસરકારક કામગીરી પણ કરવામાં આવી છે.

ખેડૂતોની આવક બમણી કરવા 'સાત પગલાં ખેડૂત કલ્યાણનાં' યોજના હેઠળ ભૂગર્ભ પાણીની ટાંકી માટે, પ્રાકૃતિક ખેતી માટે, કૃષિ કિટ માટે, છાંયડો યોજના, મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના, સ્માર્ટ હેન્ડસ ટૂલ્સ કિટ તેમજ ગૂડ્ઝ કેરેજ વાહન માટે સહાય આપવામાં આવે છે.

એક સમય હતો, જ્યારે રાજ્યમાં દુષ્કાળના વર્ષમાં પોતાની વાંઢ સાથે પશુપાલકોની હિજરત એ સામાન્ય બાબત હતી. પરંતુ, આજે નક્કર જળ વ્યવસ્થાપન થકી દુષ્કાળ એ ભૂતકાળ બન્યો છે. આમ છતાં, 2018ના નબળા વર્ષમાં રાજ્ય સરકારે સંવેદનશીલ નિર્ણયો લઈને રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોનાં અબોલ પશુઓ માટે વિક્રમજનક 15 કરોડ કિલો ઘાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેના કારણે પશુઓ કે માનવોએ હિજરત કરવી પડી નથી.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના 219 જેટલાં પાંજરાપોળ અને 1418 જેટલી ગૌશાળાને કુલ રૂ.246.72 કરોડની સહાય કરવામાં આવી છે. જ્યારે દુષ્કાળગ્રસ્ત વિસ્તારનાં છ લાખ પશુઓ માટે રૂ. 185.40 કરોડની સહાય પણ ચૂકવવામાં આવી છે. લોકડાઉનના સમયગાળામાં પણ પાંજરાપોળો અને ગૌશાળાઓ પ્રત્યે ઉદાર ધોરણો રાખીને ઘાસ વિતરણ અને પશુસહાય આપવામાં આવી છે.

રાજ્યની જનતા માટે પ્રજાલક્ષી નિર્ણયોની સાથે પ્રત્યેક નાગરિક-પ્રત્યેક જન સાથે સીધો સંવાદ સાધીને તેમની મુશ્કેલીઓ-પરિસ્થિતિઓ જાણવા અને સમજવા માટેનો કાર્યક્રમ એટલે 'મોકળા મને'. જ્યાં મુખ્યમંત્રીશ્રી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકો, શિક્ષકો, દિવ્યાંગો, માછીમારો, વિચરતી જાતિના પ્રતિનિધિઓ, અગરિયાઓ અને અને પાંજરાપોળ-ગૌશાળાના માલિકો, સમાજના વંચિત અને છેવાડાના સમુદાયો સાથે ખુલ્લા મને સંવાદ કરીને તેમની મુશ્કેલીઓ, જરૂરિયાતો વિશે જાણે છે અને તેના આધારે જ રાજ્ય સરકારની કેટલીક નીતિઓમાં હકારાત્મક બદલાવ પણ લાવવામાં આવ્યો છે. આ પ્રકારે સમાજના છેવાડાના લોકોના પ્રશ્નો જાણીને અનેક નવતર પગલાં લેવાયાં છે. અત્યાર સુધીમાં આ કાર્યક્રમનાં કુલ 10 સંસ્કરણો સંપન્ન થઈ ચૂક્યાં છે. ●

# 5 વર્ષ આપણી સરકારના

## સૌના સાથથી સૌના વિકાસના...



# અન્નોત્સવ દિવસ



**દેશના દરેક નાગરિકની અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવા ભારત સરકારની અભૂતપૂર્વ પહેલ**

**દાહોદ ખાતે રાજ્યકક્ષાના કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહી રાજ્યના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો**

## અનાજ વિતરણ કાર્યક્રમ

- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મે-૨૦૨૧ થી નવેમ્બર ૨૦૨૧ સુધી રાજ્યના 'રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા' હેઠળ આવરી લેવાયેલ ૭૧.૮૮ લાખ પરિવારોની ૩.૪૮ કરોડ જન સંખ્યાને દર માસે મળવાપાત્ર રાહતદરના અનાજ ઉપરાંત વ્યક્તિદિઠ વધારાના ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી કુલ ૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરાયું.
- 'અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સંવાદ કાર્યક્રમ' અંતર્ગત રાજ્યની તમામ ૧૭,૦૦૦ વાજબી ભાવની દુકાનો ખાતે ઉત્સવપૂર્ણ વાતાવરણમાં વિનામૂલ્યે અનાજ વિતરણ થયું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ૧૭૦૦૦ વાજબી ભાવની દુકાનોએ ઉપસ્થિત ૧૭ લાખથી વધુ લાભાર્થીઓ/સ્થાનિક આગેવાનોને સંબોધન કરી સંવાદ કર્યો.
- વાજબી ભાવની દુકાનદીઠ ૧૦૦ લાભાર્થી/સ્થાનિક અગ્રણીઓ સહભાગી થયા.
- રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં ૫૦૦ મોટા કાર્યક્રમોનું આયોજન સંપન્ન.








### લાભાર્થીઓ સાથે વડાપ્રધાનશ્રીએ સાધ્યો ઇ-સંવાદ

# રાજ્યના ગરીબોને વિનામૂલ્યે અન્ન વિતરણનો દાહોદથી પ્રારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગુજરાતના ૭૧ લાખ પરિવારોના સાડા ત્રણ કરોડ લોકોને દિવાળી સુધી સાવ વિનામૂલ્યે રાશન આપવાના સેવાયજ્ઞનો ઊગતા સૂર્યના પ્રદેશ દાહોદ ખાતેથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા નવ દિવસીય સેવાયજ્ઞના ત્રીજા દિવસે અન્ન વિતરણ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહભાગી બન્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશમાં ગરીબોના સશક્તીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાઇ રહી છે.

ગુજરાતમાં લાખો પરિવારોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે રાશન આપવામાં આવી રહ્યું છે. આ રાશન કોરોનાની મહામારીના સમયમાં ગરીબોની ચિંતામાં રાહત આપીને તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન કરે છે. આ યોજના છેલ્લા એક વર્ષથી સમગ્ર દેશમાં ચાલી રહી છે. દેશનો કોઈ ગરીબ ભૂખ્યો સૂએ નહીં, તે વાત આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે. પડકારો ગમે તેવા હોય પરંતુ સમગ્ર દેશ ગરીબોની સાથે છે એવો અહેસાસ આ યોજનાના કારણે લોકોને થયો છે.

કોરોના જેવી મહામારી ૧૦૦ વર્ષમાં પ્રથમ વખત આવી છે. વિશ્વના અનેક દેશોને ચિંતા હતી કે કોરોનાના કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉનને પરિણામે અનેક લોકોને ભૂખ્યા રહેવાનો વારો આવશે. હાલમાં દુનિયાના કેટલાક દેશોમાં કોરોના સંક્રમણને કારણે ભૂખમરાનું ભીષણ સંકટ આવ્યું છે. પરંતુ, ભારતે આ સંકટને પહેલેથી ઓળખી તેને ખાળવા માટે આગોતરું આયોજન કરીને આ યોજના અમલમાં મૂકી છે. દેશમાં ૮૦ કરોડથી વધુ ગરીબોને મફત અનાજ આપવા પાછળ કેન્દ્ર સરકારે રૂ. ૨ લાખ કરોડનો માતબર ખર્ચ કર્યો છે. જેનાથી વિશ્વના અનેક દેશો પ્રભાવિત થયા છે.

ગુજરાતની જાહેર વિતરણ વ્યવસ્થાની પ્રશંસા કરતાં વડાપ્રધાનશ્રીએ કહ્યું વન નેશન, વન રાશન યોજના લાગુ કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય હતું. તેના કારણે લોકડાઉનમાં ફસાયેલા અનેક પ્રવાસી શ્રમિકોને તેમના વતન સિવાયના બીજા સ્થળેથી રાશન મળી રહ્યું અને તેનો કોરોનાકાળમાં પણ રાશનથી વંચિત રહ્યા નથી.

થોડાં વર્ષો પહેલા દેશમાં અનાજના ગોદામો વધતાં ગયાં પરંતુ ભૂખમરો અને કુપોષણની ટકાવારીમાં કોઇ જ ઘટાડો થયો નહીં. તેનું મુખ્ય કારણ અસરકારક વિતરણ વ્યવસ્થાનો સંપૂર્ણ અભાવ હતો. આ સ્થિતિના બદલાવ માટે વર્ષ ૨૦૧૪થી નવી કાર્યશૈલીનો પુરવઠા વિતરણ વ્યવસ્થામાં અમલ કરવામાં આવ્યો અને જેમાં રાશન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરીને અનેક ભૂતિયા રાશનકાર્ડ નાબૂદ કરવામાં આવ્યા સાથે ગરીબોના હક્કના સરકારી અનાજ વિતરણની વ્યવસ્થામાંથી કટકી કંપનીને પણ દૂર કરવામાં આવી છે. ડિઝિટલ વ્યવસ્થાને કારણે જાહેર વિતરણ વ્યવસ્થા વધુ સુદૃઢ બની અને રાશનનો સીધો લાભ કોઈ વચેટિયા કે વિલંબ વગર ગરીબોને સીધો મળી રહ્યો છે.

એક જમાનો હતો કે દેશમાં વિકાસની વાતો માત્ર મોટાં શહેરો સુધી જ સીમિત હતી. જેને સામાન્ય માનવી સાથે કોઈ લેવાદેવા નહોતી. પરંતુ, આ વિચારધારાને બદલીને સામાન્ય માનવીના જીવનમાં પણ ગુણાત્મક પરિવર્તન આવે અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તેવા માપદંડો સાથે કેન્દ્ર સરકારે ગરીબોના




સશક્તીકરણને પ્રાથમિક્તા આપી છે.

દેશમાં ૨ કરોડ ગરીબ પરિવારોને આવાસ, ૧૦ કરોડ પરિવારોને શૌચાલય તેમજ જનધન ખાતાથી અંત્યોદય પરિવારોને બેંકિંગ વ્યવસ્થાથી જોડીને તેમને નવી તાકાત અને તકો પૂરી પાડી છે અને તેના કારણે ગરીબોનાં જીવનધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

ગરીબોને આરોગ્ય માટે આયુષ્માન ભારત, શિક્ષણ અને માર્ગો, ગેસ અને વીજળી મફત આપીને તેમને મુખ્યધારામાં જોડવામાં આવ્યા છે અને વિકાસનાં ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં આવ્યાં છે. મુદ્રા યોજના, આત્મનિર્ભર ભારત યોજના થકી ગરીબોને સન્માન પૂર્વ જીવનનો માર્ગ ખોલી આપ્યો છે.

ગુજરાતમાં એક સમયે પાણી માટે મહિલાઓને ઘણે દૂર સુધી જવું પડતું હતું. પરંતુ, સરદાર સરોવર યોજના, સૌની યોજના, નહેરોનાં નેટવર્કને પરિણામે આજે મા નર્મદાનું પાણી ગુજરાતના ગામે-ગામ અને ઘરે-ઘરે પહોંચ્યું છે. મા નર્મદાનું નામ માત્ર લેવાથી પુણ્ય મળે છે એ પાણી આજે નળ મારફત ઘર સુધી આવ્યું છે. જલ જીવન મિશન હેઠળ છેલ્લાં બે વર્ષમાં સાડા ચાર કરોડ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. આઝાદી બાદ માત્ર ૩ કરોડ પરિવારોના ઘરે પાણીના નળ હતા. ગુજરાતમાં આજે નલ સે જલ યોજના પૂરી થવાના આરે છે. એ વાતની ખુશી છે.

ડબલ એન્જિનની સરકારને કારણે ગુજરાતમાં અનેક વિકાસના કામો થયા છે. જેમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી આજે વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કચ્છમાં બનનારા રિન્યૂએબલ એનર્જી પાર્ક, રેલવે, હવાઈ જોડાણ સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અનેક પ્રોજેક્ટ ગુજરાતમાં કાર્યરત છે. અમદાવાદ અને સુરતમાં મેટ્રો, હેલ્થકેર, મેડિકલ શિક્ષણ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી થઈ છે.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજ અનેક વિકાસનાં કામો થઈ રહ્યાં છે અને તેના પરિણામે દેશના દરેક ક્ષેત્રના લોકોનો આત્મવિશ્વાસ વધ્યો છે. આ આત્મવિશ્વાસ જ દરેક પડકારનો સામનો કરવાની શક્તિ આપે છે અને સપનાઓ પૂરા કરવાની તાકાત પૂરી પાડે છે.

તેમણે રાષ્ટ્રનિર્માણની સંકલ્પના દોહરાવતાં કહ્યું હતું કે, ભારત દેશના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે આઝાદીના અમૃત મહોત્સવમાં દેશનિર્માણ માટે સૌને સંકલ્પબદ્ધ થવા હાકલ છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં યોજાઈ રહેલા અનાજ વિતરણનો રાજ્યવ્યાપી કાર્યક્રમ અંત્યોદયને ચરિતાર્થ કરવાનો સફળ પ્રયાસ છે. છેવાડાના માનવી અને ગરીબ વ્યક્તિના જીવનમાં સંવેદનશીલ સ્પર્શ છે. હરોળમાં ઊભેલી છેલ્લી વ્યક્તિને પણ પોતાના જીવનમાં સરકારનો અનુભવ થાય એવો પ્રયાસ છે. કેન્દ્ર સરકાર પાસે છેવાડાના માનવીના જીવનને બહેતર બનાવવા માટેનું વિઝન, દૃઢ ઇચ્છાશક્તિ, ગરીબ-વંચિત માટેની સંવેદના હોવાથી તે શક્ય છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં નરેન્દ્રભાઈએ જે વિકાસનો માર્ગ ચીંધ્યો હતો એ જ માર્ગ પર આ સરકાર ગરીબ, વંચિત, અંત્યોદયના ઉત્થાન માટે કાર્યરત છે. ગુજરાતની ૧૭ હજાર સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ૭૧ લાખ અંત્યોદય ગરીબ પરિવારોના-સાડા ત્રણ કરોડ લોકોને વિનામૂલ્યે અનાજ આપીને "સૌને અન્ન-સૌને પોષણના" સંકલ્પને આ સરકારે સાકાર કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સરકારે ૨ લાખ ૮૪ હજાર કરોડ રૂપિયાની અનાજની સબસિડી આપી છે અને આના દ્વારા દેશના ૮૦ કરોડ લોકોને છ મહિના અનાજ મળવાનું છે. કોરોના કાળમાં જે રીતે ગરીબોને નિ:શુલ્ક અનાજ પહોંચાડ્યું છે અને આવી કપરી પરિસ્થિતિમાં પણ કોઈને ભૂખ્યા સૂવા નથી દીધા. આ પ્રધાનમંત્રીની જન સામાન્ય માટેની ચિંતા અને સમર્પણ દેખાડે છે.

અનાજ વિતરણની વ્યવસ્થા ઊભી કરવામાં ગુજરાત એક મોડેલ સ્ટેટ છે. કોરોનાના કપરાકાળમાં અંત્યોદય, ગરીબ, શ્રમિક પરિવારોને લોકડાઉન દરમ્યાન આર્થિક આધાર અને અન્ન સલામતી આપવા મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત ૬૫ લાખ ૧૪ હજાર લાભાર્થીઓ પ્રતિ વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦૦ની સહાય ડી.બી.ટી.થી આપી છે. એટલું જ નહિ, કોરોનાની પહેલી લહેરમાં એપ્રિલથી નવેમ્બર-આઠ મહિના દરમ્યાન ૬૩ લાખ ૫૭ હજાર લાભાર્થી કાર્ડ ધારકોને ૯ લાખ મે. ટન ઘઉં, ૪ લાખ મે.ટન ચોખા અને ૫૦ હજાર મે.ટન ચણાનું વિતરણ કર્યુ છે. સાથોસાથ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અન્વયે ગુજરાતના ૩.૫૦ કરોડ લોકોને વિનામૂલ્યે રાશન આપ્યું છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, કોરોના મહામારી દરમિયાન દેશના લોકોને મફત આપવાની સાથે કોરોના સંક્રમણને સુરક્ષિત કરવા દેશના સો કરોડથી વધુ રસીપાત્ર





નાગરિકોને મફત રસી આપવાનો વડાપ્રધાનશ્રીએ ઉદાત નિર્ણય કર્યો છે. તેના માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનવો ઘટે. ગુજરાતમાં પ્રતિ દિન ચાર લાખ લોકોને કોરોના સામેની રસી આપવામાં આવી રહી છે. ગુજરાતમાં પાત્રતા ધરાવતી અડધી વસ્તીને રસી આપવામાં આવી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે સતત કાર્ય કરી રહી છે. આદિવાસી સમાજને મુખ્યધારા સાથે જોડવા માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ કહ્યું હતું કે, કોરોના મહામારીની પ્રથમ લહેરમાં રાજ્યના ૬૮.૮૦ લાખ પરિવારોને મફત અનાજ વિતરણ કરીને આવનારી આપત્તિથી બચાવ્યા હતા. રાજ્ય સરકારે એક કદમ આગળ ચાલીને ૬૧ લાખ નોન એન.એફ.એસ.એ. કાર્ડધારકોને પણ મફત અનાજ આપીને શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે ક્ષુધાતૃપ્તિનો યજ્ઞ કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ દાહોદ ઉપરાંત રાજકોટ, મહેસાણા, તાપી, ગાંધીનગર અને રાજકોટ જિલ્લાના લાભાર્થીઓ સાથે ઈ-સંવાદ પણ સાધ્યો હતો.

સાંસદ શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, કોરોનાના કપરાકાળમાં સમગ્ર દેશદુનિયામાં ગુજરાતે આયોજનબદ્ધ રીતે કામગીરી કરી હતી. જેથી પ્રવાસી શ્રમિકોએ પલાયન થવાને બદલે ગુજરાતમાં જ રહેવાનું પસંદ કર્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, શ્રી ભાર્ગવ ભટ્ટ, મુખ્યસચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, સચિવ શ્રી મહોમ્મદ શાહીદ, કલેક્ટર ડૉ. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી તેજસ પરમાર, એસપી શ્રી હિતેશ જોયસર સહિત પદાધિકારીઓ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



***સુરત શહેરના બેગમપુરા વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય લાભાર્થી મણીબહેન કચરાભાઈ રાઠોડ જણાવે છે કે, રાજ્ય સરકાર તરફથી મળતા અનાજને કારણે મારા પરિવારને બે સમયનો પોષણયુક્ત આહાર પ્રાપ્ત થઇ રહ્યો છે. પરિવારમાં પાંચ છોકરાઓ અને બે વહુઓ છે. પરિવાર મોટો હોવાથી અને પરિવારના મુખ્ય સદસ્ય ન હોવાથી કોરોના મહામારીની પરિસ્થિતિમાં અનેક આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. પણ સરકાર તરફથી આપવામાં આવતા અનાજને કારણે અમારી ઘણી સમસ્યાઓનો અંત આવ્યો છે. જે બદલ તેમણે સરકારનો અંત:કરણપૂર્વક આભાર માન્યો હતો.***



***સુરત શહેરના બેગમપુરા વિસ્તારના ખાંડાપુરામાં રહેતા ૪૫ વર્ષીય લાભાર્થી હિનાબહેન મોદી જણાવે છે કે, પરિવારમાં ૪ સદસ્યો છે અને પતિ ટેક્સટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. કોરોનાની મહામારી બાદ ટેક્સટાઈલ માર્કેટના ધંધામાં નુકસાન થવાથી કોરોનાની પરિસ્થિતિમાં ઘર ચલાવવું કઠિન બન્યું હતું. એવા સમયે રાજ્ય સરકારે વિનામૂલ્યે અનાજ આપીને અમારા પરિવારને ખૂબ મોટી મદદ કરી છે. સરકારના આવા સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ નિર્ણયને કારણે મારા અને મારા જેવી અનેક સ્ત્રીઓને પરિવારનું ભરણ-પોષણ કરવું સહેલું બન્યું છે. સરકાર દ્વારા પ્રતિ માસ મળતા અનાજથી હું અને મારો પરિવાર ખૂબ સંતોષ અનુભવી રહ્યા છીએ.***



***અસુમતીબહેન જયસિંગભાઈ રાણા જણાવે છે કે, પરિવારમાં માત્ર હું અને ૨૮ વર્ષીય એક દીકરો છે જે કોન્ટ્રાક્ટ હેઠળ નોકરી કરે છે. પતિના નિધન થયા બાદ એકલા હાથે ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હતું. પુત્રના ભણતર અને ઘરના ખર્ચાને પહોંચી વળવું અઘરું હતું. પરંતુ NFSA હેઠળ પ્રતિ માસ વિનામૂલ્યે અનાજ મળતા ઘર ચલાવવામાં થતી મુશ્કેલીઓમાં રાહત મળી છે. રાજ્ય સરકારના આ સંવેદનશીલ નિર્ણયને કારણે અમે પોષણયુક્ત આહાર લઈને સ્વસ્થ જીવન જીવી રહ્યા છીએ.***

## ગુજરાત "મોડેલ સ્ટેટ" તરીકે દેશમાં ઉભરી આવ્યું છે



તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના ગડત ખાતે "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણનો કાર્યક્રમ ગ્રામ વિકાસ અને પશુપાલનમંત્રી શ્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં શાંતિ, સમૃદ્ધિ અને રોજગારી છે. જેથી આપણું રાજ્ય એક મોડેલ રાજ્ય તરીકે દેશમાં ઊભરી આવ્યું છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ તાપી જિલ્લામાં ૨૧૨ વાજબી ભાવની દુકાનો ખાતેથી ગરીબોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના લાભાર્થી શ્રી જીતેન્દ્રભાઈ ચૌધરી સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો.

## નાગરિકોની અન્ન સુરક્ષા માટે સરકાર કટિબદ્ધ



પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામૂલ્યે અન્ન વિતરણ કાર્યક્રમ મહીસાગર જિલ્લા મથક લુણાવાડા ખાતે નર્મદા અને શહેરી ગૃહનિર્માણ રાજ્યમંત્રી શ્રી યોગેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો.

મંત્રી શ્રી યોગેશભાઈ પટેલે જણાવ્યું કે, ગુજરાત રાજ્યનો કોઈપણ નાગરિક ભોજન વિના ન રહે, અને દરેક નાગરિકની અન્ન સુરક્ષા સુનિશ્ચિત થાય તે માટે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર કટિબદ્ધ છે. મહીસાગર જિલ્લામાં નગરપાલિકા વિસ્તારમાં ત્રણ સ્થળ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૯ સ્થળોએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત મહાનુભાવોના હસ્તે ૧૧૦૫૦ વ્યક્તિઓને વિનામૂલ્યે પ્રતિ વ્યક્તિ પાંચ કિલો અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં આ યોજના અંતર્ગત એન.એફ.એસ.એ લાભાર્થીઓ ૧૪૨૯૪૩ રેશનકાર્ડમાં ૭૩૦૭૪૩ જનસંખ્યાનો સમાવેશ થાય છે, જેઓને આગામી સમયમાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવશે. ●

## સૌને અન્ન અને સૌને પોષણ મળે તે સરકારની પ્રાથમિકતા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પોરબંદર જિલ્લામાં ૧૮૩ જગ્યાએ ૯ હજાર જેટલા લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું હતું. જે અંતર્ગત બિરલા હૉલમાં અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની સુરક્ષા વિભાગના રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના હસ્તે લાભાર્થી પરિવારોને અન્નકિટ વિતરણ કરવામાં આવી હતી.

લાભાર્થી પરિવારોને અન્નકિટ વિતરણ કરતાં મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા જણાવ્યું હતું કે, સૌને અન્ન અને સૌને પોષણ આપવું એ સરકારની પ્રાથમિકતા રહી છે. લોકોનાં વધુને વધુ વિકાસલક્ષી કામો વર્તમાન રાજ્ય સરકારે કર્યાં છે. માં વાત્સલ્ય, મા અમૃતમ્, સામાજિક ઉત્કર્ષ સહિત છેવાડાના માનવીને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સધ્ધર કરીને વર્તમાન સરકારે સૌના



સાથ સૌના વિકાસ સૂત્રને સાર્થક કર્યુ છે.

રાજયના દરેક નાગરિકને અન્ન મળે, પોષણ મળે તે દિશામાં સંવેદનશીલ સરકાર કોરોના કાળમાં ગરીબોને વિનામૂલ્યે અનાજ વિતરણ કરીને ગરીબો, શ્રમિકોના પડખે ઊભી રહી છે. જિલ્લા પુરવઠા તંત્રની શ્રેષ્ઠ કામગીરી બદલ મંત્રીશ્રીએ પુરવઠા તંત્રના કર્મયોગીઓને પ્રમાણપત્રો પાઠવીને સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે અનેક સેવાકીય કાર્યો કર્યાં છે તેમ જણાવીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોરોના કાળમાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે ગુજરાતમાં ૭૧ લાખથી પરિવારોને લાભ મળ્યો છે.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી બાબુભાઇ બોખીરીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.કે.અડવાણી,પોરબંદર-છાયા સંયુક્ત નગરપાલિકાના પ્રમુખ શ્રી સરજુભાઇ કારિયા, અગ્રણી શ્રી કિરીટભાઇ મોઢવાડિયા, શ્રી અશોકભાઈ મોઢા, શ્રી પંકજભાઈ મજીઠિયા સહિત કર્મચારીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# નાગરિકોને પૂરતું અને સમયસર અન્ન મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

''સર્વજન હિતાય, સર્વજન સુખાય'' સૂત્રને ચરિતાર્થ કરી નિર્ણાયક અને સંવેદનશીલ રાજ્ય સરકાર તમામ નાગરિકોને પૂરતું અને સમયસર અન્ન મળી રહે તે માટે કટિબદ્ધ છે. નાગરિકોને અન્ન સલામતી અને પોષણ સલામતી પૂરી પાડવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી આ સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. કોરોનાના કપરાકાળમાં લોકડાઉન દરમિયાન રાજ્યનાં ૮૦ ટકા નાગરિકોને વિનામૂલ્યે અનાજ આપવાનો નિર્ણય લઈ રાજ્ય સરકાર અંત્યોદય પરિવારોની પડખે અડીખમ ઊભી રહી છે. સંવેદનશીલ સરકાર દ્વારા COVID-19 મહામારીમાં લોકડાઉન દરમ્યાન ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા'' (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૬૫.૪૦ લાખ કુટુંબોની ૩.૨૧ કરોડ જનસંખ્યા તથા N.F.S.A. હેઠળ સમાવેશ થઈ શકેલ ન હતાં તેવાં ૩.૪૦ લાખ BPL કુટુંબોની ૧૪.૯૨ લાખ જનસંખ્યાને N.F.S.A. હેઠળ સમાવી કુલ ૬૮.૮૦ લાખ કુટુંબોની ૩.૩૬ કરોડ જનસંખ્યાને એપ્રિલથી જૂન માસ દરમ્યાન ઘઉ, ચોખા, ચણા દાળ, ખાંડ તથા મીઠાના “ફૂડ બાસ્કેટ”નું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલા લાભાર્થીઓને તેમની પાત્રતા મુજબ અન્ન સલામતી માટે રાહત દરે ઘઉ અને ચોખાનું દર માસે વિતરણ કરવામાં આવે છે. માર્ચ-૨૦૨૧ની સ્થિતિએ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ- ૭૧.૪૪ લાખ કુટુંબોની ૩૪૬.૯૦ લાખ નાગરિકોને NFSA હેઠળ આવરી લેવાયા છે. રાજ્ય સરકાર દ્વારા તમામ દિવ્યાંગ લાભાર્થીઓને અને રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ ગંગાસ્વરૂપા (વિધવા) બહેનોને, શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને NFSA હેઠળ સમાવવાનો નિર્ણય પણ કર્યો છે. એટલું જ નહિ, આ યોજના માટે વૃધ્ધ વ્યક્તિની પાત્રતાની ઉંમર ૬૫ વર્ષથી ઘટાડીને ૬૦ વર્ષ કરવામાં આવી છે.

એટલું જ નહિ, લોકડાઉનના કપરા સમયમાં N.F.S.A. હેઠળ સમાવેશ થયો નથી તેવા ૬૧.૦૪ લાખ APL-1 કેટેગરીના મધ્યમવર્ગીય પરિવારોની ૨.૫૦ કરોડ જનસંખ્યાને સૌ પ્રથમવાર પ્રતિ કુટુંબ માસિક ૧૦ કિ.ગ્રા. ઘઉ, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. ચણાદાળ તથા ૧ કિ.ગ્રા. ખાંડના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા તે સમયે રાજ્યના રેશનકાર્ડ વગરના, નિરાધાર, જરૂરિયાતમંદ લોકો, સંકટગ્રસ્ત, પરપ્રાંતીય મજૂરોને રાજ્યની “અન્નબ્રહ્મ” યોજના હેઠળ સમાવેશ કરીને તથા યોજનાનો વ્યાપ વધારીને ઘઉ, ચોખા, ચણાદાળ, ખાંડ તથા મીઠાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કોરોનાકાળ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા બે હજાર કરોડની બજાર કિંમતનું અનાજ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.



મુખ્યમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અંતર્ગત COVID-19ની મહામારીની પરિસ્થિતિમાં રાજ્યના ૬૮.૮૦ લાખ NFSA કાર્ડ ધારકો તથા ૬.૩૮ લાખ બાંધકામ ક્ષેત્રના શ્રમિકોને રૂ.૧ હજારની નાણાકીય સહાય મળી કુલ રૂ.૬૫૦ કરોડના ખર્ચે DBT દ્વારા લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના(PMGKAY) હેઠળ રાજ્યના N.F.S.A. સમાવિષ્ટ ૬૮.૮૦ લાખ કુટુંબોની ૩.૩૬ કરોડ જનસંખ્યાને એપ્રિલથી નવેમ્બર -૨૦૨૦ સુધી સતત ૮ માસ દરમ્યાન તેઓને મળવાપાત્ર ઘઉ તથા ચોખા ઉપરાંત પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા. ઘઉ અને ૧.૫ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા અનાજ તથા પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા ચણાના જથ્થાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ નિર્ણાયક સરકાર દ્વારા રાજ્યમાં “અન્ન સલામતી કાયદા” હેઠળ સમાવેશ કરાયેલ તમામ ૭૧ લાખ રેશનકાર્ડ ધારકોને વર્ષમાં બે વાર કુટુંબ દીઠ ૧ લિટર કપાસિયા તેલના રાહત દરે વિતરણ માટે રૂ. ૩૭.૩૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

5 વર્ષ

આપણી સરકારના
સૌના સાથથી
સૌના વિકાસના...



# નારી ગૌરવ દિવસ



## મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત રૂ.૧૦ હજાર સખી મંડળની એક લાખ બહેનોને વગર વ્યાજે રૂ.૧૦૦ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું





### રાજ્યભરમાં નારી ગૌરવ દિવસની ઉજવણી

- શહેરી વિસ્તારમાં ૩૮ અને ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ કાર્યક્રમો સહિત મહિલા ઉત્કર્ષ યોજનાના કુલ ૧૦૮ કાર્યક્રમો યોજાયા.
- શહેરી વિસ્તારમાં ૫૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦૦ સખી મંડળો મળી કુલ ૧૦,૦૦૦ સખી મંડળો કાર્યક્રમમાં જોડાયા.
- રૂ. ૧૭.૧૭ કરોડના કર્ચે નિર્મિત આંગણવાડી (નંદ ઘર) તથા અન્ય કચેરીના ૨૨૩ મકાનોનું લોકાર્પણ અને રૂ. ૧૩.૯૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર ૧૪૦ મકાનોનું ખાતમુહૂર્ત.
- રૂ. ૨.૪૦ કરોડના ખર્ચે લુણાવાડા(મહીસાગર) અને નવસારી ખાતે નવનિર્મિત સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ તથા ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા ખાતે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટરનું ખાતમુહૂર્ત.

### ગુજરાતમાં મહિલા ઉત્કર્ષ માટે રૂ.140 કરોડની આર્થિક સહાય

# નારીશક્તિને મળ્યું 'વિકાસનું વિશ્વ'

એક શિક્ષિત મહિલા બે કુળને દિપાવે છે. તેવી રીતે, એક સશક્ત મહિલાથી કુટુંબ, સમાજને સશક્ત બનાવવામાં સહાયરૂપ બને છે. સમગ્ર રાજ્યની નારીશક્તિની અભિવંદના કરવાનો કાર્યક્રમ વડોદરાના આંગણે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમાં સંપન્ન થયો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનનાં સફળ પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે આદરવામાં આવેલા જનસેવા યજ્ઞ અનુષ્ઠાનનો ચોથો દિવસ નારીશક્તિને અર્પણ કરાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ આ યોજના હેઠળ ડિસેમ્બર - ૨૦૨૨ પહેલાં રાજ્યની ૧૦ લાખ મહિલાઓને તેમાં જોડીને રૂ. એક હજાર કરોડનું વિના વ્યાજનું ધિરાણ આપવાની મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જાહેરાત કરી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમારી સરકારનો મંત્ર છે 'જે કહેવું તે કરવું અને જેટલું કરી શકીએ તેટલું જ કહેવું' અને, અમે પાંચ વર્ષ પહેલાં જે કહ્યું હતું તેનાથી અનેકગણાં વધુ જનતાના હિતનાં વિકાસકાર્યો કર્યાં છે.

આ અવસરે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ રાજ્યના ૧૪ હજાર મહિલા ગ્રુપોની (JLESG) એક લાખ મહિલાઓને રૂ. ૧૪૦ કરોડની વગર વ્યાજની લોનનું વિતરણ કરવા સાથે મહિલા અને બાળ વિકાસ



વિભાગના વિવિધ વિકાસ કાર્યોનું ડિજિટલી લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, જન-જન પ્રત્યેની સંવેદના અને સર્વના સર્વાંગી વિકાસની વિભાવના સાથે આપણે અનેક નિર્ણયો કર્યા છે, અને લોકો સુધી તેના લાભો પહોંચાડ્યા છે. આજે એનું સરવૈયું જનશક્તિ સમક્ષ મૂકવાનો અવસર છે. રાજ્ય સરકારનો કાર્યમંત્ર રહ્યો છે સૌનો સાથ-સૌનો વિકાસ અને એમાં આ વખતે આપણે એવી કરી બતાવ્યું કે સૌના સાથથી, સૌનો વિકાસ. એટલે વિકાસની આ પ્રક્રિયા પરસ્પરના સાથ, સહયોગ અને સહકાર વિના શક્ય નથી. આપણે ગુજરાતમાં સૌના સાથથી, સૌનો વિકાસ કર્યો છે.

જ્યાં નારીઓનું સન્માન અને ગૌરવગાન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ છે. એનો મતલબ કે નારીશક્તિનું સન્માન એ સમૃદ્ધિ તરફનો માર્ગ છે. નારીશક્તિને વિકસવા માટેનું યોગ્ય આર્થિક વાતાવરણ રાજ્ય સરકારે આપ્યું છે. નારીમાં રહેલી શક્તિની ઉપાસના કરીએ છીએ. નારીમાં રહેલી ઊર્જાની આરાધના કરીએ છીએ. ગુજરાતની નારી એટલે અબળા નહીં પણ તેજસ્વિતાનું અને ઊર્જાનું પ્રતીક છે. પરંપરાઓથી, સંસ્કારથી આપણે મહિલાને માનભર્યું સ્થાન આપ્યું છે. મહિલા પુરુષ સમોવડી નહીં, હવે ગુજરાતની મહિલા પુરુષ કરતાં પણ વધુ શક્તિશાળી બનાવવાનો પ્રયત્ન કરી વિવિધ ક્ષેત્રમાં સમાન તકો આપી છે. રાજ્ય સરકારની લોકોપયોગી, જનહિતકારી અને પ્રજાલક્ષી યોજનાઓ અને કાર્યક્રમો નારી ગૌરવને સમર્પિત છે. જાપાનના ટોક્યોમાં ચાલી રહેલી ઓલિમ્પિક ગેમ્સમાં આપણા ગુજરાતની છ મહિલા રમતવીરો દેશનું પ્રતિનિધિત્વ વિવિધ રમતોમાં કરે છે. એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને સમાન હક્કો અને સમાન દરજ્જો અપાયા છે. શાસનમાં મહિલાઓ સરખી હક્કદાર છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓને ૫૦ ટકા તક આપવામાં આવી છે, આજે મહિલાઓ માત્ર ઘર નથી ચલાવતી, ગામ, શહેર, નગર પંચાયત કે જિલ્લાની શાસનધુરા પણ મહિલાઓના હાથમાં છે.

તાજેતરમાં દોઢ લાખથી વધારે યુવાનોને કાયમી સરકારી નોકરી આપી છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે તેમાં ૩૩ ટકા જગ્યા મહિલાઓ માટે સુનિશ્ચિત કરવામાં આવી છે. ગુજરાતમાં વિવિધ વર્ગોના વિકાસ માટે વિવિધ યોજનાઓ કાર્યરત છે. તે પૈકીની ૧૮૯ યોજનાઓ સંપૂર્ણ રીતે મહિલાઓ માટેની યોજનાઓ છે. રાજ્ય સરકાર મહિલાઓના સશક્તીકરણ અને સર્વાંગી વિકાસ માટે સંકલ્પબદ્ધ છે.

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાની ભૂમિકા સ્પષ્ટ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે આપણે ગુજરાતની બહેનોને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ








યોજનાની ભેટ આપી હતી.

આ યોજના અંતર્ગત રાજ્યમાં દસ હજાર સખીમંડળોની રચના કરવામાં આવી છે. મહિલાઓ વિનાવ્યાજે બેંકમાંથી લોન-ધિરાણ મેળવે તેવી આ દેશની પ્રથમ યોજના છે. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના એ જોઈન્ટ લાયેબિલીટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રૂપના આખી દુનિયાના નવતર કોન્સેપ્ટ સાથે સુસંગત ઐતિહાસિક પહેલ છે. બાંગ્લાદેશના મહોમ્મદ યુનુસે આપેલા માઈક્રો ફાઈનાન્સના ખ્યાલ કરતાં પણ વધુ સારી રીતે આ યોજનાને બનાવવામાં આવે છે. જે અન્ય રાજ્યો માટે પણ પ્રેરણારૂપ છે. આ યોજના મહિલાઓને પગભેર કરવાના લક્ષ્ય સાથે શરૂ કરી છે.

રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ આ અવસરે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને શ્રેષ્ઠમાંથી સર્વશ્રેષ્ઠ અને ઉત્તમમાંથી સર્વોત્તમ બનાવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૨માં મહિલાઓની ચિંતા કરી અલાયદો મહિલા અને બાળ વિકાસ વિભાગ શરૂ કર્યો હતો. ત્યારે



**“રાણાવાવ ખાતે કાર્યરત અમરદડ ગામનાં દિયા સખીમંડળના રૂપીબહેન ડોડિયાએ હર્ષની લાગણી સાથે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરીને કહ્યું કે, ઝીરો ટકા વ્યાજે રૂપિયા એક લાખની લોનની સહાય બદલ હું સમગ્ર સખીમંડળો વતી સરકારનો આભાર વ્યક્ત કરું છું. સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યનાં સખી મંડળોને ઝીરો ટકા વ્યાજે લોન આપી આર્થિક મદદ કરીને મહિલાઓના ઉત્કર્ષ માટે એક મહત્ત્વનું કદમ ઉઠાવ્યું છે.”**



**“નડિયાદના ચંદ્રિકાબહેન મકવાણાએ જણાવ્યું હતું કે, અમે કુલ દસ બહેનો મળીને હરસિદ્ધિ ગ્રૂપ સખીમંડળ ચલાવીએ છીએ. જેમાં દરેક બહેન જુદા જુદા કામ જેવું કે, પર્સ બનાવવું, સિલાઈ કામ, સાડીનું ભરતકામ, પાર્લરના કામ માટે અનુભવ ધરાવે છે. અમારા સખીમંડળને રૂા. એક લાખની વગર વ્યાજે સહાય આપવામાં આવી છે. જે સીધી જ અમારા સખીમંડળના બેંક ખાતામાં જમા થઈ છે. આ એક લાખ રૂપિયાની સહાયથી અમારું સખીમંડળ વધુ સારું કામ કરી બતાવશે તેવી આશા મુખ્યમંત્રી સાહેબને આપું છું અને તેમનો આભાર પણ માનું છું.”**



**“મોરબી જિલ્લામાં “નારી ગૌરવ દિવસ” નિમિત્તે મહિલા ઉત્કર્ષ યોજનાનો લાભ લેતા ઉર્વશીબહેન પટેલે જણાવ્યું કે, મહિલા ઉત્કર્ષ યોજના થકી અમારા મન મંદિર સખીમંડળને એક લાખની સહાય મળી છે. આ સહાયનો ઉપયોગ કરીને અમે પોતાનો ધંધો ચાલુ કરીને રોજગારી મેળવી શકીશું. આપણે જાણીએ છીએ કે કોરોનાના સમયમાં બધાને ધંધા રોજગારી માટે તકલીફ પડી હતી. જ્યારે અમને આ સહાયથી નવો ઉત્સાહ મળ્યો છે. આ સહાયથી અમે લોકો ઘરના આર્થિક સંકટને દૂર કરી નવા ધંધા તરફ પ્રયાણ કરીને રોજીરોટી કમાશું.”**



તેનું બજેટ રૂ. ૪૫૬ કરોડની સામે આજે રૂ. ૩૫૧૧ કરોડનું છે.

રાજ્ય સરકાર દ્વારા નારીઓના સશક્તીકરણ માટે તમામ પગલાઓ લેવામાં આવ્યાં છે. મહિલાઓને વિના વ્યાજની લોન આપી પગભર બનાવવા ઉપરાંત, વ્હાલી દીકરી યોજના, મહિલા ઉત્કર્ષ યોજના, ગંગા સ્વરૂપા યોજના થકી મહિલાઓ માટે વિશેષ પ્રાવધાન સરકાર દ્વારા કરાયાં છે.

મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા ગંગા સ્વરૂપા વિધવા સહાય યોજનાના લાભાર્થીઓ, મહિલા ઉત્કર્ષ યોજનાના મંડળોને સહાય અને લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે મહિલા ઉત્કર્ષ યોજનાની પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યસચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, ધારાસભ્ય સર્વ શ્રી મનીષાબહેન વકીલ અને સીમાબહેન મોહિલે, પદાધિકારીઓ, સચિવ શ્રી કે. કે. નિરાલા, મ્યુનિ. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, ગ્રામવિકાસ વિભાગ સચિવ શ્રીમતી સોનલ મિશ્રા, શહેરી વિભાગ સચિવ શ્રી લોચન શેહરા, કલેક્ટર શ્રી આર.બી. બારડ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ.રાજેન્દ્ર પટેલ, જી.એલ.પી.સીના એમ.ડી. શ્રી કે. સી. સંપટ, નગરસેવકો સહિત મહિલાઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.●



## દાહોદની સખીમંડળોને રૂ.૨૫૬ લાખની લોન સહાય

નારી ગૌરવ દિવસે દાહોદમાં સહકાર રાજ્યમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં સખી મંડળની મહિલાઓ લોન વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, 'મહિલા ઉત્કર્ષ યોજના' અંતર્ગત દાહોદ જિલ્લાનાં ૨૫૬ સખીમંડળોને રૂ. ૨૫૬ લાખની સહાયના ચેક આપવામાં આવ્યા હતા. આ લોન વિના વ્યાજની અને જામીન વિનાની છે. રાજ્ય સરકાર દ્વારા આટલી મોટી સંખ્યામાં મહિલાઓને લોન આપીને મહિલાઓના આર્થિક ઉત્કર્ષની દિશામાં આ વધુ એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ મેળવી છે. રાજ્યમંત્રી શ્રી પટેલે દાહોદ નગરમાં સખીમંડળ દ્વારા ચલાવાતા પ્રખ્યાત પ્લાસ્ટિક કાફે અને સખી શોપની તેમજ દાહોદ નગરના એપીએમસી માર્કેટની મુલાકાત લીધી હતી.



## ગાંધીનગરમાં ૨૨ મહિલા જૂથોને ચેક અર્પણ

ગાંધીનગરના રાયસણમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ પ્રતીકાત્મક રૂપે ૨૨ મહિલા જૂથોને એક- એક લાખ મળી કુલ ૨૨ લાખની લોન સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નારી ગૌરવ દિવસે મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, નારી ગૌરવ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ ગ્રામીણ તથા શહેરી વિસ્તારની મહિલાઓને આર્થિક ઉપાર્જન માટે ત્વરિત લોન સહાય મળી રહે તેવા ઉમદા આશયથી, મહિલા જૂથોને લોનના ચેક આપવા સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોન સહાય શૂન્ય ટકા વ્યાજે અને ગેરેંટી વગર આપવામાં આવી રહી છે. આ સહાય થકી રાજયની અનેક મહિલાઓ પગભર બની શકશે. ગાંધીનગરમાં સખી વન સ્ટોપ સેન્ટરના નવીન મકાનનું રાજયમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. તેની સાથેસાથે ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણે દહેગામના ગલુદણ ગામે લાભાર્થીઓને લોન ચેક તથા લોન મંજૂરી પત્રકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજ્ય સરકાર મહિલા સશક્તીકરણને સુદૃઢ બનાવવા સંકલ્પબદ્ધ




નારીશકિતના સન્માન અને તેમની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા રાજય સરકારે અનેક કલ્યાણકારી પગલાં લીધાં છે. ગુજરાત સરકારે રાજયની મહિલાઓને સામર્થ્યવાન બનાવવા આર્થિક સશક્તીકરણ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ બનાવીને જે કામો કરવામાં આવ્યાં છે તે થકી મહિલાઓ વધુ સક્ષમ બની છે.

આણંદ ખાતે યોજાયેલા નારી ગૌરવ દિવસ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમનો પ્રારંભ કરાવતાં નાયબ મુખ્યમંત્રીશ્રી પટેલે કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારના સુશાસનના સાતમી ઑગસ્ટે પાંચ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે તે નિમિત્તે આપણી સરકારે ગુજરાતના વિકાસની પ્રગતિ, એકતા, ગૌરવ, આરોગ્ય, શિક્ષણ, પાણી પુરવઠા, માર્ગો જેવા પ્રજાલક્ષી જનસેવાનાં કાર્યો પ્રજા સુધી પહોંચાડવાનો આ સેવાયજ્ઞ આદર્યો છે.

શ્રી નીતિનભાઇ પટેલે સમગ્ર સમાજની નારી શકિતને સામર્થ્યવાન બનાવવા, આર્થિક રીતે પગભર બને, વહીવટી તેમજ રાજકીય નિર્ણયની પ્રક્રિયામાં સહભાગી બને એ માટે વિવિધ ભરતીઓમાં મહિલાઓ માટે અનામતની જોગવાઇ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આણંદ નગરપાલિકા સંચાલિત હોસ્પિટલને રાજય સરકારે તેના હસ્તક લઈને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું. વધુમાં તેમણે આણંદ ખાતે આણંદ શહેરમાં જ ગરીબ-મધ્યમ વર્ગના લોકોને આધુનિક આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે આણંદ ખાતેના વ્યાયામ શાળા ખાતે રૂા. ૬૦ કરોડના ખર્ચે ૨૦૦ પથારીની સુવિધા ધરાવતી સિવિલ હોસ્પિટલ તૈયાર કરવા માટેનું પ્લાનિંગ અને ડિઝાઇનનું કામ હાલ ચાલી રહ્યું છે જે પૂર્ણ થતાં ટૂંક સમયમાં જ પોતાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવશે તેમ કહ્યું હતું.

નારી ગૌરવ દિવસ અંતર્ગત મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ આણંદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ગ્રામીણ વિસ્તારનાં ૧૦ અને શહેરી વિસ્તારનાં ૦૯ મળી ૧૯ સખી મંડળોને રૂા. ૧-૧ લાખના ધિરાણના ચેકો એનાયત કરવામાં આવ્યા હતા. જયારે જિલ્લાનાં વિવિધ સ્થળોએ યોજાયેલ કાર્યક્રમોમાં મળીને જિલ્લાની કુલ ૧૫૫ સખી મંડળ/સ્વસહાય જૂથોને રૂા. ૧-૧ લાખના ચેકો અને મંજૂરીના હુકમો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી મનોજ દક્ષિણીએ રાજય સરકારના જનસેવા યજ્ઞની વિગતો આપી મહિલા સશક્તીકરણ માટે રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી મહિલાઓને તેના લાભો પ્રાપ્ત કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે મહિલા અગ્રણી શ્રીમતી હંસાકુંવરબા રાજ, નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી રૂપલબહેન પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી છાયાબહેન ઝાલા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી અંજનાબહેન પટેલ, જિલ્લા અગ્રણી શ્રી યોગેશભાઇ પટેલ, શ્રી મહેશભાઇ પટેલ, શ્રીમતી નીપાબહેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જી. પ્રજાપતિ, પ્રાંત અધિકારી શ્રીમતી જે. સી. દલાલ, શહેર મામલતદાર શ્રી કેતન રાઠોડ, આણંદ જિલ્લા-શહેર-તાલુકાના સંગઠનના પદાધિકારીઓ, કાઉન્સિલરો, શહેર-તાલુકાની વિવિધ સખીમંડળની મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# માત્ર એક દિવસ નહિ, ગુજરાત માટે તો ૩૬૫ દિવસ નારી ગૌરવના

વિદેશની સંસ્કૃતિમાં નારી શક્તિની ઉપાસના અને માન-સન્માન માત્ર એક દિવસ એટલે કે "વિશ્વ મહિલા દિવસ" પૂરતો ઊજવાય છે. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં મહિલાઓનું સન્માન એ સદીઓની નિત્ય પરંપરા રહી છે.

સમાજના સમગ્રતયા વિકાસ માટે નારીનું સન્માન જળવાય તે અતિ આવશ્યક છે. નારી ગૌરવ એટલે મહિલાઓનું સન્માન અને આત્મ ગૌરવ. તેમની કામગીરી, ચિંતાઓ, અધિકારો વગેરે કોઈપણ સમાજના વિકાસ માટે આવશ્યક હોય છે. માતા, પત્ની, પુત્રી, પુત્રવધૂ જેવી વિવિધ ભૂમિકાઓ દ્વારા સમાજ અને દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં મહિલાઓ મહત્ત્વપૂર્ણ યોગદાન પૂરું પાડે છે.

છેલ્લાં પાંચ વર્ષમાં મહિલા ઉત્કર્ષ અને સશક્તીકરણ સહિતનાં લગભગ તમામ ક્ષેત્રોમાં ગુજરાતની શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈ પટેલની પ્રગતિશીલ સરકારે દૃઢ રાજકીય ઇચ્છાશક્તિથી અને સંવેદનશીલતાપૂર્વક રીતે પરિણામલક્ષી નિર્ણાયકતા દાખવી જન-જનને પારદર્શક શાસનની પ્રતીતિ કરાવી છે.

"પાંચ વર્ષ નારી ગૌરવનાં" ના ભાગરૂપે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીએ મહત્ત્વાકાંક્ષી "મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના" લાગુ કરીને મહિલાઓના આર્થિક સશક્તીકરણ દ્વારા વિકાસ પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી વધારીને ગુજરાતને દેશનું રોલમોડલ બનવા મક્કમતાથી પ્રયાસો હાથ ધર્યા છે. આ યોજના અંતર્ગત રાજ્યની ગરીબ, મધ્યમવર્ગીય, સામાન્ય મહિલાઓનાં સપનાઓને સાકાર કરવાના ઉદ્દેશ્યથી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાનો નક્કર અમલ થઈ રહ્યો છે. આ માટે ૧૦ લાખ મહિલાઓને ઝીરો ટકા વ્યાજે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧,૦૦૦ કરોડની લોન સહાય જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં ૫૦ હજાર અને શહેરી વિસ્તારોની ૫૦ હજાર મળીને કુલ ૧ લાખ મહિલા સ્વસહાય જૂથની રચના કરવામાં આવી છે.

સમગ્ર રાજયમાં જ્યારે મહિલાઓની સંખ્યા ૫૦ ટકા જેટલી હોય ત્યારે તેમના માટેનું બજેટ પણ મહત્ત્વનું બની જતું હોય છે. ચાલુ વર્ષે મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે રૂ.૩૫૧૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતની નિર્ણાયક સરકારે મહિલાઓને સત્તામાં ભાગીદાર બનાવવા ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોમાં ૫૦ % મહિલા અનામતની જોગવાઈ કરી છે. આ સાથે સરકારી નોકરીઓમાં પણ મહિલાઓ માટે ૩૩ % અનામતની જોગવાઈ કરી છે.

જેન્ડર ઇક્વાલિટીની દિશામાં ગુજરાતે આગેકદમ બઢાવી "વ્હાલી દીકરી યોજના" લાગુ કરી છે. આ યોજના દીકરીના જન્મ વેળા માતા-પિતાને આર્થિક સહાય આપીને જેન્ડર રેશિયો જાળવવાની દિશામાંનું ગુજરાતનું મહત્ત્વનું પગલું છે. જે અંતર્ગત રૂપિયા બે લાખની વાર્ષિક આવક ધરાવતા પરિવારને પ્રથમ બે દીકરી માટે આ યોજનાનો લાભ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૯ હજાર જેટલા પરિવારોને રૂ. ૨૨ કરોડથી વધુ સહાય આ યોજના હેઠળ મળી છે. ધોરણ-૧માં પ્રવેશ લેતી કન્યાને રૂ. ૪,૦૦૦, ધોરણ ૯માં પ્રવેશ લેતી કન્યાને રૂ. ૬,૦૦૦ અને ઉચ્ચ શિક્ષણ માટે અથવા ૧૮ વર્ષની ઉંમરે લગ્ન વખતે રૂ. ૧ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવે છે.





વર્ષ ૨૦૨૧-૨૨ ના "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ" માં કુલ રૂ. ૮૭,૧૧૧.૧૦ કરોડની મહિલાલક્ષી જોગવાઈ કરવામાં આવી છે. જેન્ડર બજેટ ૨૦૨૧-૨૨માં ૮૬૭ જેટલી યોજનાઓ આવરી લેવાઈ છે. આ પૈકી, ૧૮૯ જેટલી યોજનાઓ સંપૂર્ણપણે મહિલાલક્ષી છે, જેમાં મહિલાઓ અને કન્યાઓની શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૌશલ્યવર્ધન અને આર્થિક સશક્તીકરણ જેવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રૂ.૫૧૧૨.૮૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તેમના જન્મદિવસે સંવેદનાસભર જાહેરાત કરી હતી, જેમાં રાજયની વિધવા મહિલાઓના સમાજમાં પુનઃસ્થાપન માટે "ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના" અંતર્ગત રાજ્ય સરકાર રૂ. ૫૦ હજાર આપશે. કષ્ટપૂર્ણ વૈધવ્ય જીવન જીવતી મહિલા પુનઃલગ્ન કરવા પ્રેરાય અને પગભર બની નવું જીવન જીવે તે માટે આ યોજના શરૂ કરી છે

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં ગંગા સ્વરૂપા બહેનોને ડી.બી.ટી. મારફત સહાય ચૂકવવામાં આવે છે. મિલકતો બહેનોના નામે ખરીદાય ત્યારે સ્ટેમ્પ ડ્યૂટી માફ કરવાની પણ રાજ્ય સરકારે જોગવાઈ કરી છે. જેનાથી મોટી સંખ્યામાં બહેનો મિલકતોની માલિક બની છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વ્હાલી દીકરી યોજનાના અમલીકરણ સંદર્ભે LIC સાથે ૨૦ વર્ષનો એમ.ઓ.યુ. કરીને પ્રીમિયમ પેટે રૂ. ૨૨ કરોડની રકમનું પ્રીમિયમ ચેક મુખ્યમંત્રીશ્રીના હસ્તે LIC ને આપવામાં આવ્યું હતું.

વિધવા બહેન જો પુનઃ લગ્ન કરે તો તેને રૂ. ૫૦ હજારની સહાય આપવી. જે માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ. ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્ય સરકારે બાળકો, કિશોરીઓ, ધાત્રી માતા, સગર્ભા માતાની તંદુરસ્તીની ચિંતા કરી છે. ગુજરાત એક માત્ર રાજ્ય છે જેમાં ૬ માસ થી ૩ વર્ષનાં બાળકો, સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને કિશોરીઓને ઘરે લઇ જવા ટેક હોમ રેશન (THR) આહાર આપવામાં આવે છે. ટેક હોમ રેશન (THR) માટે આગામી વર્ષના બજેટમાં રૂ. ૫૦૦ કરોડ જેટલી જોગવાઈ કરવામાં આવી છે.

૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ શાળાએ જતી તેમજ ન જતી તમામ કિશોરીઓ માટે પૂર્ણા યોજનાની શરૂઆત કરવામાં આવી છે. દર મહિને સરેરાશ ૧૧ લાખ જેટલી કિશોરીઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં જેના માટે રૂ. ૨૨૯ કરોડની કરવામાં આવી છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇનની નવી મોબાઈલ એપ્લિકેશન લોંચિંગ કરવામાં આવી. જેમાં હિંસાથી પીડિત મહિલાઓને જરૂરી માર્ગદર્શન એક જ જગ્યાએથી મળી રહે. અત્યાર સુધીમાં ૮ લાખ ૨૫ હજારથી વધુ મહિલાઓને આ સેવા પૂરી પાડવામાં આવી છે. તથા ૧ લાખ ૬૬ હજાર મહિલાઓને રેસ્ક્યુ વાનની સેવા પૂરી પાડવામાં આવી છે. ચાલુ વર્ષના બજેટમાં આ અંગે રૂ.૧૧.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજ્યની મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને, કુટુંબના આર્થિક વિકાસમાં ફાળો આપી શકે તે માટે ગૃહ ઉદ્યોગ, વ્યવસાય શરૂ કરવા માટે ગુજરાત રાજ્ય આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલા સ્વાવલંબન યોજના અમલમાં લાવવામાં આવી છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૫૭૯ બહેનોને રૂ. ૯,૬૭,૪૮,૬૯૦ લોન તથા રૂ. ૩,૦૪,૩૧,૦૮૭ સબસિડી આપવામાં આવી છે. ●



# 5 વર્ષ

## આપણી સરકારના
## સૌના સાથથી
## સૌના વિકાસના...



# કિસાન સન્માન દિવસ

**કિસાન સૂર્યોદય યોજના હેઠળ ૪૦૦૦ ગામોનાં ૪.૪૭ લાખથી વધુ ખેડૂતોને રાત્રિના ઉજાગરામાંથી મુક્તિ મળી**



## કિસાન સન્માન દિવસ નિમિત્તે રાજ્યભરમાં વિવિધ સ્થળોએ ૧૨૦ કાર્યક્રમો યોજાયા.

## સાત પગલાં ખેડૂત કલ્યાણ અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરાઇ.

## વાવણીથી વેચાણ સુધી, દરેક પગલે ખેડૂતોની સાથે ગુજરાત સરકાર

- **આપત્તિ વખતે ખેડૂતોની પડખે :** છેલ્લાં ૫ વર્ષમાં કુદરતી આપત્તિઓથી ખેડૂતોને નુકસાન સાથે કુલ રૂ. ૧૧,૪૧૯ કરોડની સહાયનું પેકેજ.
- **ખેડૂતોને આર્થિક લાભ :** ગુજરાત રાજ્ય સરકારના પ્રયાસોથી કૃષિ ક્ષેત્રે ખેડૂતોને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ કરોડનો આર્થિક લાભ.
- **પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના :** ખેડૂતોને વાર્ષિક રૂ.૬,૦૦૦ની સહાય ગુજરાતના ૫૯ લાખ ખેડૂતોનાં બેંક ખાતાંમાં રૂ. ૭,૯૫૧ કરોડ જમા થયા.
- **રાસાયણિક ખાતર :** છેલ્લાં પાંચ વર્ષમાં રાસાયણિક ખાતર માટે રૂ. ૧૯,૦૦૦ કરોડની સહાય.
- **ટેકાના ભાવે ખરીદી :** છેલ્લાં ૫ વર્ષમાં રૂ. ૧૯,૦૦૦ કરોડથી વધુના મૂલ્યની ૨૧ લાખથી વધુ ખેડૂતો પાસેથી ૪૧ લાખ મેટ્રિક ટન કૃષિ પેદાશોની ખરીદી.
- **કિસાન સૂર્યોદય યોજના :** દિવસે ઉત્પન્ન થતી સૌર ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરી ખેડૂતોને ખેતી માટે વીજળી આપવામાં આવી.
- **સાત પગલાં ખેડૂત કલ્યાણ યોદના :** વર્ષ ૨૦૨૧-૨૨ માટે 3.30 લાખથી વધુ ખોડૂતોને રૂ. ૫૭૫ કરોડનો લાભ.
- **સિંચાઈ વ્યવસ્થા :** નર્મદાનું પાણી સુજલામ સુફલામ યોજનાથી ઉત્તર ગુજરાતમાં, સૌની યોજનાથી સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં મોકલવાની યોજના, આદિવાસી વિસ્તારો માટે લિફ્ટ ઈરિગેશન યોજના.

# સૌની યોજનાથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સોનાનો સૂરજ ઉગશે



ગુજરાત એટલે એક એવું રાજ્ય કે જ્યાં ખેડૂતોને ૨૪ x ૭ વીજળી મળે છે. ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ બન્યો છે તેના મૂળમાં સુદૃઢ આયોજન છે. તત્કાલીન વડાપ્રધાન અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજના શરૂ કરીને વીજળીની સેવાને સુદૃઢ બનાવી. તેનાથી ગામડાં અને ખેતીને બેઠાં કરવામાં મદદ મળી. વડાપ્રધાનશ્રીએ ચીંધેલા માર્ગે થયેલા વિકાસથી આજે ગુજરાતનો ખેડૂત પ્રગતિશીલ બન્યો છે અને તેના જીવનમાં ખુશી આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ૧૪૦૦થી વધુ ગામોમાં કિસાન સૂર્યોદય યોજનાનો કચ્છ ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં સરદાર પટેલ ઍવોર્ડ વિજેતા ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું હતું. સાત પગલા ખેડૂત કલ્યાણનાં અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થી ખેડૂતોને સહાય અને કૃષિ ઓજારોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કૃષિ પરિવહન યોજના અંતર્ગત કૃષિકારોના ૧૪ વાહનોને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે જૈવિક પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોની સાફલ્યગાથા રજૂ કરતા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. બીજ નિગમના ખેડૂતો માટેનાં સાત ગોડાઉનોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સમગ્ર રાજ્યનાં ૧૨૦ સ્થળોએ કૃષિ સન્માન દિવસના કાર્યક્રમોમાં ૪૩ કરોડથી વધુ રકમના કૃષિલક્ષી લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ભૂજમાં કિસાન સન્માન દિવસના રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ગુજરાતના કૃષિકારોનું સન્માન કરતાં જણાવ્યું હતું કે, અમારી સરકારે ખેડૂતોના કલ્યાણ માટે રાત-દિવસ કામ કર્યું છે. ખેડૂતનું કલ્યાણ અને હિત થાય અને ખેડૂતો સમૃદ્ધ બને તે માટે રાજ્ય સરકારે અથાગ પરિશ્રમ કર્યો છે.

ખેડૂતોને ખેતીમાં રાત્રે ઉજાગરા ન કરવા પડે તે માટે કિસાન સૂર્યોદય યોજના શરૂ કરાવીને ખેડૂતના હિતમાં એક ઐતિહાસિક પગલું લેવાયું છે. રાજ્યમાં વધુ ૧૪૦૦ ગામોમાં દિવસે વીજળી પહોંચી રહી છે. ગુજરાતના ખેડૂતમાં તાકાત રહેલી છે. તેને પાણી બિયારણ અને વીજળી મળે તો સોનું પકાવવા જેવી ખેડૂતમાં ક્ષમતા છે. અગાઉ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પાણી માટે હિજરત કરવી પડતી હતી, ત્યારે ખેતીમાં નર્મદાનું સિંચાઈનું પાણી અપાશે એવી કોઈને કલ્પના ન હતી. રાજ્ય સરકારે છેક કચ્છના સૂકા વિસ્તારોમાં પાણી પહોંચાડીને કચ્છ અને સૌરાષ્ટ્રને પાણીદાર બનાવ્યું છે. કચ્છમાં સોનાનો સૂરજ ઊગવાનો છે તેમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કચ્છમાં પશુપાલન અને ખેતીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ કચ્છમાં કૃષિ યુનિવર્સિટીની કોલેજ અને વેટરનરી કોલેજ બનાવવાની જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ

ગુજરાતના ખેડૂતોની વિશાળ ક્ષમતા અને આગવી કોઠાસૂઝને સન્માનિત કરી, પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત ખેતરમાં ડોલર અને પાઉન્ડ પકવતો થાય અને કૃષિ પેદાશો દેશમાં અને વિદેશમાં તેની માંગ વધે વિકાસ થાય તેવું રોલ મોડલ ગુજરાતમાં પ્રસ્થાપિત કરવું છે.

છેલ્લાં પાંચ વર્ષમાં ખેતીવાડી ક્ષેત્રે સાડા પાંચ લાખ કનેક્શન આપવામાં આવ્યાં છે. ૧૯ હજાર કરોડના ખર્ચે ખેડૂતોની ખેત પેદાશો ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. પહેલાં ખેડૂત દેવાદાર હતો. ઊંચા વ્યાજે લોન લેવી પડતી હતી. સરકારી ઝીરો ટકા વ્યાજે લોન આપીને સાત પગલા ખેડૂત કલ્યાણનાં સહિત અનેક યોજના લાવીને ખેડૂતને વિકાસની મુખ્યધારામાં જોડવા સેવાયજ્ઞ કર્યો છે.

કૃષિ કલ્યાણ માટે રૂ. ૭ હજાર કરોડના કૃષિલક્ષી પેકેજ આપવામાં આવ્યાં હતા. મુખ્યમંત્રીશ્રીએ મૂલ્યવર્ધિત ખેતી અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન માટે રાજ્ય સરકારની કૃષિલક્ષી યોજનાઓનો ખેડૂતોને લાભ લેવાનું જણાવીને ગુજરાતનો ખેડૂત વિશ્વની બજારમાં ઊભો રહે અને ક્યાંય પાછો ના પડે તે માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં 151 એફ.પી.ઓ બનાવવાની યોજના ગુજરાતમાં આગળ વધી રહી છે, અત્યાર સુધીમાં ૫૧ એફ.પી.ઓ બની ગયા છે અને ૧૦૦ એફ.પી.ઓ બનાવવાનું સરકારનું આયોજન છે તેમ ઉમેર્યું હતું.

કૃષિમંત્રી શ્રી આર.સી.ફળદુએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સતત પાંચ વર્ષ સુધી જનસેવા અને ખેડૂતોના કલ્યાણ માટે કામ કર્યું છે. ખેડૂતોના પાકને નુકસાન ન થાય તે માટે કાંટાળી વાડની યોજના અમલમાં મૂકીને ખેડૂતોની ચિંતા દૂર કરી છે. વીજ વિતરણ વ્યવસ્થામાં ખેડૂતો માટે પાંચ વર્ષમાં ૨૯ હજાર કરોડથી વધુ સબસિડી આપવામાં આવી છે. ખાતરમાં ૧૯ હજાર કરોડથી વધુ અને યાંત્રીકરણ હેઠળ ટ્રેક્ટર માટે ૬૨૫ કરોડની સહાય આપવામાં આવી છે.

આ પ્રસંગે સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય સર્વ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, નીમાબહેન આચાર્ય, જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રી પારૂલબહેન કારા, નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર. મુખ્યસચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, કૃષિ વિભાગના સચિવ શ્રી મનીષ ભારદ્વાજ, શ્રી રાજીવ ગુપ્તા, અગ્રસચિવ શ્રી મમતા વર્મા ઉપરાંત કલેક્ટર શ્રી પ્રવિણા ડી.કે. સહિતના અધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## કિસાન સૂર્યોદય યોજના દ્વારા ખેડૂતોને "દિવસે વીજળી" અને રાતની નીંદર આપી

રાજ્યભરમાં કિસાન સૂર્યોદય યોજનાના અસરકારક અમલીકરણથી ખેડૂતને "નિરાંતની નીંદર" મળશે. સૌરાષ્ટ્રનાં અનેક ગામોમાં આ યોજનાના અસરકારક અમલીકરણ બાદ દેત્રોજ તાલુકાનાં ૩૦ જેટલા ગામોના ખેડૂતોને આ યોજના થકી ખેતી અને સિંચાઈ માટે દિવસે પણ વીજળી ઉપલબ્ધ થશે. આ યોજના દેત્રોજ તાલુકાને જ નહીં, રાજ્યના તમામ ખેડૂતો, જગતના તાતની સુખાકારીમાં વધારો કરશે તેવો ભાવ અમદાવાદના દેત્રોજ સ્થિત "કિસાન સન્માન દિવસ" કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વ્યક્ત કર્યો હતો.



"કિસાન સન્માન દિવસ" કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ દેત્રોજ તાલુકાના ખેડૂતોને કૃષિલક્ષી સાધન સહાય, ટૂલ કિટ સહાય જેવી વિવિધ સહાયથી લાભાન્વિત કર્યા હતા તેમજ કિસાન પરિવહન હેઠળ ખેડૂતને મળેલ પરિવહન સહાયનું પણ ફ્લેગ ઓફ કર્યું હતું

ગુજરાતના ખેડૂતોને દાયકાઓથી જે પ્રશ્ન સતાવતો હતો તેની ચિંતા ગુજરાતની સંવેદનશીલ સરકારે કરી છે. ખેડૂતોની સુખાકારી માટે જનહિતલક્ષી નિર્ણય કરી તેમને દિવસે પણ વીજળી પ્રાપ્ત થાય તે માટેની "કિસાન સૂર્યોદય યોજના" કાર્યરત કરીને રાજ્ય સરકારે ખેડૂતોના હિત માટે પોતાની કટિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

જી.ઈ.બી.ના સહયોગથી ખેડૂતોને દિવસ દરમિયાન પણ ખેતી માટે વીજળી મળી રહે તેવું તબક્કાવાર આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. જેના ભાગરૂપે અમદાવાદમાં પણ તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજનાની અમલવારી થઈ. રાત્રી ઉપરાંત દિવસ દરમિયાન પણ ખેતી માટે હાઈવૉલ્ટેજ સહિત વીજળી ઉપલબ્ધ થાય તે માટે ફીડર બદલવાની આવશ્યકતા રહે છે જેના ઉપલક્ષ્યે આ યોજનાની અમલવારી રાજ્યમાં તબક્કાવાર થઈ રહી છે.

રાજ્યની સંવેદનશીલ સરકારે ગુજરાતના ખેડૂતોના હિતને હંમેશાથી પ્રાથમિકતા આપી છે. રાજ્ય સરકારે ખેડૂતો ગ્રામજનોની ચિંતા કરીને નર્મદા યોજના દ્વારા કચ્છ સુધી તેમજ ૩૫૦ કિ.મિ.ની

કેનાલ દ્વારા સુજલામ્ સુફલામ્ યોજના થકી ઉત્તર ગુજરાતના ગામે-ગામ પાણી પહોંચતું કર્યું છે, જેનાથી આજે ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીનમાં સિંચાઇ થઈ રહી છે જે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના કાર્યાન્વિત કરીને ગામેગામ પહોંચાડેલા પાણીની સુવિધાને આભારી છે.

રાજ્યના ખેડૂતનો પાક નિષ્ફળ જતાં તેના વળતર રૂપ સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે રાજ્યના ખેડૂતોના ઉત્પાદનને સંગ્રહ કરવા માટે ગોડાઉન બનાવવા સબસિડી અપાય છે. ખેત ઉત્પાદનોને ટેકાના ભાવ નક્કી કરીને ખેડૂતોને આર્થિક સ્તર પર લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોની વર્ષ ૨૦૨૨ સુધીમાં આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે જે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સમયસર પાણી વીજળી ખેતી માટે ઉપયોગી બિયારણ અને અદ્યતન સાધનો સહિતની સહાય પૂરી પાડીને રાજ્ય સરકાર તેમાં મદદરૂપ બની રહી છે. એટલું જ નહીં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોનાં ઉત્પાદનોની બજારમાં કિંમત મળે, સારા ભાવ મળે, ટેકાના ભાવ મળે તે પ્રમાણેનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આરંભેલી ગ્રામ્ય વિકાસની પ્રક્રિયાને શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકાર આગળ ધપાવી રહી છે એમ નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું.

દેત્રોજ તાલુકાના કિસાન સન્માન દિવસ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ચેરમેન શ્રી વિનોદભાઈ, જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા, યુ.જી. વી.સી.એલ. ના મુખ્ય ઇજનેર શ્રી પી.વી. પંડ્યા, પૂર્વ ધારાસભ્ય સર્વશ્રી વજુભાઈ ડોડિયા અને શ્રી તેજસ્વીબહેન પટેલ સહિત જિલ્લાના અગ્રણીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



**બાલાસિનોર તાલુકાના ગુંથલી ગામના લાભાર્થી ખેડૂત ભેમાભાઇ પરમારે જણાવ્યું હતું કે, ખેડૂતો માટે કિસાન પરિવહન યોજના લાભદાયી છે. અગાઉ ખેત પેદાશો બજારમાં લઇ જવા તકલીફનો સામનો કરવો પડતો હતો અને સમયસર અમારું ખેત ઉત્પાદન બજાર ન પહોંચી શકવાના કારણે ભાવમાં નુકસાન વેઠવું પડતું હતું પણ હવે પોતાની ખેતપેદાશો સમયસર બજારો સુધી પહોંચાડી શકાશે જેના કારણે સારો ભાવ પણ મળશે. અને અમે આત્મ નિર્ભરતા તરફ પ્રયાણ કરીશું.**



**કુતિયાણા તાલુકાના બાવરાવદર ગામના કિસાન સંજયભાઇ ભારવાડિયાએ કહ્યું કે, સાત પગલાં ખેડૂત કલ્યાણનાં અંતર્ગત સરકારશ્રી દ્વારા મને ખેત ઓજારો આપ્યાં છે. આ સાધનો મને ખેતીમાં ઉપયોગી બનશે. ખેતી કરવામાં વધુ સરળતા રહેશે. ખેડૂતોની આવક બમણી કરવા સરકાર દ્વારા મહત્ત્વનાં કદમ ઉઠાવવામાં આવ્યાં છે. મારા જેવા અનેક ખેડૂતભાઇઓને આ યોજનાનો લાભ આપવા બદલ હું રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરું છું.**



**સેન્દ્રીય ખેતીની ઉપજના પ્રોસેસિંગ/મૂલ્યવર્ધન માટે સરદાર કૃષિ સંશોધન પુરસ્કાર વિજેતા જામનગર જિલ્લાના ભીમકટાના પ્રગતિશીલ ખેડૂત અજયસિંહ જાડેજા જણાવ્યું હતું કે, અમે નીમાસ્ત્ર બનાવી તેને ગૌમૂત્ર, લીંબોળી અને લીમડાનાં પાનનું મિશ્રણ કરીને ખેતીમાં વાપરીએ છીએ તેનાથી સજીવ ખેતીમાં સારું પરિણામ મળે છે. એસ.પી.એન.એફ.-સરદાર પટેલ નેચરલ ફાર્મિંગ અન્વયે અનેક યોજનાઓ થકી ગુજરાત સરકાર અમારા જેવા અનેક ખેડૂતોના પડખે ઊભી છે. સજીવ ખેતી દ્વારા ઉત્પાદિત કરેલા પાકના ત્રણ ગણા ભાવ મળતાં સારો નફો પણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મળે છે.**



**ઠાસરા તાલુકાના ગઢવીના મુવાડાના મનહરભાઇ ઝાલાએ જણાવ્યું હતું કે, મારા એક મિત્રના ખેતરમાં તુવેરનું કૃષિ સંશોધન બિયારણનું વાવેતર સારું હતુ. તેમાંથી એકાદ છોડ મેં વાવેતર કરવા લીધો એમાં એક છોડ એવો હતો કે જેને પાંચ થી દસ દાણા તુવેરની શીંગોમાં આવે છે. આ પ્રકારના બિયારણનો છોડ ખૂબ જ સારો હતો. એ બિયારણ લઇ મારા ખેતરમાં વાવેતર કર્યું, તેનાથી મને સારામાં સારું ઉત્પાદન મળ્યું. આજે મારા ગામ ગઢવીના મુવાડામાં તથા આજુબાજુનાં ગામોમા નિઃશુલ્ક બિયારણનું વિતરણ કર્યું છે. આનાથી અમને ઉત્પાદન સારું મળે છે તે માટે અમે સૌ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો આભાર વ્યક્ત કરીએ છીએ.**



## મહીસાગરના ખેડૂતોને કૃષિ કિટ-સહાય વિતરણ

કિસાન સન્માન દિવસ નિમિત્તે કિસાન સૂર્યોદય યોજના અને સાત પગલાં ખેડૂત કલ્યાણનાં યોજના કાર્યક્રમને મહીસાગરના વડદલામાં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, "રાત્રે વિશ્રામ દિવસે કામ "ને સાર્થક કરતી કિસાન સૂર્યોદય યોજનાને હેઠળ અગાઉ મહીસાગરનાં ૧૫૦ ગામોને આવરી લેવાયાં હતાં. જેમાં વધુ ૧૫૩ ગામોનો સમાવેશ થતાં જિલ્લાના ૩૦૩ ગામોના ખેડૂતો લાભાન્વિત થઈ રહ્યા છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે પ્રતીકરૂપે કિસાન પરિવહન યોજનાના ૬ લાભાર્થીઓ, સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ યોજનાના ૮ લાભાર્થીઓ,ગાય નિભાવ યોજનાના ૫ લાભાર્થીઓ, છત્રી યોજનાના ૫ લાભાર્થીઓ, તારની વાડ યોજનાના ૧ લાભાર્થીને મંજૂરીપત્ર તેમજ કિટ વિતરણ કરાયું હતું.



## ચોટીલામાં કિસાન સન્માન દિવસે વિવિધ કૃષિયોજનાનો લાભ

સુરેન્દ્રનગરના ચોટીલા ખાતે વન અને આદિજાતિ વિકાસના રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને 'કિસાન સન્માન દિવસ' અંતર્ગત જિલ્લા કક્ષાનો સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહાનુભાવોના હસ્તે વિવિધ કૃષિ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મંજૂરીપત્રો અને કિટનું વિતરણ કરાયું હતું. આ તકે મંત્રી શ્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ખેતીમાં આવતી મુશ્કેલીઓને દૂર કરવા તેમજ ખેડૂતોની આવકમાં વધારો કરવા સરકારે ખેતીલક્ષી અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. સરકારની નવી કિસાન સૂર્યોદય યોજના તેમજ સાત પગલાં ખેડૂત કલ્યાણનાં અંતર્ગત આવતી વિવિધ યોજનાઓ રાજ્યના ખેડૂતોને સમૃદ્ધ બનાવશે.

જિલ્લાના અન્ય પ્રગતિશીલ ખેડૂતોને પ્રેરણા પૂરી પાડવા માટે ધ્રાંગધ્રા તાલુકાના હરિપર ગામના વિનોદભાઈ જશરાજભાઈને સેન્દ્રિય ખેતી કરવા બદલ વર્ષ ૨૦૨૧નો સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જિલ્લામાં અન્ય ત્રણ જગ્યાઓ ચુડા તાલુકાના ચોકડી, ચોટીલાના ઢોકળવા અને ધ્રાંગધ્રાના ચુલી ગામે લાભાર્થીઓને કિટ અને મંજૂરીપત્રો અપાયાં હતાં. ●

# કૃષિ ક્ષેત્રે ગુજરાતે સર્જ્યો ચમત્કાર

ગુજરાતના પનોતા પુત્ર અને લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસ માટે નાખેલા પાયા ઉપર આજે નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની ગુજરાત ટીમ આપણા ગુજરાતને 'ઉત્તમથી સર્વોત્તમ' ભણી લઈ જવા માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે, જેમાં ખેડૂતોને પણ ખાસ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.

આજે ગુજરાતના ખેડૂતો ખુશહાલ છે કેમ કે રાજય સરકારે કિસાન સૂર્યોદય યોજના થકી ખેડૂતોના રાતના ઉજાગરા દૂર કર્યા છે અને જંગલી પશુઓ જીવજંતુઓ કરડવાના ત્રાસ સામે રક્ષણ આપ્યું છે. આ યોજના હેઠળ ૪૦૦૦ ગામડાઓના ખેડૂતોને દિવસે વીજળી આપવાની દાયકાઓ જૂની માગણી આપણી સરકારે પૂર્ણ કરી છે. રાજયમાં અત્યાર સુધી ૩,૩૮,૦૦૦ જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ આપી દિવસે વીજળી પૂરી પાડી છે. ખેડૂતોને તેમના પાક ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે ટેકાના ભાવે ખરીદીના ભાવોમાં ઉત્તરોત્તર વધારો કર્યો છે અને ટેકાના ભાવે ખરીદી માટેની પાક પેદાશોમાં પણ વધારો કર્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૨૨ લાખ જેટલાં ખેડૂતો પાસેથી રૂ. ૧૯ હજાર કરોડના ખર્ચે ૪૧ લાખ મેટ્રિક ટનથી વધારે ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી કરીને તેમનું આર્થિક સશક્તીકરણ કરવામાં આવ્યું છે.

ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. વર્ષ ૨૦૧૯માં અતિવૃષ્ટિ વખતે રૂ. ૩,૭૯૫ કરોડ અને વર્ષ ૨૦૨૦માં રૂ. ૩,૭૦૦ કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ ગુજરાતની સંવેદનશીલ સરકારે કિસાનોને આપ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાનોની આવક બમણી કરવાના નિર્ધાર સાથે કિસાનો માટે કિસાન સન્માન નીધિ યોજના કાર્યાન્વિત કરી છે જે અંતર્ગત ખેડૂત પરિવારને વાર્ષિક રૂ. ૬૦૦૦ની સહાય ખેડૂત ખાતેદારોના ખાતામાં ડી.બી.ટી. દ્વારા જમા કરાવવામાં આવે છે, જેમાં ગુજરાતના ૫૯ લાખ કિસાનોના ખાતામાં રૂ.૭૯૫૧ કરોડ જમા થયા છે,

અને ૨૧ લાખ ખેડૂતોની ૨૭ લાખ હેક્ટર જમીન માટે રૂ. ૫૫૦૦ કરોડની પ્રીમિયમ સબસિડી ચૂકવી છે. એટલું જ નહીં રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૦થી વગર પ્રીમિયમે તમામ ખેડૂતોને આવરી લેતી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અમલી બનાવી છે.

નર્મદાના વહી જતાં પાણીને કિસાનોને ઉપયોગી થાય એ માટે સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતો માટે 'સૌની' યોજના અમલી બનાવી છે. જળસિંચન માટે જળ વ્યવસ્થાપન ખૂબ જ જરૂરી છે. આમ, સિંચાઈ વિસ્તારમાં ૩૦.૧૨ લાખ હેક્ટરનો વધારો થયો છે. રાજ્યમાં પિયત સુવિધાઓ માટે થયેલ પ્રયત્નોને કારણે કૃષિ ક્ષેત્રે વધુ ને વધુ વિસ્તાર એકથી વધુ વખત વાવેતર હેઠળ આવતો થયો છે.

એક જમાનો હતો કે જ્યારે ગુજરાતનો ખેડૂત ખાતર માટે કલાકો સુધી લાઈનમાં ઊભો રહેતો હતો છતાં ખાતર મળવાનાં ફાંફાં પડતાં. જ્યારે છેલ્લા દાયકાથી ગુજરાતમાં રાસાયણિક ખાતરની અછત સર્જાઈ નથી. યોગ્ય જથ્થામાં માર્કેટમાં ઉપલબ્ધ છે. રાજ્યમાં કુલ ૧૫ જેટલી સરકાર માન્ય મુખ્ય ખાતર વિતરક સંસ્થાઓ, ૮૩૯ જેટલા હોલસેલર તેમજ ૮૫૦૦ થી વધુ સક્રિય ખાતર વિક્રેતાઓ દ્વારા રાસાયણિક ખાતરની વિતરણ વ્યવસ્થા સાથે સંકલન કરી ૪૦ લાખ મેટ્રિક ટન જેટલું રાસાયણિક ખાતર પ્રતિવર્ષ ખેડૂતોને પૂરું પાડવામાં આવી રહ્યું છે. યુરિયા ખાતરના કાળા બજાર રોકવા અને ઉદ્યોગોમાં થતો ઉપયોગ રોકવા માટે કેન્દ્ર સરકારે યુરિયા ખાતરને નીમ કોટિંગ કરીને ખાતરનો દૂરુપયોગ રોક્યો છે.

કૃષિ યાંત્રિકીકરણ યોજનામાં નાના-સીમાંત ખેડૂતોને અનુરૂપ સાધનોથી લઈ આધુનિક મોટાં સાધનો ખેડૂતોને સહાયથી આપવામાં આવ્યા છે. છેલ્લાં દસ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કૃષિ યાંત્રિકીકરણ ક્ષેત્રે ટ્રેક્ટર સહિત વિવિધ સાધનોમાં છ લાખથી વધુ ખેડૂતોને રૂ.૧૮૦૦ કરોડ જેટલી સહાય પૂરી પાડી છે.

ખેડૂતોના પડખે અડીખમ ઊભા રહીને વર્ષ ૨૦૨૦-૨૧માં "સાત પગલાં ખેડૂત કલ્યાણનાં" અંતર્ગત વાવણીથી વેચાણ સુધીની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી ખેડૂતોને વધુને વધુ આત્મનિર્ભર બનાવવાનો રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. આ યોજનાઓના ખૂબ સારાં પરિણામો અને પ્રતિસાદ સાંપડયાં છે. ખેડૂતોની પડખે રહેવાની નેમ સાથે સાત પગલાં ખેડૂત કલ્યાણના અભિયાન અંતર્ગતની યોજનાઓ બહોળા ખેડૂત સમુદાયને વધુને વધુ લાભ પહોંચે એ માટે ચાલુ રાખવામાં આવી છે. સૂક્ષ્મ સિંચાઈ માટે ૧૦૦૦ ઘનમીટરના ભૂગર્ભ પાણીના પાકા ટાંકા માટે રૂ.૧૦ લાખની સહાય, દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે ૧ .૦૫ લાખ ખેડૂતોને રૂ.૫૭ કરોડની નિભાવ ખર્ચ સહાય, પ્રાકૃતિક કૃષિ કિટ સહાય હેઠળ ૧૨૪૦૦ ખેડૂતોને લાભ આપ્યો છે. રાજયના ૫૬૬૯૭ ખેડૂતોને છત્રી યોજના અન્વયે છત્રી વિતરણ, મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના હેઠળ ખેતરમાં એક લાખ નાના ગોડાઉન માટે રૂ.૩૦ હજારની સહાય આપીને ૧૨૫૭૧ ખેડૂતોને આવરી લઈ રૂ.૨૯.૨૧ કરોડની સહાય ચૂકવી છે. આ ઉપરાંત સીમાંત ખેડૂતો અને ખેતમજૂરો માટે સ્માર્ટ હેન્ડસ ટુલ કિટની ૯૦ ટકા સહાય તથા કિસાન પરિવહન યોજના અંતર્ગત ૧ લાખ ઉપરાત ખેડૂતોને રૂ ૬૬ કરોડની મિડિયમ સાઈઝ ગુડઝ કેરેજ માટે વાહન સહાય ચૂકવાઈ છે.

કૃષિ ક્ષેત્રે ગુજરાતની સફળતાની વાત કરીએ તો ગુજરાતે કૃષિ ક્ષેત્રે સમગ્ર દેશને દિશા ચીંધી છે. દેશની વસ્તીના ૪.૯૯ ટકા હિસ્સો ધરાવતું ગુજરાત રાષ્ટ્રના ઘરગથ્થું ઉત્પાદનમાં લગભગ ૭.૯ ટકા હિસ્સો ધરાવે છે. તાજેતરનાં વર્ષોમાં વરસાદની પ્રતિકૂળ અસર હોવા છતાં, છેલ્લા ત્રણ વર્ષોમાં રાજયના અર્થતંત્રએ સતત વૃદ્ધિ દર્શાવી છે. ભૌગોલિક દૃષ્ટિએ આપણો દેશ વિશ્વના કુલ વિસ્તારના ૨.૪ ટકા જેટલો વિસ્તાર ધરાવે છે. પરંતુ વિશ્વની ૧૭.૫ ટકા વસતીનો સમાવેશ કરે છે. ગુજરાત રાજ્ય દેશના કુલ ભૌગોલિક વિસ્તારના માત્ર ૬ ટકા જેટલો હિસ્સો ધરાવે છે, તેમ છતાં દેશના અગત્યનાં પાકો જેવા કે કપાસ, મગફળી, દિવેલા, તલ, જીરું, ઇસબગુલ તેમજ દૂધ ઉત્પાદનમાં પ્રથમ હરોળમાં હોવાનું ગૌરવ અનુભવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન અનાજનું કુલ ઉત્પાદન ૯૩.૨૮ લાખ ટન,કપાસનું ઉત્પાદન ૮૮.૦૧ લાખ ગાંસડી, મગફળીનું ઉત્પાદન ૪૬.૪૩ લાખ ટન અને તેલીબિયાંનું ઉત્પાદન ૬૬.૬૪ લાખ ટન થયું છે.

ગુજરાત વિશ્વકક્ષાએ કેળાં, જીરૂં, ઈસબગુલ, વરિયાળી અને દિવેલાના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત કપાસમાં ૩૬ ટકા, મગફળીમાં ૪૨ ટકા, દિવેલામાં ૮૦ ટકા, વરિયાળીમાં ૭૦ ટકા અને જીરુમાં ૬૦ ટકા ફાળો ધરાવે છે. ગુજરાતમાં બટાટાની ઉત્પાદકતા ૩૧ ટન અને ચણાની ૧૬૬૩ કિલો/હે. છે, જે રાષ્ટ્રીય કક્ષાએ સૌથી વધુ છે. ગુજરાત રાજ્યમાં વાવેતર હેઠળ કુલ ૯૮ લાખ હેક્ટર વિસ્તાર છે તે પૈકી બાગાયતી પાકો હેઠળનો વાવેતર વિસ્તાર ૧૬.૧૬ ટકા જેવો છે.

કુદરતી આકસ્મિક સંજોગોમાં ઊભા પાકને નુકસાન થાય, તીડ, જીવાત નિયંત્રણ, રોગ નિયંત્રણ, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ જેવી સ્થિતિ ઉત્પન્ન થાય તો રાજ્ય સરકાર કૃષિ ક્ષેત્રે તમામ તબક્કે ખેડૂતોની સાથે ઊભી રહી છે. વિષમ કુદરતી સ્થિતિ પછી તે દુષ્કાળની સ્થિતિ હોય કે પછી વધુ વરસાદ, માવઠું પડ્યું હોય કે પછી રોગ-જીવાતનું આક્રમણ થયું હોય, રાજ્ય સરકાર આ તમામ આકસ્મિક પરિસ્થિતિમાં ખેડૂતોની પડખે રહી છે "દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય યોજના"અંતર્ગત વર્ષ ૨૦૨૧ -૨૨ માં રૂ. ૨૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનામાં પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત પરિવારને એક ગાય માટે માસિક રૂ. ૯૦૦ લેખે વાર્ષિક રૂ.૧૦,૮૦૦ની સહાય આપવામાં આવશે. ●

5 વર્ષ આપણી સરકારના
સૌના સાથથી
સૌના વિકાસના...



# રોજગાર દિવસ

**કોરોનાના કપરા કાળમાં પણ**
**ગુજરાતનો બેરોજગારી દર દેશમાં સૌથી નીચો**



## ૬૨,૦૦૦ યુવાનોને એક જ દિવસમાં નિમણૂકપત્રો અપાયા

## રાજ્યભરમાં રોજગાર દિવસે યોજાયેલા કાર્યક્રમો

- રાજ્યનાં તમામ જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાનાં કુલ 52 સ્થળોએ મેગા જોબફેર અને નિમણૂકપત્રોના વિતરણ અંગેના કાર્યક્રમો યોજાયા.
- કોરોનાનાં કપરા કાળમાં પણ સામાન્ય વહિવટ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ સહિત અન્ય સરકારી વિભાગોમાં શિક્ષણ સહાયક, નર્સ જેવા વિવિધ સંવર્ગમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી તેમજ બોર્ડ-કોર્પોરેશનનો તથા ખાનગી ક્ષેત્રોમાં આપી મહત્તમ રોજગારી : પસંદગી પામેલા અંદાજે ૬૨ હજાર યુવાનોને નિમણૂકપત્રો આપવામાં આવ્યા.
- "અનુબંધમ્" રોજગાર પોર્ટલનો શુભારંભ : રોજગારદાતા અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે ડિજિટલ પહેલથી રચાયો રોજગારી મેળવવાનો સુદૃઢ સેતુ.





# યુવાનોને રોજગારીની વિશાળ તકો પૂરી પાડવા 'અનુબંધમ્' પોર્ટલ અને મોબાઈલ એપનો પ્રારંભ




"યુવાધનને 'જોબ સિકર નહીં, પણ જોબ ગિવર' બનાવવાના સરકારના અભિનવ અભિગમના કારણે યુવાનોને વૈશ્વિક સ્પર્ધા માટેના અવસરો પ્રાપ્ત થઈ રહ્યા છે. રાજ્ય સરકારે લીધેલાં યુવાધન માટેનાં અનેક ભવિષ્યલક્ષી પગલાઓ, નીતિઓ અને શ્રેણીબદ્ધ રોજગાર મેળાઓ થકી છેલ્લાં પાંચ વર્ષમાં બે લાખ સરકારી નોકરી આપી છે તેમજ પાંચ વર્ષમાં ૨૦૮૮ રોજગાર મેળાઓ યોજી ૧૭ લાખ યુવાનોને રોજગારીનો અવસર આપ્યો છે.

સુરતમાં રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ આયોજિત 'રોજગાર દિવસ' નિમિત્તે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિવિધ સંવર્ગની ભરતીઓમાં ઉત્તીર્ણ થયેલા રાજ્યભરના શિક્ષણ સહાયકો, નર્સો તથા અન્ય વિભાગો અને બોર્ડ, કોર્પોરેશનમાં નિમણૂક પામેલા તથા રોજગાર મેળાઓમાં પસંદગી પામેલા યુવાનો મળી કુલ ૬૨ હજારથી વધુ યુવાઓને નિમણૂકપત્રો એનાયત કરાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ નોકરીદાતા અને પ્રતિભાશાળી રોજગારવાંછુ યુવાનોને રોજગારીની વિશાળ તકો પૂરી પાડવા 'અનુબંધમ્' પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશનનો પણ ડિજિટલી શુભારંભ કરાવ્યો હતો. રાજ્યના યુવાનોને રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે તમામ જિલ્લા અને કોર્પોરેશન વિસ્તારમાં ૫૦ જેટલા રોજગાર મેળાઓ સહિત વિવિધ રોજગારીની તકો અંગેના કાર્યક્રમોનો તેમણે સુરતથી શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, 'લર્નિંગ વીથ અર્નિંગ'ના અભિનવ અભિગમ સાથે રાજ્ય સરકારે શરૂ કરેલી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં ૨.૩૦ લાખથી વધુ યુવાનોને આ યોજનાનો લાભ મળ્યો છે. ગુજરાતમાં ભારતના સૌથી વધુ ૨૪ ટકા એપ્રેન્ટિસ છે. એપ્રેન્ટિસ વિદ્યાર્થીઓને પ્રતિ માસ અભ્યાસની સાથે રાજ્ય સરકારનું રૂ.૫ હજાર સુધીનું સ્ટાઈપેન્ડ મળતાં ઉદ્યોગો પર આર્થિક ભારણ પણ રહ્યું નથી.

કોરોનાકાળમાં નોકરી મેળવવી દુષ્કર બન્યું હતું, આ વિકટ સ્થિતિમાં અનેક લોકો નોકરી ગુમાવી ચૂક્યા હતા. કોરોના વાઈરસના સંક્રમણના કારણે યુવાનો માટે રોજગારી કયા માધ્યમથી મેળવવી તે વિકટ સમસ્યા બની હતી, આવા સંજોગોમાં રાજ્ય સરકારની રોજગાર માટેની સકારાત્મક નીતિના કારણે ગુજરાત રાજ્ય રોજગારવાંછુઓ માટે આશાનું કિરણ બન્યું છે, રાજ્ય સરકારે યુવાશક્તિને સરકારી સેવામાં જોડાવાની તક આપી છે, GPSCની ભરતી પ્રક્રિયાને નિયમિત કરી છે. આ ઉપરાંત સરકારી નોકરીની ભરતી પ્રક્રિયામાં પ્રવર્તમાન ૧૦ ટકા પ્રતીક્ષા યાદીનું કદ બેવડું કરીને ૨૦ ટકા કરવામાં આવ્યું હોવાથી પ્રતિભાવાન ઉમેદવારોને પણ જાહેર સેવામાં જોડાવાની વધુ તકો મળી છે.

પાંચ વર્ષના સુશાસન સેવાયજ્ઞની ફળશ્રુતિ વર્ણવતાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યવ્યાપી રોજગાર દિન કાર્યક્રમ અંતર્ગત

૬૨,૦૦૦ યુવાનોને નિમણૂકપત્રો આપીને યુવાનોના કૌશલ્યનું સન્માન કર્યું છે, જેમાં ૧૧૫૦૩ સરકારી નોકરીનો પણ સમાવેશ થાય છે, એમ ગૌરવથી જણાવ્યું હતું.

દેશનાં અન્ય રાજ્યોમાંથી રોજગાર અર્થે આવીને વસેલા ૨૫ લાખ શ્રમિકોને ગુજરાત રોજી-રોટી પૂરી પાડી રહ્યું છે. 'લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી'-તકોની ધરતી બનેલા ગુજરાત રાજ્યમાં ઇન્ડસ્ટ્રિયલ અને સર્વિસ સેક્ટરનો વ્યાપ મોટા ફલક પર વિસ્તરી રહ્યો છે, જે રાજ્યના યુવાધનને રોજગારી આપવાનું ઉમદા પ્લેટફોર્મ છે. ગ્લોબલ ફાયનાન્શિયલ અને આઈ.ટી. હબ તરીકે વિકસી રહેલા ગિફ્ટ સિટી ગાંધીનગર તેમજ સુરતના નિર્માણાધીન અત્યાધુનિક ડાયમંડ બુર્સ એમ આ બંને પ્રોજેક્ટમાં એક-એક લાખથી વધુ રોજગારીનું સર્જન થશે, જેનો સીધો લાભ કુશળ યુવાઓને થવાનો છે.

યુવાનોને સરળતાથી નોકરી અને ઔદ્યોગિક એકમોને જરૂરિયાત અનુસાર કુશળ માનવબળ મળી રહે એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. આ વેળાએ મુખ્યમંત્રીશ્રીએ નોકરી મેળવનાર યુવાનોને ઉજ્જવળ કારકિર્દીના અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય ગુજરાત રહ્યું છે ત્યારે છેલ્લાં પાંચ વર્ષમાં દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસના કારણે લોકોની જિંદગી બદલવાની સાથે સુખ - શાંતિમાં વધારો થયો છે. જેમ વિકાસ દર વધે છે તેમ રોજગારીનું સર્જન પણ થાય છે. જે કહીએ છીએ તે કરીએ છીએ જે વચન આપીએ છીએ તેને પાળી બતાવીએ છીએ. સરકારની સારી નીતિઓના કારણે મોટા ઉદ્યોગો ગુજરાતમાં રોકાણ કરે છે જેથી રોજગારીમાં વધારો થાય છે. રાજયમાં ૩૦ લાખ એમ.એસ.એમ.ઈ. યુનિટ થકી સવા કરોડ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ રહી છે. રાજયમાં પ્રથમ પ્રોડકશન પછી પરમિશનની નીતિના કારણે અનેકગણી રોજગારી ઉપલબ્ધ થઈ રહી છે. સ્ટાર્ટઅપ પૉલિસીમાં ગુજરાત પ્રથમ સ્થાને છે. ટૂરિઝમ પૉલિસીના કારણે ગ્રામીણ વિસ્તારના લોકોને રોજગારી મળતી થઈ છે. હાલ રાજયમાં બે લાખ વિદ્યાર્થીઓ આઇ.ટી. આઈ.માં અભ્યાસ કરી રહ્યા હોવાનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયની આઈ.ટી.આઈ.માં આધુનિક મશીનરીઓ ઉપલબ્ધ હોવાના કારણે ઉમેદવારો નવી ટેકનોલોજી સાથે તાલ મિલાવીને મોટા ઉદ્યોગોમાં સરળતાથી નોકરી મેળવી રહ્યા છે.

સાંસદ શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ઉદ્યોગકારોને સમયસરની સબસિડી, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે અનેકગણી રોજગારીનું સર્જન થયું છે. કોરોનાકાળમાં લૉકડાઉનના સમયે શ્રમિકોની વતન વાપસી માટે જે ટ્રેનો ચલાવવામાં આવી જેમાંથી ૬૦ થી ૭૦ ટકા ટ્રેનોએ માત્ર ગુજરાતમાંથી અન્ય પ્રાંતોમાં ગઈ હતી. જેના પરથી પ્રતીત થઈ થાય છે કે ગુજરાતી રોજગારી આપવામાં નંબર વન છે. દારૂબંધીના કારણે ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારોમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે છે જેના કારણે કરોડોના ઉદ્યોગો અહીં રોકાણ કરી રહ્યા છે.

શ્રમ અને રોજગાર વિભાગના અગ્રસચિવ શ્રી અંજુ શર્માએ જણાવ્યું કે, રોજગાર દિવસે રાજ્ય સરકારનો ૫૦ હજાર નિમણૂક - પત્રો આપવાનો સંકલ્પ હતો, પરંતુ આજે ૬૨ હજારથી વધુ યુવાનોને નોકરી આપીને યુવાનોને ઉજ્જવળ કારકિર્દીનાં દ્વાર ખોલ્યાં છે. કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૦ માં પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્સન્જિસ સ્ટેટેસ્ટિક્સ-૨૦૧૮' મુજબ રોજગાર કચેરીઓ મારફતે ૨૦૧૭ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. દેશનાં તમામ રાજ્યો કરતાં ગુજરાતનો બેરોજગારીનો દર ૨.૨ જેટલો સૌથી નીચો છે. ઉદ્યોગોની કુશળ કારીગરોની માંગને પહોંચી વળવા મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના હેઠળ ૧,૬૮,૮૭૩ એપ્રેન્ટિસોની ભરતી કરવામાં આવી છે.

આ પ્રસંગે મેયર શ્રી હેમાલીબહેન બોઘાવાલા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભાવેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, રાજયના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ શ્રી કૈલાશનાથન, રોજગાર વિભાગના નિયામક શ્રી આલોક પાંડે, મ્યુ.કમિશનર શ્રી બંછાનિધિ પાની, જિલ્લા કલેકટર શ્રી આયુષ ઓક, પોલીસ કમિશનર શ્રી અજય તોમર તેમજ લાભાર્થી ઉમેદવારો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# સાણંદમાં ચાર હજારથી વધુ યુવાનોને રોજગારપત્રનું વિતરણ



અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે યુવા રોજગાર દિવસે યુવાનોને સંબોધતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વૈશ્વિક કંપનીઓને આમંત્રણ આપી ઉદ્યોગો થકી યુવાનો માટે રોજગાર સર્જન કર્યું છે. શ્રી નીતિનભાઈએ નરેન્દ્રભાઈ મોદીએ આરંભેલી વિકાસયાત્રાને અવિરત રાખવાની નેમ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ગુજરાત સરકાર કૃષિ અને ઔદ્યોગિક વિકાસના માધ્યમથી મહત્તમ યુવાનોને રોજગારી પૂરી પાડવાના ધ્યેય સાથે કાર્યરત છે.

શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતમાં રોજગાર સર્જન અંગે રાજ્ય સરકારના પ્રયાસો અંગે જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ વાયબ્રન્ટ સમિટનું આયોજન કર્યું, તેના પરિણામસ્વરૂપે આજે ગુજરાત રોજગાર સર્જનમાં સમગ્ર ભારતમાં અવ્વલ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં સાણંદ અને મોરબી જેવાં ઔદ્યોગિક કેન્દ્ર કઈ રીતે ઊભરી આવ્યાં અને તે ગુજરાતના GST કલેકશનમાં કેવી રીતે મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે, તેની પણ રૂપરેખા આપી હતી. નોંધપાત્ર બાબત એ છે કે રોજગાર દિવસે અમદાવાદ જિલ્લાના ૪ હજારથી વધુ યુવાનોને રોજગાર પત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. તેમાંથી નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રતીકરૂપે ૧૧ યુવાનોને રોજગારપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે મા, મા વાત્સલ્ય યોજનાને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં ભેળવી દીધી છે અને જેને પગલે ગુજરાતની ૪.૨૫ કરોડની જનતાને તેનો લાભ મળશે. તેમણે ઉમેર્યું કે, આ માટેનું ૧૪૦૦ કરોડ રૂપિયાનું માતબર પ્રીમિયમ પણ સરકાર ચૂકવશે.

આ કાર્યક્રમમાં સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા સહિતના મહાનુભાવો અને યુવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# ખંભાળીયામાં યુવા શક્તિ દિને નિમણૂકપત્રો એનાયત

દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં "યુવા શક્તિ દિન" નિમિત્તે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને જિલ્લાના રોજગારવાંછુ પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો વિતરણ કરાયા હતા. આ તકે



મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૪૦૦ થી વધુ યુવાનોને પ્લેસમેન્ટ ઓર્ડર આપવામાં આવશે. આપણું ગુજરાત આજે ઓદ્યોગિક હબ બની ગયું છે. અનેક રાજયના લોકો ગુજરાતમાં રોજગારી મેળવી રહ્યા છે. રાજયનો યુવાન સ્કિલ તરફ આગળ વધે અને વધુમાં વધુ રોજગારી મેળવે તે માટે અનેક પ્રયાસો રાજય સરકારે કર્યા છે. રાજયની રોજગાર કચેરીઓ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨માં કુલઃ ૪૭,૩૮૮ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જે પૈકી ૩૭૫ વર્ચ્યુઅલ ભરતીમેળાના આયોજન થકી ૧૮,૭૧૯ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાજયની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૧૭ લાખ ઉપરાંત ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી. જે પૈકી ૫,૫૩૯ રોજગાર ભરતીમેળાના આયોજન થકી ૧૦,૬૦,૧૧૫ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. ●

# સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે

રાજ્યના સર્વાંગી વિકાસમાં, ઔદ્યોગિક શાંતિ અને સલામતીનું વાતાવરણ પૂરું પાડવામાં શ્રમ અને રોજગાર વિભાગનું મહત્ત્વનું પ્રદાન છે. સૌના જીવનમાં શ્રમ અને કૌશલ્ય બંનેનું મહત્ત્વ છે અને બંને આ વિભાગની અગત્યની જવાબદારી છે. શ્રમ-રોજગાર ક્ષેત્ર વધુ સુદૃઢ અને સરળ બને તેવી નવી ઘણી જ ભવિષ્યલક્ષી યોજનાઓ આ પ્રગતિશીલ સરકાર દ્વારા ઘડવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારના સુશાસનનાં પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને જોડીને અનેકવિધ જનહિતકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં રોજગાર દિવસ અંતર્ગત યુવાઓને રોજગારી પૂરી પાડવાનો પણ રાજ્ય સરકારનો નિર્ધાર છે.

રાજયમાં વિવિધ ક્ષેત્રે રોજગારનું સર્જન અને દરેક યુવાધન સ્વ-નિર્ભર બની પોતાની આજીવિકા કમાઈ શકે તે રીતે રોજગાર કચેરીઓને સુસજ્જ કરવામાં આવી છે. રાજ્યમાં કુલ ૪૬ રોજગાર કચેરીઓ અને તેના નિયંત્રણ માટે ૪ પ્રાદેશિક કચેરીઓ કાર્યરત છે. જિલ્લા રોજગાર વિનિમય કચેરીઓ ૩૩ છે. જયારે યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર ૦૮ છે. અનુ.જનજાતિના ઉમેદવારો માટે ૦૫ નગર રોજગાર વિનિમય કચેરીઓ કાર્યરત છે.

લર્નિંગ વીથ અર્નિંગના અભિનવ અભિગમ સાથે રાજ્ય સરકારે શરૂ કરેલી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં ૨.૩૦ લાખથી વધુ યુવાનોને આ યોજનાનો લાભ મળ્યો છે. એપ્રેન્ટિસ વિદ્યાર્થીઓને પ્રતિ માસ અભ્યાસની સાથે રૂ. ૩૦૦૦ થી રૂ. ૪૫૦૦ના સ્ટાઈપેન્ડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના યુવાધનને વૈશ્વિક સીમાડાઓ સર કરવા માટેના અવસરો પ્રાપ્ત થઇ રહ્યા છે. ગુજરાતમાં ભારતના સૌથી વધુ ૨૪ ટકા એપ્રેન્ટિસ નોંધવામાં આવ્યા છે. બીજાં રાજ્યોની સરખામણીમાં ૨૬ ટકા જેટલા યુનિટનું એપ્રેન્ટિસશીપ પોર્ટલ ઉપર રજિસ્ટ્રેશન ગુજરાતમાં થયું છે.

ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે કે, જેણે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા હેઠળ બિન અનામતના લોકો માટે ૧૦ ટકા આરક્ષણનું અમલીકરણ કર્યું છે. અત્યાર સુધીમાં ૬૭ હજારથી વધુ પરિવારોએ આ યોજના અન્વયે રૂ.૬૩૯ કરોડ જેટલો લાભ મેળવ્યો છે. બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે રૂ.૧૫ લાખ સુધીની લોન ૪ ટકાના વ્યાજ દરે આપવામાં આવે છે. બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને કોલેજ અભ્યાસ માટે પણ ૪ ટકાના વ્યાજ દરે રૂ.૧૦ લાખ સુધીની લોન આપવામાં આવે છે






રાજ્યમાં અનેક યુવાઓને સરકારી નોકરીમાં તક મળી છે. સરકારી નોકરીની ભરતી પ્રક્રિયામાં પ્રવર્તમાન ૧૦ ટકા પ્રતીક્ષા યાદીનું કદ બેવડું કરીને ૨૦ ટકા કરવામાં આવ્યું છે. છેલ્લાં ૪ વર્ષમાં બે લાખ યુવક-યુવતીઓને સરકારી સેવામાં નિયુક્તિ મેળવી છે અને હજુ વધુ ૧ લાખ યુવાઓની સરકારી નોકરીમાં ભરતી કરવામાં આવશે. રાજયના યુવાઓને સ્પર્ધાત્મક ભરતીની પરીક્ષાની તાલીમ માટે સહાય આપવામાં આવે છે. વરસોથી સરકારી નોકરી માટે મૂકવામાં આવેલા પ્રતિબંધને દૂર કરીને રાજ્ય સરકારે યુવાશક્તિને સરકારી સેવામાં જોડી છે.

છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યની રોજગાર કચેરીઓ દ્વારા કુલ ૧૭,૦૫,૦૦૩ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી જે પૈકી ૫૩૯૪ રોજગાર ભરતીમેળાના આયોજન થકી ૧૦,૪૫,૯૨૪ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી છે. દેશના રક્ષણ કાજે ગુજરાતના નવયુવાનો વધુ પ્રમાણમાં લશ્કરમાં ભરતી થાય અને ફરજની સાથે સાથે રોજગારી

પણ મેળવી શકે તે માટે આ વિભાગ મારફત ૩૦ દિવસની નિવાસી તાલીમ આપવામાં આવે છે તેમજ ૧૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં ૧૪૦ નિવાસી તાલીમવર્ગો કરી ૪૦૧૯ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. જેના ફળસ્વરૂપે છેલ્લાં બે વર્ષ દરમ્યાન ૩૧૪૧ યુવાનો લશ્કરમાં પસંદગી પામ્યા છે. એટલું જ નહીં, છેલ્લાં બે વર્ષમાં ૬૬૨ સેમિનારો કરી ૬૦ હજારથી વધારે ઉમેદવારોને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ છે.

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળના રોજગાર મહાનિયામક દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૦ માં પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્સન્જિસ સ્ટેટેસ્ટિક્સ-૨૦૧૮' મુજબ રોજગાર કચેરીઓ મારફતે ૨૦૧૭ના વર્ષ માટે સમગ્ર દેશમાં રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેટેસ્ટિક એન્ડ પ્રોગ્રામ ઈમ્પિલમેન્ટેશન, ભારત સરકાર દ્વારા જૂન-૨૦૨૦માં બહાર પાડવામાં આવેલા પિરિયોડિક લેબર ફોર્સ સર્વેના વાર્ષિક રિપોર્ટ અનુસાર ૧૫ થી ૨૯ વર્ષની વયમર્યાદામાં થયેલા સર્વે અનુસાર દેશનાં તમામ રાજયો કરતાં ગુજરાતનો બેરોજગારીનો દર સૌથી નીચો એટલે કે ૮.૪ છે. ભારત સરકારના લેબર બ્યૂરો, ચંદીગઢના વર્ષ ૨૦૧૫-૧૬ના રિપોર્ટ અનુસાર સમગ્ર ભારતનો બેરોજગારીનો દર ૫૦ (દર હજાર વ્યકિતએ) અંદાજવામાં આવ્યો છે જ્યારે ગુજરાતનો બેરોજગારીનો દર ૯ (દર હજાર વ્યકિતએ) અંદાજાયેલ છે. જે સમગ્ર દેશનાં રાજયોમાં સૌથી નીચો દર છે.

કોરોનાકાળ દરમ્યાન પણ રોજગાર કચેરીઓએ અનોખી કામગીરી કરી છે. કોરોનાના આ ખૂબ જ કટોકટીવાળા સમયમાં પણ વર્તમાન પ્રગતિશીલ સરકાર દ્વારા ડિજિટલ માધ્યમ થકી રોજગાર-લક્ષી અનેક યોજનાઓ તથા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં હતાં તેમજ તેના અસરકારક અમલીકરણ દરમ્યાન તેમાં ખૂબ જ સારો પ્રતિસાદ અને સફળતા મળી છે.

ગુજરાત રાજયમાં ભારત સરકારના કૌશલ વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય દ્વારા ટાટા એજ્યુકેશન ડેવલપમેન્ટ ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ ખાતે નાસ્મેદ તાલુકામાં રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૨૦ એકર જમીન પર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ (IIS)ની સ્થાપના



થવા જઈ રહી છે, જે રીતે મેનેજમેન્ટ ક્ષેત્ર માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ(IIM) અને ટેક્નોલોજી ક્ષેત્ર માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) વિશ્વ પ્રસિદ્ધ છે તે જ રીતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ (IIS) કૌશલ્ય ક્ષેત્રે પ્રસિદ્ધિ મેળવશે. આ સંસ્થામાં દર વર્ષે ઓછામાં ઓછા ૫૦૦૦ વિદ્યાર્થીઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત તાલીમ મેળવશે.

રાજ્યમાં નોન-એન્જિનિયરિંગ સર્વિસ સેક્ટરનો વ્યાપ પણ ઘણો જ વિસ્તરી રહ્યો છે અને રાજયના યુવાધનને તે દિશામાં સારું પ્લેટફોર્મ મળી રહે તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા અનેક ભવિષ્યલક્ષી પગલાઓ ભરવામાં આવી રહ્યાં છે.

ગ્લોબલ ફાયનાન્શિયલ અને આઈ.ટી. હબ તરીકે વિકસી રહેલા ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે આગામી સમયમાં વિવિધ પ્રકારના કુશળ માનવબળની જરૂરિયાત ઊભી થશે. ગિફ્ટ સિટી ખાતે એરોસ્પેસ એવિએશન, બેન્કિંગ ફાઈનાન્સ, સર્વિસ-ઈન્શ્યોરન્સ, ઈલેક્ટ્રોનિક્સ, ઓફિસ એડમિનિસ્ટ્રેશન, ફેસિલિટી મેનેજમેન્ટ, હેલ્થકેર તથા આઈ.ટી. વગરે સેક્ટરના સી.ટી.એસ. અંતર્ગત લાંબાગાળાના નોન એન્જિનિયરિંગ વ્યવસાયો તથા ટૂંકા ગાળાના સર્વિસ સેક્ટરના વ્યવસાયો શરૂ કરવાના આયોજન સાથે નવી આઈ.ટી.આઈ શરૂ કરવા જમીન માટે રૂા.૧૦૦ લાખની આ બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે.

રાજયના અસંગઠિત શ્રમયોગીઓને નોકરી પરથી છુટા ન કરવા તથા લૉકડાઉનના સમયગાળાનો પૂરેપૂરો પગાર ચૂકવવા માટે ઉદ્યોગો તથા સંસ્થાઓના માલિકોને સૂચના પણ આપવામાં આવી હતી. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં વસતાં કુટુંબોને જીવન નિર્વાહની તકો વધારીને તેમનું જીવનસ્તર ઊંચું લાવવાની આ સરકારની પ્રતિબદ્ધતા છે. તે ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા મનરેગા યોજના અંતર્ગત રાજ્યમાં ૪૦૦ આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ, ગ્રામીણ કક્ષાએ પશુઓની સારસંભાળ માટે ૫૦ હજાર કુટુંબોને કેટલ શેડના બાંધકામની સહાય, શ્રમિકોને આપવામાં આવતું વેતન સમયસર તેમના બેન્ક ખાતામાં સીધેસીધું જમા કરવાનો પારદર્શક નિર્ણય, વર્ષ ૨૦૨૦માં ૯.૯૮ લાખ કુટુંબોને કુલ ૩૬૨ લાખ માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવી છે. ●

# 5 વર્ષ

# આપણી સરકારના સૌના સાથથી સૌના વિકાસના...



# વિકાસ દિવસ

## આધુનિક ગુજરાત, વિશ્વસ્તરીય વિકાસ

### રિન્યુએબલ એનર્જીનું હબ ગુજરાત

- વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક માંડવી ખાતે ગુજરાતમાં
- દેશમાં ઈન્સ્ટોલ થયેલા કુલ સોલાર રૂફટોપમાં ૯૦% ઈન્સ્ટોલેશન સાથે નંબર ૧ ગુજરાત, ૨.૬૬ લાખ લોકોએ લગાવી સોલાર રૂફટોપ સિસ્ટમ, જે ૧૦૦૦ Mw વીજળીનું ઉત્પાદન કરે છે
- ગુજરાતમાં અત્યારે ૧૩,૦૦૦ MW રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થઈ રહ્યું છે. ૨૦૨૫ સુધીમાં તેને ૪૧,૦૦૦ MW કરવામાં આવશે

### સતત છેલ્લાં ૪ વર્ષથી સૌથી વધુ વિદેશી રોકાણ ગુજરાતમાં

- રાજ્યમાં 30 લાખ MSME કાર્યરત, જેમાં મળી રહ્યો છે ૧.૫૦ કરોડ લોકોને રોજગાર
- MSMEમાં પહેલાં પ્રોડક્શન પછી પરમિશનની નીતિ
- કોરોનાની મહામારી હોવા છતાં એપ્રિલ ૨૦૨૦થી માર્ચ ૨૦૨૧ દરમિયાન ભારતમાં આવેલા કુલ FDI માંથી 3૭% એટલે ૧.૬૨ લાખ કરોડ ગુજરાતમાં આવ્યું

### ગિફ્ટ સિટી

- ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર (IFSC) ગિફ્ટ સિટી ખાતે કાર્યરત
- ભારતના મોડલ સ્માર્ટ સિટી તરીકેની ઓળખ પ્રાપ્ત કરનાર પહેલુ સ્માર્ટ સિટી
- ભારતનું પહેલું આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જ ગિફ્ટ સિટી ખાતે કાર્યરત


## વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર ગુજરાતમાં



દુનિયાની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે



દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં



વિશ્વનું સૌથી મોટું કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ડાયમંડ બુર્સ સુરતમાં





દુનિયાનું મેન્યુફેકચરિંગ હબ બનવાની દિશામાં ગુજરાતનો પ્રયાસ



૧૨૧ એકરથી વધુ વિસ્તારમાં કાર્યરત સિવિલ હોસ્પિટલ થી લઇને સુપર હોસ્પિટલ સુપર સ્પેશ્યિાલીટી હોસ્પિટલોનું સંકુલ મેડીસિટી હોસ્પિટલ

- અમદાવાદ અને સુરત ખાતે મેટ્રોનું નિર્માણ
- રાજ્યમાં ૭૦ માળ સુધીની ગગનચુંબી ઈમારતોના નિર્માણને મંજૂરી
- છેલ્લાં ૫ વર્ષમાં ૫૦૦થી વધુ ઓવરબ્રિજનું નિર્માણ
- છેલ્લાં ૫ વર્ષમાં ૪૨૫ TP સ્કીમોને મંજૂરી આપી
- દેશમાં સ્વચ્છતામાં ટોપ ૧૦ શહેરોમાં ગુજરાતનાં ૪ શહેરો
- ઈઝ ઓફ લિવિંગમાં ગુજરાતનાં 3 શહેરો ટોપ-૧૦ માં
- સ્માર્ટ સિટીમાં સુરત નંબર ૧, હાઈસ્પીડ ઓપ્ટિકલ ફાઈબર દ્વારા ગુજરાતના ૧૦,૦૦૦ ગામોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યાં.




## ગુજરાતમાં વરસી બહુવિધ વિકાસકાર્યોની હેલી

# દેશમાં 'વિકાસ મોડેલ' એવા ગુજરાતની સ્પર્ધા હવે વિશ્વ સાથે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વિકાસ માટેનાં જે બીજ તેમણે રોપ્યાં હતાં તેને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનાં નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે વડાપ્રધાનશ્રીના પદચિહ્નો પર ચાલીને ગુજરાતની જનતાને સુરક્ષા, સલામતી અને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડી છે. એટલું જ નહિ, રાજ્યના સર્વ સમાવેશક વિકાસ માટે તથા રોજગારના સર્જન માટે વિદેશી મૂડીરોકાણ લાવીને ગુજરાતને ચાલકબળ પૂરું પાડ્યું છે અને ચૌમુખી પ્રગતિ સાધી સર્વાંગી વિકાસ કર્યો છે, જે દેશને નવો રાહ ચીંધશે.

મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા 'વિકાસ દિવસ' સંલગ્ન કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને રાજ્યનાં વિકાસકામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન-ખાતમુહૂર્ત કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળ સમયે શરૂ કરેલી વિકાસયાત્રા અને જનકલ્યાણની પરંપરાને આગળ વધારવા બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે એક જ દિવસમાં કુલ રૂ. ૫૩૦૦ કરોડનાં વિકાસકામોમાં રૂ. ૩૩૨૨ કરોડનાં કામોનું લોકાર્પણ થયું છે, જેમાં અનેક બ્રિજ, રસ્તાનાં કામો, આવાસો, વીજળી અને પાણીની યોજનાઓનાં કામ સામેલ છે. જેનો મતલબ એ થાય કે આ તમામ કામોના નિર્માણ સંપૂર્ણપણે કોરોનાકાળમાં થયાં છે. જ્યારે સમગ્ર વિશ્વમાં વિકાસનાં પૈડાં થંભી ગયાં હતાં, ત્યારે પણ દેશમાં-ગુજરાતમાં વિકાસ કામગીરી ચાલુ રહી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વમાં એક તરફ દેશે કોરોના સામે વિજય મેળવ્યો, તો બીજી તરફ વિકાસને પણ અટકવા નથી દીધો. આ જ શ્રેણીમાં કુલ રૂ.1961 કરોડનાં ભૂમિપૂજન અને ખાતમુહૂર્તનાં કામો પણ થયાં.

ગાંધીનગર-અમદાવાદને જોડતા બે ઓવરબ્રિજ અને પાણીની પાઇપલાઈન સહિતનાં લોકાર્પણનો ઉલ્લેખ કરતાં શ્રી શાહે આ તમામ કામોમાંથી રૂ. ૬૩૦ કરોડના લોકાર્પણ અને રૂ. ૨૪૧ કરોડનાં ભૂમિપૂજન-લોકાર્પણનાં કામો મળી કુલ રૂ. ૯૦૦ કરોડથી વધુનાં કામો તેમના ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના હોવા અંગે વિશેષ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ સાથે જ અમદાવાદ-ગાંધીનગરને જોડતાં રસ્તાના વિસ્તૃતીકરણ સાથે કુલ પાંચ નવા ઓવરબ્રિજનું કામ પૂર્ણ થયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા 'વતન પ્રેમ' યોજના રિમોટ કન્ટ્રોલના માધ્યમથી લૉન્ચ કરવામાં આવી હતી.આ યોજના દ્વારા ગુજરાત સરકારે સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓને પણ ગુજરાતના વિકાસમાં જોડાવાનો સુંદર મોકો આપ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં જનભાગીદારીની કાર્યસંસ્કૃતિ ઊભી કરી હતી, તે આ યોજના દ્વારા મુખ્યમંત્રીશ્રી તેને આગળ

વધારી રહ્યા છે. આ યોજનાથી વિદેશમાં વસતા પ્રત્યેક ગુજરાતીને પોતાના ગામ પ્રત્યે ઋણ અદા કરવાનો-યોગદાન આપવાનો શ્રેષ્ઠ અવસર પ્રાપ્ત થશે. આ તકે શ્રી શાહે આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશવેળાએ દેશ-વિદેશમાં વસતા તમામ ગુજરાતીઓને વતનપ્રેમ યોજનામાં જોડાવા અપીલ કરી હતી.

પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ આજે ૨૫ હજાર પરિવારોને ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે, જ્યારે ૪૫ હજાર મકાનોનો શિલાન્યાસ થયો. અમદાવાદ, વડોદરા, કેશોદ, વાંકાનેરના શહેરી વિસ્તારોમાં ચાર હજાર મકાન પૂરાં પાડવાનું ભૂમિપૂજન કરાયું . આ તકે અમદાવાદ, વડોદરા, જામનગર, સુરત, ભાવનગર, ભૂજ સહિત રાજ્યમાં મજબૂત રોડ નેટવર્ક ઊભું કરવા અને ઓવરબ્રિજ, અન્ડરપાસનાં કામ માટે કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીનો આભાર માન્યો હતો. જેમાં ૧૧૪ જેટલા રસ્તાઓ, ઓવરબ્રિજનાં કામો રૂ. ૬૯૦ કરોડના ખર્ચે થઈ રહ્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

સુજલામ્-સુફલામ્ યોજના હેઠળ રૂ. ૧૧૬૨ કરોડના ખર્ચે પાઈપલાઇન નાખવાના કાર્યનું લોકાર્પણ થયું હતું. શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે આ યોજનાનો પ્રારંભ કરાવ્યો, ત્યારે વિરોધીઓએ તેની ટીકા કરતા અને પૂછતા કે આવડી મોટી પાઈપલાઇનોમાંથી શું જશે? પણ, આજે આ યોજના થકી બનાસકાંઠા અને સૌરાષ્ટ્રના ગામેગામ પાણી પહોંચ્યું છે અને ગુજરાતને ટેન્કરરાજમાંથી મુક્ત બનાવવાનું શ્રી નરેન્દ્રભાઈનું સપનું પૂર્ણતાના આરે છે. જલજીવન મિશનની મહત્ત્વાકાંક્ષી યોજના હેઠળ પ્રત્યેક ઘર સુધી નળથી પાણી પહોંચાડવાનું વડાપ્રધાનશ્રીનું સપનું છે. ગુજરાતમાં પણ આગામી વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યનું એક પણ ઘર પીવાના પાણીથી વંચિત ન રહે એ માટે ૨૩ જિલ્લાનાં ૧૬૩૨ ગામમાં રૂ. ૪૦૦ કરોડથી વધુના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવી છે.

શ્રમ અને રોજગારની દિશામાં આગેકૂચ કરતા આજે ૧૩ જિલ્લામાં ૧૯ નવી આઈટીઆઈ શરૂ કરવામાં આવી રહી છે, તો ૨૪ આઈટીઆઈનું એક્સટેન્શન અને નવી ૧૨ જેટલી વર્કશોપ શરૂ કરવામાં આવી છે. જ્યારે માર્ગપરિવહનની નવી સુવિધાના ભાગરૂપે ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે પાંચ નવાં બસસ્ટેશન અને એક વિભાગીય એસટી કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું

કોરોનાના કપરાકાળમાં પણ રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ દેશભરમાં નમૂનારૂપ કામગીરી દ્વારા મક્કમ મુકાબલો કરીને નાગરિકોને સંક્રમણથી બચાવ્યા છે અને દૈનિક ૧૦ લાખ નાગરિકોને વૅક્સિન આપીને વૅક્સિનેશનમાં પણ સૌથી વધુ કામગીરી દેશભરમાં કરીને નાગરિકોને સુરક્ષિત કર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂ. ૮૦ હજાર કરોડથી વધુના ખર્ચે દેશના ૮૦ કરોડથી વધુ ગરીબોને દિવાળી સુધી પાંચ કિલો મફત અનાજ વિતરણનો નિર્ણય કર્યો, તે સંદર્ભે પણ રાજ્ય સરકાર દ્વારા અપ્રતિમ કામગીરી કરીને અન્ન વિતરણ કરવામાં આવ્યું છે.

દેશના બક્ષીપંચ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ તબીબી શિક્ષણ મેળવી શકે એ માટે કેન્દ્રીય ક્વૉટામાં તબીબી સ્નાતક અને અનુસ્નાતકમાં અનામત આપવાનો મહત્ત્વનો નિર્ણય કરીને નવી શરૂઆત કરી છે. જે અંતર્ગત બક્ષીપંચના વિદ્યાર્થીઓને ૨૭ ટકા અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ૧૦ ટકા અનામત આપીને આ વિદ્યાર્થીઓ માટે તબીબી ક્ષેત્રે રોજગારીનાં નવાં દ્વાર ખોલ્યાં છે.

"પાંચ વર્ષ આપણી સરકારનાં" અંતર્ગત રાજ્ય સરકારના પાંચ વર્ષના સફળ શાસનની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈને શુભકામનાઓ પાઠવતા કેન્દ્રીય માર્ગ-પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ "વિકાસ દિવસ" નિમિતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદીએ આપેલો પ્રગતિશીલ, સમૃદ્ધ અને સંપન્ન રાજ્યનો વારસો શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઈએ જાળવી રાખ્યો છે અને તેમના માર્ગદર્શનમાં ગુજરાત લગાતાર પ્રગતિ અને વિકાસની ઓર ધપી રહ્યું છે, જે અમારા માટે ખુશીની વાત છે.

શ્રી ગડકરીએ આ પ્રસંગે લોકાર્પિત થયેલા કાર્યોનો ઉલ્લેખ





કરતાં જણાવ્યું હતું કે, "આજના લોકાર્પણમાં "રાષ્ટ્રીય રાજમાર્ગ નિર્માણ" અંતર્ગત ડીસામાં એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવ્યો છે. જે પૂર્વ-પશ્ચિમને જોડતો ઇકોનોમિક કોરિડોર છે. આ રસ્તો કંડલા અને મુન્દ્રા જેવા બંદરોને ઉત્તર અને મધ્ય ભારતથી જોડાશે. આ કારણે અહીં ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને અકસ્માતો પણ ઘટશે. વળી, રાજસ્થાનથી આવતા દર્દીઓને પણ મેડિકલ સેવા માટે ગુજરાત જવું સરળ પડશે.

"ભારતમાલા પરિયોજના" હેઠળના આશરે રૂ. ૨૫,૩૧૭ કરોડના ૧૦૮૦ કિલોમિટરના રસ્તાઓના કાર્યોનો પ્રારંભ ગુજરાતમાં થઈ ગયો હોવાની જાણકારી આપતાં કેન્દ્રીયમંત્રી શ્રી ગડકરીએ ઉમેર્યું હતું કે, સાંચોર-અમદાવાદ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ ૨૧૦ કિમિ. હાઈ-વે રૂ.૬,૦૦૦ કરોડના ખર્ચે, જેતપુર-રાજકોટ ૬૫ કિમિ.નો છ માર્ગ હાઇવે રૂ. ૬૫૦ કરોડના ખર્ચે, ૧૨૦ કિ.મિ. નો સાંતલપુર-સામખિયાળી છ માર્ગીય હાઈવે ૧૨૦૦ કરોડના ખર્ચે, ૨૯૦ કિ.મિ.નો બોડેલી-વાપી ગ્રીન ફિલ્ડ ચાર માર્ગ રૂ.૮૪૧૨ કરોડના ખર્ચે, ધાનેરા-ડીસા વચ્ચેનો ૩૪ કિમિનો માર્ગ રૂ. ૫૦૦ કરોડના ખર્ચે, સુરત-નાસિક-અમદાવાદનો આશરે ૧૨૮ કિમિ.નો ગ્રીનફિલ્ડ માર્ગ રૂ.૨૪૨૮ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવશે. શ્રી ગડકરીએ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે, આ તમામ કાર્યો આ વર્ષમાં જ ચાલુ થઈ જશે.

આ સાથે જ દિલ્હી-મુંબઈ વચ્ચેના એક્સપ્રેસ હાઇ-વેનું કાર્ય પૂરજોરમાં ચાલુ હોવા અંગે માહિતી આપતાં શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે આ માર્ગ પૂર્ણરૂપે ચાલુ થઇ જતાં માત્ર ૧૨ કલાકમાં જ મુંબઈથી દિલ્હી પહોંચી જવાશે. આ હાઇવે પૈકીનો જે માર્ગ ગુજરાતના ભાગે આવે છે, તેમાં ૮ લેનનો વડોદરાથી મુંબઈ વચ્ચેનો ૪૨૫ કિમિનો રૂ.૨૫,૦૦૦ કરોડના સંભવિત ખર્ચના હાઈ-વેનું નિર્માણ પ્રગતિમાં છે, આ પૈકીનો ૧૨૫ કિલોમિટરનો વડોદરા-કિમ-પાદરા-અંકલેશ્વરનો રૂ.૮૭૧૧ કરોડનો પ્રોજેક્ટ ડિસેમ્બર,૨૦૨૧માં જ પૂર્ણ થઈ જશે, જયારે બાકીનો ૮૫ કિમિનો ભાગ ઓક્ટો, ૨૦૨૧માં પૂરો થઇ જશે. અહીં જાબુઆ, મધ્યપ્રદેશથી ગુજરાતના દાહોદ-પંચમહાલ-વલસાડ-વડોદરા-ભરૂચ-સુરત સાથે જોડનારો એક્સપ્રેસ-વે અહીંના આદિવાસી-પછાત અને ગ્રામીણ ક્ષેત્રના લોકોનો વિકાસ કરશે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના આગ્રહથી ૧૦૯ કિમિનો ધોલેરા-અમદાવાદ હાઇવે, શ્રી અમિતભાઇ શાહના અનુરોધથી જેતપુર-ભાવનગર-સોમનાથના જંક્શન ઉપર ફ્લાઈ-ઓવરનું નિર્માણ કરવાની ડિઝાઇન તૈયાર થઇ ચૂકી છે. વળી, સોમનાથ ટ્રસ્ટ ભૂમિ ઉપર ફ્લાઈ-ઓવર, કોડિનારથી વેરાવળનો ચાર-લેનના પ્રસ્તાવને પણ માન્યો છે.

રાજ્યના નાયબ મુખમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ચિલોડા-ગાંધીનગર-સરખેજ માટે વધુ કાર્યનો પ્રસ્તાવ આપ્યો હતો, જેને ચેંજ ઓફ સ્કોપ હેઠળ સામેલ કર્યો છે. શ્રી પુરૂષોત્તમ રૂપાલાજીએ મહુવા-સાવરકુંડલા-બગસરા-અમરેલી-જેતપુરનો માર્ગ પૂરો કરવા માંગ કરી છે. જો ભૂમિ અધિગ્રહણનું કામ સમયસર પૂરું થઈ જશે તો તેને પાંચ પેકેજમાં પૂરો કરી દેવામાં આવશે. આ સાથે કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઈએ મહેસાણા-ભૂજ વચ્ચે ચાર માર્ગીય રસ્તો બનાવવાની માંગ કરી હતી, જેને સ્વીકૃતિ આપી દેવાઈ છે, જે ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. સાંસદ શ્રી કે.સી.પટેલે



વાપી-વલસાડનો માર્ગ પહોળો કરવાની વાત કરી હતી, તેને સ્વીકૃત કરવામાં આવ્યો છે. જયારે સાંસદ શ્રી હસમુખભાઈ પટેલે શામળાજી-ચિલોડા હાઈવે માટે માંગ કરી હતી, જે કાર્ય ડિસેમ્બર,૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસના રોલ મોડેલ બની ગયેલા ગુજરાતની સ્પર્ધા હવે વિશ્વ સાથે છે. વિકાસની રાજનીતિની જે પ્રણાલી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રસ્થાપિત કરી છે તે જ પદચિહ્નો પર ચાલીને પાંચ વર્ષમાં સૌના સાથ સૌના વિકાસ મંત્રથી જનહિત કામોને દશેદિશાએ વેગવંતા બનાવ્યાં છે

શ્રી વિજયભાઇ રૂપાણીએ એક જ દિવસમાં રાજ્યભરમાં એક મંચ પરથી એક સાથે રૂ. ૫૩૦૦ કરોડનાં વિકાસ કામોની રાજ્યની જનતા જનાર્દનને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે ધરેલી ભેટ જે કહેવું તે કરવું ની વિચારધારાને પ્રગટ કરે છે તેવો મત વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, લાઇટ, પાણી, ગટર, રસ્તા જેવી માળખાગત સુવિધાઓનાં કામોથી આગળ વધી હવે ગુજરાત સ્માર્ટ સિટીઝ, સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ અને ઇઝ ઓફ લિવિંગ - હેપીનેસ ઇન્ડેક્સની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે.

ઊર્જા, કૃષિ, શિક્ષણ, આરોગ્ય, ગરીબ, વંચિત, ખેડૂત દરેક વર્ગના લોકોને આજે વિકાસની અનૂભુતિ થાય, અહેસાસ થાય અને વિકાસમાં સહભાગી થયાનો હર્ષ પણ થાય તેવા જનહિતના પ્રકલ્પો, યોજનાઓ કાર્યો આ સરકારે જનતાને ભેટ આપ્યાં છે.


મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ-૭૫ વર્ષ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના હસ્તે રાજ્ય સરકારે લોંચ કરેલી વતનપ્રેમ યોજનાને દેશ-વિદેશમાં વસતા ગુજરાતીઓ માટે પોતાના વતન ગામ-નગરના વિકાસ કામમાં ફાળો આપી માતૃભૂમિનું ઋણ અદા કરી શકનારી યોજના ગણાવી હતી.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતના વિકાસને મળેલી સફળતાનું શ્રેય રાજયના છ કરોડ નાગરિકોના જન સહયોગ અને પ્રજાના આશીર્વાદને આપતાં કહ્યું કે, ગુજરાત આજે દેશભરમાં વિકાસનું રોલ મોડલ પુરવાર થઈ રહ્યું છે ત્યારે આગામી સમયમાં પણ આપણે ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઈ જઈ વિશ્વનું ઉત્તમ રાજય બનાવવું છે. એ માટે આપણે સૌ સંકલ્પબદ્ધ બનીને સહયોગથી કામ કરશું એવો દૃઢ વિશ્વાસ તેમણે વ્યકત કર્યો છે.

તેમણે ઉમેર્યુ કે, આજનો દિવસ ગુજરાત માટે ગૌરવનો દિન છે કેમ કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની આપણી રાજય સરકારના સુશાસનને પાંચ વર્ષ પૂર્ણ થયાં છે. પૂજય મહાત્મા ગાંધી, સરદાર સાહેબ અને રવિશંકર મહારાજના ગુજરાતે આઝાદીકાળ અને તે પછીના કાળમાં હંમેશાં સૌને મદદ કરી છે અને આજે પણ કરી રહ્યું છે. અમારી ટીમ ગુજરાતે રાજયની અવિરત



***ટંકારાના મોડ ઝીનતબેન અબ્દુલ મહમદભાઇએ જણાવ્યું હતુ કે અમે પહેલાં કાચા અને જૂના મકાનમાં રહેતા હતા. હવે રાજય સરકારની મદદથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અમને સહાય મળેલ છે. જેનાથી અમે હાલમાં પાકા મકાનમાં રહીએ છીએ. હાલમાં અમને કોઇપણ જાતની તકલીફ પડતી નથી. પહેલાં અમને ઘણી તકલીફ પડતી હતી. વરસાદના કારણે ઘરમાં પાણી ભરાઇ જતાં હતાં અને અમારો સમાન વારાઘડીએ ખરાબ થતો હતો. આથી તાલુકા પંચાયતના કર્મચારીશ્રીઓ અને ગુજરાત સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.***



***"કચ્છ જિલ્લાના ભૂજ તાલુકામાં અધો ગામમાં કાચા ભૂંગામાં મજૂરી કામ કરીને ગુજરાન ચલાવું છું. મજૂરી કરનાર માણસ મકાન ક્યાંથી બનાવી શકે બેન ! મહેનત કરે કે મજૂરી કામમાં ખાલી પેટ ભરાઇ મકાન ના બને બેન... આયતો ભલું થજો તલાટીનું કે અમને આ ફોર્મ ભરાવ્યું અને આજે અમને પોતાના મકાનની ચાવી મોટા સાહેબ આપશે. સરકારે માથે છત્ર આપી છે એનો ખૂબ ખૂબ આભાર. આજે પોતાના ઘરનું ઘર થવાથી મારું ઘરનું સપનું સાકાર થયું છે. ઘર માટેની મારી મોટી ચિંતા ટળી છે" એમ કહે છે કચ્છના નખત્રાણા ખાતે વિકાસ દિવસ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ મેળવનાર લાભાર્થી મેઘા સુમાર.***

વિકાસયાત્રાને આગળ વધારી છે, જેના પરિણામે રાજયના નાગરિકોનો વિશ્વાસ, પ્રેમ અને આશીર્વાદ અમને સતત મળતા રહ્યા છે. રાજ્યની જનતાએ સમગ્ર રાજયમાં અમને સત્તાના સૂત્રો સોંપ્યા છે, એ જ દર્શાવે છે કે પ્રજા અમારાં કામોથી સંપૂર્ણ સંતુષ્ટ છે.

રાજય સરકારે કરેલાં વિકાસકામોનો ચિતાર આપીને તેમણે પ્રજાકીય સહયોગ અને આશીર્વાદ માટે જનતા જનાર્દનનો રાજય સરકાર વતી આભાર માન્યો હતો અને આમ જ નાગરિકોનો આશીર્વાદ અને સહયોગ મળતો રહેશે એવો આશાવાદ વ્યકત કર્યો હતો.

વિકાસ દિવસ નિમિત્તે રાજ્યની પ્રજાના જનસુખાકારી માટે રૂ.૩૩૨૨ કરોડથી વધુનાં કામોનું લોકાર્પણ અને રૂ. ૧૯૬૧ કરોડથી

વધુના કામોનું ખાતમુહૂર્ત- ભૂમિપૂજન એટલે કે અંદાજે કુલ રૂ.૫૩૦૦ કરોડનાં વિકાસ કામોનાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી ઈ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં. જેમાં ગ્રામ વિકાસ વિભાગના કુલ રૂ.૧૦૮૪ કરોડથી વધુનાં કામો, માર્ગ અને મકાન વિભાગના કુલ રૂ.૧૬૨૦ કરોડથી વધુના, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના રૂ.૩૭૮ કરોડથી વધુનાં કામો, જળસંપતિ વિભાગના રૂ.૧૨૨૦ કરોડથી વધુનાં કામો, પાણી પુરવઠા વિભાગના રૂ.૩૯૬ કરોડનાં કામો, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના રૂ.૨૮૫ કરોડથી વધુનાં કામો, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના રૂ.૫૨ કરોડથી વધુનાં કામો અને શ્રમ અને રોજગાર વિભાગના રૂ.૨૪૪ કરોડથી વધુનાં કામોનાં ઇ-ખાતમુહૂર્ત અને લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યાં હતાં. તે ઉપરાંત ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા રૂ.૨૫૫ કરોડના ખર્ચે ૧૫૧ બસ, પાંચ બસ સ્ટેશન અને એક વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વિકાસ દિવસે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની "વતન પ્રેમ યોજના"ના વેબપોર્ટલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજ્ય-દેશ અને વિદેશમાં વસતા દાતાશ્રીઓ વિવિધ વિકાસ કાર્યો માટે ૬૦ ટકા દાન આપે, તેની સામે સરકાર ૪૦ ટકા અનુદાન ફાળવશે, તે કામ પર દાતાશ્રીની તકતી મૂકવામાં આવશે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલ, રાજ્યના મુખ્યસચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, મહેસૂલ - ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ શ્રી પંકજ કુમાર, પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા, ગ્રામ વિકાસ વિભાગના સચિવ શ્રી સોનલ મિશ્રા સહિતના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## સુરતને ૯૧૧ વિકાસકામોની ભેટ

'વિકાસ દિવસ' નિમિત્તે વન, આદિજાતિ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સુરત જિલ્લામાં ૯૧૧ જેટલા વિવિધ વિકાસકામોનું ઓનલાઇન લોકાર્પણ /ખાતમુહૂર્ત કરાયાં હતાં. બારડોલીમાં મંત્રીશ્રીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રતિકાત્મક ચાવી તથા સેકશન ઓર્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુરતમાં કામરેજ, ઓલપાડ, ચોર્યાસી તથા પલસાણા તાલુકાના રૂા.૩૮.૧૧ કરોડના ખર્ચે બનેલા ૯૬૮ આવાસોનું લોકાર્પણ અને કામરેજ, ઓલપાડ તથા પલસાણા તાલુકાના રૂા.૨૬.૧૩ કરોડના ખર્ચે સાકાર થનારા ૭૪૦ આવાસોનું ખાતમુહૂર્ત કરાયું હતું. આ ઉપરાંત, ભારતમાં સૌપ્રથમવાર 'આત્મનિર્ભર ભારત' અન્વયે અફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પલેક્સમાં ભાડવાતોને ભાડાનાં મકાનો, ઓલપાડ ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના શ્રમિક કૌશલ્ય પ્રમાણિતતા કેન્દ્રમાં ૧ વર્કશોપ તથા ૩ થિયરી રૂમોનું મેયરશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરાયું હતું. ●



## મહીસાગરને મળી વધુ એસટી બસની સુવિધા

પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથ, સૌના વિકાસનાં ઉપક્રમે નવ દિવસીય સેવાયજ્ઞ દ્વારા વિકાસલક્ષી અનેક યોજનાઓના લાભો લોકો સુધી પહોંચાડવા સુસાશનનાં પાંચ વર્ષ દરમિયાનના કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. જેમાં સાતમા દિવસે વિકાસ દિવસ અંતર્ગત લુણાવાડામાં મહીસાગર જિલ્લાને ફાળવાયેલી ત્રણ નવીન બસોને કૃષિ- પંચાયત અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહજી પરમારે પ્રસ્થાન કરાવ્યું હતું. ત્રણ પૈકી એક બસ લુણાવાડા ડેપોમાં ખડોદી-સુરત ઉધના અને અન્ય બે બસ સંતરામપુર ડેપોમાં આનદપુરી-અમરેલી- વીસાવદર રૂટ પર લોકોની સેવામાં એસ.ટી.ની આ બસો કાર્યાન્વિત કરવામાં આવી છે. આ સુવિધાથી લુણાવાડા, સંતરામપુર, આનંદપુરી, અમરેલી, ખડોદી, સુરત તથા ઉધના સહિત રૂટના મુસાફરોની સુવિધામાં ઉમેરો થશે. ●

# 'વિકાસ થકી વિશ્વાસ'ના મંત્ર સાથે કાર્યરત રાજ્ય સરકાર

'મૈં નહીં, હમ'ના મંત્રને નજર સમક્ષ રાખીને રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના સમગ્રતયા વિકાસ માટે રાજ્ય સરકાર કામ કરી રહી છે. તેમના નક્કર, પારદર્શક, પ્રગતિશીલ અને સંવેદનશીલ નિર્ણયો થકી જ ગુજરાત આજે વિકાસની કેડી પર હરણફાળ ભરી રહ્યું છે અને વિશ્વના નકશા પર અંકિત થઈ ચૂક્યું છે. પાંચ વર્ષનાં આ સુશાસનમાં ગુજરાત આજે વિકાસનો પર્યાય બની ચૂક્યું છે. તો વાત કરીએ આ વિકાસના સરવૈયાની...

વિકાસની વાત તો ગુજરાતની ગરિમાથી શરૂઆત કરવી પડે. વિશ્વની સૌથી ઊંચી 182 મીટરની સરદાર સાહેબની પ્રતિમા, સ્ટેચ્યૂ ઑફ યુનિટી સમગ્ર દેશના ગૌરવ સમાન છે. જ્યાં દરરોજ દેશવિદેશના હજારો પ્રવાસીઓ મુલાકાત લે છે. ભારતનો એક માત્ર ડાયનાસોર ફોસિલ પાર્ક ગુજરાતમાં છે. દેશમાં સૌ પ્રથમ સી-પ્લેન સુવિધા સાબરમતીથી કેવડિયા સુધી ગુજરાતમાં શરૂ કરવામાં આવી છે, તો દેશની સૌ પ્રથમ બુલેટ ટ્રેન પણ ગુજરાતથી દોડશે. વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં છે તેમજ વિશાળ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પણ આકાર લઈ રહ્યું છે.

આજે જ્યારે ભારત દેશ વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગેકૂચ કરી રહ્યો છે, ત્યારે ગુજરાત આ વિકાસનું રોલ મોડલ બનીને ઊભરી આવ્યું છે. વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ ભાવનગર ખાતે બનાવવામાં આવ્યું છે. કચ્છ ખાતેનો વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક હોય કે ગિરનારમાં તૈયાર થયેલો અશિયાનો સૌથી લાંબો રોપ-વે હોય. વિશ્વનું સૌથી મોટું ડાયમંડ બુર્સ પણ સુરતમાં જ આવેલું છે.

વિદેશી મૂડી રોકાણની બાબતમાં પણ ગુજરાત દેશમાં અવ્વલ રહ્યું છે અને સતત ચોથા વર્ષે સૌથી વધુ વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં થયું છે. ચાલુ વર્ષે કુલ 1.19 લાખ કરોડનું વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં થયું છે. વર્ષ 2018-19ની સરખામણીએ 2020-21માં આઠ ગણું વધારે મૂડીરોકાણ થયું છે.

ગાંધીનગર ખાતે નવનિર્મિત રેલવે સ્ટેશનનું તાજેતરમાં જ વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. જ્યારે આ સાથે જ વૈશ્વિક માપદંડોને અનુરૂપ બનાવાયેલી પંચતારક હોટલ પણ વાઈબ્રન્ટ જેવા વ્યાપારી મેળાવડાઓ સમયે અત્યંત ઉપયોગી સાબિત થઈ રહેશે.

પ્રવાસનના ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર બની રહ્યું છે. દ્વારકાના શિવરાજપુર બીચને બ્લ્યૂ ફ્લેગ સ્ટેટસ એનાયત થતાં આ સમગ્ર બીચને વિકસાવવાનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ જ પ્રકારે કચ્છના સફેદ રણમાં પ્રતિવર્ષ યોજાતો રણોત્સવ અને સરહદ દર્શન જેવા કાર્યક્રમો થકી દેશમાં અને વિદેશમાં પણ ગુજરાતનું પ્રવાસનક્ષેત્ર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

શહેરી ગરીબોના ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં પાંચ લાખ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્યના ગરીબો વંચિતોને આવાસની સુવિધા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ 7.85 લાખ પરિવારોને આવાસ પૂરા પાડવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. એટલું જ નહીં, હાઉસિંગ લોન પર વ્યાજ સહાય આપવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે.

આ સિવાય, વંચિત પરિવારોને આર્થિક સમૃદ્ધ બનાવવા માટે સાથણી રૂપે જમીન આપવાનો ઐતિહાસિક નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. જેના



પરિણામ સ્વરૂપ અનુસૂચિત જાતિના 42,357 લાભાર્થીઓને 64,026 હેક્ટર જમીન અને 6201 આદિવાસી બાંધવોને 17992 એકર જમીનના માલિક બનાવવામાં આવ્યા છે. માત્ર છેલ્લા એક વર્ષમાં જ સાડા સાત હજાર એકર જેટલી જમીન સાથણીરૂપે આપવામાં આવી છે.

વાત કરીએ રાજ્યની યુવાશક્તિના વિકાસની, તો ગુજરાત દેશનું એવું પ્રથમ રાજ્ય છે, જેણે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા હેઠળ બિનઅનામત વર્ગના લોકો માટે 10 ટકા આરક્ષણનું અમલીકરણ કર્યું છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા બિનઅનામત વર્ગના વિદ્યાર્થીઓને કોલેજ અભ્યાસ માટે ચાર ટકાના દરે રૂપિયા 10 લાખ સુધીની લોન આપવામાં આવે છે.

સમાજના સાર્વત્રિક વિકાસ માટે ગુનાખોરીને ડામવી પણ એટલી જ જરૂરી છે. જેના અનુસંધાને રાજ્યના નાગરિકોની શાંતિ-સલામતી અને સુરક્ષાને વધુ સુદઢ બનાવવા માટે પાસા એક્ટમાં સુધારો, ગુજરાત ગુંડા એન્ડ એન્ટિ-સોશિયલ એક્ટિવિટી એક્ટ, ચેન સ્નેચિંગ એક્ટ, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ, હુક્કાબાર નાબૂદી, ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ સહિતના કાયદા અમલી કરાયા છે.

ડિજિટલ ક્ષેત્રે ગુજરાતની આગવી પહેલના ભાગરૂપે સીએમ ડેશબોર્ડના માધ્યમથી ત્રણ હજારથી વધુ પર્ફોર્મન્સ ઇન્ડિકેટર્સની મદદથી રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા વ્યક્તિગત રીતે રાજ્યના તમામ 26 સરકારી વિભાગોની જરૂરતલક્ષી કામગીરી ઉપર જાતે નજર રાખવામાં આવી રહી છે. કોરોના મહામારીના સમયમાં આ સીએમ ડેશબોર્ડ રાજ્ય સરકાર અને જનતા માટે વરદાનરૂપ સાબિત થયું છે.




જન-જનની સેવા માટેનું અભિનવ પગલું એટલે સેવા સેતુ કાર્યક્રમ. જ્યાં માનવી ત્યાં સુવિધાનો મંત્ર ચરિતાર્થ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નવતર અભિગમ તરીકે ફેસલેસ અને સિંગલ વિન્ડો સિસ્ટિમ અમલી કરવામાં આવી છે. જેના ભાગરૂપે ઇ-સેવા સેતુનો પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. સમગ્ર દેશમાં સેવાસેતુના માધ્યમથી ડિજિટલાઇઝેશન આણનારું ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.

રાજ્ય સરકાર દ્વારા ચેકપોસ્ટ નાબૂદીનો અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવ્યો છે. મળી છે.ભ્રષ્ટાચાર એ વિકાસને લાગેલો લૂણો છે. એટલા માટે રાજ્યને ભ્રષ્ટાચાર મુક્ત બનાવી, વિકાસની હરણફાળ ભરવા અને નિર્ણાયક પ્રશાસનની જન-જનને પ્રતીતિ કરાવવા એસીબીને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.

ભ્રષ્ટાચાર મુક્ત અને પારદર્શક પ્રશાસનની પ્રતીતિના ભાગરૂપે ઓનલાઇન એનએના કારણે વચેટિયાઓની નાબૂદી થઈ છે. રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ વિકાસ માટે લો-રાઇઝ બિલ્ડિંગ માટે ઓફલાઇન પાસિંગ સંપૂર્ણ બંધ કરી, 24 કલાકમાં ઓનલાઇન પરમિશન ઉપલબ્ધ થઇ રહી છે.

રાજ્યમાં વિકાસની ગતિ વધુ તેજ બનાવવા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજયના 17,843 ગામડાઓને અને 16,402 પરાંને પાકા રસ્તાની જોડવા માટેનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.ગુજરાતના ગામડાઓને સુવિધાપૂર્ણ ગામડાઓ બનાવવા માટે આગેકૂચ કરતી વ્યવસ્થા કરવામાં આવી છે.જે અંતર્ગત રાજ્યનાં નાના ગામડાઓમાં પણ ડોર ટુ ડોર કલેક્શન અંતર્ગત આવરી લેવાયાં છે.

તાજેતરમાં કોરોના વાઇરસ વૈશ્વિક મહામારી સામે પણ મક્કમ મુકાબલો કરવા માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ગણતરીના દિવસોમાં જ રાજ્યનાં ચાર મહાનગરોમાં કોવિડ ડેડિકેટેડ હોસ્પિટલો શરૂ કરવામાં આવી હતી. એટલું જ નહીં, કોવિડની ડ્યૂટી દરમિયાન કોરોનાના કારણે મૃત્યુ પામનાર કોરોના વૉરિયર્સના પરિવારજનોને રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૨૫ લાખની આર્થિક સહાય માટેની જોગવાઇ પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત, કોરોનાની સંભવિત ત્રીજી લહેરનો સામનો કરવા માટેના એક્શન પ્લાનની તૈયારીના ભાગરૂપે ઑક્સિજનની સંભવિત જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ઑક્સિજનની ઉત્પાદન ક્ષમતા 1150 મેટ્રિક ટનથી વધારીને 1800 મેટ્રિક ટન કરવાનું પણ તબક્કાવાર આયોજન કરવામાં આવ્યું છે. આ સિવાય, 1700 જેટલા ધન્વંતરિ રથના માધ્યમથી રાજ્યના અઢી કરોડથી વધુ નાગરિકોને આરોગ્યને લગતી સારવાર ઘરબેઠાં પ્રદાન કરવામાં આવી છે.

કોવિડની મહામારીના કારણે રાજ્યના અર્થતંત્રની ધીમી પડેલી ગતિને પુનઃ વેગવંતી બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલી સહાય ઉપરાંત રૂ. 14 હજાર કરોડનું આત્મનિર્ભર પૅકેજ ફાળવવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજ્યના નાના વેપારીઓ, કામદારો, કારીગરો, દુકાન માલિકો અને સ્વરોજગાર ધરાવતા વ્યવસાયીઓને ફક્ત બે ટકાના નજીવા દરે રૂપિયા એક લાખ સુધીની લોન આપવામાં આવે છે. આ માટે રૂપિયા પાંચ હજાર કરોડની રકમ ફાળવવામાં આવી છે. ●

## 5 વર્ષ

# આપણી સરકારના
# સૌના સાથથી સૌના વિકાસના...



## શહેરી જનસુખાકારી દિવસ

### ગુજરાતના શહેર સ્માર્ટ, આધુનિક, પ્રદૂષણરહિત અને સુવિધાસભર બન્યાં



**રાજ્યના શહેરોમાં**
**રૂ. 5001 કરોડના**
**ખર્ચે જનસુખાકારીના**
**471 વિકાસ કામો**
**એક દિવસમાં થયા**

## રાજ્યભરમાં શહેરી જનસુખાકારી દિવસે યોજાયેલા કાર્યક્રમો

- રાજ્યભરમાં વિવિધ સ્થળોએ જનસુખાકારીના 40 કાર્યક્રમો યોજાયા.
- રૂ. 3000 કરોડના ખર્ચે અમદાવાદ મહાનગરપાલિકામાં વર્લ્ડ બેન્કની સહાયથી ડ્રેનેજ-સ્ટ્રોમ વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અને તેને સંલગ્ન કામોનો શુભારંભ થયો.
- શહેરોના સર્વાંગી વિકાસ માટે રૂ. 1000 કરોડના ચેક 8 મહાનગરપાલિકા અને 156 નગરપાલિકાઓને અપાઇ.
- શહેરોમાં જનસુખાકારીના રૂ. 3839.94 કરોડના 247 કામનું ખાતમુહૂર્ત અને રૂ. 1161.18 કરોડના 224 કામોનું લોકાર્પણ થયું.
- ઇ-નગર મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ : આ એપ વેબસાઈટ : https://enagar.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે.



## ગુજરાતના નગરો- મહાનગરોને મળી રૂ.5000 કરોડથી વધુની વિકાસભેટ

# શહેરોને સ્માર્ટ અને સુવિધાસભર બનાવવાનો વિકાસયજ્ઞ

આધુનિક અને વિકસિત નગરો-શહેરો ગુજરાતની આગવી ઓળખ બની ગયાં છે. વિશાળ માર્ગો, પીવાનું શુદ્ધ પાણી, ભૂગર્ભ ગટર વ્યવસ્થા, ઘરે-ઘરે વીજળીની સુવિધા, આરોગ્ય મથકો, ગરીબ વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાઓ સાથે બાગબગીચા, ફ્લાયઓવર વગેરે જન સુવિધાઓ સાથે ગુજરાતનાં શહેરો સ્માર્ટ બની રહ્યાં છે. ગુજરાત સરકારે રાજ્યનાં તમામ શહેરો સુવિધાયુક્ત અને સમૃદ્ધ બને તે દિશામાં નક્કર પગલાં લીધાં છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી જન સુખાકારી દિન અન્વયે રાજ્યવ્યાપી બહુવિધ વિકાસ કામોનાં લોકાર્પણ ખાતમુહૂર્ત અંતર્ગત ૫૦૦૧ કરોડના ૪૭૧ જેટલાં વિકાસકામોની ભેટ રાજ્યની જનતા જનાર્દનને અર્પણ ધરી હતી. આ દિવસે સમગ્ર રાજ્યનાં 41 સ્થાનોએ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

અમદાવાદમાં આયોજિત રાજ્યકક્ષાના મુખ્ય સમારોહમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એકસાથે ૩૮૩૯.૯૪ કરોડનાં ૨૪૭ કામોના ખાતમુહૂર્ત અને ૧૧૬૧.૧૮ કરોડના ૨૨૪ કામોના લોકાર્પણ સંપન્ન કર્યાં હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, આ પ્રજાહિતનાં વિકાસકામો અમે જનતા જનાર્દને અમને સોંપેલી જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી. સાફ નિયત, નેક નીતિથી કરી રહ્યાં છીએ. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વર્તમાન સરકાર અને પ્રજા વચ્ચે ખાઈ નહીં પણ સંવાદનો સેતુ પ્રસ્થાપિત કરી જન-જનને પોતીકી સરકારની પ્રતીતિ અમે કરાવી છે.

પ્રજા વર્ગો, સમાજ, માનવી, ગરીબ, પીડિત, વંચિત, શોષિત દરેક વ્યક્તિને આપણી સરકારની અનુભૂતિ થાય તેવી સંવેદના સાથે અનેક ફટાફટ નિર્ણય કરીને જનભાગીદારીથી ચાલતાં સુશાસનની પ્રણાલીને દેશનું મોડલ બનાવી છે. મુખ્યમંત્રી



શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં નગરો મહાનગરોનો વિકાસ સમયબદ્ધ આયોજનબદ્ધ અને ઝડપી પારદર્શિતા સાથે થઈ રહ્યો છે તેની છણાવટ કરતા નગરો-મહાનગરોના તંત્ર વાહકોને આહ્વાન કર્યું હતું કે, તાકાત હોય એટલાં વિકાસકામો કરો નાણાંની જરૂરિયાત રાજ્ય સરકાર પૂર્ણ કરશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી જનસુખાકારી દિવસે કેટલીક મહત્ત્વપૂર્ણ જાહેરાતો પણ કરી હતી .તેમણે આ જાહેરાત કરતા જણાવ્યું કે રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને વેગ મળે વધુ રોજગારી નિર્માણ થાય અને આર્થિક સમૃદ્ધિ વધે તેવા બહુવિધ વિકાસ અભિગમને કેન્દ્ર સ્થાને રાખી આપણે આ ક્રાંતિકારી નિર્ણય કર્યા છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અંગે વધુમાં જાહેર કર્યું કે, ઇન્ડસ્ટ્રિયલ પૉલિસી અન્વયે મંજૂર કરાયેલા ઇન્ડસ્ટ્રિયલ પાર્ક જે સત્તામંડળમાં સમાવિષ્ટ હોય તેવા પાર્કને હવે થી ૪૦ ટકાને બદલે ૨૫ ટકા કપાત કરવામાં આવશે. આના પરિણામે ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટને પંદર ટકા ઓછી કપાત આપવાની થશે. અને આ વિસ્તારમાં વધુ વિકાસ થઇ શકશે. મુખ્યમંત્રીશ્રીએ આ ક્રાંતિકારી નિર્ણય અંગે એમ પણ જણાવ્યું કે, આવી ૧૫ ટકા કપાતવાળી જમીન ઉપર ગ્રીન કવર, ગ્રીન પ્લાન્ટેશન, પબ્લિક ગાર્ડન, પ્લે ગ્રાઉન્ડ, માર્કેટ, મિલ્ક ડેરી, રિક્રિએશન, રેસ્ટોરન્ટ, આર્થિક રીતે નબળા વર્ગના લોકોના આવાસ માટે કે તેવા જાહેર હેતુ માટે જરૂરિયાત મુજબ સત્તામંડળ નિર્દિષ્ટ કરી શકશે.



આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ નવસારી શહેરી વિકાસ સત્તામંડળ અને બેચરાજી શહેરના વિકાસ નકશાના ફાઇનલ નોટિફિકેશનને મંજૂરી આપવાની પણ જાહેરાત કરી હતી. તેમણે આ વેળાએ ગૌરવસહ જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૫૦ થી વધુ ટી.પી. સ્કીમ સંપૂર્ણ પારદર્શિતાથી મંજૂર કરી છે, એટલું જ નહીં એક પણ શહેરનો વિકાસ નકશો ફાઇનલ નોટિફિકેશન માટે પેન્ડિંગ નથી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નગરોમાં સિટીઝન સેન્ટ્રિક સેવાઓ નાગરિકોને સરળતાએ ઘરે બેઠાં મળી શકે તે માટે ડિજિટલ ક્રાંતિના વિનિયોગ થી "ઇ- નગર" મોબાઇલ એપ્લિકેશન પણ લોન્ચ કરી હતી.

આ અવસરે સંબોધન કરતાં ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતે શહેરી વિકાસના ક્ષેત્રમાં અનેક અનેક આયામો સર કર્યા છે, તેનો શ્રેય હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતનાં શહેરો 'લિવેબલ અને લવેબલ' બન્યાં છે અને દેશમાં થઈ રહેલા સર્વેમાં મોખરે રહ્યાં છે. તેમણે ઉમેર્યું કે, "ઇઝ ઓફ લિવિંગ"ની સૂચિમાં ભારતનાં 10 શહેરમાંથી ગુજરાતના 3 શહેર સ્થાન પામ્યાં છે.

આ કાર્યક્રમમાં અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર ઉપરાંત ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખભાઈ ભંડેરી, સાંસદ શ્રી કિરીટ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, પૂર્વ મેયર શ્રી અમિતભાઈ શાહ તેમજ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ વિભાગ સચિવ શ્રી મુકેશ પૂરી, સચિવ શ્રી લોચન શહેરા, અમદાવાદ કમિશનર શ્રી મુકેશ કુમાર, ગાંધીનગરના મ્યુનસિપલ કમિશનર શ્રી ધવલ પટેલ, મ્યુનસિપાલિટી કમિશનર શ્રી બેનીવાલ, અમદાવાદનાં જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## "મિશન મિલિયન અભિયાન" અંતર્ગત અમદાવાદમાં ૬૫ હજાર વૃક્ષોનું વાવેતર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આરંભેલા "મિશન મિલિયન ટ્રી" અભિયાનની પ્રશંસા કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, સમયની માંગ આધારિત



ટકાઉ વિકાસ માટે વૃક્ષારોપણ અતિઆવશ્યક છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વૃક્ષારોપણની સુપેરે કામગીરી કરીને પ્રકૃતિના જતનનો સકારાત્મક સંદેશો આપવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, સરકાર દ્વારા પણ રાજ્યભરમાં ૧૦ કરોડ જેટલાં વૃક્ષોના વાવેતરના અભિયાનનો આરંભ કરવામાં આવનાર છે.

અમદાવાદ શહેરમાં "શહેરી જન સુખાકારી દિવસ"ના કાર્યક્રમની ઉજવણી અંતર્ગત શહેરના ગોતા વિસ્તાર સ્થિત સ્મૃતિવનમાં મિયાવાકી પદ્ધતિથી એક સાથે ૬૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. આ સ્મૃતિ વનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના જતનની નેમ વ્યક્ત કરી હતી.

તેમણે વિશેષમાં કહ્યું કે, રાજ્ય સરકાર ગ્રીન ગુજરાત અને ક્લીન ગુજરાતના લક્ષ્ય ભણી ટકાઉ વિકાસ તરફ આગળ વધી રહી છે. આવનારી પેઢીને વારસામાં કંઈ આપવા માટે ટકાઉ વિકાસ ખૂબ જ જરૂરી છે. છે માટે પર્યાવરણની જાળવણી અને મહત્તમ વૃક્ષારોપણ, વૃક્ષોનું જતન,વૃક્ષોનો ઉછેર જેવી રાજ્યવ્યાપી વિવિધ કામગીરી સરકારે હાથ ધરી છે.

આ કાર્યક્રમમાં ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ, ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અધિકારી-પદાધિકારી ઉપસ્થિત રહ્યા હતા. ●

## સુરેન્દ્રનગરનાં નગરો-શહેરોને 25 કરોડનાં વિકાસકાર્યોની ભેટ

રાજ્ય સરકાર દ્વારા પાંચ વર્ષ પૂર્ણ થયાં તે ઉપલક્ષમાં રાજ્યભરમાં વિકાસોત્સવનો સેવાયજ્ઞ યોજવામાં આવ્યો હતો. જે અંતર્ગત સુરેન્દ્રનગરની લીંબડી ખાતે શહેરી જન સુખાકારી દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે સુરેન્દ્રનગરનાં નગર-શહેરોમાં રૂ.25.93 કરોડનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ - ખાતમુહૂર્ત કર્યાં હતાં. આ ઉપરાંત, નગરપાલિકાઓને વિકાસકામો કરવા માટે રૂ.7.25 કરોડની રાશિના ચેક આપ્યા હતાં.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના સર્વાંગી વિકાસને વેગ આપવા સરકારે નર્મદાનાં નીર કચ્છ સુધી પહોંચાડી લોકોની પીવાના પાણીની અને ખેડૂતોની સિંચાઈની જરૂરિયાતને પૂર્ણ કરી ઘર આંગણે નર્મદાનાં નીર ઉપલબ્ધ બનાવ્યાં છે, સાથોસાથ સૌની યોજનાના સઘન અમલીકરણના પરિણામે એક સમયે નપાણિયો ગણાતો સૌરાષ્ટ્ર પ્રદેશ આજે સમૃદ્ધ બન્યો છે. અહીંના ખેડૂતોને સિંચાઈ માટે નર્મદાનાં નીર મળતા તેઓ હવે દર વર્ષે કરોડો રૂપિયાનું ખેત ઉત્પાદન મેળવી રહ્યાં છે.

આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જિલ્લાની તમામ નગરપાલિકાઓને વિકાસકાર્યો અર્થે સરકાર દ્વારા ફાળવવામાં આવેલ અંદાજિત ૭.૨૫ કરોડ ધનરાશિના ચેક વિતરણ કરાયા હતા. તેમજ ઈ-તકતી અનાવરણ થકી જિલ્લાની ૬ નગરપાલિકાઓના અંદાજિત રૂપિયા ૨૫.૯૩ કરોડના વિવિધ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત-લોકાર્પણ પણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યાં હતાં.




આ પ્રસંગે ધારાસભ્યો સર્વશ્રી ધનજીભાઈ પટેલ, પરસોત્તમભાઈ સાબરિયા, કિરીટસિંહ રાણા સહિત જિલ્લાની વિવિધ નગરપાલિકાના પ્રમુખ - ઉપ પ્રમુખશ્રીઓ તથા સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ તેમજ જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારી-પદાધિકારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●







# શહેરોને શાનદાર બનાવવા પ્રતિબદ્ધતા

રાજ્યના વિકાસની પ્રાથમિક શરત એ છે કે, તે રાજ્યના લોકોને વિકાસ થકી તેમની રોજબરોજની જિંદગીમાં કેટલી સરળતા અને સુખાકારી આવી ! આ બાબતને અધીન રહીને જો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કાર્યકાળને મૂલવીએ તો સમજાય છે કે, માળખાકીય સુવિધાઓ, સુંદર-પહોળા રસ્તા, પ્રદૂષણમુક્ત ઈ-વાહનોનો પ્રારંભ, ગગનચુંબી ઈમારતો, અનેકવિધ ઓવરબ્રિજ-અંડરપાસ, દરિયાઈ માર્ગોથી શહેરોને જોડીને સમય-ઈંધણની બચત સહિતનાં સંખ્યાબંધ જનસુખાકારીનાં કાર્યો આ સરકારે અસરકારકતાથી કર્યાં છે.

દરિયાઈ માર્ગે રાજ્યના બે ભૂ-ભાગને જોડવાના મહત્ત્વાકાંક્ષી કાર્ય અંતર્ગત સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનું જળમાર્ગોથી જોડાણ "રો-રો ફેરી સર્વિસ" દ્વારા કરીને પશ્ચિમ ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના ભાવનગરના ઘોઘા અને દક્ષિણ ગુજરાતના ભરૂચ જિલ્લાના દહેજને જળમાર્ગે જોડવાનું મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. જેના લીધે રોડ માર્ગે ઘોઘાથી દહેજ પહોંચતા લાગતો ૭ કલાકનો સમય ઘટીને ૧ કલાકનો થઈ ગયો. ૩૬૦ કિલોમિટરનું અંતર ઘટીને ફક્ત ૩૦ કિલોમીટરનું થઈ ગયું. આ કારણે ૪૮ હજાર એમ.ટી. ટન કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનમાં ઘટાડો થઈ શક્યો છે અને ૧૫,૨૦૨ કિલોલીટર જેટલા ઈંધણની બચત થઈ શકી છે. પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળવા ઉપરાંત ઉદ્યોગોની નવી તકોનું નિર્માણ થતાં રોજગર-સ્વરોજગારના અવસરો વધ્યા છે. પર્યાવરણ પ્રતિ જાગૃત અભિગમ અંતર્ગત "ઈ-વેહિકલ"માટે વર્ષ ૨૦૧૦-૧૧માં ક્લાઈમેટ ચેન્જ વિભાગનું બજેટ રૂ.૧૦૧ કરોડ હતું, જે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૯૧૦ કરોડ ઉપર પહોંચ્યું છે. ધોરણ-૯થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે બેટરી સંચાલિત દ્વિચક્રીય વાહન ખરીદવા માટે રૂ. ૧૨,૦૦૦ની સહાય આપવામાં આવી છે.

ગુજરાત ઈલેક્ટ્રિક વ્હિકલ પૉલિસી-૨૦૨૧ની જાહેરાત કરવાની સાથે રાજયમાં ૫૨૮ ચાર્જિંગ સ્ટેશનોની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ઈ-રિક્ષાની ખરીદી કરવા માટે રૂ. ૫૦,૦૦૦ રૂપિયાની સબસિડી સીધી લાભાર્થીઓના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત રૂ.૧૦,૦૦૦ વાહનોને સબસિડી સહાય આપવાનો લક્ષ્યાંક છે. વ્યક્તિગત રિક્ષા ચાલક, મહિલા સાહસિક, યુવા સ્ટાર્ટ અપ સાહસિક, શિક્ષિત બેરોજગાર, વંચિતો, સહકારી મંડળીઓ, દિવ્યાંગ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, શૌક્ષણિક સંસ્થાઓને બેટરી આધારિત ત્રિ-ચક્રી વાહન યોજના માટે પ્રાથમિકતા આપવામાં આવી છે.

અમદાવાદ સ્થિત પીરાણા બાયો-માઈનિંગનો અભિનવ પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધીમાં અંદાજે ૧ કરોડ મેટ્રિક ટનથી વધારે મોટો કચરાનો ઢગલો દૂર કરવા સાયન્ટિફિક એપ્રોચ અપનાવવામાં આવ્યો છે. પ્લાસ્ટિક અને કાપડ વેસ્ટ, ઈનરસેમી કમ્પોસ્ટ અને માટી રોડાના મટીરિયલને વિભાજિત કરી શકે એવી આધુનિક મશીનો કાર્યરત કરવામાં આવી છે.

બાયો-માઈનિંગ પ્રોસેસથી હવાની ગુણવત્તામાં મોટા પ્રમાણમાં સુધારો જોવા મળ્યો છે. ૩૦૦ મેટ્રિક ટન કેપેસિટીના ૩૦થી વધુ ટ્રોમેલ મશીનો અને ૧,૦૦૦ મેટ્રિક ટન કેપેસિટીનું ૧ મશીન કાર્યરત છે. અત્યાર સુધીમાં ૨૪ લાખ મેટ્રિક ટન જેટલો કચરો દૂર કરી ૧૩ એકર જેટલી જમીન ખુલ્લી કરી

દેવામાં આવી છે. પીરાણા ડમ્પસાઈટ લીગાસી વેસ્ટ પ્રોસેસિંગથી બાયો-માઈનિંગની આ કામગીરી ભારતભરમાં એક મોડલ તરીકે સ્વીકારવામાં આવી છે.

પ્રદૂષિત પાણીને પુન:ઉપયોગી બનાવવા માટે ગુજરાતના શહેરી વિસ્તારમાં વૉટર ગ્રીડનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેથી સ્વચ્છ પાણી ઉપરની ઉદ્યોગોની નિર્ભરતા ઓછી થઈ શકી છે. અમદાવાદ, ભાવનગર, ગાંધીનગર, સુરત, અંજાર,ગાંધીધામ સહિત ૩૮ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ થઈ ચૂક્યા છે. ૭૬૭ એમએલડી ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટ વોટરનો સફળતાપૂર્વક પુનઃ ઉપયોગ થઈ રહ્યો છે. "ફાટકમુક્ત ગુજરાત" ના પ્રોજેક્ટ અંતર્ગત ૭૨ ઓવરબ્રિજના નિર્માણનું કાર્ય રૂ.૩,૦૦૦ કરોડના ખર્ચે પૂરજોશમાં ચાલી રહ્યું છે. કુલ રૂ. ૭,૪૦૦ કરોડના ખર્ચે ગુજરાતને ફાટકમુક્ત બનાવવાનું કામ રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે હાથ ધર્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. ૫૦૮.૪ કરોડના ખર્ચે ૩૧ રેલવે ફાટકો દૂર કરીને ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવાયા. વળી, મહાનગરપાલિકામાં ૩૬ અને નગરપાલિકાઓમાં 45 ઓવરબ્રિજનું નિર્માણ કરાયું છે. આગામી ટૂંક સમયમાં દેશનું પહેલું ફાટકમુક્ત રાજ્ય બનવા ગુજરાત અગ્રેસર થઇ રહ્યું છે.

કોમન GDCRના અભિનવ વિચાર અંતર્ગત શહેરો-નગરોમાં બાંધકામના સમાન નિયમો ઉપલબ્ધ થતાં રાજ્યના નાગરિકોને રાહત મળી છે. રાજયમાં મહત્તમ ૭૦ મીટર સુધીની ઊંચાઈના બાંધકામને મંજૂરી મળી છે. રાજ્યનાં શહેરમાં બાંધકામના સમાન નિયમોને મંજૂરી આપનારું ગુજરાત દેશભરમાં અગ્રેસર બન્યું છે. ૭ મહાનગરપાલિકા, ૧૫ નગરપાલિકાઓમાં સમાન બાંધકામના નિયમો બનાવવામાં આવ્યા છે જયારે તમામ મહાનગરો, શહેરો, નગરપાલિકાઓમાં રસ્તાની પહોળાઈ મુજબ બાંધકામની ઊંચાઈની મંજૂરી અપાઈ છે. દરેક શહેરમાં રહેણાક ઝોનમાં ૧.૮ એફએસઆઈ વિનામૂલ્યે અપાશે પરિણામે મકાનની કિંમતમાં ઘટાડો થશે.

શહેરોનો સુનિયોજિત વિકાસની કામગીરી અન્વયે ૪૨૫ TP સ્કીમ, ૪૦ DP સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૬ પહેલાં ૨૦૦ TP સ્કીમને મંજૂરી અપાઈ હતી. ૪૦ DP સ્કીમને મંજૂરી મળતા ગુજરાતનાં નગરોમાં વસતા નાગરિકોને મળતી સવલતોમાં વધારો થયો છે. છેલ્લાં ૩ વર્ષમાં ૪૨૫ TP સ્કીમને મંજૂરી મળતાં રાજ્યના શહેરોમાં વિકાસની રફતાર વધુ તેજ બની છે. રાજયના શહેરોમાં પાણી, ગટર વ્યવસ્થા, ઉદ્યાનો, ટ્રાફિક વ્યવસ્થાપન, સફાઈ કામગીરી જેવી ઉચ્ચતમ સવલતો પ્રાપ્ત થતાં સુનિયોજિત અને ઝડપી વિકાસ શક્ય બન્યો છે.

હવે ગુજરાતમાં પણ બનશે દુબઇ - સિંગાપોર જેવી ગગનચુંબી ઈમારતો. આ વ્યવસ્થા માટે રાજ્ય સરકારે સ્કાય સ્ક્રેપરની મંજૂરીનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે રાજ્યમાં ૨૨-૨૩ માળનાં ઊંચા મકાનોને સ્થાને હવે ૭૦થી વધુ માળની ઈમારતો બનશે. નવી નીતિથી આઇકોનિક સ્ટ્રક્ચર નિર્માણનો માર્ગ મોકળો થયો છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ગાંધીનગરમાં ગગનચુંબી ઈમારતોના બાંધકામને પરવાનગી આપવાનું ઐતિહાસિક પગલું લેવામાં આવ્યું છે. વર્ટિકલ ડેવલપમેન્ટથી જમીનોની કિંમત સ્વાભાવિક રીતે જ ઓછી થશે અને શહેરના વિસ્તારની સર્વિસ લેન્ડનો મહત્તમ ઉપયોગ શક્ય બનશે. મુંબઈ, દિલ્લી જેવાં શહેરોના નિયમોનો અભ્યાસ કર્યા બાદ મંજૂરીનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. ●



# 5 વર્ષ

## આપણી સરકારના સૌના સાથથી સૌના વિકાસના...



# વિશ્વ આદિવાસી દિવસ

**વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિસાસ માટે છેલ્લાં 5 વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા રૂ. 60,000 કરોડ**



## બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત

**અંદાજિત રૂ. 1222 કરોડના ખર્ચે 70 કામોનાં ખાતમુહૂર્ત**

**અંદાજિત રૂ. 487 કરોડના ખર્ચે 199 કામોનાં લોકાર્પણ થયાં**

**5 લાખ આદિજાતિનાં વિકાસકાર્યોને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ. 80 કરોડના લાભો**

## આદિવાસીઓના વિકાસની દરકાર, રાખી રહી છે ગુજરાત સરકાર

- રૂ. 4500 કરોડના ખર્ચે કુલ 2,49,125 હેક્ટર આદિવાસી વિસ્તારમાં સિંચાઈની સુવિધા.
- રૂ. 2000 કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં 5 લાખ ઘરોને નળ જોડાણ.
- 12838 કિ.મી. લંબાઈના 4515 રસ્તાઓનું નિર્માણ.
- રૂ. 2500 કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં 122 સબસ્ટેશનની સ્થાપના અને 71000 ઘરોને વીજજોડાણ.
- વન અધિકાર અધિનિયમ હેઠળ કુલ 13978 દાવાઓ મંજૂર કરી 46,523 હેક્ટર જમીનના હક્કો મંજૂર કરાયા.
- નર્મદા જિલ્લા ખાતે રૂ. 103 કરોડના ખર્ચે આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું રાષ્ટ્રીય સંગ્રહાલય નિર્માણ પામશે.
- અદ્યતન સુવિધાઓયુક્ત 838 રેસિડેન્સિયલ શાળાઓ દ્વારા રૂ. 2744 કરોડના ખર્ચે પ્રતિવર્ષ 1,36,438 આદિજાતિ વિદ્યાર્થીઓને રહેવા - જમવાની સુવિધા સાથે વિનામૂલ્યે શિક્ષણ.
- રૂ. 454 કરોડના ખર્ચે આદિજાતિ વિદ્યાર્થીઓ માટે 25 નિવાસી શાળાઓનું બાંધકામ કરવામાં આવ્યું તથા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે 48 નવી નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી.
- 43 લાખ આદિજાતિ બાળકોને રૂ. 538 કરોડના ખર્ચે દૂધ સંજીવની યોજનાનો લાભ.
- રૂ. 440 કરોડના ખર્ચે 35000 આવાસોનું નિર્માણ.
- પાંચ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને રૂ. 165 કરોડના ખર્ચે બિયારણ અને ખાતરની કિટ સહ કૃષિલક્ષી તાલીમના લાભો.

# વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી વિસ્તારોને રૂ.૧,૭૦૦ કરોડનાં વિકાસકામોની ભેટ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વની પારદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકારના પાંચ વર્ષની પૂર્ણતા પ્રસંગે નવમી ઓગસ્ટ - વિશ્વ આદિવાસી દિવસે મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિઓ માટેની વિકાસલક્ષી વિવિધ યોજનાઓનો બહુધા આદિવાસી ક્ષેત્ર એવા રાજપીપળાથી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાઓમાં રૂ.૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોનાં પ્રારંભ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાવ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું, કે છેલ્લાં પાંચ વર્ષમાં સરકારે સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે સર્વગ્રાહી પ્રયાસો આદર્યા છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો પાયો મજબૂત કરી દેશમાં વિકાસની રાજનીતિની શરૂઆત કરાવી છે. આદિવાસી બાંધવોને ખોટા વાયદા વચનો નહીં, પરંતુ વનબંધુ કલ્યાણ જેવી મહત્ત્વાકાંક્ષી યોજનાના નક્કર અમલીકરણ દ્વારા આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં જોડી આદિવાસી વિસ્તારોનો સમતુલિત અને સમુચિત વિકાસ કર્યો છે.

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ.૯૦ હજાર કરોડનાં વિકાસકામો શરૂ કરાવ્યા હતા. છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રૂ.૬૦ હજાર કરોડનાં વિકાસકામો કરવામાં આવ્યા છે. વનબંધુ કલ્યાણ યોજના ફેઝ -૨ માં આગામી પાંચ વર્ષમાં રાજ્યના આદિવાસી વિસ્તારોમાં રૂ.એક લાખ કરોડનાં વિકાસકામો હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજપીપળા નજીક જીતનગર ખાતે અંદાજે રૂ.૩૪૧ કરોડના ખર્ચે ૩૯ એકર વિસ્તારમાં નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત કરવા સાથે રૂ. ૪૮૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા ૧૯૯ વિકાસકામોનાં લોકાર્પણ તથા રૂ.૧૨૨૨ કરોડના ૯૦ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ હળપતિ તથા વ્યક્તિગત આવાસ યોજના, ધિરાણ યોજના, માનવ ગરિમા યોજના, વન ધન વિકાસ યોજના, કૃષિ કિટ વિતરણ યોજના, વન અધિકાર અધિનિયમ તથા સિકલસેલ અને ટી.બી.ના દર્દીઓને તબીબી સહાય યોજના મળીને કુલ ૨૩,૦૦૦ થી પણ વધુ લાભાર્થીઓને રૂ. ૮૫ કરોડ તથા આદિજાતિના અંદાજિત પાંચ લાખ વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ .૮૦ કરોડના લાભોનું વિતરણ કર્યું હતું.

વન અધિકાર અધિનિયમ હેઠળ આદિવાસીઓને જંગલની જમીન આપવાના ૧૪ હજાર દાવાઓ મંજૂર કરી ૪૬ હજાર હેક્ટર જમીનના હક્કો આદિવાસીઓને આપ્યા છે. આદિવાસી યુવાનો ડૉક્ટર બને તે માટે રાજયના આદિવાસી વિસ્તારોમાં પાંચ મેડિકલ કોલેજ શરૂ કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે. રાજય સરકારે આદિવાસી વિસ્તારોમાં કરેલ આદિવાસી કલ્યાણનાં વિવિધ વિકાસકામોની મુખ્યમંત્રીશ્રીએ વિસ્તૃત રૂપરેખા આપી હતી.

વિશ્વ આદિવાસી દિવસે આદિવાસી બાંધવોને શુભ કામનાઓ પાઠવતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વન અને ગિરિકંદરાઓમાં વસતા આદિવાસીઓનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ અનોખું યોગદાન રહ્યું છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિજાતિના અનેક સપૂતોની ત્યાગ, સમર્પણ અને બલિદાનની યશગાથાઓ આજે આપણને



પ્રેરણા આપે છે. ગુજરાતના આદિવાસીઓએ દેશની આઝાદી માટે ક્યારેય પાછી પાની કરી નથી. સોમનાથ મંદિરની રક્ષા હોય કે પછી ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ હોય. ગુજરાતના જાંબુઘોડાના વીર નાયકાઓએ અંગ્રેજો સામે ૪૦ વર્ષ સુધી લડી અંગ્રેજોના દાંત ખાટા કર્યા હતા. માનગઢમાં ગોવિંદ ગુરુની આગેવાની હેઠળ અંગ્રેજો સામે લડતા જલિયાવાલાં બાગ કરતાં પણ વધુ ૧૫૦૦ જેટલા આદિવાસીઓએ માતૃભૂમિ અને દેશની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી.

આદિવાસીઓના જન નાયક બિરસા મુંડાએ આદિવાસીઓને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડીને દેશની આઝાદી માટે સંઘર્ષ કર્યો હતો. તેમના નામ સાથે ગુજરાતમાં ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ થઈ છે જે આદિવાસી યુવાનોની કારકિર્દી ઘડવામાં આશીર્વાદરૂપ નીવડશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકામાં વસવાટ કરતા ૯૦ લાખ આદિવાસીઓને વિશ્વ આદિવાસી દિવસની શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે આદિવાસી સમાજ માટે આજનો દિવસ ઐતિહાસિક અને યાદગાર બની રહેવાનો છે. આદિવાસી સમાજના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજપીપળામાં ૩૯ એકર વિસ્તારમાં આદિવાસીઓના જનનાયક બિરસા મુંડાના નામે ટ્રાઈબલ યુનિવર્સિટીનું ભૂમિપૂજન થયું છે. જેને પરિણામે આદિવાસી યુવાનોને ઘરઆંગણે ઉચ્ચ શિક્ષણની તકો પ્રાપ્ત થશે.

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રાજ્યમાં આદિવાસીઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કામાં રૂ. એક લાખ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું. આદિવાસી વિસ્તારોમાં સિંચાઇ ક્ષેત્રે હાથ ધરાયેલાં કામોની તેમણે વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબહેન રાઠવા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, પૂર્વ મંત્રી શ્રી શબ્દશરણ તડવી, પૂર્વ સંસદીય સચિવ શ્રી હર્ષદભાઈ વસાવા, ઘનશ્યામભાઈ પટેલ, સતિષભાઈ પટેલ, પદાધિકારીઓ, આદિજાતિ વિભાગના સચિવ ડૉ.એસ. મુરલીક્રિષ્ના, આદિજાતિ વિકાસ વિભાગના કમિશનર શ્રી દિલીપ રાણા, જળસંપતિ વિભાગના સચિવ શ્રી પટેલ, બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મધુકર પાડવી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી. ડી. પલસાણા સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# આદિજાતિ વિસ્તાર વિકાસથી મહોર્યો

રાજ્યની પારદર્શક અને નિર્ણાયક સરકાર દ્વારા ખૂબ જ સંવેદનશીલતા સાથે સર્વસમાવેશક સમતોલ વિકાસ કાર્યો કરીને જ્ઞાતિ-જાતિલક્ષી વિકાસના સીમાડાઓને રાજ્યમાંથી ઉખાડી બતાવ્યા છે. રાજ્યના અંતરિયાળ તથા સાવ છેવાડાના વિસ્તારોમાં પણ મહાનગરોની માફક જ અનેક વિકાસ પ્રોજેક્ટ્સ મૂકીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ગુજરાત મોડેલને સ્માર્ટ સ્ટેટ બનાવવાની દિશા તરફ અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે જેના પરિણામે ગુજરાત આજે દેશનું રોલમોડલ પુરવાર થઈ રહ્યું છે.

અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વ પટ્ટીના વિસ્તારમાં ૧૪ જિલ્લાઓ, ૫૩ જેટલા તાલુકાઓ, ૪ હજાર કરતાં વધારે ગામડાઓમાં ૯૦ લાખ જેટલાં આદિવાસી સમાજના લોકો વસવાટ કરે છે. આ સમાજના સર્વાંગી વિકાસ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સબકા સાથ, સબ કા વિકાસ'ના સૂત્રને સાર્થક કરવા તેમણે વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી હતી. અત્યાર સુધીમાં આદિવાસી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે રોડ-રસ્તા, સિંચાઇ, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી વગેરે સગવડો માટેનાં કામો થયા છે.

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી



શ્રી વિજયભાઈ રૂપાણીએ વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ની જાહેરાત કરીને આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ. ૧ લાખ કરોડની ફાળવણી કરી છે. જે અંતર્ગત નવ લાખ આદિજાતિ પરિવારો માટે રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવશે. છેલ્લાં ૧૩ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત રૂ. ૯૭ હજાર કરોડની રકમ આદિજાતિ વિસ્તારના વિકાસ માટે વાપરવામાં આવી છે. જે થકી રાજ્યના આદિજાતિ વિસ્તારની માળખાકીય સુવિધાઓ તેમજ આદિજાતિ સમુદાયના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક એમ સર્વાંગી વિકાસની દિશામાં આદિજાતિ સમુદાયે નવા આયામો સિદ્ધ કર્યા છે.

વનબંધુઓના ડેવલપમેન્ટમાં રાજ્ય સરકારનું સવિશેષ ઇન્વોલ્વમેન્ટ રહ્યું છે. આદિજાતિ વિસ્તારોમાં વનબંધુઓના વિકાસ માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા અને પ્રતિબદ્ધતાનો આમ જનતાને પણ અહેસાસ થઇ રહ્યો છે. જ્યાં પહેલા રસ્તા, પાણી, શૌચાલય, બસ સેવા, શિક્ષણ કે આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓના પણ અનેક પ્રશ્નો હતા ત્યાં હવે ગુણવત્તાયુક્ત રસ્તા, ઘરે-ઘરે નળ અને તે નળમાં શુદ્ધ પાણી, આધુનિક બસ સુવિધાઓ, શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ અને અત્યાધુનિક સુવિધાઓ અને નિષ્ણાત તબીબોથી સજ્જ સરકારી હોસ્પિટલો પણ સામાન્ય બાબત થઈ ગઇ છે. એટલું જ નહિ, દેશભરમાં વનબંધુઓને તેમની જમીનની માલિકીના હક્કો પૂરા પાડવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે અને તેમની સનદો સૌથી વધુ ગુજરાતે આપીને રાજ્યના વનબંધુઓના સર્વાંગી વિકાસનો નવો રાહ ચીંધ્યો છે. વનબંધુહિતલક્ષી દીર્ઘદૃષ્ટિપૂર્ણ તૈયાર કરવામાં આવેલી યોજનાઓની સાથોસાથ છેવાડાના લાભાર્થી સુધી તે યોજનાનો લાભ મળે તેના રિયલ ટાઇમ ફોલોઅપ અને સમયબદ્ધ આયોજનને કારણે રાજ્ય આદિજાતિ વિસ્તારના લોકોની આર્થિક-સામાજિક વિકાસની પ્રક્રિયા ખૂબ ઝડપી બની છે.

આદિવાસી બાંધવોનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત રહે નહીં અને તમામ બાળકોને પાયાનું શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહી છે. આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટે રાજ્યભરમાં ટેકનોલોજીથી સજ્જ ૩૪ એકલવ્ય મોડેલ સ્કૂલ કાર્યરત છે. જેમાં ડિજિટલ બોર્ડ, ઓવરહેડ પ્રોજેકશન, કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ સાથે આધુનિક શિક્ષણની સવલતો ઉપલબ્ધ કરાવાઈ છે અને આદિવાસી બાળકોને વર્લ્ડ ક્લાસ અદ્યતન સવલતો સાથે અભ્યાસની તક પૂરી પાડી છે. સાથે સાથે ૭૬૫ જેટલી આશ્રમ શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને એક્લવ્ય શાળાઓના ૧ લાખ ૩૫ હજાર વિદ્યાર્થીઓને રહેવા, જમવા તથા અભ્યાસની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

આદિવાસી સંસ્કૃતિના ભવ્ય વારસાને દેશ અને દુનિયા સમક્ષ પ્રસ્તુત કરવા તથા સાંસ્કૃતિક ધરોહરથી લોકો માહિતગાર થાય એ માટે રૂ. ૧૦૩ કરોડના ખર્ચે આદિજાતિ વીર સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદમાં રાજ્યના નર્મદા જિલ્લા "રાષ્ટ્રીય કક્ષાનું આદિવાસી વીર સ્વાતંત્ર્ય સેનાનીનું" મ્યુઝિયમ ઊભું કરવામાં આવશે. રાષ્ટ્રીય મ્યુઝીયમનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. આ મ્યુઝિયમના મુખ્ય આકર્ષણોમાં ૩ડી પેનોરમા, લેસર અને કમ્પ્યૂટર ટેકનિકથી આદિવાસી સાંસ્કૃતિક વારસો પ્રસ્તુત કરાશે. સાથે સાથે આદિવાસી સ્વાતંત્ર્ય વીરોની ભવ્ય જીવન ઝાંખીની સહેલાણીઓને જાણકારી પણ ઉપલબ્ધ

થશે. ૭૦ એકર જમીનમાં ઊભું થનારું આ મ્યુઝિયમ દેશ અને રાજ્યોની એકતા અને અખંડિતતાને સુપેરે પ્રસ્તુત કરશે.

રાજ્યના આદિવાસી બાંધવોને જમીનનું રક્ષણ મળી રહે અને તેઓ જમીનના માલિક બને એ માટે રાજ્ય સરકારે ઐતિહાસિક પગલું ભરી તેમને જમીનની માલિકીની સનદો પૂરી પાડી છે. જે અંતર્ગત ૮૮,૮૫૯ જેટલા વ્યક્તિગત દાવાઓ મંજૂર ૧,૩૯,૭૧૦ એકર વન જમીન ઉપર આદિવાસી બાંધવોને અધિકારો પૂરા પાડ્યા છે. છેલ્લાં પાંચ વર્ષમાં વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૪ જિલ્લાના અંદાજિત ૯૬ હજારથી વધુ આદિવાસીઓને વ્યક્તિગત અને સામુદાયિક જમીની દાવા મંજૂર કરવામાં આવ્યા છે.

વન અધિકાર અધિનિયમ હેઠળ ૧૩ લાખ એકર કરતાં વધુ જંગલની જમીનના આદિવાસીઓને લાભ મળ્યો છે. રાજ્યના આદિવાસી બાંધવોના સર્વાંગી અને આર્થિક ઉત્થાન માટે મુખ્યમંત્રીશ્રીએ પેસા એક્ટની ચુસ્તપણે અમલવારી કરી છે. પેસા એક્ટનો અસરકારક અમલ અને જંગલ ખેડે એની જમીનના નિર્ણયથી લાખો આદિવાસીઓ જમીનના માલિક બન્યા છે તથા આદિવાસીઓને જમીન, વન્ય પેદાશના પણ હક્કો મળ્યા છે. જેના પરિણામે ૯૦ લાખથી વધુ આદિવાસીઓને આર્થિક લાભ થયો છે. વર્ષ ૨૦૧૭માં લીધેલા પેસા એક્ટના કડક અમલીકરણના નિર્ણયથી આદિવાસી બાંધવોના ઉત્કર્ષને નવો આયામ મળ્યો છે. વનબંધુઓને ગામના વિકાસને લગતી યોજનાઓની મંજૂરી આપવાનો અને વિકાસના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ કરવાના વિશેષ અધિકાર પ્રાપ્ત થયા છે.

રાજ્ય સરકારે નર્મદા જિલ્લામાં "ગુજરાત રાજય ટ્રાઇબલ યુનિવર્સિટી" સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ યુનિવર્સિટીની સ્થાપનાનો મુખ્ય હેતુ રાજયના આદિજાતિ સમુદાયના વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા, રોજગારક્ષમ ટેકનિકલ ડિપ્લોમા, સર્ટિફિકેટ કોર્સ જેમાં આદિજાતિ વિસ્તારના રોજગાર ક્ષેત્રોને કાર્યક્ષમ બનાવવા ડેરી અને ડેરી આધારિત ઉદ્યોગ, કૃષિ-વન આધારિત કુશળતાઓનો વિકાસ, વિજ્ઞાન, ટેકનિકલ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં વિભાગો શરૂ કરવામાં આવશે. બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તારમાં નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાનાં જીતનગર ગામને ૧૬ હેકટર જેટલી જમીન રાજય સરકારે ફાળવણી કરી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારને વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી પરિવારોનો આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ થાય તે માટે નવી વ્યવસ્થા અને આયોજનપૂર્વકના પ્રયાસોના પરિણામે ગુજરાતની વિકાસયાત્રામાં આદિવાસી બાંધવો સક્રિય ભાગીદાર બન્યા છે. રાજ્ય સરકારે આદિવાસીઓના સમગ્રતયા વિકાસનો અભિગમ અપનાવી ગુણવત્તાસભર શિક્ષણ, કૌશલ્યવર્ધન સાથે રોજગારી તથા આરોગ્યની પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે. આદિવાસી બહેનો પણ શિક્ષણની સાથે સ્વરોજગારી માટે સક્ષમ અને સજાગ બની છે.

અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને મેડિકલ, એન્જિનિયરિંગ તથા ટેકનિકલ ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સાધનો ખરીદવા ૮,૬૧૩ વિદ્યાર્થીઓને રૂા.૩.૧૩કરોડની સાધન સહાય આપવામાં આવી. મેડિકલ અને ઈજનેર પ્રવેશ પરીક્ષા માટેના ખાસ કોચિંગ યોજના દ્વારા રાજયના ૧૫ આદિજાતિ જિલ્લામાં NEET, GUJCET અને JEE અંગેના કોચિંગ માટેના વિનામૂલ્યે ૧૧૦થી વધુ કોચિંગ સેન્ટર કાર્યરત કરાયા જેનો તાલીમ મેળવેલ ૨૨,૩૭૩ વિદ્યાર્થીઓ પૈકી ૩,૪૫૩ વિદ્યાર્થી ઉતીર્ણ થયા છે.

આદિવાસી બાંધવોને બંધારણીય હક્કો મળી રહે તે માટે રાજ્ય સરકારે ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને સાચા લાભાર્થી સરકારી યોજનાના લાભોથી વંચિત ના રહે તે માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ પછાત વર્ગના જાતિ અંગેના ખોટાં પ્રમાણપત્રો મેળવનાર સામે સરકારની લાલ આંખ કરીને કડક હાથે કામગીરી હાથ ધરી છે.

રાજયના અંતરિયાળ આદિવાસી વિસ્તારોને પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે મહત્ત્વપૂર્ણ છ યોજનાઓ રૂ.૧૭૦૦ કરોડના ખર્ચે હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. જેનો સીધો લાભ ૮૨૮ આદિવાસી ગામો અને ચાર શહેરોને મળશે. રાજયમાં સિકલસેલ એનિમિયાના રોગ નિયંત્રણ અને ઉપચાર માટે ૮૮ લાખથી વધુ આદિજાતિ લોકોની ચકાસણી ૨૯,૦૦૦ જેટલા આ રોગના દર્દીઓને દર માસે રૂ.૫૦૦ લેખે નાણાકીય તબીબી સહાય. સુરત, વલસાડ, નવસારી, વડોદરા અને અમદાવાદ ખાતે સારવારની વિશેષ સુવિધાવાળા અલગ વોર્ડની રચના કરવામાં આવી છે.

આમ રાજય સરકારે વિવિધ યોજનાઓના માધ્યમ દ્વારા આદિવાસી બાંધવોના સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક વિકાસ માટે છેલ્લાં પાંચ વર્ષના સુશાસનમાં અનેકવિધ નવતર આયામો હાથ ધર્યાં છે. જેનાં સુભગ પરિણામો આજે આપણે જોઈ રહ્યા છીએ. ●



# જન સેવાયજ્ઞના નવ દિવસીય અનુષ્ઠાનને મળી જવલંત સફળતા

નિર્ણાયકતા, પારદર્શિતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાના આધારસ્તંભ પર કાર્યરત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારને પાંચ વર્ષ પૂર્ણ થયા. પાંચ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી નહિ પરંતુ પાંચ વર્ષના આ સુશાસનમાં લોકહિતના થયેલા અનેકવિધ વિકાસકામો લોકાર્પણો, લાભ સહાય વિતરણ અને બહુવિધ જનહિત કામોને નવ દિવસ દરમિયાન જન-જન સુધી ઊજાગર કરવામાં આવ્યા.

પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે ''પાંચ વર્ષ આપણી સરકારના સૌના સાથથી સૌના વિકાસના'' મંત્ર સાથેના જનસેવા કાર્યોના નવ દિવસીય સેવાયજ્ઞમાં ૪૮ લાખ ૫૬ હજાર જેટલા લાભાર્થીઓને રૂ. ૫૦૬૫ કરોડના સહાય લાભ પહોચાડવામાં આવ્યા . શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ જનસેવા યજ્ઞ અનુષ્ઠાનની સફળતાની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજયભરમાં ૩૩ જિલ્લાઓમાં ૧૬૦૪૮ જેટલા વિવિધ કાર્યક્રમો દ્વારા ૧૩ હજાર કરોડ રૂપિયાના ૧ લાખ ૧૭ હજાર વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કાર્યારંભ કરવામાં આવ્યા. આ નવ દિવસીય જન સેવાયજ્ઞ અનુષ્ઠાનમાં કુલ મળીને ૧૮ હજાર ૬૮ કરોડથી વધુના સેવાકીય કાર્યો, લાભ સહાય લોકોને પહોચાડયા છે.

કોરોના સંક્રમણ નિયંત્રણની ગાઇડ લાઇન્સ સાથે યોજાયેલા કાર્યક્રમોમાં ૨૧ લાખ ૪૫ હજાર જેટલા લોકો સહભાગી થયા હતા. રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, પદાધિકારીઓ, ધારાસભ્યો પણ વિવિધ કાર્યક્રમોમાં જોડાયા હતા. તારીખ ૧ ઓગસ્ટ થી ૯ ઓગસ્ટ દરમ્યાન જ્ઞાનશક્તિ દિવસ, સંવેદના દિવસ, વિના મૂલ્યે અનાજ વિતરણ દિવસ, નારી ગૌરવ દિવસ, કિસાન સન્માન દિવસ, રોજગાર દિવસ, વિકાસ દિવસ, શહેરી જનસુખાકારી દિવસ, વિશ્વ આદિવાસી દિવસ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોમાં સમાજના વિવિધ વર્ગોના લોકોએ રાજ્ય સરકારની અનેક યોજનાઓનો લાભ લીધો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વની સરકારના પાંચ વર્ષના કાર્યોની ઝાંખી જનતા સુધી પહોંચાડવાના યજ્ઞની શરૂઆત જ્ઞાનશક્તિ દિવસ કાર્યક્રમથી કરવામાં આવી હતી. 'પાંચ વર્ષ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસરતાના''ની થીમના આધારે "જ્ઞાન શક્તિ દિવસ" અંતર્ગત રાજ્યભરમાં કુલ ૧૫૧ કાર્યક્રમો યોજાયા હતા. જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત મુખ્યમંત્રીશ્રીએ શાળાઓના તૈયાર થયેલા ૧૨ હજાર જેટલા વર્ગ ખંડોમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યુ હતું. તદઉપરાંત શાળાઓના ઓરડાઓનું લોકાર્પણ તેમજ માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબનો શુભારંભ પણ કરવામાં આવ્યો. આ દિવસે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ અંતર્ગત મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, શોધ યોજના, સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન્સ પોલિસી હેઠળ અનુદાન અને નમો ઈ-ટેબલેટ અંતર્ગત રૂ. 4.99 કરોડના ખર્ચે લાભાર્થીઓને લાભાન્વિત કરાયા હતા.

આમ, સમગ્રતયા જ્ઞાન શક્તિ દિવસે 3774 કરોડ 24 લાખના ખર્ચે વિવિધ યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાય આપવામાં આવી તેમજ રૂ. 5 કરોડના ખર્ચે 18,754 વિવિધ વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

પાંચ વર્ષના સેવાકાર્યો લોકો સુધી પહોંચાડવાના કાર્યોનો બીજો યજ્ઞ સંવેદના દિવસ તરીકે મનાવવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજયભરમાં ૪૩૩થી વધુ સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન થયું હતું. સંવેદના દિવસ રાજ્યનાં નાગરિકોની સેવા માટે સાચા અર્થમાં સેતુ બન્યો હતો. સમગ્ર રાજ્યમાં 'સંવેદના દિવસ' અંતર્ગત વિવિધ જિલ્લાના ગ્રામ્ય કક્ષાએ અને નગરપાલિકા - મહાનગરપાલિકા કક્ષાએ સેવા સેતુના કાર્યક્રમો યોજાયા હતા. એક જ દિવસમાં 8 લાખ 24 હજારથી વધુ રજૂઆતોનો ઓન ધ સ્પોટ નિકાલ કરાયો હતો. એટલે કે, આ કાર્યક્રમોમાં મળેલી રજૂઆતો પૈકી ૯૯.૬૩ ટકા રજૂઆતોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો .

આ કાર્યક્રમ અંતર્ગત કુલ ૫૭ જેટલી સેવાઓ આવરી લેવાઇ. રાજ્યમાં કુલ ૮,૨૩,૫૮૪ અરજદારોએ ઉપસ્થિત રહી જુદી જુદી સેવાઓ માટે સેવા સેતુ કાર્યક્રમમાં અરજીઓ આપી હતી તે પૈકી ગ્રામ્ય કક્ષાએ ૫,૭૭,૪૪૭ અને શહેરી વિસ્તારમાં ૨,૪૬,૧૩૮ રજૂઆતો મળી હતી. આમ કુલ મળેલી રજૂઆતો પૈકી ૮,૨૦,૫૧૩ રજૂઆતોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરાયો હતો.

સૌને અન્ન સૌને પોષણ અન્વયે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ગુજરાતના ૭૧ લાખ પરિવારોના સાડા ત્રણ કરોડ લોકોને દિવાળી સુધી વિનામૂલ્યે રાશન આપવાના સેવાયજ્ઞનો ઉગતા સૂર્યના પ્રદેશ દાહોદ ખાતેથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. આ દિવસે સમગ્ર રાજ્યમાં 14,885 કાર્યક્રમોમાં 17 લાખ 51 હજાર લોકો જોડાયા હતા. એટલું જ નહીં ગરીબોને નિ:શુલ્ક અન્ન વિતરણની કામગીરી માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા.

"નારી ગૌરવ દિવસ" નિમિત્તે 'નારી શક્તિ'ના સશક્તિકરણ માટે રાજયભરમાં 109 જેટલાં મહિલા ઉત્કર્ષ અંગેના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ૧૫ હજારથી વધુ સખીમંડળોની બહેનોને વગર વ્યાજે રૂ. 161 કરોડ 53 લાખનું ધિરાણ આપવામાં આવ્યુ હતું.

નવ દિવસીય યજ્ઞના ચોથા દિવસે 194 કરોડ રૂપિયાના ખર્ચે 16,521 કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આંગણવાડી, કચેરીઓના મકાનો, લુણાવાડા અને નવસારી ખાતે નવનિર્મિત સખી વન સ્ટોપ સેન્ટરનું લોકાર્પણ તેમજ વિવિધ મકાનો તથા ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા ખાતે નિર્માણ પામનાર સખી વન સ્ટોપ સેન્ટરનું ખાતમુહૂર્ત કરાયુ હતુ.

કિસાન સન્માન દિવસ અંગે વાત કરતા શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'કિસાન સન્માન દિવસ' નિમિત્તે રાજયભરમાં 'કિસાન સૂર્યોદય યોજના' અને 'સાત પગલા ખેડૂત કલ્યાણ યોજના' અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમોમાં કિસાન પરિવહન યોજના, ગાય નિભાવ યોજના, છત્રી યોજના, તારની વાડ યોજના, સ્માર્ટ હેન્ડ ટૂલ કિટ યોજના હેઠળના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું. કિસાન સન્માન દિવસે રાજ્યના 3 લાખ 21 હજાર ખેડૂતોને રૂપિયા 162 કરોડ 11 લાખના ખર્ચે વિવિધ લાભ-સહાય વિતરણ કરવામાં આવ્યું હતું.

ખેડૂતો દિવસે કામ અને રાત્રે વિશ્રામ કરી શકે તે માટે કિસાન સૂર્યોદય યોજનાનો વ્યાપ વધારી 121 સબ સ્ટેશન તેમજ 549 ફીડર દ્વારા 1400 ગામોના આશરે 1 લાખ 18 હજાર ખેડૂતોને દિવસે વીજળી આપવાની કામગીરીનો પ્રારંભ થયો. તદઉપરાંત, 6 ફાર્મર્સ પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO) ને મંજૂરી પત્ર પ્રદાન કરાયા તેમજ ૭૯ કરોડ રૂપિયાના ખર્ચે બીજ નિગમ ગોડાઉનનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

'રોજગાર દિવસ' નિમિત્તે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિવિધ સંવર્ગની ભરતીઓમાં ઉત્તીર્ણ થયેલા રાજ્યભરના શિક્ષણ સહાયકો, નર્સો તથા અન્ય વિભાગો અને બોર્ડ, કોર્પોરેશનમાં નિમણૂક પામેલા તથા રોજગાર મેળાઓમાં પસંદગી પામેલા કુલ 61,000 ઉપરાંત ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કર્યા હતા.

વિકાસ દિવસના અવસરે કેન્દ્રિય ગૃહ અને અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને કેન્દ્રિય માર્ગ-પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં જનસુખાકારી માટે રૂ. 5436 કરોડથી વધુના ખર્ચે 77,450 કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિકાસ દિવસ નિમિત્તે સાંજે હિંમતનગર ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે રાજયભરમાં ૯૦.૦૬ મેટ્રીક ટનના ૧૧૮ ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કરાયુ હતું, તેમજ કોવિડ-૧૯ દરમિયાન શ્રેષ્ઠ સેવાઓ આપનાર ૭૦ જેટલા કોરોના વોરિયર્સનું તથા વેક્સીનેશન ક્ષેત્રે ૧૦૦ ટકા કામગીરી કરનાર ૧૨૧ જેટલા સરપંચોશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ શહેરીજન સુખાકારી દિવસે શહેરી સુવિધાઓ વૃદ્ધિ કરતા રૂ. ૬૦૦૦ કરોડના વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત અને ગ્રાન્ટ વિતરણની ભેટ રાજ્યના શહેરીજનોને આપી હતી. રાજ્યની ૮ મહાનગરપાલિકામાં રૂ. ૩૨૧૪ કરોડના ૪૧ વિકાસ કામોના ખાતમુહૂર્ત અને રૂ. ૭૨૪ કરોડના ખર્ચે ૭૫ વિકાસ કામોના લોકાર્પણ કરવામાં આવ્યા હતાં. આમ કુલ રૂ. ૩૯૩૯ કરોડના ૧૧૬ વિકાસકામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

આમ રાજ્યના નગરો-મહાનગરોને કુલ રૂ. ૩૮૪૦ કરોડના ૨૪૭ વિકાસકામોના ખાતમુહૂર્ત અને રૂ. ૧૧૬૧ કરોડના ૨૨૪ વિકાસકામોના લોકાર્પણ કરવામાં આવ્યા હતા. શહેરીજન સુખાકારી દિવસે રાજ્યની ૮ મહાનગરપાલીકાને રૂ. ૮૧૦.૫૦ કરોડની ગ્રાંટ અને અ-બ-ક-ડ વર્ગની વિભિન્ન નગરપાલીકાઓને કુલ રૂ. ૧૮૯.૫૦ કરોડની ગ્રાંટ રાજ્ય સરકારે ફાળવી છે જે રાજ્યના શહેરી વિસ્તારોમાં વિવિધ વિકાસ કામો કરવામાં ઉપયોગી બનશે.

જનસેવા યજ્ઞ અનુષ્ઠાનનો નવમો દિવસ અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટીના આદિવાસીઓના સર્વાંગીણ વિકાસને સમર્પિત કરવામાં આવ્યો હતો. મુખ્યંત્રીશ્રીએ નર્મદા જિલ્લાના રાજપીપળાથી વિશ્વ આદિવાસી દિવસના અવસરે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાઓમાં રૂ. 2367 કરોડના વિવિધ વિભાગોનાં 3160 વિકાસકામોનો પ્રારંભ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.

એટલું જ નહીં, 39 એકર વિસ્તારમાં નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ હળપતિ તથા વ્યક્તિગત આવાસ યોજના, ધિરાણ યોજના, માનવ ગરિમા યોજના, વન ધન વિકાસ યોજના, કૃષિ કિટ વિતરણ યોજના, વન અધિકાર અધિનિયમ તથા સિકલસેલ અને ટી.બી.ના દર્દીઓને તબીબી સહાય યોજના તેમજ આદિજાતિના અંદાજિત પાંચ લાખ વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ લાભોનું વિતરણ કર્યુ હતું.

શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતની આ સતત અવિરત વિકાસ યાત્રાનો સંપૂર્ણ શ્રેય જનતા જનાર્દને પાછલા બે-અઢી દાયકાથી અમારામાં મૂકેલા વિશ્વાસ અને ભરોસાને સમર્પિત કરીએ છીએ. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ-ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના કુશાગ્ર માર્ગદર્શનમાં ગુજરાત આવનારા વર્ષોમાં પણ સર્વગ્રાહી વિકાસના વૈશ્વિક બેંચ માર્ક સર કરવા પ્રતિબદ્ધ છે. ●

# "સાવજનું કાળજું" પુસ્તકનું વિમોચન



જન્મ અને મૃત્યુ એ જીવનનો ક્રમ છે, પરંતુ મૃત્યુ બાદ પણ લોકો યાદ કરે તેવું જીવન અમુક વિરલાઓને જ પ્રાપ્ત થતું હોય છે, આ વિરલાઓ પૈકીના એક એવા સ્વ. વિઠ્ઠલભાઈ આજે આપણી વચ્ચે નથી, તેમ છતાં પણ તેઓ આજે પણ લોકહૃદયમાં જીવંત બની રહ્યા છે.

ગુજરાતના સહકારી ક્ષેત્રના અગ્રણી, ખેડૂત નેતા અને પૂર્વ સાંસદ સ્વ. શ્રી વિઠ્ઠલભાઇ રાદડિયાની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે તેમના જીવનને આલેખતા "સાવજનું કાળજું" પુસ્તકનું વિમોચન કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયા પ્રજા માટે જાગતા અને પ્રજાના દુઃખમાં સહભાગી થનારા સક્રિય લોકનેતા હતા.

આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, મારા પિતાનું સમગ્ર જીવન લોકસેવાને સમર્પિત હતું. તેમનું જીવન અને તેમણે આદરેલા લોકસેવાનાં કાર્યો સર્વ કોઈને સમાજ સેવાની પ્રેરણા આપે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ વિઠ્ઠલભાઈ રાદડિયાના જીવન કવનને ઉજાગર કરતા "સાવજનું કાળજું" પુસ્તકના લેખક શ્રી રવજી ગાબાણીનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યું હતું. પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં ૬૧,૦૦૦ રેકોર્ડ બ્રેક પ્રત છપાતાં તેની ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડએ પણ નોંધ લીધી છે. મહાનુભાવોએ લેખક ઉપરાંત પ્રકાશન ટીમને પણ બિરદાવી હતી. આ પ્રસંગે સહકારી ક્ષેત્રનાં અગ્રણીઓ તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# ઑસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાનશ્રી ગુજરાતની મુલાકાતે

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ઑસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન શ્રી ટોની અબોટે ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. ગુજરાત અને ઑસ્ટ્રેલિયાના વેપાર સંબંધો વધુ મજબુત બનાવવા શ્રી ટોની અબોટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની મુલાકાત કરી વિચાર વિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત અને ઑસ્ટ્રેલિયાના સંબંધો આગામી સમયમાં વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

ઑસ્ટ્રેલિયાના પૂર્વ વડાપ્રધાન શ્રી ટોની અબોટે ગુજરાત સાથે વિવિધ ક્ષેત્રે દ્વિપક્ષીય વેપાર અને રોકાણની તકો વધારવા, વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ ઑસ્ટ્રેલિયા- ગુજરાત વચ્ચે વ્યાપક આર્થિક સહકાર વધારવા સહિતના મુદ્દાઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રસંગે ઑસ્ટ્રેલિયાનું ડેલિગેશન સહિત રાજ્ય સરકારનાં વિવિધ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# પૂ. હરિપ્રસાદ સ્વામીજી પંચમહાભૂતમાં વિલીન

હરિધામ સોખડા ખાતે યોગી ડિવાઇન સોસાયટીના પરમાધ્યક્ષ અને આત્મીય સમાજ આત્મીય યુનિવર્સિટીના પ્રણેતા બ્રહ્મલીન હરિપ્રસાદ સ્વામીજીના પાર્થિવ દેહના દર્શન કરી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ અને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના ચરણોમાં પુષ્પમાળા અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રી સ્વામીજીના અંતિમ સંસ્કાર વિધિમાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુરુવર્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજીને શ્રદ્ધાંજલિ પાઠવતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, સ્વામીશ્રી સદેહે આપણી વચ્ચે નથી, પરંતુ તેઓ સદાય આપણી વચ્ચે જ છે. સ્વામીજીના આશીર્વાદ કાયમ માટે દેશ પર, ગુજરાત પર અને સહુ પર વરસતા રહેશે એવી શ્રદ્ધા તેમણે વ્યકત કરી હતી.

આ પ્રસંગે હરિધામ સોખડાના સંતો, દેશ વિદેશના હરિભક્તોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી ગુરુ હરિ હરિપ્રસાદ સ્વામીજીના અંતિમ દર્શન કરી ભાવાંજલિ આપી હતી. ●



## ખેડાની દીકરીએ ૨૯૫ શહિદ સૈનિકના પરિવારોને આર્થિક મદદ કરી

# વિધાત્રીએ વિધિ (જાદવ)ના વિધિ (નસીબ)ના લેખમાં દેશના સૈનિકો અને તેમના પરિવારની સેવા લખી હશે...!!!

✎ **બી.પી.દેસાઈ**

કહે છે કે વિધિના લેખ મિથ્યા નથી થતાં અને લાગે છે કે વિધાત્રી(destiny)એ આ વિધિ(જાદવ) ના વિધિના લેખ(નસીબ)માં દેશની સેવા કરતા અને દેશના સીમાડા સાચવતા શૂરવીર સૈનિકો અને તેમના પરિવારો માટે સ્નેહભાવ અને સેવા લખી છે. ખેડા જિલ્લાના નડિયાદ શહેરમાં રહેતા એક મધ્યમવર્ગીય પરિવારની દીકરીએ દેશસેવાની નવી મિશાલ બનાવીને આજે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. વિધિએ અત્યારસુધીમાં સેકડો શહીદ સૈનિકોનાં પરીવારજનોને આર્થિક મદદ કરી છે. આ સેવાકાર્યમાં વિધિને આર્થિક સંકડામણ પડે તો તેણી પોતાના ખિસ્સા ખર્ચમાંથી વ્યવસ્થા કરીને સૈનિકોના પરીવાર સુધી મદદ પહોચાડે છે.



સ્વભાવની સાવ સીધી અને માયાળુ આ વિધિએ અત્યાર સુધીમાં સેંકડો સૈનિક પરિવારોની મુલાકાત લીધી છે. ખાસ કરીને દેશની સેવા કરતા કોઇ શહીદ થઈ જાય એ ઘટના વિધિના ધ્યાનમાં આવે કે તુરત જ તે આ દેશની સુરક્ષા કાજે પ્રાણોની આહૂતિ આપનાર સુરક્ષાકર્મીના આધાર ગુમાવી બેઠેલા પરિવારને મળવા અને મદદરૂપ બનવાનું આયોજન કરે છે.

તાજેતરમાં જ એક અનોખી ઘટના ઘટી છે.વિધિએ રાખડીના પર્વે દેશની સીમાઓ પર ઘરબાર અને બહેનની મમતાનો મોહ ત્યાગીને અવિરત અને કઠીન ફરજ બજાવતા સૈનિકો સુધી રાખડીઓ લઈને પહોંચવાનું અને તેમની સાથે રક્ષાબંધનનું પર્વ ઉજવવાનું નક્કી કર્યું અને તેની સૈનિક સમ્માન પ્રવૃત્તિઓનો ઉજળો રેકોર્ડ જોઈને શિસ્તબદ્ધ સેનાધિકારીઓએ તેને છેક સરહદના છેલ્લા પિલર સુધી જઈને,પાકિસ્તાની ચોકીઓ જ્યાંથી નરી આંખે દેખાતી હોય એવી સુરક્ષા ચોકીએ પહોંચીને સૈનિકોને રાખડી બાંધવાની વિશેષ મંજૂરી આપી છે.

વિધિ જાદવ તા.૨૧,૨૨ ઓગસ્ટ-૨૦૨૧ ના રોજ કચ્છ સરહદે આવેલી ભારત પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડર (સરક્રીક વિસ્તાર) પર ફરજ બજાવતા ભારતીય સેનાના જવાનો સાથે ભાઈ- બહેનના પવિત્ર રક્ષાબંધનનું પર્વ ઉજવશે. ત્યારબાદ ૧૯૬૫ના ભારત પાકિસ્તાન યુધ્ધની યાદગીરીમાં બી.એસ.એફના વોર મેમોરિયલની મુલાકાત લઈ ત્યાં પણ જવાનોને રાખી બાંધશે. તા.૨૨ રક્ષાબંધન દિવસે આપણા દેશની ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડરના સૌથી છેલ્લા પિલ્લરની મુલાકાત લેશે. આ વિસ્તાર કાદવ કીચડ વાળો છે જ્યાં આર્મીના ખાસ વાહન દ્વારા જઈ શકાય છે. આ સ્થળે નાગરિકોને જવાની મનાઈ છે જેથી આ વિસ્તારમાં જવાની મંજૂરી તેને આપવામાં આવી છે, ત્યાં આપણાં જવાનોને રક્ષા બાંધશે. ત્યારબાદ લખપત પાસે આવેલી ગુનેરી બોર્ડર પોસ્ટ ખાતેના જવાનોને પણ રાખી બાંધશે.

વિધિના આ સૈનિક સેવા અભિયાનની જાણકારી મળતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નડિયાદની વિધિ જાદવને ગાંધીનગર બોલાવીને તેનુ સન્માન કર્યું હતું.મુખ્ય મંત્રીશ્રીએ વિધિની શહીદ સૈનિકોના પરિવારજનોને મદદરૂપ થવાની તેની સંવેદનશીલ કામગીરીની સરાહના કરી તેણીએ અત્યાર સુધી રાષ્ટ્રની રક્ષા કરતા કરતા શહીદ થયેલા જવાનોના પરિવારો માટે જે કામગીરી છે તેની વિસ્તૃત ચર્ચા કરી વિધિ જાદવને અભિનંદન પાઠવ્યા હતા. વિધિએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને રાખડી બાંધી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિધિ જાદવને રાજ્ય યુથ એવોર્ડથી પણ નવાજી છે.

ઉલ્લેખનીય છે કે, વિધિની અનોખી રાષ્ટ્રસેવાની વાત કરીએ તો દેશમાં કોઈપણ સૈનિક શહીદ થાય ત્યારે તેનો પરિવારને આશ્વાસનપત્ર લખી રૂા.પાંચ હજાર મોકલી આપે છે. અત્યાર સુધી આવા ૨૯૫ શહીદ સૈનિકોના પરિવારને વિધિએ રૂ.૫૦૦૦ હજાર અને પત્રો લખી મોકલ્યા છે. જેમાં પુલવામા, ઉરી સહિત દેશમાં અલગ-અલગ સ્થળોએ આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોનો સમાવેશ થાય છે. એટલું જ નહી, વિધિએ વર્ષ ૨૦૧૮માં વિશ્વ શાંતિ દિને યુનાઈટેડ નેશન્સ સહિત વિશ્વના બાવન દેશોના રાષ્ટ્રપતિ - વડાપ્રધાનને વિશ્વમાં શાંતિ રાખવા અંગેના પત્રો મોકલ્યા હતા.વિધિએ કોવિડ-૧૯ મહામારીમાં સી.એમ. ફંડમાં રૂા.૫૧ હજારનો ચેક ખેડા કલેકટરને ગત વર્ષે અર્પણ કર્યો હતો.

દુનિયામાં પોતાના હોય તેના પ્રત્યે આદર, લાગણી અને સંવેદના તો સૌને હોય,પરંતુ જેમની સાથે કોઈ લેવાદેવા ન હોય તેમ છતાં તેમના હિત અને કલ્યાણ માટે પ્રયત્નશીલ હોય તેવા માનવો જ માનવ ગરિમાનું સાચું માધ્યમ બનતા હોય છે. સો સો સલામ છે, નડિયાદની આ દીકરીને. ●

## વિશ્વ સિંહ દિવસ-૨૦૨૧

# સિંહોના સંવર્ધન અંગે જાગૃતિ કેળવવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન

ગીર એટલે વિશ્વના નકશામાં પ્રકૃતિપ્રેમીઓને સૌથી આકર્ષતો પ્રદેશ. એશિયાટિક સિંહોની એકમાત્ર વસાહત ધરાવતું જંગલ. એક સમયે લુપ્તતાને આરે આવેલા સિંહોની ડણક આજે ફરી સંભળાઈ રહી છે. દર વર્ષે 10 ઓગસ્ટે સિંહોના સંવર્ધન અને લોક જાગૃતિ અંગે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તાજેતરમાં રાજયના વન વિભાગ દ્વારા આયોજિત વિશ્વ સિંહ દિવસની ઉજવણીમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સથી સહભાગી થતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ એશિયા ખંડની શાન-સોરઠના સાવજના જતન સંવર્ધન, સંરક્ષણ અને જનજીવનમાં સ્વીકૃતિની જાગરૂકતા વ્યાપક બનાવવા પ્રેરક આહવાન કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, ગુજરાતનું સદનસીબ અને ગૌરવ છે કે એશિયાટીક લાયનની વિરાસત ગુજરાત ધરાવે છે. સોરઠ-ગીર પ્રદેશના આ સાવજની સાથે સ્થાનિક લોકો સહિત સૌના ભાવાત્મક જોડાણ, સિંહ જતન માટે યોગદાન અને સાર્થક પ્રયાસોને પરિણામે રાજ્યમાં સિંહોની સંખ્યામાં પાછલા વર્ષોમાં ૨૯ ટકા જેટલો વધારો થયો છે, ૨૦૧૫માં ૫૨૯ સિંહ હતા તે વધીને હવે ૬૭૪ થયા છે. આ વૃદ્ધિ સ્પષ્ટ સૂચવે છે કે સૌરાષ્ટ્રમાં માનવ વસ્તી સાથે સિંહોનો ઉછેર, જનજીવનમાં સ્વીકૃતિની વ્યવસ્થા એ માનસિકતા બની ગઈ છે. તેમણે આ માનસિકતાને વ્યાપક ઊજાગર કરવા અને સિંહના જતન, સંવર્ધન, સંરક્ષણમાં બાળકો, યુવાનો સહિત સૌ પ્રેરિત થાય તે માટે આ વિશ્વ સિંહ દિવસની ઉજવણી યથાર્થ બને તેવી અપેક્ષા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સિંહની આપણી સંસ્કૃતિમાં જે મહત્તા છે તે વર્ણવતા ઉમેર્યુ કે, આપણે ત્યાં નરસિંહ અવતાર છે અને સિંહને શક્તિ ભક્તિના પ્રતિક તરીકે પૂજનીય સ્વીકૃતિ મળેલી છે. એટલું જ નહિ, ભારતના રાજચિન્હ-એમ્બલમમાં પણ સિંહના મૂખની પ્રતિકૃતિ દર્શાવાયેલી છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યમાં સિંહના વિચરણ વિસ્તાર ગીરના જંગલોથી વિસ્તરીને ચોટીલા, સાયલા, અમરેલી, ભાવનગર જેવા સ્થળો જિલ્લાઓ મળી ૩૦ હજાર ચોરસ કિલોમીટર થયો છે તેની પણ ભૂમિકા આપી હતી.

સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓને સરળતાએ સિંહ જોવા મળે અને ગીર જંગલ સિવાયના વિસ્તારોમાં પણ સિંહ દર્શનની પ્રવાસન પ્રવૃત્તિ વિકસે તે માટે અમરેલીના આંબરડી અને જૂનાગઢના ઇન્દ્રેશ્વર પાસે લાયન સફારી વિકસાવવામાં આવી રહ્યા છે.

સિંહોના આનુવાંશિક ગુણો જાળવી રાખી સિંહ પ્રજાતિના સંવર્ધન માટે સૌરાષ્ટ્રમાં રામપરા, જૂનાગઢના સક્કર બાગ, સાતવીરડા એમ ત્રણ સ્થળોએ જિનપૂલ શરૂ કરવામાં આવ્યા છે. એશિયાઇ સિંહોના સંરક્ષણને પ્રાધાન્ય આપીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ કેન્દ્ર સરકાર દ્વારા લાયન પ્રોજેકટની જાહેરાત કરેલી છે. આ લાયન પ્રોજેકટ અન્વયે આગામી વર્ષોમાં રેસ્કયુ સેન્ટર્સ હોસ્પિટલ, લેબોરેટરી, બ્રિડીંગ સેન્ટર, સિંહોની સારવાર સુશ્રુષા માટે સારવાર કેન્દ્રોમાં માળખાકીય સુવિધાઓ, રેડિયો કોલર અને મોર્ડન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગી કરી સિંહ સંરક્ષણ અને સંવર્ધનની કડી મજબૂત બનાવવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રી ઉમેર્યુ કે, સાસણગીર ખાતે આગામી સમયમાં સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડિસીઝ ડાયસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવાની નેમ છે. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વ સિંહ દિવસની ઉજવણી નિમિત્તે વન વિભાગે ઓનલાઇન આયોજિત કરેલી ડ્રોઇંગ અને ફોટોગ્રાફી સ્પર્ધાના વિજેતાઓ જાહેર કર્યા હતા અને સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા.



વન પર્યાવરણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ એશિયા અને ગુજરાતના ગૌરવ રૂપ સિંહોને કારણે પ્રવાસન પ્રવૃત્તિ પણ વ્યાપક વિકસી છે અને સ્થાનિક રોજગાર અવસરો ખૂલ્યા છે તેની લાગણી પ્રાસંગિક સંબોધનમાં વ્યકત કરી હતી.

આ પ્રસંગે વન પર્યાવરણના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકી તેમજ સૌરાષ્ટ્રના વિસ્તારોની શાળાના બાળકો, વન કર્મીઓ જોડાયા હતા. ●

## વલસાડમાં યોજાયો ૭૨મો વન મહોત્સવ

# રાજ્યને મળ્યું ૨૧મુ સાંસ્કૃતિક 'મારુતિનંદન વન'




વન છે તો વૃક્ષો છે. વૃક્ષો છે તો જીવન ઉપવન છે. જીવમા શિવ, કણ કણમા શંકરની ભાવના સાથે વૃક્ષ અને જળસંચય એ માનવજીવન માટે ખુબ જ આવશ્યક છે. ગુજરાતે આ દિશામાં હરિયાળા ડગ માંડ્યા છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આઝાદીના અમૃત મહોત્સવના પૂર્વ દિને મારુતિનંદન શ્રી હનુમાનજીને સમર્પિત ગુજરાતના ૨૧મા સાંસ્કૃતિક વનની ભૂમિકા સ્પષ્ટ કરી ગુજરાતની સાંસ્કૃતિક ધરોહરને મજબૂત બનાવવાના પ્રયાસોનો ખ્યાલ આપ્યો હતો.

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે 'મારુતિનંદન' વન પ્રજાર્પણ કરી, પવિત્ર શ્રાવણ માસમા શિવપ્રિય 'રુદ્રાક્ષ'ના બાળ છોડનુ વાવેતર કરતા મુખ્યમંત્રીશ્રીએ રામાયણ કાળને ઉજાગર કરતા આકર્ષણો સાથે બાળ હનુમાનજીના પ્રસંગોને અહી ભાવી પેઢી માટે ઉજાગર કરવાની અભિલાષા વ્યક્ત કરી હતી.

'ક્લાઈમેટ ચેન્જ' જયારે દુનિયા માટે ચિંતાનો વિષય છે ત્યારે વિકાસને વરેલી રાજ્ય અને કેન્દ્ર સરકારે આ માટે પણ અલાયદો વિભાગ ઉભો કરીને, સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ની દિશામા કાર્ય કર્યું છે 'ગ્રીન ગુજરાત, ક્લીન ગુજરાત'નો ખ્યાલ આપીને ગુજરાતના વન વિસ્તારના ૧૫ ટકા ગ્રોથને મીયાવાંકી પદ્ધતિથી વધુ આગળ લઈ જવાનો યજ્ઞ આદર્યો છે.

દેશનુ રોલ મોડેલ જયારે ગુજરાત હોય ત્યારે દરેક ક્ષેત્રે અગ્રેસર રહીને ગુજરાત તેની કર્તવ્યભાવના નિભાવી રહયું છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણ જાળવણી અર્થે તાજેતરમા જ જાહેર કરાયેલી ઈ વ્હીકલ પોલીસી, સ્ક્રેપ પોલીસી, ઉજ્જવલા યોજના, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, જળસંચય યોજના સહીત અનેકવિધ યોજનાઓ સાથે સરકાર સતત ચિંતિત અને કાર્યશીલ છે તેમ જણાવ્યુ હતુ. સ્થાનિક રોજગારીના સર્જન સાથે આઝાદીના આ અમૃત મહોત્સવમા સૌને પર્યાવરણ જાળવણીનો સંકલ્પ કરવાનુ પણ આહ્વાન કર્યું હતુ.

'સુશાસન ના પાંચ વર્ષ'ના જનસેવાના સેવાયજ્ઞનો ખ્યાલ આપતા વન અને આદિજાતિ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ રાજ્યભરમા આયોજીત વન મહોત્સવના કાર્યક્રમની વિગતો આપી હતી.રાજ્ય વનમંત્રી શ્રી રમણલાલ પાટકરે ઔદ્યોગિક વિસ્તાર ધરાવતા વલસાડ જિલ્લામા પર્યાવરણની સુરક્ષા માટે ખુબ જ અગત્યતા ધરાવતા વન વિસ્તારને કારણે ખુબ જ લાભ થવા જઈ રહયો છે, ત્યારે સ્થાનિક આસ્થા કેન્દ્ર એવા કલગામના મારુતિ મંદિરને કારણે પણ આ વિસ્તાર પ્રજાજનો બેવડો લાભ મળી રહેશે તેમ જણાવ્યું હતુ.

રાજયકક્ષાના વન મહોત્સવ દરમ્યાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે વનીકરણ થકી લોક જાગૃતિ માટે અમૂલ્ય ફાળો આપનાર રાજ્યની ૩૮ બિન સરકારી સંસ્થાઓને પ્રશસ્તિ પત્રો એનાયત કરવામા આવ્યા છે. સ્વપ્રયત્નો થકી વનીકરણ દ્વારા લોક જાગૃતિ લાવનાર એવા ૩ વ્યક્તિઓને આ અવસરે 'વન પંડિત' પુરસ્કારથી સત્કાર કરાયો છે.

રાજ્ય કક્ષાના આ કાર્યક્રમ દરમ્યાન ૩ ગ્રામ પંચાયત, અને ૩ તાલુકા પંચાયતોને વૃક્ષો દ્વારા મળેલી રૂા. ૧.૯૧ કરોડ આવકનો ચેક પણ એનાયત કરાયો છે. ઉલ્લેખનિય છે કે, મુખ્યમંત્રીશ્રીના 'કલીન ગુજરાત, ગ્રીન ગુજરાત'ના અભિગમને સાકાર કરવા માટે વધારેમા વધારે વૃક્ષો લગાવી, રાજ્યને લીલુંછમ બનાવવા, વન વિભાગ દ્વારા ૭૨મા વન મહોત્સવ થકી તમામ જિલ્લા તથા મહાનગરપાલિકાઓમા રોપા વિતરણ કરવામા આવી રહયા છે, તેની પણ મહાનુભાવોએ જાણકારી પૂરી પડી હતી.

આ કાર્યક્રમમા ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ,વન વિભાગના અધિક અગ્ર સચિવ શ્રી અરુણકુમાર સોલંકી,અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી દિનેશકુમાર શર્મા, સાંસદ શ્રી ડો.કે.સી. પટેલ, સહિત ગ્રામજનો તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. ●



૭૫ મા
સ્વતંત્રતા દિવસની
શુભકામનાઓ
આઝાદીનો
અમૃત મહોત્સવ
" મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આગેવાનીમાં દેશની
આઝાદીની લડાઈનું નેતૃત્વ કર્યું ગુજરાતે અને હવે
દેશની વિકાસયાત્રાનું નેતૃત્વ કરી રહ્યું છે ગુજરાત "
વિકાસમાં ગુજરાત મોખરે
દેશની આઝાદીના અમૃત મહોત્સવના અવસર પર આઝાદી માટે બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓને નમન કરીએ
—શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# સ્વાતંત્ર્ય પર્વની રાજ્યભરમાં ઉમંગભેર ઉજવણી



મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, ભરૂચ



મંત્રી શ્રી ઇશ્વરભાઇ પરમાર, ગાંધીનગર



મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયા, મહેસાણા



મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા, જામનગર



મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, વડોદરા



મંત્રી શ્રી બચુભાઇ ખાબડ, ખેડા



મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, સુરેન્દ્રનગર



મંત્રી શ્રી ઇશ્વરસિંહ પટેલ, અમરેલી



મંત્રી શ્રી વાસણભાઇ આહિર, બનાસકાંઠા



મંત્રી શ્રી વિભાવરીબહેન દવે, અમદાવાદ



મંત્રી શ્રી રમણલાલ પાટકર, વલસાડ



મંત્રી શ્રી કિશોરભાઇ કાનાણી, છોટાઉદેપુર



મંત્રી શ્રી યોગેશભાઇ પટેલ, આણંદ



મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, મોરબી






**Published on Date 16-8-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.

**88 + 4 Cover = Total 92 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**

માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦